PASSAGES

FOR

TRANSLATION INTO ENGLISH.

MARZBAN.

PASSAGES

FOR

TRANSLATION INTO ENGLISH.

ફ. બે. મરઝબાને
ફ. બે. મરઝબાનની કુંપનીના છાપાખાનાંમાં
મિલિટરી સ્ક્વેર લેન, કોટ, મુંબાઇ,
છાપ્યું છે.
કે. બી. મરઝબાનને માટે,
"ન્યુ હાઇ સ્કુલ," વૉડબી રોડ, કોટ, મુંબાઇ.

Name of Publisher & Place of publication not [illegible]

PASSAGES

FOR

TRANSLATION INTO ENGLISH

SELECTED AND ARRANGED

BY

K. B. MARZBAN, B. A.,

JOINT PRINCIPAL, NEW HIGH SCHOOL, BOMBAY.

Second Edition.

1913.

PREFACE.

THIS book hardly needs a preface. It only aims at being a collection of passages from standard works, covering a wide range of subjects and peculiarities of construction, sufficiently large in number to afford fresh exercises even to those students, who may have to go through the Matriculation course more than once. The passages are arranged not in the order of difficulty but according to the subject-matter. I owe it to myself to say that I have not attempted to correct or modernise the orthography of the passages selected.

The language of some of the passages may perhaps prove too hard for Parsi boys, but in a book like this the inclusion of anything, that acquaints them with a higher stratum of Gujarati literature, needs no justification. It carries its own recommendation with itself.

I must acknowledge my indebtedness to those authors and publishers, who have so kindly granted me permission to take extracts from copyright works.

K. B. M.

NEW HIGH SCHOOL,
June 1913.

LIST OF WORKS FROM WHICH EXTRACTS HAVE BEEN TAKEN.

WORKS.	AUTHORS.
Astodaya	*Manassukharama Suryarama Tripathi.*
Chandrakant.	*Ichharam Suryaram Desai.*
Gujaratni Juni Vartao . . .	*Manilal Chhabaram Bhat.*
Gujarati Seventh Book. . .	*T. C. Hope.*
History of England	*Kamlashankar Pranshankar Trivedi.*
Karan Ghelo	*Nandshankar Tuljashankar.*
Kartavya	*Kamlashankar Pranshankar Trivedi.*
Kusumavali	*Dolatram Kriparam Pandia.*
Narmagadya	*Narmadashankar Lalshankar.*
Naval-Granthavali.	*Navalram Laxmiram.*
Niti Vachan . . . . . , .	*Karsandas Mulji.*
Prithuraja Chauhana and Chanda Baradayi	*Manilal Chhabaram Bhat.*
Ras Mala	*Ranchhodbhai Udayaram.*
Sarasvatichandra.	*Govardhanram Madhavram Tripathi.*
Vanraj Chavdo	*Mahipatram Rupram.*

PASSAGES

FOR

TRANSLATION INTO ENGLISH.

1.

કરણ રાજાની ભરજુવાની હતી. તેની ઉમર ત્રીશ વર્ષની હતી; તેનું શરીર પરમેશ્વરની કૃપાથી તથા નાનપણથી અંગકસરત કીધાથી પાતળું તથા જોરાવર હતું. તેની ચામડીનો રંગ ઘઊંવર્ણો હતો. તે શરીરે લાંબો હતો. તેનું મ્હોં લંબગોળ હતું. તેનું નાક સીધું તથા લાંબું હતું. તેના ઓઠ નાના તથા બિડાયલા હતા, જેથી જણાતું કે તે ઘણો આગ્રહી, એટલે જે કામ મનમાં ધારે તે કર્યાવિના રહે નહિ, એવા સ્વભાવનો હતો. એ સ્વભાવને લીધે તે ઘણી વખતે ઉતાવળથી તથા વગર વિચારે કામ કરતો તેથીજ તેનું ઉપનામ ઘેલો પડયું હતું. તેની આંખ જરા લાંબી હતી, અને હમેશાં રતાશ પડતી રેહેતી તેથી તેનું રૂપ કાંઇક વિક્રાળ દેખાતું, અને તે જોઇને દુષ્ટ લોકો થથરી જતા. તેનામાં ક્ષત્રીનું ખરેખરૂં લોહી હતું, અને તેની હિંમતનાં સઘળે ઠેકાણે વખાણ થતાં હતાં. તેમાં મુખ્ય ખોડ બે હતી. એક તેનો ઉતાવળો તથા ઉન્મત્ત સ્વભાવ, અને બીજી વિષયવાસના. એ છેલ્લી ખોડ તેની આંખ ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવતી હતી, તેમ તેની ખાનગી ચાલચલણથી એ વાત સઘળાને જાણીતી હતી. તેનું કપાળ વિશાળ હતું, અને તેની ભમર જાડી તથા એકબીજાની પાસપાસે આવી ગયલી હતી તેથી તેનામાં દૃઢતાનો ગુણ કોઇપણ જોનારને લાગતો. આ વખતે તેણે પોશાક ઘણો કિમતી પેહેર્યો હતો. માથાપર મંદીલની પાઘડી પેહેરી હતી, તે ઉપર હીરા તથા મોતીનો શિરપેચ ખોસેલો હતો. અંગરખું જરીનું હતું, અને એક કાશીની બનાવટનું શેલું કમરે વિટાળેલું હતું, જેમાં સોનાના મિયાનની તથા હીરે જડેલી મૂઠવાળી તલવાર તથા હીરા મોતીએ જડેલું ખંજર ખોસેલું હતું. તેની ડોકમાં મોતીની માળાઓ તથા હીરાના કંઠા હતા. તેણે કિનખાબની સુરવાલ પેહેરેલી હતી, અને એક પગે સોનાનો તોડો હતો. જોડા મખમલના હતા તથા તે ઉપર સોનેરી ટીકડી ચોઢેલી હતાં. તેને માથે મોરપીંછ હતાં, તથા આસપાસ બે ખીદમતગારો ચંમર કરતા હતા. એવી શોભાથી કરણ રાજા ગાદીએ બિરાજેલો હતો.

(કરણ ઘેલો.)

2.

જન્મથી જે પોતાની દશા હોય તેવી ને તેવીજ દશામાં રહેનાર માણસો પશુવત્ ગણાઇ નીચ વર્ગમાં લેખાય છે. જન્મ પછી વધવું એ સ્વાભાવિક નિયમ વા સંકેત છે, એમ સર્વનાં શરીરની વૃદ્ધિ ઉપરથી સ્પષ્ટ જણાય છે. બાલકના અવતરતી વેલાના શરીરમાં, અને પછી તેના તેજ બાલકના પચીશ ત્રીશ વર્ષના શરીરમાં, વૃદ્ધિ થઇ કેટલું બધું અન્તર પડે છે, એ સર્વને પ્રત્યક્ષ છે. જેમ શરીર વિષે સર્વ પ્રાણીને છે, તેમ શરીર સંબંધી સર્વ વિષયોમાં મનુષ્ય પ્રાણીને એક વિશેષ છે. ભાષાના અભાવે તથા વિચારવૃદ્ધિનાં સાધનના અભાવે પશુઓને, પ્રથમની જે દશા હોય છે તેમાંજ રહેવું પડે છે. હોય તેજ દશામાં રહેવું એ પશુની સ્થિતિ છે. પોતાની દશા સુધારવા તથા વધારવા મનુષ્યજાતિ પાસે બહુ સાધન છે. અને તેઓનો જેમ જેમ ઉપયોગ કરવામાં આવે તેમ તેમ માનવીય-દશા સારી રીતિએ વધતી જાય છે. તેમ થાય એમાં એક સાધન થવું એ મનુષ્ય-માત્રનો ધર્મ છે. જે હોય તે જ અવસ્થામાં પડી રહેવું એ પશુતુલ્ય થવા જેવું છે; તોપણ દુર્ભાગ્યે, બહુ સંખ્યા પ્રથમથી બહારની જે સ્થિતિમાં હોય છે તેજ સ્થિતિમાં સદા રહે છે.

(અસ્તોદય.)

3.

ઉપર થયલી સઘળી વાત ઉપર વિચાર કરતો કરતો ઘણી ઉદાસ વૃત્તિમાં માધવ પોતાના તંબુ ઉપર જતો હતો. તેણે ત્યાં જઇ સુવાને ઘણાં ફાંફાં માર્યાં, પણ નિદ્રાદેવીએ તેના ઉપર મેહેરબાની કીધી નહિ. તે બિછાના ઉપર પછાડા મારવા લાગ્યો, અને તેની આખી જીંદગીનું ચિત્ર એક તખ્તા ઉપર ચિતરાઇને તેની આંખ આગળ આવ્યું. તેને પોતાના માબાપ યાદ આવ્યાં; તેની નાનપણની રમત તથા સોબતીઓ આંખ આગળ આવ્યાં; તેની જુવાની થતાં જે જે ઉમેદ તેના મનમાં આવી હતી, તથા જે જે શેખચલ્લીના વિચાર તેણે કીધા હતા તે સઘળા એક પછી એક તેના સ્મરણસ્થાનમાંથી નિકળતા ગયા. તે પાટણમાં આવ્યો તે વખતે કેવો નિર્દોષ હતો અને આ વખતે તેના મનમાં કેટલા ઉલટા સુલટા વિચાર હારબંધ આવતા, તથા કેવું ભયંકર તોફાન થઇ રહેલું હતું ? જુવાનીનો રમણિક તથા આશાથી ભરપૂર વખત ગયો તે ફરીથી આવવાનો નથી. પાટણમાં થોડી-વાર રહ્યા પછી તેની આશા સફળ થતી ગઇ, દરજ્જે ચઢતો ગયો, અને છેલ્લી વારે કરણને ગાદીએ બેસાડીને તેનો મંત્રી થયો, એ સઘળું હમણાજ બન્યું હોય એમ તેને જણાયું. પછી આફતો આવી પડી; પોતાની પદ્મની જેવી સ્ત્રી રૂપસુંદરીને રાજા લઇ ગયો; તેનો નાનો ભાઈ કેશવ તે ગડબડાટમાં માર્યો ગયો; તેની ભાભી ગુણસુંદરી સતી થઇ; તથા તે પોતે પોતાનો હોદ્દો છોડી એક ચોરની પેઠે સંતાતો સંતાતો રાજ્ય છોડી ઘણાંએક સંકટો ભોગવી દિલ્હીમાં

આવ્યો. દિલ્હીમાં જે બનાવ બન્યો તે, તેની પાદશાહ સાથે મુલાકાત, પાદશાહની ગુજરાત જીતવાની કબુલત, એ સઘળું તેને એકદમ યાદ આવ્યું ત્યારે તેની છાતી ભરાઈ આવી, અને મનમાં એટલો તો ઉકળાટ થઇ આવ્યો કે તે આ વખતે એક નાના છોકરાની પેઠે મોટે અવાજે પુષ્કળ રડયો. પોતાના દેશ ઉપર મ્લેચ્છ લોકોને લેઇ આવ્યો તેથી તેના મનમાંનું વેર તો તૃપ્ત થયું, પણ તેના અંતઃકરણમાં તેના આવા કામથી ઘણો પસ્તાવો થયાં કરતો, તથા ઘણીજ શરમ લાગ્યાં કરતી હતી.

(કરણ ઘેલો.)

4.

એ યુદ્ધનું વર્ણન વાંચતાં હું બુદ્ધિવિલાસમાં પડ્યો. મને ભાસ્યું કે એ રણભૂમિમાં પૂર્વ કાલે ગુર્જરપુરી નામે મોટી નગરી હતી. એ નગરીને બાવન દરવાજા અને ૫૩ ચૌટાં હતાં. હરેક ભાગોળે એક, અને શહેરના મધ્યભાગે એક, એમ ૫૩ ચૌટાં, સુંદર દુકાનોથી અને દેશ દેશના તથા ભાતભાતના માલથી ભરપૂર, ને રૂપાળી ઇમારતોથી શોભાયમાન દીસતાં હતાં. વચલા ચૌટાની વચ્ચે વિશાળ ચોક હતો. એ ચોકને મધ્ય ભાગે વિસ્તીર્ણ બાગ હતો, અને બાગની વચ્ચે મોટા ફુવારાની સહસ્ર ધારા સદા ઊંચી ઊડતી. ફુવારાનું પાણી નીચે હોજમાં પડી ગેબ થઇ જતું, ને બાગના દૂરના ભાગમાં નિર્મળ વહેળારૂપે વહેતું. એ વહેળો આગળ જતાં ડુંગરાના ધોધની માફક એક તળાવમાં પડતો. એ તળાવ વિશાળ અને ઊંડું હતું. આસપાસની પત્થરની પાળોને કાંઠે સમાન અંતરે લીમડા, આશોપાલવ, અને ગુલમોહોરનાં ઝાડ, તથા તળાવની વચમાં બેટ ઉપર બગીચો તથા આરસનો મહેલ હતો. તેથી એ સ્થળ રમણીય દેખાતું હતું. બાગના એક ભાગમાં વનનાજેવી વૃક્ષોની ઘટા હતી, અને બીજામાં સુગંધમય ફૂલોની મોટી વાડી હતી. બગીચામાં ઠેકાણે ઠેકાણે નાના ફુવારા અને ફુવારાની આસપાસ સુખદાયક બેઠકો હતી. જે પુરૂષોએ મોટાં પરાક્રમ કરી સ્વદેશની સેવા બજાવેલી, તેઓની આરસપાહાણની મોટી શોભાયમાન મૂર્તિઓ એ ચોકમાં મૂકેલી હતી. મૂર્તિઓને તળીએ તેઓનાં નામ અને કરેલાં કામ લખ્યાં હતાં. બાગમાં પગે ચાલવાના, ઘોડે ફરવાના, તથા ગાડીએ જવાના જોઇએ તેવા રસ્તા હતા. બાગની બાર ભાગોળોનો ઘાટ અને નકસી જોઇ મુસાફરો અચંબો પામતા. બાકીનાં બાવન ચૌટાંના દરેકના ચકલામાં નાનો બાગ, અને બાગની વચ્ચે ફુવારો તથા દેવાલય હતાં. જોનારને છક કરી નાખે એવી ચૌટાંની રચના હતી. બધે ઠેકાણે ઇમારતોની ઊંચાઇ એક સરખી હતી. ચૌટાની પાછળ મોટા ગૃહસ્થોની હવેલીઓ હતી તેની ખૂબીનાં શાં વખાણ કરીએ! સર્વ જગાએ પહોળા રસ્તા, વચમાં ઘોડા, રથ, ને હાથીને જવાનો માર્ગ, બાજુએ ઝાડો અને ઝાડની પછવાડે પગે ચાલનારને સારૂ ફરસબંધી હતી. સોનાના કળશવાળાં મોટાં અને આંખને રીઝવે એવાં સુંદર દહેરાં ઠામ ઠામ દેખાતાં હતાં. લાખો આદમીની વસ્તી, તેમની અથાક દોલત, બજારની

બીડ, ફાંકડા ઘોડેસ્વારોની દોડધામ, ઘોડાની તેજી અને સવારના મુખનું નૂર, રૂપાળી સ્ત્રીઓના રત્નજડિત ઉમદા શૃંગારાદિકે કરીને એ શહેર મોટું ઉદ્યમી, શૂરા જોદ્ધાથી, અને સમૃદ્ધિથી છલાછલ ભરેલું છે એમ જણાયું.

(વનરાજ ચાવડો.)

5.

મહેનત કરવામાં ઉત્સાહ અને નિયમિતપણું હવાપાણીને અધીન છે. જે દેશમાં ગરમી ઘણી હોય છે ત્યાંના લોકોને કામ કરવાનું મન થતું નથી, તેમજ જેવા ઉત્સાહથી થંડા દેશોના લોકો ઉદ્યોગ કરે છે તેવા ઉત્સાહથી કામ કરવા તેઓ કેટલેક દરજ્જે નાલાયક થાય છે. વળી હવાપાણી માત્ર મનુષ્યને નબળા કરી નાંખે છે કે તેમનામાં ઉત્સાહ પ્રેરે છે એટલુંજ નહિ, પણ તેમની ટેવ હમેશ અમુક પ્રકારની બનાવી દે છે. આપણે જોઇએ છીયે કે સમશીતોષ્ણ કટિબંધમાં રહેનારી પ્રજા જેવી દૃઢ અને અચળ ઉદ્યોગની ટેવને માટે પ્રસિદ્ધ છે, તેવી ટેવ છેક ઉતર અક્ષાંશમાં આવેલા દેશોના લોકોમાં દેખાતી નથી. આનું કારણ ખુલ્લું છે. છેક ઉત્તરના દેશોમાં ટાઢ ઘણી સખત હોય છે તેથી, તેમજ કેટલીક ઋતુમાં સૂર્યનો પ્રકાશ બરોબર હતો નથી તેથી, લોકો હમેશનાં ઘર બહારનાં કામ તેવી ઋતુમાં કરી શકતા નથી. આનું પરિણામ એ થાય છે કે મહેનતુ લોકોને હમેશનો ધંધો ઊંચો મૂકવાની જરૂર પડે છે, તેમનો ઉદ્યોગનો ક્રમ તૂટી જાય છે અને કંઇ પણ પ્રતિબંધ વગર સતત ઉદ્યોગ કરવાની ટેવથી જેવી વ્યવસ્થા અને નિયમિતપણું આવે છે તેવી વ્યવસ્થિત અને નિયમિત ટેવ તેમની રહેતી નથી. આ કારણથી હવાપાણીની અનુકૂળતાથી જે લોકો નિયમિત રીતે પોતાનું હમેશનું કામકાજ કર્યાં જાય છે તેમના કરતાં એ લોકોની પ્રકૃતિ વધારે તુરંગી અને અસ્થિર બને છે. આ નિયમની સત્તા એવી તો બળવાન છે કે વિરૂદ્ધ સ્થિતિમાં પણ આપણે તેની સત્યતા જોઇએ છિયે.

(ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ.)

6.

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રકારની કેળવણી દરેક માણસને જરૂરની છે. દુનિયાદારીનો અનુભવ અને કેળવાયલી જ્ઞાનશક્તિ હોય તોજ શાસ્ત્રધારા બંધાય, યુક્તિ–વ્યવસ્થા થાય, ન્યાય કરાય, ગ્રંથ લખાય, ને સભામાં ભાષણ અપાય. વિદ્યાકળાના શોધ ને યંત્રાદિકથી કાર્ય થાય તે પણ જ્ઞાનશક્તિની કેળવણીવડે. સંદેહ તથા મુશ્કેલીનો ખુલાસો કેળવાયલી વિચારશક્તિથી તરત થાય વળી દ્રવ્યમાન–પદવીનો લાભ અને ઊંચો આનંદ મળે. અનીતિથી દૂર રાખનાર અને નીતિથી સુખ તથા માન વધારનાર કેળવણીજ છે. એથી માણસ પોતાનો

ટેક ને મોભો જાળવી શકે છે; પોતાને તેવું બીજાને એ જે મોટો તથા રૂડો વિચાર તે પ્રમાણે પોતે વર્ત્તે છે ને બીજા વર્ત્તે તેવું શીખવે છે; અધીરપણે ને અકળામણમાં નઠારાં કામ કરવાની વૃત્તિ થાય છે તેને મન મારી અટકાવે છે અને સુખ તથા માનનો અતિ લોભ થાય છે તેને વિવેકથી હદમાં રાખે છે. દુર્ગુણીની નિંદા થાય છે અને સદ્‌ગુણીનું વેળાએ ફાવતું નથી તોપણ તેનાં વખાણજ થાય છે, માટે સદ્‌ગુણને મૂકવા નહિ ને ધીરજથી કામ કર્યાં કરવાં; તેમ આપત્તિમાં ધીટતા, સંધિપ્રસંગે શૌર્ય, હિંમત, સાહસ, વ્યવહારમાં પ્રમાણિકપણું, દેશભક્તિ, રાજ્યભક્તિ, ઇશ્વરભક્તિ, પરમાર્થમતિ, ઇત્યાદિ સૌ કેળવણીથીજ પ્રાપ્ત થાય છે. કૂવડતાને, ઊછાંછળાપણાને, છાલકાપણાને, બીકણપણાને, જંગલીપણાને, ઝાઉસપણાને, ખસેડનાર અને વિવેકમર્યાદાથી વર્ત્તતાં શીખવનાર અને રૂપગુણસૌંદર્ય તથા સ્થિતિવ્યવહારસૌંદર્ય ઉપર યોગ્ય પ્રેમ રખાવી સ્વચ્છતા તથા સુઘડતાથી સૌ પ્રસન્ન થાય ને માન આપે તેવું કરાવનાર કેળવણીજ છે.

કોઇપણ વાતની કેળવણી એટલે તે વાતની પછવાડે શ્રમ લઈ તેને સુધારી ઉપયોગમાં આવે તેવી કરવી. ધંધામાં કેળવણી લેવી એટલે ધંધા કરવાનો અભ્યાસ રાખી તેમાં જાણીતા થવું. પશુપક્ષીને કેળવવાં એટલે તેઓનું વિકરાળપણું, બીકણપણું જાય અને આપણી સાથે હળી જઈ આપણું કહ્યું કરે તેવી હાલતમાં તેમને આણવાં. મનની કેળવણી એટલે મનને વધારે કામ કરતું, વધારે સદ્‌ગુણી ને વધારે ડાહ્યું કરવું. ઈશ્વરે માણસનામાં જ્ઞાનશક્તિ ને ઇચ્છાશક્તિ એ બે વિશેષ મૂક્યાં છે કે જેની કેળવણીથી તેણે અનેક પદાર્થોના સ્વભાવ જાણી અનેક વ્યવસ્થાથી તેઓને રૂપમાં આણી પોતાના ઉપયોગમાં આણ્યાં છે. જમીન ખેડેથી ને તે ઉપર બીજી ક્રિયા થયેથી તેનો પાક આપણા કામમાં આવે છે. ખાણો ખોદેથી ને પછવાડેથી બીજી ક્રિયા થયેથી ધાતુ આપણા કામમાં આવેછે. અવલોકનશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ એથી માણસે શુમારવિનાના શોધ કર્યા છે ને સુખસામગ્રીમાં વધારો કર્યો છે. ઈશ્વરે મનુષ્યને માટે સુખસામગ્રી તૈયાર નથી કરી મૂકી, પણ એણે પોતાની બુદ્ધિથી તૈયાર કરવી એવો તેનો (ઇશ્વરનો) હેતુ હોય એમ સ્પષ્ટ સમજાય છે. અર્થાત્ કેળવણી લેવી ને કરવી એ આપણી ફરજ છે. હીરો ખાણમાંથી નીકળે છે ત્યારે તેટલો પ્રકાશ નથી આપતો, પણ ઘસાયા પછી પ્રકાશ આપે છે. અને માણસને વિષે પણ તેમજ છે. આપણું જ્ઞાન, આપણો સ્વભાવ, આપણી રીતભાત કેળવણીથીજ પોતાનાં ખરાં તેજસ્વી સ્વરૂપમાં પ્રકાશે છે. અને એજ કારણથી રાનમાં રહેનારો ભીલ અને નગરમાં રહેનારો બ્રાહ્મણ–ક્ષત્રી એક બીજાથી જુદા પડે છે. બંને માણસ છે, બંનેમાં કુદ્રતીશક્તિ ને સદ્‌ગુણ છે, પણ એકમાં તે કેળવાયલાં નથી ને બીજાનામાં તે કેળવાયલાં છે. કેળવણી એ માણસનું મોટું બળ છે, કે જેથી સિંહ, ગજ સરખાં પશુ વશ થાય છે, ને અનેક નવી સમૃદ્ધિ ઉત્પન્ન

થાય છે. કેળવણી એ મોટો પ્રકાશ છે કે જેથી ઘણી ઘણી વાતો આપણને ફાયદો કરનારી જે અજ્ઞાન–અંધારામાં હોય છે તે જોવામાં ને પછી ઉપયોગમાં આવે છે. કેળવણીથીજ આપણે પરસ્પરના ધર્મ સમજીએ છીએ, ઇશ્વરને ઓળખી શકીએ છીએ અને તેનાં અનંતશક્તિ, અપાર ડ્હાપણ ને અનંત યશવિષે વિચાર કરતાં ગુમ થઈ જઈ આપણે આપણો ગર્વ મૂકીએ છીએ ને તેના ભક્ત થઇ રહીએ છીએ.

(નર્મગદ્ય.)

7.

માણસના મનના બંધારણનો સ્વાભાવિક ધર્મ છે કે જ્યારે કોઇ પણ એક વિકાર ઘણો પ્રબળ થાય છે ત્યારે તે બીજી સઘળી વૃત્તિઓને નિર્બળ કરી નાખે છે. એ વખતે બીજી વૃત્તિઓનું કંઇ ચાલતું નથી; પણ જ્યારે તે બળ-વાન વિકાર શાંત થાય છે ત્યારે તેનું જોર નરમ પડે છે, અને તેથી તે નીચે બેસે છે, અને બીજા જે વિકારો દબાયલા હતા તેઓ સઘળા જોર પકડી ઉપર આવે છે, અને તેણે કરીને તે માણસને પાછળથી ઘણું દુઃખ થાય છે. એ પ્રમાણે માધ-વને બન્યું. સિદ્ધપૂરના રૂદ્રમાળની પગથાર ઉપર તે રાત્રે ફરતો હતો તે વખત વૈરે તેનું મન વશ કીધુ હતું, અને તેના મનની આંખ આંધળી થઇ હતી, પણ હવે તેની મતલબ પાર પડી, અને રાજા કરણ ઉપર મનમાનતી રીતે વેર લેવાનો સમય પાસે આવ્યો ત્યારે ડાહ્યા વિચારો આવવા લાગ્યા. તેનામાં આટલી વાર સુધી દેશાભિમાન તથા ધર્માભિમાન દબાઈ ગયાં હતાં, પણ તેઓનો બિલકુલ નાશ થયો નહતો. હવે જે ગૂજરાત દેશમાં તેનો જન્મ થયો, જે દેશમાં તેની બાલ્યાવસ્થા ખુશી તથા આનંદમાં ગઈ, જે દેશમાં તેની જુવાનીમાં તેની ઉગતી આશાની કળીઓ ફુટી અંતે ફાટીને તે ફુલ આવ્યાં, જે દેશમાં તેની ન્યાત જાત, સગાં વહાંલાં, ઓળખીતા, મિત્રો રહેતા હતા, જે દેશમાં તેણે રાજ્યનો કારભાર ચલાવ્યો હતો, જ્યાંના રહેવાસીઓ પોતાના સ્વદેશી કહેવાયા, જેઓ તેને એકવાર પોતાના પિતા સમાન ગણતા હતા, જેઓનું રક્ષણ કરવું તથા જેઓના સુખમાં વૃદ્ધિ કરવી એ તેનો મુખ્ય ધર્મ છે એમ તે જાણતો, તે દેશ તથા તે રહેવાસીઓનું સ્વતં-ત્રપણું હરી લેવા, દેશી રાજાને ઉઠાડી મુકી પારકા રાજાનું રાજ્ય સ્થાપન કરવા પોતાના દેશીઓને પગે બેડી પહેરાવવા, તથા હમેશ સુધી ગૂજરાતને ગુલામ-ગીરીની હાલતમાં નાખવાનો તેણે ઉપાય કીધો તે વિચારથી તેને મહા કષ્ટ થયું.

(કરણ ઘેલો.)

8.

નિદ્રાવશ કુમુદસુંદરીને લેઇ રથ ચાલ્યો અને રથને વચ્ચે રાખી સ્વાલદાર ઘોડાઓ ઉપર બેઠેલા સ્વારો–ન ધીમે—ન ઉતાવળથી—એ રીતે ચારેક ગાઉ ચાલ્યા હશે એટલામાં રાત્રિ પુરી થઇ જવા આવી. જંગલનાં પશુમાત્ર શાંત થઇ ગયાં અને ખડબચડી જમીન આવતાં રથચક્ર નીચે ધબાકા થતા, પવ-

નની લ્હેર અને મધુરી ત્હાડથી વેગવાળા થતા ધોરી બળદનાં પગલાં વાગતાં, સ્વારોના ઘોડાઓની ખરીઓ વાગતી, ક્વચિત્ કચરાતા કાંકરા બોલતા અથવા રથમાં ભરાતાં ઝાડનાં ડાળાં ખખડતાં અને રસ્તાની બાજુએ ગામડાં આવતાં આઘે કુકડા સંભળાતા, એ શીવાય બીજો સ્વર સરખો સંભળાતો ન હતો. કુમુદ પાછલી રાતની મીઠી નિદ્રા ભોગવતી હતી. ગાડીવાળો હાથમાં રાશ અને પરાણો રાખી અર્ધો જાગતો છતાં ડોલાં ખાતો હતો, અને સ્વારો જાગૃત છતાં—ચારે પાસ નજર રાખતા હોવા છતાં—વાતો કરતા રહી ગયા હતા. ચારપાસ પૃથ્વી ઉપર અંધકારમાં આછું આછું તેજ ભળતું હતું, અને રસ્તાની બે પાસે ઝાડો અને છોડવાના રંગ દીસતા ન્હોતા પણ તેના છાંયડા અને ઉભા આકાર દેખાતા હતા. પૂર્વદિશાના આકાશમાં ધોળો તેજનો પડદો ચ્હડતો હતો. એક પછી એક તારાઓ દેખાતા બંધ થતા હતા અને આખા આકાશનો રંગ બદલાતો હતો.

અંધકારનો પડદો ઉપડી ગયો તેમાંથી જંગલનાં ચિત્રવિચિત્ર નાટકીય પાત્રો દૃષ્ટિમર્યાદામાં એકદમ ઉભરાવા લાગ્યાં. લાલ, પીળાં અને ધોળાં ન્હાનાં મ્હોટાં ફુલોને ધારણ કરનાર ન્હાના ન્હાના લીલા છોડવા માર્ગની બે પાસ આઘા પાછા રહી પવનની ધીમી લ્હેરમાં નાચવા લાગ્યા. ખેતરોની ઉપરનીચે થયેલી સંભાળ વગર રાખેલી પોતપોતાના શેડા વચ્ચે પડી રહેલી માટી, પ્રસૂતાના ખાલી પડેલા કરચલીયોવાળા પેટની પેઠે, માનવીના હાથમાં પોતાનો ફાલ આપી દેઇ, એકાંતમાં શાંત વિશ્રાંતિની મીઠાશ ભોગવતી જાગતી સુતી સુતી આકાશ સામું જોવા લાગી. ક્ષિતિજના છેડામાં તથા આશપાશ મ્હોટાં ન્હાનાં ઝાડો, એક બીજાના ખભા ઉપર ડોકીયાં કરી, ઉગનાર સૂર્યના સાજનની વાટ જોવા લાગ્યાં. મળસ્કાનો ઉજાસ પ્રથમ આછો આછો દેખાઈ, મદનના ચાળાઓ પેઠે, જંગલનાં સર્વ અવયવોમાં સ્ફુરવા લાગ્યો. જંગલનાં ક્રૂર પ્રાણીયો સંતાઈ ગયાં તેને સ્થાને પક્ષીયોની કોમળ જાતીયો ઝાડો ઉપર ઉડાઉડ કરવા લાગી, કલોલ કરી રહી, અને જુદા જુદા મધુરા સ્વરથી ગાયન કરવા મંડી.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

9.

ભીમદેવ આ બનાવથી વધારે ક્રોધાતુર થયો. વહાણામાં તેણે સામંતોને તેડી ચતુરંગિણી સેના તૈયાર કરાવી અને ક્રોધનું વમન કરતો હોય તેમ શૂરવીરોના સામું જોઇ બોલ્યો કે—'શત્રુને કચરી નાંખીશ ત્યારેજ હું અન્ન લઇશ.' રાણિંગ ઝાલાને સંબોધી વળી તે બોલ્યો કે—'મદોન્મત્ત હાથી જેમ ઝાડવાને ઉખેડી નાંખે છે તેમ તમે શત્રુના સરદારોને સંસારરૂપી ક્ષેત્રમાંથી ઉખેડી નાંખો, અને આબુના પર્વતમાં વાસ કરી રહેલા તથાપિ અભિમાનથી મત્ત થયેલા જેતસી પરમાર રૂપ વકરેલા ઊંદરને દરેક દરમાંથી શોધી કાઢી અણહિલવાડાના લોહ

પિંજરમાં કેદ કરો. ગુજરાતના ભિલ્લ, અને કાઠીઆવાડના કાઠી રણસંગ્રામમાં ઘણા શૂરવીર છે, માટે તેમને વીર રસ ઉત્પન્ન કરે એવાં પ્રાચીન કવિઓનાં કવિતો સંભળાવી ઉશ્કેરો. હે વીર સરદારો! આવો અલભ્ય લાભ તમને પછી ક્યારે મળવાનો છે? યુદ્ધમાં થતા હુંકારરવ મારા હૃદયને આનંદ આપે છે, રણનાં વાદિત્ર મારા કર્ણમાં વીરરસની પખાલો ઢોળે છે અને જ્યારે વિજળીના ચમકારા જેવી તલવારોનાં પ્રતિબિંબ મારા મસ્તક ઉપર થઇને પસાર થાય છે, ત્યારેજ હું દેખતો હોઉં એમ મને લાગે છે. તલવારના ઝબકારા જોવા એજ ક્ષત્રિયની આંખનું સાર્થક છે. વીર પુરુષો! તમે યાદ કરો કે દેહને કષ્ટ આપનારા અને મહા ઉગ્ર તપ કરનારા તપસ્વીઓને પણ જે વિમાન નથી મળતાં તે વિમાન તમે રણમાં પડીને પ્રાપ્ત કરો છો, એ શું તમારાં ઓછાં ભાગ્ય છે? વસુદેવના પુત્ર કૃષ્ણચંદ્રે મહાભારતમાં હઠીલા થઈ ઉભા રહેલા અર્જુનને કહેલાં વચનો યાદ કરો કે **सुखिनः क्षत्रिया पार्थ लभन्ते युद्धमीदृशम्** માટે હે વીરો! સોમેશ્વરની સાથે યુદ્ધ કરવાનો તમને આ અતિ ઉત્તમ પ્રસંગ મળ્યો છે તેને સભાગી કરો. મેઘની ગર્જના સાંભળીને સિંહ જેમ ગિરિગુફાઓમાં પ્રતિઘોષની ગર્જનાઓ કરી બહાર નીકળે છે તેમ શત્રુનાં રણવાદ્ય સાંભળી હુંકાર શબ્દ કરી તમે શિબિરોમાંથી બહાર નીકળો અને રાહુ જેમ ચંદ્રને ગળી જાય છે તેમ શત્રુને ગળી જાવ. જેને જીવતર વહાલું હોય તે અત્રે હથિયારનો ત્યાગ કરી ભગવાં પહેરો, અને જેને રજપૂતાણીએ જણ્યા હોય તથા જે પોતાની માતાની કુખને શોભા આપવા ઇચ્છતા હોય તે શસ્ત્ર ખેંચી મારી સાથે રણે ચઢો. આ ક્ષુદ્ર દેહની માયાનો ત્યાગ કરી હું સોમેશ્વરની સામે રણમાં પડવાનો છું, માટે તમે પણ સાવધાન થઇ રણે ચઢો. ગુજરાતની ભૂમિને જશ આપો અને તમારા પસાયતાંના ભોગવટાને અચળ કરો. જેને પતિવ્રત વ્યાપ્યું છે એવી કોમળાંગી સતીઓ જેમ ઉછળતી આગમાં નિઃશંકપણે પેસે છે, તેમ ઉછળતાં અસ્ત્ર શસ્ત્રથી કાયરોનાં કાળજાંને કંપાવી નાંખે એવા રણમાં ઉતરવાને નિઃશંક થઈ આગળ પડો.'

(**પૃથુરાજ ચોહાણ અને ચંદ બરદાયી.**)

10.

અરે! રાજા, તું કાલ કાલ કરે છે પણ કાલનો કોને ભરોસો છે. આપણા માથા ઉપર કાળ ભમ્યા કરે છે, તે આપણને ક્યારે ઝાલશે તે કોઇને માલમ નથી. વૃદ્ધજ તેની ચપેટીમાં આવે છે એમ નથી; બાળક પણ મરે છે અને જુવાન પણ મરે છે, એકથી તે સો વર્ષના વયમાં એવું કોઇ વર્ષ નથી, એવો કોઇ દિવસ નથી, અરે! એવી કોઇ ઘડી નથી, કે તે વખતે તો મરણ આપણને નહિ છોડે એમ કહેવાઇ શકે. લગ્નાદિ કામનાં મુહૂર્ત છે—મરણને મુહૂર્ત નથી. આજનો આ સૂર્ય કાલે પાછો પૂર્વમાં ઉગશે, એટલામાંજ આખી પૃથ્વિમાંનાં

કેટલાં જુવાન, કેટલાં બાળક, કેટલાં વૃદ્ધનાં રોગી અથવા કેળ સરખાં કોમળ શરીરો અગ્નિ ભેગાં થશે તેનો તેં વિચાર કીધો છે? અરે! રાજા! ત્હેં રણ-ક્ષેત્રમાં ઘણા મનુષ્યોના પ્રાણ ખોવડાવ્યા હશે, પણ તેથી વધારેના પ્રાણ અજીત યમરાજ નિશ દિન લયાંજ કરે છે. જન્મ ધરીને એક ક્ષણ પણ આલસ્ય કરવાનું કામ નથી. આયુષ્યમાંનું એક ક્ષણ તારા જેવાં કોટિ રાજ્ય કરતાં વધારે મૂલ્યવાન છે. પરમેશ્વર ન કરે, પણ કદાપિ તમારો દેહ કાલે પડ્યો, તો. મહારાજ, આજે મોક્ષરૂપી અમૃતનો પ્યાલો ઢોળી નાંખો છો તેનો પશ્ચાતાપ થશે, પણ પછી કાંઇ વળવાનું નથી. મહારાજ, કોઈ દહાડો નહિ, ને આજેજ હું કહેવા આવ્યો છું તેથી વિચાર કરો કે કંઇ કારણ હશે. મને વધારે નહિ પૂછો, પણ કાલની વાત ન કરો.

(નવલગ્રંથાવલિ.)

11.

કેટલાક દરિયાને પાણીનો વિશાળ ભંડાર ગણે છે. પર્વતના શિખરપરથી દરિયાપર નજર કરનારને તે મર્યાદારહિત લાગે છે. જમણી અને ડાબી બંને બાજુ તરફ પાણી શિવાય કંઈ નથી. હવા શાન્ત હોય ત્યારે મોજાં ધીમે ધીમે રેતીપર તમારા પગને સ્પર્શ કરવા આવે છે. પછી તેમાં વમળ થઇને કિનારાપર જોરથી પાણી ઉછાળતાં ભારે ગબડતાં મોજાં સાથે તોફાનથી પાણી કિનારાપર આવે છે. કોઇક વખત તે શાંત હોય છે અને બિલાડીની પેઠે ધીમો નાદ કરે છે, અને કોઇક વખત તે તોફાની થાય છે અને ચિત્તાની પેઠે ઘુરકેછે. દરિયો કંઇ પણ સ્મરણ રાખતો નથી. તે ખડબચડાં ખડકપર વહાણના ચૂરેચૂરા કરી નાંખે છે અને પછી પોતાનું કૃત્ય સ્મરણ કર્યા વિના, જેમ કોઇ મનુષ્ય નિદ્રા-વશ થઇ સ્વપ્નની અસ્પષ્ઠ અવસ્થામાં હોય તેમ થોડો શાંત અને થોડો ક્ષુબ્ધ થાય છે. જેરિમિએ કહ્યું છે કે "શોકમાં મનુષ્યનું મન જેમ સંક્ષુબ્ધ રહે છે તેમ સમુદ્ર તોફાનથી વ્યાકુળ રહે છે. તે કદી પણ શાંત હતો નથી." તે મનુષ્ય-મંડળ અને કાળની મર્યાદાને ગળી જાય છે. તે અનન્તતા સાથે સંબંધ ધરાવે છે. તે સદાકાળ પોતાની શોકજનક ગર્જના કાઢયાજ કરે છે.

(કર્ત્તવ્ય.)

12.

જે દિવસ ગયા તે તો સર્વદા ગયા અને જે દિવસ આવવાના છે તે ઉપર મુદ્દલ ભરોસો નથી; વાસ્તે હો માનવી! તને ઘટે છે કે જે વખત તારો વ્યર્થ ગયો હોય તેની ચિંતા કે દલગીરી કર્યા વગર અને જે વખત આવવાનો છે તે ઉપર ઘણો આધાર રાખ્યા વગર, તું તારા ચાલતા વખતનો રૂડો ઉપયોગ કર. ચાલતો વખત એ તારો વખત છે; હવે પછીનો વખત ભવિષ્યના ગર્ભમાં છે,

અને તું જાણતો નથી કે તે ગર્ભમાંથી શું નિકળશે. વાસ્તે જે કાંઇ કરવા વિષે તું ઠરાવ કરતો હોય તો તે જલદીથી કર અને જે કાંઇ સવારે થઈ શકતું હોય તે સાંજ ઉપર ન રાખ.

આળસાઇ, એ દુ:ખ અને તંગીનો એક મોટો પિતા છે. પ્રમાણિક ઉદ્યોગથી સુખ અને વૈભવ ઉત્પન્ન થાય છે. ઉદ્યોગનો હાથ તંગીને નસાડે છે. ઉદ્યોગી માણસના સાથી સુખ અને વૈભવ છે. જે પુરૂષ દોલત મેળવે છે, જે પુરૂષ મોટી પદવીએ ચહડે છે, જે પુરૂષ આબરૂ અને માનથી ભરપૂર છે, જે પુરૂષની સ્તુતિ સર્વ લોક કરે છે, જે પુરૂષ રાજદ્વારી કચેરીમાં બેસે છે તે પુરૂષ કેવો ઉદ્યોગી અને ચપળ છે તે તું તપાસ. તે પુરૂષ આળસને પોતાનાં ઘરમાંથી વેગળું રાખે છે અને આળસુને પોતાનો કટ્ટો શત્રુ કરી લેખે છે.

ઉદ્યોગી પુરૂષ સવારના જલદીથી ઉઠે છે અને રાતના મોડો સુવે છે. તે વિચારથી પોતાનાં મનને અને મેહેનતથી પોતાનાં તનને કસરત આપીને સુખાકારી સ્થિતિમાં રાખે છે. પણ આળસુ માણસ પોતાની ઉપર પોતે એક મોટો ભાર થઇ પડે છે. દરએક ઘડી અને દરએક પળ તેને મોટી માલમ પડે છે. તે અહીંથી તહીં તરફડ્યાં મારે છે અને જાણતો નથી કે "હું શું કરૂં." તેના દિવસ વાદળના ઓળાની પેઠે જતા રેહે છે અને તેની યાદગીરીની કંઇ પણ ઇંધાણી પાછળથી માલમ પડતી નથી. તેનું શરીર મેહેનત વગર, રોગ અને દરદથી ભરેલું રેહે છે. તે કામ કરવાને કોઇ કોઇ વેળાએ ઇચ્છા રાખે છે પણ તેનામાં ચાલવાની શક્તિ રેહેતી નથી. તેનું મન અંધાપામાં આવી જાય છે. તેના વિચાર ગભરાટમાં આવી પડે છે. તે જ્ઞાન મેળવવાની ઇચ્છા દેખાડે છે પણ મેહેનત કરતો નથી. તે બદામનો માવો ખાવાને ઘણોજ આતુર રેહે છે પણ તેનાં છોડાં ભાંગવાને તેને આળસ થાય છે.

તેનાં ઘરમાં સર્વ ઠેકાણે અંધેર અને અવ્યવસ્થા માલમ પડે છે. તેના ચાકરો ઉડાઉ અને મસતિખોર હોય છે. તે નિત્ય ખરાબીના પંજામાં વધારે અને વધારે આવતો જાય છે. તે પોતાની આંખે જોય છે અને કાને સાંભળે છે; તે પોતાનું માથું હલાવે છે અને મોટી મોટી ઉમેદો બાંધે છે; પણ તેનામાં નિયમ અને નિશ્ચય નથી. વંટોળીઆ પવનની પેઠે ખરાબીનું વાદળ તેની ચારેગમ આવીને વિટલાઈ જાય છે અને આખર તે શરમ તથા દલગીરીમાં પડી દુનિયા છોડી ચાલતો થાય છે.

(**નીતિવચન.**)

13.

અલકકિશોરી સ્ત્રીવર્ગ જેને 'જાજરમાન' કહે છે તે પ્રકારની હતી. તેનો રંગ સોનેરી ગોરો તથા મધ્યાન્હના તાપની પેઠે ચળકાટ મારતો હોય તેવો હતો

એટલે પાસે આવનારની નજર તેના ભણી સહસા ખેંચાતી અને અંજાતી. તેના સર્વ અવયવોનો ઘાટ પ્રમાણસર પણ મ્હોટો હતો એટલે જોનારની આંખ એકદમ ભરાઇ જતી. તેના હાવભાવ ચંચળ, પ્રબળ, અને પ્રતાપી હતા તેથી તેની સામે ઉભાં રહેનારનું હૃદય સભાક્ષોભના જેવો ક્ષોભ પામતું અને ગરીબ બની જતું. અમલ ચલાવતી હોય તેવી રીતે તેને બોલવાની ટેવ હતી; તેની સાથે વાત કરનાર માણસ, વાત કરતા સુધી અને એની પાસેથી છુટતા સુધી, સ્વાભાવિક પરાધીનતા ભોગવતાં; અને જેમ બુદ્ધિધનનો દોર તેના અમલથી ચાલતો તેમ અલકબ્હેનનો દોર તેના દૃષ્ટિપાતથી ચાલતો. સાધારણ બુદ્ધિના લોકનું એમ માનવું હતું કે આ સર્વનું કારણ તેના શરીરની સુંદરતા છે. આમ માનવામાં તેઓનો દોષ ન હતો, કારણ ભભક ધમકથી અંજાયલી તેમની દૃષ્ટિયોની વિવેક–શક્તિને પક્ષાઘાત થતો. ખરૂં અને ઝીણવટથી તપાસી જોનારને અથવા તેની ગેરહાજરીમાં સ્મરણ આણી વિચારનારને અલકકિશોરીમાં વધારે વધારે ખોડો માલમ પડતી; પરંતુ તેવાઓને પણ તેના રુઆબ આગળ લાચાર દીલના બની જવું પડતું. આવું છતાં કોઈ પણ માણસનું મન બંડ કરવા ચ્હાતું તો આ પ્રતાપી હરિણાક્ષીના જોબનનો ઉકળાટ તેનું ગુમાન ઉતારી દેતો અને એનો નિરંતર મચી રહેતો તનમનાટ તેને દિઙ્મૂઢ બનાવી દેતો. આ આકર્ષણ–શક્તિને લીધે આ ઉન્મત્ત યૌવનવાળીની આસપાસ કચેરી ભરાઇ રહેતી જેમાં તે પોતે શક્તિ જેવી શક્તિ ધરાવતી હતી.

\+ \+ \+ \+ \+

અલકકિશોરી ગમે તેવી પણ બાળક હતી; રંક અવસ્થા તેણે દીઠી ન હતી; પોતાનું ધાર્યું કર્યુંજ સમજતી; પોતાને હમેશ ફાવેલીજ જોતી; હુકમ કર્યોજ સમજતી; મનમાન્યું અમલમાં આવ્યું જોતી; ચારે પાસથી વખાણજ સાંભળતી. અમાત્યના ઉદય કરતાં તેનું વય મ્હોટું ન હતું; વયમાં, જ્ઞાનમાં, અનુભવમાં, જાતિમાં, અને સુંદરતામાં, પોતાનાથી ચ્હડીયાતાં માણસોને પોતાથી ડબાયલાં રહેતાં અનુભવતી; ખરુ શું છે તે તેને કોઈ સંભળાવતું ન હતું; ખોટું શું છે તે તેની આગળ કહેવા કોઇની હીંમત ચાલતી ન્હોતી; હિત અહિત શામાં છે તે તેને કહેવાની કોઇને ગરજ ન હતી; ભૂતકાળની વાત સંભળાવી તેને કંટાળો આપવો એ સઉના સ્વાર્થવિરુદ્ધ હતું; ભવિષ્યકાળની સાચી વાતો ઉપર તેની આંખ દોડાવવી એ તેની કલ્પનાને શ્રમ આપવા જેવું અને તેના મનને ખેદ આપવા જેવું મનાતું; આથી વર્ત્તમાન રંગભૂમિ ઉપરનાં નાટકો ઉપર તેનું લક્ષ રહેતું અને પ્રત્યક્ષ પડદા આગળ તેની દૃષ્ટિસીમા આવી રહેતી. આ સઉનું ફળ એ હતું કે ભયંકર ગુમાનરૂપી સર્પ તેના કુમળા મગજમાં પેસી રહી, ધુંધવાઈ રહી, તેની ભમરો ઉપર ફણા માંડતો, આંખમાં ઘૂર્ણાયમાન થતો, જીભમાંથી ફુંફાડા મારતો, અને આખા શરીરમાં વિષમય ચંચળતા પ્રેરતો. આ સર્પનો પ્રતીકાર કરવા તેનામાં

વિદ્યામૃત હતું નહીં અને સત્સંગતિના કલ્પવૃક્ષનો વાસ તેણે અનુભવ્યો પણ ન હતો. માત્ર અમાત્યકુટુંબના સહજ વિનયરૂપ પોલા રાફડાથી વિષમય ચેતન ઢંકાઇ રહ્યું હતું.

(**સરસ્વતીચંદ્ર,** ભાગ ૧ લો.)

14.

નાવિક પોતાના વહાણ પ્રત્યે પ્રમાણિક રહે છે, અર્થાત્ તેને દૃઢતાથી વળગી રહી બને ત્યાં લગણ છોડી દેતો નથી. ભયને સમયે તેનો સર્વથી છેલ્લો ત્યાગ કરનાર ટંડેલ હોય છે. વહાણ અગ્નિથી કે તોફાનથી જોખમમાં આવે ત્યારે ટંડેલ પ્રથમ તે માંહેની સ્ત્રીઓ અને છોકરાંને સહીસલામત રાખવા તરફ નજર રાખે છે, પછી બીજાં માણસોની સહીસલામતી તપાસે છે, પછી પોતાનાં માણસોની અને છેવટે પોતાની. આવી સ્થિતિમાં સદ્‌ગુણની પેઠે હિંમત કોઇ પણ પ્રકારના ઇનામની અપેક્ષા રાખતી નથી. સમુદ્રમાં કે જમીન ઉપર પોતાનો સ્તુતિવાદ થાય એમ નાવિક ઇચ્છતો નથી. ' મેં માત્ર મારૂં કર્ત્તવ્ય કીધું છે ' એજ નાવિક પોતાની સર્વોત્તમ સ્તુતિ ગણે છે. ભયથી મનુષ્યને ઊંચામાં ઊંચા ગુણો દર્શાવી આપવાનો પ્રસંગ મળે છે. જ્યારે ઘણાં માણસોના જીવ જોખમમાં હોય ત્યારે તેને બચાવવાનો દરેક પ્રયત્ન કરવામાં મનુષ્યની આબરૂ રહેલી છે. જો કે હિંમતવાન મનુષ્ય ભયનું ખરૂં સ્વરૂપ સમજી શકે છે, તોપણ તે તેથી બ્હીતો નથી, પણ મર્દાઇથી તેની સામા ટક્કર લેછે. જીવતાં જેવી શાંતતા તેનામાં હોય છે તેવીજ શાંતતાથી તે મોતને મળવા તૈયાર રહે છે.

(**કર્ત્તવ્ય.**)

15.

જેમ જેમ હું આગળ જતો ગયો તેમ તેમ પ્રથમ તો અધિક અંધારૂં આવતું ગયું, પણ એથી ધૈર્ય ન ત્યજી, બીહીક વગર, મેં અંદર ચાલવું જારી રાખ્યું. આગળ ચાલતાં એક ચોગાન આવ્યું, તેમાં જઈ વચોવચ ઉભો તો તેમાંથી ચારે બાજુએ જૂદા જૂદા ચાર માર્ગો નિકળતા જણાયા. પ્રત્યેક માર્ગના મ્હોંપર જઇ, નજર કરી જોવાનો મેં યત્ન કીધો, પણ વૃક્ષઘટા ખૂબ ઘાડી હોવાથી, દૃષ્ટિ દૂર પહોંચી શકી નહિ. આ કારણથી, અને મારી મનોવૃત્તિથી દોરાયલો હોઉં તેમ, બીજો કશો વિચાર ન કરતાં, જે માર્ગે આવ્યો તેનીજ બરોબર સામો જે માર્ગ હતો તેમાં પેઠો, ને ચાલવા માંડયું. થોડોક દૂર ગયો તો વળી પાછી એક સુંદર ખીણ આવી, જે નાનાં નાનાં અનેક વૃક્ષોની ઘટાથી ભરપૂર એવા સુંદર પર્વતોની હારની બનેલી હતી. તેની અંદર પ્રવેશ કરવાનો માર્ગ તે પર્વતની ઉપર થઇને જતો હતો. તેને આધારે હું ઉપર ચઢયો. અહાહા ! વિશાલ ! આ પર્વત ઉપર ચઢવાથી મને એ વનની જે શોભા દૃષ્ટિગોચર થઇ, તેણે તો મારા મનને

આનન્દમાં તલ્લીન બનાવી દીધું. એ સઘળું જોતાં જોતો હું પર્વતપરથી ખીણુની અંદરની બાજુએ નીચે ઉતર્યો: તે વખતે હું જાણે ઇન્દ્રના નન્દનવનમાંજ આવ્યો છું એમ મને લાગ્યું. આખી ખીણુ કેવળ ઇશ્વરની અદ્ભુતલીલાથી ભરપૂર હતી. જ્યાં જ્યાં દૃષ્ટિ કરી ત્યાં ત્યાં નવીન નવીન પુષ્પવાટિકાઓ, તુલસીવૃન્દો, કદંબ, આમ્ર, આસોપાલવ ઇત્યાદિ કલ્પતરુ સમાન વૃક્ષો, હારેહાર આવેલાં નાનાં નાનાં પણ સુંદર કમલ પુષ્પોથી ભરેલાં સરોવરો, અનેક પ્રકારના રંગબેરંગી પુષ્પોવાળી વેલીઓ, ચન્દનનાં વૃક્ષો વગેરે, આવી રહેલાં હોવાથી સર્વત્ર આનન્દ આનન્દ અને આનન્દ છવાઇ રહ્યો હતો!

(ચંદ્રકાન્ત.)

16.

આ સંસારમાં થતાં જે અયોગ્યાચરણુ—તેમાંનાં નીમે ભાગે ક્રોધથીજ ઉત્પન્ન થાય છે એમ કેહેવામાં લગારે ખોટું નથી. ક્રોધરૂપી યોધ્ધો જેને ઝાલે છે તેને નીચોવી ધોયલા મૂળા જેવો કરી નાખે છે. ક્રોધથી પિતા પુત્રને હણે છે, પુત્ર માતાને હણે છે, ભાઇ ભગિનીને વિષ આપે છે, સાસુ જમાઇને રમાડી દે છે. ક્રોધથી કેટલી આત્મહત્યાઓ થઇ? ક્રોધથી કેટલા નીકળી ગયા? કેટલા વેરાગી થયા? ક્રોધરૂપી વિંછીનું બચ્ચું જેનામાં ઉત્પન્ન થયું તેનેજ પ્રથમ ખાય છે. ખરેખર! ક્રોધનો ધકધકતો અગ્નિ પોતે બળે છે અને બીજાને બાળેછે. ક્રોધે પતિપત્નીના વ્યવહાર છોડાવ્યા, મિત્રોના સ્નેહ તોડાવ્યા, ડાહ્યાનાં ડા'પણ ડુબાવ્યાં, માનીનાં માન મુકાવ્યાં. અહો! શું ક્રોધનું પ્રબળ? તેણે કોઇને ન મુંક્યા. પણ તેણે કો'નું સારું કર્યું કે તેના વિના આ સંસારનો કોઇયે માનવી ચલવતો નથી? અથવા તે તો પોતાનો સ્વભાવ દીવસે દીવસે વધારે સતેજ કરે છે, છતાંયે એવા દુઃખદ શત્રુ સાથે શી મનુષ્યને મિત્રતા? જાણે છે કે એ પેઠો એટલે જેના જેના સંબંધમાં આવશે તેને દુઃખ દેશે છતાંયે એનો ત્યાગ લોક કેમ નહી કરતા હોય? અહો!

"क्रोधोहि शत्रु: प्रथमंनराणाम् । देहस्थितो देह विनाशनाय"

એ વાકયનો ક્ષણે ક્ષણે અનુભવ થયા છતાં મનુષ્યનુ શું અજ્ઞાન અથવા અસામર્થ્ય? ખરે! સમર્થને ક્રોધ થતો નથી. અશક્તિમાંથી ક્રોધની ઉત્પત્તિ છે. સમર્થ પુરૂષ પોતાની ઇચ્છા બળથીજ પુરી કરેછે. પણ તે પુરી ન પડયેથી અસમર્થ પુરુષો ક્રોધનો આશ્રય લેછે. બાકી ગુણવાળી, ધર્મી અને સર્વ રીતે સુશીળ અબળાઓ પણ ક્રોધને વશ થઇ પોતાનાં પેટનાં છોકરાંને હતાં ન હતાં કરી નાંખે? નહીજ? અને સંસાર ત્યાગ કરી વન સેવનારા ગરીબ અને દયાળુ ઋષીયો સહજ વાતમાં પોતાના ક્રોધનો આવિર્ભાવ મહા ઉગ્ર શાપમાં કરે? નિઃસંશય Anger is a short madness. એ કોઈ અનુભવીનું વાકય ખરૂંજ છે. ક્રોધનાં ચસ્માં ચ'ડાવી દ્રષ્ટિ ફેરવનાર વ્હાલાને વેરી દેખે છે, નિશ્ચયને

સંશય માને છે, અકર્ત્તવ્યને કર્ત્તવ્ય લે'છે. જેણે ક્રોધની શિક્ષા માની તે જીવતોજ મુવો છે; કોંકે આ ને આ અવતારમાં તેને ચિરકાળ સુધી પશ્ચાત્તાપની ધમણુમાં બળવું પડે છે. અહો! તેનાથી થતી અનર્થપરંપરા પણ કેવી મહતી? આપણા નિત્ય વ્યવહારમાં ગુન્હાના પ્રમાણમાંજ શિક્ષા હોય છે—અને તે પણ એક કાળમાં. પણ આ ક્રોધની તો વાતજ જુદી. જે ક્ષણે તેની ચીનગારી હૃદયમાં મુંકાવી તે ક્ષણેથીજ તે વ્યથા કરે છે—કલેશ કરે છે, પછી અનુતાપ પ્રકટે છે. તેમાંએ તેની ઉત્પત્તિ અને સ્થિતિ અલ્પકાળ અને તેમાંથી થતો પશ્ચાતાપ યાવજ્જીવ ચાલવાનો.

(કુસુમાવલી.)

17.

લડાઈ બંધ પડ્યાને એક પહોર પણ થયો નહતો, રજપૂત લડવાઇઆ ખાઈ પી પરવાર્યા નહતા, ઘોડાઓના તંગ છુટયા નહતા, અને હાથિઓના શરીરપરથી મનુષ્યના લોહીની છોળો હજી સુકાઈ પણ નહતી, ત્યાર પહેલાં તો પુનઃ લડાઇના રણતુર વાગ્યાં. આ વખતે દોઢ પહોર રાત્રી ગઇ હતી, ને ચંદ્રમાનો પ્રકાશ ઝાંખો ઝાંખો પડતો હતો. મુસલમાન લશ્કર તૈયાર થઈ ગયું; ઉશ્કેરાયલા મુસલમાનો 'અલ્લાહ અકબર' એવા પોકારો કરવા લાગ્યા. રજપૂતો જરા ગભરાટમાં પડ્યા, પણ વૈરીસિંહ ઘોડાપર બેશી બહાર નીકળ્યો અને ડંકો વાગતાં બધુ રજપૂત લશ્કર તૈયાર થઈ ગયું. આખા દિવસના ભુખ્યા અને થાકયા પાકયા રજપૂતો પુનઃ લડવાને તત્પર થયા. ભાટોએ આગળના રાજાઓનાં પરાક્રમ કહી તેમને શૂર ચડાવા માંડયું અને એક તરફથી વૈરીસિંહે પણ વખાણ કરી તેમને ઉશ્કેરવામાં બાકી રાખી નહિ. હવે મરવું કે મારવું એવો નિશ્ચય કરી ક્ષુધાથી અતિશય ખીજવાયલા રજપૂતો આગળ ધસવા લાગ્યા. દૂરથી દેખાતાં મુસલમાનના લશ્કરની મશાલોનાં અજવાળાં પાસે આવતાં ગયાં અને ઉભય પક્ષનાં વાજીંત્રોથી કાન પડે પણ સંભળાય તેમ ન રહ્યું. મુસલમાનના સૈન્યમાંથી 'અલ્લાહ અકબર'ના અને હિન્દુઓના સૈન્યમાંથી 'હરહર મહાદેવ'ના પોકાર સંભળાવા લાગ્યા. દિવસની પેઠે રાત્રીએ ક્રમ પ્રમાણે યુદ્ધ થઈ શકશે નહિ એમ ધારી રજપૂતોએ તીડના ટોળાની પેઠે મુસલમાનોપર ધસારો કર્યો. નખ શિખ લાગી જાય તેવાં ભાંડનાં વચનોથી રજપૂતોને રૂવેરૂવે શુર વ્યાપી ગયું અને ક્ષણવારમાં તો જેમ વાયુથી પ્રેરેલા બે મેઘના સમૂહ પરસ્પર અથડાય તેમ ઉભય લશ્કર સામાસામી આવી ગયાં. યોધાઓની મોટી મોટી ગર્જનાઓ થવા લાગી અને મેઘમાંથી જેમ જળનો વરસાદ વરસે તેમ અસ્ત્રનો વરસાદ વરસવા લાગ્યો. આષાઢ માસમાં ઝળકતી વિદ્યુતના જેવી તરવારો અને ભાલાઓ ચળકવા લાગ્યા. હાડકાંમાં વાગતાં ખખડતાં ખાડાંના ખોખરા અવાજથી, તીરના સુસવાટથી, ભચોભચ વાગતા ભાલાથી તથા હરહર મહાદેવ અને અલ્લાહ અકબરના પોકારથી આખી રણભૂમિ ગાજી રહી. મોટા મોટા

શંખના અને ભેરીના તથા રણશીંગડાંના નાદ સાથે ચીસો પાડતા હસ્તિઓની રાઢો સંભળાવા લાગી, હણહણાટ કરતા ઘોડાઓના આમ તેમ દોડવાથી પૃથિવી ધમધમી જવા લાગી, ઉભય લશ્કરનું સામસામે આવતાં સંમેલન થઇ ગયું, અને ક્ષુધાથી તથા શૂરથી બેભાન થઇ ગયેલા રજપૂતોએ બે કલાક સુધી એકસરખી તરવાર ચલાવી. મુસલમાને કંઇ મુસલમાનને અને રજપૂતોએ કંઇ રજપૂતોને કાપી નાખ્યા. લોહીની નીકો વહી, હજારો ઘોડાઓ અને સ્વારો રણમાં અટેવાળીએ આવવા લાગ્યા. કપાઇ કપાઇને નીચે પડતાં ધડથી તથા માથાંથી યોધાઓના માર્ગ રોકાઇ જવા લાગ્યા, કાયરનાં કાળજાં કંપે તેવો ઘુંટી ઘુંટી પુર રૂધિરનો કાદવ થયો, કેટલાક હાથિઓ કેટલાક ઊંટો કેટલાક ઘોડાઓ અને હજારો સ્વારો કપાઇ ગયા; પણ કોઇએ યુદ્ધમાંથી આંખ ઉંચી કરી નહિ. ખમા! ખમા! મારા બહાદુર રજપૂતો! એમ કહી વૈરીસિંહ જેમ તેમને હીંમત આપતો હતો, તેમ રજપૂતોમાં જોસ્સો વધતો જતો હતો. મુસલમાનો પણ પાછી પાની કહાડતા ન હતા. યુદ્ધ મહા ભયંકર થયું, દસ હજાર જીવ ધરણી પર ઢળ્યા, અને ચંદ્રમા માથે આવતાં ઉભય પક્ષનાં માણસો ખુટી જતાં લડાઇ એની મેળેજ બંધ પડી. ઘણી કાપાકાપીથી નિઃસત્વ થઇ ગયેલા બાકીના યોધાઓ ધુનમાં ને ધુનમાં તરવારો વીંજતા પૃથ્વીપર પડ્યા અને જળ જંપ્યું.

(ગુજરાતની જુની વાર્તાઓ.)

18.

ટુંકામાં કહીએ તો સ્પેનમાં કુદરતે એવે તો બહોળે હાથે ઉદારતા બક્ષી છે કે મનુષ્યજાતને જરૂરની તેમજ તેની જિજ્ઞાસા સંતુષ્ટ કરે એવી દરેક ચીજ ત્યાં મળી આવે છે.

કુદરતની આ બધી બક્ષીસો ઉદાર અને રમણીય છે. તેનો કેવો ઉપયોગ કરવામાં આવ્યો તે કહેવાનું કામ ઇતિહાસકર્ત્તાનું છે. ખરેખર જે પ્રજાને એ બક્ષીસો આપવામાં આવી છે, તેમાં સ્વાભાવિક બુદ્ધિની ન્યૂનતા નથી. તેમાં મોટા રાજ્યકારભારીઓ, મોટા રાજાઓ, મોટા ફોજદારી અમલદારો, અને મોટા કાયદા રચનારાઓ થયા છે. તેમાં ઘણા સમર્થ અને ચાલાક રાજ્યતંત્રીઓ થઈ ગયા છે. તેમાં બહાદુર સ્વાર્થવૃત્તિથી મુક્ત સ્વદેશાભિમાની પણ જોઇએ તેટલા થયા છે, તેમણે દેશને મદદ કરવાના હેતુથી પોતાનું સર્વસ્વ ખોવાની પણ હિંમત ધરી છે. લોકોની બહાદુરી વિષે કોઇને શક નથી. સ્પેનના ગૃહસ્થો સત્કાર કરવાની બાબતમાં અતિશય ધ્યાન આપવા માટે પ્રસિદ્ધ છે. સામાન્ય રીતે ત્યાંના લોકો માટે ઉત્તમ પ્રેક્ષકો એવો અભિપ્રાય આપે છે કે તેઓ ઉદાર, સત્યશીલ, પ્રમાણિક, મિત્ર તરીકે ખરો ભાવ રાખ-

નારા, નિષ્કપટી, ખાનગી વર્ત્તણુકમાં પ્રેમાળ, ભોળા, દયાળુ, અને ધર્મિષ્ઠ છે. ધર્મ સંબંધી બાબતમાં તેમની શ્રદ્ધા વિષે કોઈ પણ શક આણી શકતું નથી. તેઓ ઘણાજ મિતાહારી અને મિતવ્યયી છે.

(ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ.)

19.

કાળરાત્રીનો એક પહોર ગયો તે વખતે અણહિલપૂરનું સ્મશાન ઘણું ભયંકર દેખાતું હતું. સઘળે ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો. એક તો વદ ચૌદશની રાત એટલે અંધારૂં તો હોયજ, તે સાથે વળી આ વખતે તો ઘન ઘોર થઇ રહ્યું હતું. આકાશમાં કાળાં વાદળાં છવાઈ ગયલાં હતાં, તથા ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. વિજળીના ચમકારા વખતે વખતે થતા તેમાં સરસ્વતીનું કાળું પાણી તથા કાંઠા ઉપર ઉગેલાં ઘણાંએક ઝાડ તથા નાની નાની દેહેરીઓ, દેવડીઓ તથા મોટાં શિવાલયો દેખાતાં હતાં. વિજળી થયા પછી ભયાનક કડાકા સંભળાતા હતા, તથા વખતે વખતે પવન એવા જોરથી વાતો હતો કે ઝાડોની ડાળીઓ ભોંય સાથે તથા એક બીજા સાથે અથડાતી હતી. ઢોરોનાં સુકાં હાડકાં મસાણમાં સડ્યાં કરતાં હતાં તેમાંથી ફાસફરસ નિકળી ખુલ્લી હવાને લાગતાં તેમાં મોટાં ભડકાં થતાં, તથા કાચડવાળી ભોંયમાંથી એક જાતનો વાયુ નિકળી તે પોતાની મેળે સળગતો, અને અંતરિક્ષામાં તેનાં ભડકાં ઉઠ્યાં કરતાં. એ બળતાં ઉપર વરસાદના ઝીણા ઝીણા છાંટા પડતા ત્યારે તેમાંથી એક જાતનો છણછણાટ થતો સંભળાતો હતો. ત્યાં કોઇ પણ પ્રાણી નજરે પડતું નહતું. નદીને સામે કાંઠે તેમ આ કાંઠે પણ આઘે આઘે કેટલાએક માછીઓ પોતાની હોડીઓ લંગરવાર કરી મોટાં તાપણાં સળગાવી તેની આસપાસ બેઠા હતા. કંસારીનો ઝીણો શબ્દ તથા દેડકાનો બેસુરો અવાજ કાને પડતો હતો.

(કરણ ઘેલો.)

20.

"ચંદનદાસ, તું ગમે તેવો શૂરવીર છે, પણ વાણીયો છે; રાજકાજનાં "કામ સમજે પણ આખરે ત્હારી નજર વેપારીની. હશે. ત્હેં ત્હારા ગજા પ્રમાણે "કર્યું. કામ સોંપતા પ્હેલાં કામ કરનારનું ગજું જોવું અને તેનાથી કેટલું ઉપડી "શકશે એ કયાસ કરી જોવો—એ રાજાનું કામ છે. ત્હેં થયું તે કર્યું—ત્હારો "દોષ નહીં, દોષ મ્હારો કે તને કામ સોંપ્યું. ખરી વાત. દશ દશ "વર્ષ થયાં રાજા મટી ધાડુપાડુનો ધંધો લેઇ બેસનારમાં રાજબુદ્ધિ કયાંથી "રહે? જો બુદ્ધિ હોય તો તમારા જેવા શૂરવીર અને વટવાળા સાગ્રીતો "સાથે હોવા છતાં શું શું બનવું ન જોઇએ?" સુરસંગનું મ્હો લેવાઈ ગયું—

કારણ તેને મનથી હાથમાં આવેલું એક મ્હોટું સાધન જતું રહ્યા જેવું થયું.
"વારૂં, ભીમજી, તમારે પણ એવીજ કથા કરવાની છે કે કાંઇ બીજી? ભા,
"ચ્હડતાનું નસીબ ચ્હડતું, ઉતરતાનું ઉતરતું. બોલો, બોલો, જે હોય તે."
વૃદ્ધ ભીમજી આગળ આવી ભૃકુટી ચ્હડાવી તાકી જોઇ બોલ્યો, "સુરસંગ,
"ત્હારા બાપને માથે ત્હારાથી વધારે દુઃખ પડ્યું હતું પણ તેની છાતી આવી
"ન હતી—ત્હારા કરતાં જબરી હતી. આટલાથી તું હારી જાય છે ત્યારે હવે
"બીજું શું કરશે? ત્હારું કામ તો એ છે કે આ બધાંને હીમ્મત આપવી.
"ચાલ, ચાલ, આમ નબળા બોલ બોલતાં રજપુતના દીકરાને શરમ નથી
"આવતી? ઘોડે ચ્હડે તે પડે—બીજાને કંઈ પડવાનું હતું? ત્હારો આવો
"શત્રુ શઠરાય તે આજ ત્હારી મદદ માગે છે—કંઇ મ્હારી માગે છે? ત્હારો
"બાપ કોણ? ત્હારી મા કોણ? ત્હારું કુળ કોણ? તું કોણ? જા, મ્હારા ભા! દશને
"ઠેકાણે પચાશ વર્ષ આવાં થાય!—જંગલમાં તો ખાવાનુંયે મળે છે—પણ
"કઠણ પ્હાડની બોમાં બે વરસ ભરાઇ રહેવું પડે—તેમાં શું થયું જે? વાણીયા
"બ્રાહ્મણને કંઇ એમ થવાનું હતું?—રજપુતનું રજપુતપણું તરવાર મારવામાં ને
"તરવારના ઘા સ્હેવામાંજ પુરૂં નથી થતું. રજપુત! રજપુત બધી જાતનાં દુઃખ
"ખમતો ખમતો હસે છે ને ઇશ્વર ઘા ઉપર ઘા કરે તેમ તેમ રજપુતનું લોહી
"વધારે વધારે ઉકળે છે—તેનું લોહી વધારે વધારે બળવાળું થાય છે! રજપુતને
"તો પોતાનીજ ચિંતા હોય છે—પણ રજપુત રાજાને તો પારકી ચિંતા
"પણ હોય છે. બાપુ, તું જુવે છે કની કે આ વાદળાં આખા વાદળને કાળું
"બલક કરી મુકે છે અને વરસવાને સાટે ગાજવીજ કરી મુકે છે ત્યારે ઝાડીમાં
"અંધારી રાતે એકલું ઉભેલું પણ સાવજનું બચ્ચું ખીજી ખીજીને ફાળ ભરે છે
"ને સામું ગાજે છે! સુરસંગ! તું સાવજનું બચ્ચું છે—જ્યાંસુધી આ વાણીયા
"બ્રાહ્મણનો વેશ છોડી ત્હારી જાત ઉપર—ત્હારા કુળ ઉપર—નહી આવે ત્યાંસુધી
"હું કંઇ તેને સમાચાર ક્‌હેવાનો નથી. ત્હારૂં મન આવું થાય ત્યારે તો સુરજ
"આથમણે ઉગવો જોઇએ—તને રજપુત કોણ ક્‌હે?—ત્હારી સાથે બોલું તો
"હું ભ્રષ્ઠ થઉં—ઘરડો પણ રજપુત છું. ત્હારા બાપની, અને તું રજપુત હતો
"ત્યારે ત્હારી, નોકરી કરી છે. ગાજી ઉઠ અને જણાવ કે હજી તું એનો એ
"મ્હારો શૂરો સુરસંગ છે. ત્યાંસુધી હું નહી બોલું."

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

21.

એ સવારે માધવના ઘરમાં બારીએ માંચી ઉપર એક સ્ત્રી નીચું મ્હોં ઘાલી ચિંતાતુર થઈ ઘણા વિચારમાં બેઠેલી હતી. તેનું લુગડું જથર પથર તથા ચોટલો વખેરાયલો હતો; તેણે શરીરે આછું આછું ઘરેણું ઘાલેલું હતું

તેથી તેની નાજુક તથા ખુબસુરત કાંતિની શોભા ઘટવાને બદલે તેમાં જુદીજ તરેહનો મોહ દેખાતો હતો. દાતણવાળો રૂપાનો કળશિયો હાથે ઉંચકી પોતાની પાસે મુકયો તે વખતે તેના નાજુક હાથ એટલા ભારથી પણ મરડાઇ જશે એવી તેના શત્રુઓને પણ ફિકર લાગે. તે અઢાર વર્ષની ભરજુવાનીથી પ્રફુલ્લિત થયલી હતી, અને તેનું નામ રૂપસુંદરી તેના રૂપને યોગ્યજ હતું. પણ તે માધવની સ્ત્રી આ વખતે ચિંતાતુર થઈ શા માટે બેઠી હતી? આજે સવારે વેહેલી ઉઠી ત્યારે તેનો ધણી કાંઈ કામસર ગામ જવાનો તેથી તે નીચે ઉતરેલો હતો, માટે ધારા પ્રમાણે તેનાથી તેનું મ્હોં જોવાયું નહિ, પણ તેને બદલે સાવરણી ખુણામાં પડેલી હતી તે જોઇ; ઓરડામાંથી બહાર નિકળી એટલામાં એક બીલાડી આડી ઉતરી; બારી તરફ નજર ગઈ ત્યારે રસ્તામાં એક રાંડેલી બ્રાહ્મણી જતાં જોઈ. એ પ્રમાણે સવારના પોહોરમાં તેને નઠારા શુકન થયા. તેનો ધણી ગામ જવાનો તથા ત્યાં આખો દહાડો રહેવાનો તેથી તેનું શું થશે એ વિષે તેને ભારે ફિકર થઈ, અને તે ગામ તે દહાડે ન જવાને તેણે તેને ઘણો સમજાવ્યો. પણ કામ અગત્યનું, રાજાનો હુકમ થયલો, અને તે નાગર એટલે તેનામાં વેહેમ થોડો તેથી તેની વહુની વાત ન સાંભળતાં ગામ ગયો. તે ગયા પછી તે મનમાં વિચાર કરવા બેઠી કે શુકનથી કાંઈ થતું નથી એ તો હું જાણુંછું. પરમેશ્વરની ઇચ્છા વિના એક સળી પણ હાલતી નથી, તોપણ તેના મનમાં આવતું કે ભુંડો ભુંડાનો ભાવ ભજવ્યા વિના રેહેજ નહિ, માટે સુળીનું વિઘ્ન કાંટે જાય તો જગદંબાની મોટી કૃપા સમજવી.

(કરણ ઘેલો.)

22.

એકવાર આપણો વિચાર એકદમ જાતિભેદ તોડી નાંખવાંનો હતો ને તેને માટે તૈયારી પર આવી રહ્યા હતા; એકવાર આપણે પુનર્વિવાહનો ચાલ ચલાવવાને આતુર થઇ જઈ તે અર્થે ઉદ્યોગ કરતા હતા; એકવાર આપણે વલ્લભમતને તોડી પાડવાને ખાઈ પીને મંડ્યા હતા; એકવાર આપણે નવું મંદિર કહાડવાની તૈયારી કરતા હતા; એકવાર આપણે સર્વોપયોગી વિષયો ઉપર સુંદર ભાષણો કરતા હતા ને વર્તમાનપત્રોમાં લખતા હતા; એકવાર આપણે ખોટે માર્ગે પૈસો મેળવવાને આહા કેવા ધિક્કારતા હતા! એકવાર આપણે પરસ્પર મળતા ને લોકોપયોગી વિચારો કરતા હતા; એકવાર આપણે આપણું જોર વધારી વહેમજવનના ઉપર મોટો ધસારો કરવાની તજવીજમાં ખંતે રહેતા હતા; પણ તે દહાડા ક્યાં ગયા? અફસોસ! આજકાલ તો આપણે પૈસાનેજ પરમેશ્વર જાણી પૂજ્યાં કરીએ છીએ. આજકાલ આપણે કહિયે છીએ કે ભાઇઓ જેમ બને તેમ પૈસા પેદા કરો ને પછે નચિંતે મનમાન્યો સુધારો કરીશું; આજકાલ આપણે કોઈ કોઇને મળતા નથી; આજકાલ આપણામાં કોઇને

કોઇની દાઝ નથી; આજકાલ આપણે કોઇ કોઇના મિત્ર નથી; આજકાલ આપણામાં વિવેક નથી; આજકાલ આપણામાં શૌર્ય, ઉદ્યોગ, ને ખંત નથી (એક માત્ર પૈસો કમાવવાની વાતમાં તે છે ખરાં); ટૂંકામાં, આજકાલ આપણે માણસ નથી. 'સૂતારનું ચિત્ત બાવળીએ ને ઊંટને મોહોડે ઝાંખરાં' તેમ આપણાં ચિત્ત પૈસા તરફ ને આપણાં મોડાંપર પણ મૂક્યાની શરમ છે.

(નર્મગદ્ય.)

23.

રાજા ભૂવડ અતિ શૂરો અને અકલમંદ છતાં ખુશામતીઆથી છેતરાઈ જતો. આપસ્તુતિ તેને બહુ ગમતી, ને પોતાનાં વખાણ કરનારા ઉપર રાજી થઇ તેમને વસ્ત્રાભૂષણ, ઘોડા, ગામાદિક દેતો ને તેમના ભરોસા ઉપર રહેતો; એથી ગુણની પરીક્ષા યથાયોગ્ય થતી નહિ. ખરાં ખોટાં વખાણની તેનામાં પરખ નહતી તેથી મતલબીઆ માણસો તેને ઠગતા. આ ખોડથી ઘણા રાજાઓની ખરાબી થાય છે, પણ ભૂવડને સુભાગ્યે એવો સંજોગ હતો કે તેના મંત્રીઓ અને સુભટો પ્રમાણિક અને નિમકહલાલ હતા. એમ છતાં રાજાને આંધળા પાટા બાંધવાની તેમને જરૂર પડતી. સોલંકી સેનાને દૂરના દેશોમાં વખતે ફતેહ મળતી નહિ, કે કોઇ રાજાને જીતાતો નહિ, ત્યારે તે વાતના ખરા સમાચાર કલ્યાણપતિને તેઓ જાહેર કરતા નહિ; વાત છાની રાખવાની જરૂર પડતી એટલુંજ નહિ, પણ કોક સમે જય મેળવ્યાની જૂઠી ખબર કહેતા. ભૂવડ ફૂલણજી હતો. જેમ ધનનો અને રાજ્યનો લોભી હતો તેમજ કીર્તિનો ભૂખ્યો હતો. સત્ય કહેનાર કરતાં એ ખુશી થાય તેવું કહેનારને એની મહેરબાનીથી વધારે લાભ થતો. એના પંડના પ્રતાપે કરીને એની કાર્કીર્દિમાં તો ઠીક ચાલ્યું અને જસ મળ્યો, પણ કપટ અને જૂઠાણની આદત એના દરબારી નોકર ચાકરોને પડી તેથી એના નબળા વંશજોની પડતી થઈ. જૂઠની જોડે કુસંપાદિક દુર્ગુણે પ્રવેશ કર્યો અને તેથી એના મરણ પછી કામ બગડ્યું.

(વનરાજ ચાવડો.)

24.

ઇડર ગઢ ઉપર પડીહાર રાજાઓનો બંધાવેલો અને આકાશમાં વાતો કરતો હોય તેવો એક રાજમહેલ હતો. તે વખતના રજપૂત રાજાઓના વૈભવ અને સમૃદ્ધિ દેખાડવા માટે તેમાં ઘણી સુંદર તો નહિ પરંતુ જોવા યોગ્ય પથ્થરની કારીગીરી કરેલી હતી. આખો મહેલ, ધોળા પથ્થરોથી બાંધેલો હતો, એટલુંજ નહિ પણ તેમાં પથ્થરના સળંગ પાટડા વાપરેલા હતા, જે જોનારને આશ્ચર્ય પમાડતા હતા. આરાસુરમાંથી મંગાવેલા પથ્થરો લાકડકામને ઠેકાણે વાપરવામાં આવ્યા હતા, અને તેમાં કોતરેલાં વિવિધ ચિત્રો પૂર્વની શિલ્પકળાનું

ભાન કરાવતાં હતાં. આરાસુરથી પથ્થર લાવવાને માટે, ઇલદુર્ગથી તે ગબ્બર ગઢ સુધી મોટો રસ્તો બાંધ્યો હતો, અને એજ કામ કરવા ૫૦૦ મજુરો સાત વર્ષ સુધી કામે લાગ્યા હતા, એવું વૃદ્ધ પરંપરા સંભળાતું. મહેલમાં ઠામઠામ શૂરા રજપૂત રાજાઓનાં પુતળાં ગોઠવેલાં હતાં, અને પથ્થરની મોટી મોટી છાટોની ભિંતોપર, રામાયણ અને મહાભારતનાં ચિત્રો કોતરેલાં હતાં. રાણીવાસમાં સીતા, દમયંતી અને રાધા વગેરેનાં તથા બીજાં પૌરાણિક ચિત્રો ચિતરેલાં હતાં. તેમાં ઠામઠામ મોટી હિંદોળા ખાટો, પાણીના કુંડ અને કૃત્રિમ ફૂવારા બનાવેલા હતા. વળી એ મહેલમાં ભોંયરાંમાં ભંડાર રાખવાને માટે પથ્થરની કોરી કહાડેલી તિજોરિયો હતીઃ

આવો સુંદર પરીહાર રાજાઓનો મહેલ, આ વખતે એની પૂર્વસ્થિતિમાં નહતો; કારણ કે તેના ઉપર અનેક સંસ્કાર થઇ ગયા હતા. ઘણાં ઘણાં રાજા રાણિયો તેમાં થઇ ગયાં હતાં. રજપૂત રાજાઓના વખતમાં કંઇક શોભાનો આભાસ હતો પરંતુ શૂદ્ર રાજાને હાથ જતાં તો આ રાજમહેલની સઘળી શોભા નષ્ટ થઇ હતી. રજપૂત રાજાઓના વખતમાં જેમાં સતી રજપૂતાણિયોનાં કંકુનાં પગલાં પડતાં, તેમાંજ આજ દુરાચારિણી અને વારસ્ત્રિયોનાં નિષિદ્ધ પગલાં પડતાં હતાં. જ્યાં નીતિ અને સૌજન્ય ચાલતું, ત્યાં આજ લુચ્ચાઇ, દોંગાઇ અને વ્યભિચાર સિવાય બીજુ કંઇ જોવામાં આવતું નહિ. ભિલ્લ રાજાના હાથમાં ગયા પછી રાજમહેલ તદ્દન શોભારહિત થઈ ગયો હતો, અને ટુકામાં કહીએ તો આજ તે પોતાના પ્રાચીન નામથીજ મહેલ કહેવાતો હતો.

(ગુજરાતની જુની વાર્તાઓ.)

25.

વર્ષ પછી વર્ષ વીતી ગયાં, અને લોહીમાં રગદોળાયલા અલાઉદ્દીનના વાવટાઓની સાથે જીત બંધાઇ ગએલી દેખાવા લાગી; તોપણ ભાગ્યદેવી પોતાનો ધીરે ધીરે ઉતરતો પણ નિર્દય ખડ્ગ લઇને આકાશમાં ભમ્યાં કરતી હતી. પાદશાહ "પોતાના હથિયારોની ફતેહ થતી જોઇને ફૂલી ગયો હતો અને તેના માથામાં ઘણો પવન ભરાઇ ગયો હતો. તેના રાજ્યના આરંભમાં તે બીજાની સલાહ સાંભળતો તે પ્રમાણે કરવાનું હવે તેણે છોડી દીધું, અને સર્વ તેના એક હુકમ પ્રમાણે થવા લાગ્યું. તોપણ એના રાજ્ય વિષે એવું લખેલું છે કે એની વેળામાં રાજ્યની જેવી ચડતી કળા થઇ તેવી કદિ થઈ નથી; છેક આઘેના પ્રાન્તોમાં વ્યવસ્થા અને ન્યાય વર્ત્તાઇ ગયો, અને દેશમાં શોભા વધવા લાગી. મેહેલ, મસજીદો, પાઠશાળાઓ, સ્નાનશાળાઓ (હમામખાના), મિનારા, કિલ્લા અને સર્વ જાતની સાર્વજનિક અને ખાનગી ઇમારતો જાણે

જાદુથી થતી હોય એમ થવા લાગી. એના રાજ્યમાં વિદ્વાનોનો જેવો મેલાવડો થયો હતો તેવો કોઇ કાળે પણ થયો નહતો."

"પણ પાદશાહ તેના મહિમા અને સત્તાની ટોચે પોહોંચ્યો હોય એમ દીસવા લાગ્યું; અને જેમ સર્વ વસ્તુના નાશવંત છે અને નિરંતરપણું માત્ર ઇશ્વરને છે, તેમ પાદશાહની ચડતી કળાની પરિપૂર્ણતા ઘટવા લાગી, અને તેના રાજ્યનું તેજ ઝાંખું પડવા લાગ્યું." મલેક કાફૂર જે એક હજાર દિનારનો ખંભાતનો ગુલામ હતો, અને જેને તે રાજનીતિથી ઉલટાં અને જુલમ ભરેલાં કામમાં આંધળો થઇને આશ્રય આપતો હતો, તેથી ઉમરાવોને અરૂચિ ઉત્પન્ન કરાવી હતી અને લોકોમાં સર્વત્ર અસંતોષ ઉપજાવ્યો હતો, તેના સ્વાધીનમાં પોતાના સર્વ રાજકારભારની લગામ તેણે સોંપી દીધી. મલેક કાફૂર ઘણા દિવસથી રાજ્ય લઈ લેવાનું તકાસતો હતો, તે હવે પાદશાહના વંશનો છેડો આણવાના ઉપાય કરવામાં ખરેખરો ગુંથાયો. દેવલદેવીનો ધણી ખીજરખાન, અને તેના બાપના રાજ્યનો નાશ કરનાર અલપખાન એ બન્ને સુલતાનનો જીવ લેવાને સલાહ કરે છે, એવું તેમના ઉપર તોહોમત આણીને તે બન્નેનો ઘાટ તેણે પેહેલો ઘડ્યો, અને લુચ્ચાઇની તથા દુષ્ટ બુદ્ધિની જાળ માત્ર ઇયાગોનો હાથ વણી શકે એવી તૈયાર કરીને તેમાં તેઓને સપડાવી દીધા. આ વેળાએ સર્વના મનમાં રાજ્યના સામું બંડ મચાવવાનો અગ્નિ, જે ઘણા દિવસથી ધૂંધવાયા કરતો હતો, તે બાહાર ફૂટીને સળગી ઉઠવાનો પ્રારંભ થવા માંડ્યો અને જે ગૂજરાતની ભૂમિયે વનરાજના ક્રમાનુયાયિયોની આજ્ઞા માન્ય કરેલી તેઓનું વૈર લેવા તેમના નાશ કરનારની ચિતા સળગાવવાને જાણે પેહેલ કરતી હોય, તેમ પેહેલી ચિનગારી ગૂજરાતમાં સળગી અને આખી ગૂજરાત બંડ કરવાને ઉઠી. આ બંડ બેસારી દેવાને સુલતાને કમાલખાન નામના એક પ્રખ્યાત સરદારને મોકલ્યો, પણ મારીનાંખેલા અલપખાન સૂબાના માણસોએ બહુ ખૂનરેજી કરીને તેને હરાવ્યો. આ સમયે ચિતોડના રજપૂતો પોતાની અસલની કીર્ત્તિ મનમાં લાવીને ઉઠ્યા. અને પોતાના કિલ્લા ઉપરથી મુસલમાનોને ઉથલાવી પાડીને તેમણે તેમનું સ્વતંત્રપણું પાછું સ્વાધીન કરી લીધું; અને હરપાળ જે શંકરદેવનો બનેવી થતો હતો તેણે દક્ષિણમાં બંડ મચાવીને મુસલમાન કિલ્લેદારોને હાંકી મૂક્યા. આ સમાચાર અલ્લાઉદ્દીન ખૂનીને કાને પડતાંજ ક્રોધનો ભર્યો નિષ્ફળ ધડ પછાડા મારવા લાગ્યો. તેને ગુસ્સો અને શોક થવા લાગ્યો તેથી માત્ર તેના શરીરની અવ્યવસ્થા વધવા લાગી તે ઉપર કોઇપણ ઔષધની ટેકી લાગી નહિ, અને ઇ૰ સ૰ ૧૩૧૬ ના ડિસેમ્બર મહિનાની ઓગણીસમી તારીખની સાંજે મરણ પામ્યો. જે દુષ્ટને તેણે, પોતાના માંસ, લોહી, અને મહા રંજ ખેંચીને મેળવેલી રાજસત્તાનું સત્વ ખેંચી લેવાને, ધૂળમાંથી ઊંચો ચડાવ્યો હતો, તે દુષ્ટે (કાફૂરે) તેને ઝેર દીધું એવો તેના ઉપર વેંહેંમ રહી ગયો.

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

26.

કલ્પનાની મન તથા શરીર ઉપર ઘણી સત્તા છે. ઘણી જોરાવર કલ્પનાથી માણસને મંદવાડ આવે છે, તથા આવેલો મંદવાડ જાય છે. ઘણી જોરાવર કલ્પનાથી ન હોય એવી વસ્તુઓ આપણા જોવામાં તથા ખોટા અવાજ આપણા સાંભળવામાં આવે છે. તેથી સઘળી જ્ઞાનેંદ્રિયો છેતરાય છે, તથા આખા જગતમાં નાના પ્રકારના વેહેમ તથા ખોટા વિચાર ચાલે છે. કલ્પનાથીજ માણસ વખતે ઘેલો થઇ જાય છે, અને કલ્પનાની સત્તા વડેજ તે બેશુદ્ધ થઇ નિદ્રાવસ્થામાં પડે છે. એ સિવાય કલ્પનાની શક્તિ બીજી ઘણીએક રીતે ચાલે છે. માટે જો શ્રીસ્થળના મહિમા ઉપર પૂરો ભરોસો રાખી ત્યાં જશો તો કલ્પનાની સત્તા વડેજ મનની શાંતિ થશે. વળી જગાના ફેરફારથી પણ ઘણું કાર્ય થાય છે. જો શરીરના માંદા લોકોને જગા ફેર થવાથી ઘણી વાર આરામ થાય છે તો મનના રોગીઓનું દુ:ખ તેમ કીધાથી શા માટે નિવારણ નહિ થાય? વળી જેઓને પશ્ચાત્તાપની મહા પીડા નડે છે તેઓને જગા બદલવાથી ઘણો ફાયદો થયા વિના રહેતો નથી. જગતમાં જે જે વસ્તુઓનું આપણને જ્ઞાન થાય છે, તેની પ્રતિમા આપણા સ્મરણ સંગ્રહસ્થાનમાં રહેલી હોય છે. પણ ત્યાં તેઓ એકલી હોતી નથી. હરેક પ્રતિમાને વિંટલાયલી કેટલીએક હકીકત હોય છે તે સુખદાયક અથવા દુ:ખદાયક હોય તોપણ જ્યારે વિચારશક્તિ વડે તેઓમાંથી એક પ્રતિમા તે સંગ્રહસ્થાનમાંથી બહાર નિકળે છે એટલે તેની સાથેની હકીકત પણ તેની સાથે એકદમ બધી ધસી આવે છે. જ્યારે પરદેશમાં સ્વદેશ યાદ આવે છે ત્યારે તેની સાથે આપણાં માબાપ, સગાંવહાલાં ઓળખીતા લોકો, મિત્રો, આપણો નાનપણનો વખત, તેની ખુશી, જુવાનીનો વખત, તેમાં ભોગવેલાં સુખ, એ વગેરે હજારો વાતો તેની સાથે ધસી આવે છે અને તેમાંથી કેટલીએકથી આપણને સુખ અને કેટલીએકથી દુ:ખ ઉત્પન્ન થાય છે. તેમજ જે માણસે જ્યાં ખુન કીધેલું હોય ત્યાં તે રહે તો તે જગા ઉપરથીજ ખુન વિષેના ભયંકર વિચારો તેના મનમાં નિરંતર આવ્યાંજ કરે, અને તેથી તેને જરાપણ સુખ શાંતી વળે નહિ. એથી ઉલટું તે જો તે જગા છોડીને બીજે ઠેકાણે જાય તો ત્યાંની નવી વસ્તુઓની પ્રતિમા તથા તેઓની સાથેની નવી હકીકતો સ્મરણસ્થાનમાં ભરાય, અને તેમ થતાં નીચે દબાયલી પ્રતિમાઓને ઉપર આવવાનું કઠણ પડે, તેથી તેઓ કોઇ કોઈ વારજ નિકળી આવી તેને ઉપદ્રવ કરે. એવી રીતે નવી પ્રતિમાઓનો સંગ્રહ વધારે વધારે થવાથી જુની ઉપર ભાર વધારે થાય, અને તેઓ વધારે દબાતી જાય, અને તેનું પરિણામ એ થાય કે મનને વધારે સુખ તથા શાંતિ થતી જાય. એવો જગા બદલવાનો મહાત્મ છે.

(કરણ ઘેલો.)

27.

વનરાજને ઝાલવાને ચાલુકયોએ જબરી ખોળ કરી. જંગલો અને પહાડો ખૂંદી વળ્યા. ગુર્જરપતિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ને બીજેથી ત્રીજે એમ ભરાય. પણ હવે પરમેશ્વરે તેનાં દુઃખનો અંત આણ્યો. ઘરડા ભૂવડનો ટોટો જમના દૂતે ઝાલ્યો. મરતી વેળા તેનો પાપી આત્મા ઘણો કલેશ પામ્યો. કીર્તિ, રાજ્ય, અને ધનના લોભથી કરેલાં મહા પાતકો ઘડપણમાં જાત્રા પોખાત્રા અને દાન કરે બળે નહિ. દુષ્ટ કર્મોનાં કડવાં ફળ તો મુઆ પછી પરલોકમાં ભોગવવાં પડશે, કરેલાં પાતક દાનધર્મથી ધોવાય નહિ, એ સાચા વિચાર તેને અંતકાળે સૂઝયા. ભર્યાભંડાર, મોટી સેનાઓ, પુષ્કળ હાથી, રથ, ઘોડા, વસ્ત્રાલંકાર, રાજ મહેલાદિ પાછળ મૂકીને જેમ ખાલી હાથે જન્મ્યો તેમ ખાલી હાથે ને માથે મોટાં પાપનો મોટો ગાંસડો બાંધી જાઉં છું એવા તુરંગ તેના મનમાં આવ્યાથી મહાન રાજા ચોધાર આંસુએ રોયો. રાજગુરૂઓએ તેને શાંત પાડવાને ઉપદેશ કર્યો તેના ઉત્તરમાં તે બોલ્યો કે “ માયાનાં પડળ મારી આંખે હતાં તે ગયાં છે. હવે હું અંધ નથી. રે સ્વાર્થીઓ, આંધળા પાટા બાંધી મને ભમાવો મા. મારા સરજનહારની ક્ષમા મને માગવા દો. ક્ષમા કરો. પ્રભુજી ક્ષમા કરો.” એમ આતુરતાથી પ્રાર્થના કરે છે તેવામાં મુખ્ય મંત્રી સમાચાર લાવ્યો કે રાજકુંવરો રાજ્યાસનને માટે લડવા ઉઠયા છે. ભૂવડ કહે “એ શું કહો છો ! હજી તો હું જીવું છું ! રે ભગવાન !” એમ બોલતાં તે અચકી ગયો. તેની છાતીએ ડૂચો આવ્યો ને તુરત તેનો પાપી પ્રાણ ગયો. જે ધન, કીર્ત્તિ, અને વડાઇના લોભે કરીને સૈન્યો મોકલી, તથા પંડે ચડી ઘણા દેશો લૂંટયા, ઘણાનાં ઘરો બાળ્યાં, ઘણાં ગામ વેરાન કર્યાં, ને લાખો આદમીના વગર વાંકે જીવ લીધા તેના અહંકારે તેને નરકમાં નંખાવ્યો.

(**વનરાજ ચાવડો.**)

28.

આ એકાંત સ્થળે જે માણસને તેઓએ ફરતો જોયો તેનો દેખાવ જોઇ લેવા સરખો હતો. તેના માથાના નિમાળા સફેદ બરફના જેવા થઇ ગયા હતા. તેની આંખ ખાડામાં પેસી ગયલી હતી, તથા મુએલા માણસ જેવી થઇ ગયલી હતી. તેમાં કાંઈ પણ તેજ જણાતું ન હતું, તથા તેમાં બુદ્ધિની કાંઇપણ નિશાની માલમ પડતી ન હતી. તેના ગાલ પણ બેસી ગયલા હતા. આખા ચેહેરાનું લોહી પણ ઉડી ગયલું હતું, તેથી તે ફિક્કા રંગનો દેખાતો હતો. આખું શરીર ગળાઇ ગયલું હતું, તેથી તેને વખતે કોઇ નરમ હૈયાનો માણસ જોય તો તેને બીહીક લાગ્યા વગર રહે નહિ. તે આ લોકનો માણસ હોગ એમ લાગતું ન હતું. તે કોઇ કબરમાંથી બાહાર નિકળેલો હોય એમ જણાતું હતું. જેવું તેનું શરીર તેવુંજ તેનું મન હતું. તેનું માથું ફરી ગયલું હતું. તેની અક્કલ પોતાનું કામ બરાબર કરી

સકતી હોય એમ જણાતું ન હતું. તેની શિકલ તથા ચાલવાની રીત ઉપરથી એવું સહેજ અનુમાન થઇ સકતું હતું કે તે માણસ અસલથી આવો ન હતો. તેણે ઘણો સારો વખત કોઇવાર જોયો હોય પણ તેના ઉપર કોઇ મોટી આફત આવી પડ્યાથી અથવા દૈવકોપ થવાથી તેની અવસ્થા આવી બદલાઇ ગઇ હશે એમ ધરાતું હતું. તે તે વખતે ઊંડા વિચારમાં પડયો હતો, અને તે વિચારનો વિષય તેના નિકટના સંબંધનુંજ માણસ હતું. તેના કલેજામાં કારી ઘા લાગ્યો હતો, અને તે કાંઇ મહા દુઃખથી તે વખતે પીડાતો હતો.

(કરણ ઘેલો.)

29.

'જે કોઇ આ જગત્‌ને અને જગત્‌ક્રમને અવલોકે છે, તે દેખે છે કેઃ—તેમાં જે ગતિઓ છે તે કેવલ અસ્તની અને ઉદયની આવૃતિજ છે; કશું નાશ પામતું નથી; અને જે પદાર્થ આપણને નાશ પામતા જણાય છે તે પદાર્થ પણ વસ્તુતઃ માત્ર વિકાર જ પામે છે. ઋતુઓ જાય છે અને આવે છે; દિવસરાત્રિ પરસ્પર અનુસરે છે; આકાશમંડલ લોટતું દેખાય છે; અને સૃષ્ઠિ પોતાનાં કાર્ય કર્યાં જાય છે. સર્વ પદાર્થ અનુક્રમે વર્તે છે; ઉપદ્રવ અને શાન્તિ.' સેનેકા.

અસ્તોદયનું આકર્ષણ મહા વિસ્તાર પામેલા કુટુંબને નિર્વંશ કરી મૂકે છે, અને નિર્વંશ થતાં એક રહી ગયેલા બાલકને મહા વિસ્તારવાલા કુટુંબનો પિતા વા પિતામહ કરી દે છે. અસ્તોદયનું આકર્ષણ શૂરનો કાયર કરે છે, અને કાયરને શૂર કરે છે. ઉદય–અસ્તના આકર્ષણથી જ્યાં જીતના ડંકા વાગ્યા હોય છે, અને જયજયના શબ્દઘોષ ગર્જી રહ્યા હોય છે, ત્યાં શોક પરાજય અને નિરાશીના હૃદયઉપરના ધમકારા, અને ત્રાહિ ત્રાહિના પોકાર સંભળાય છે અને સંક્ષેતમાં અસ્તોદયનું, આકર્ષણ એટલું વિપરીત અવસ્થાન્તર કરી મૂકે છે કે, ધોળાનું કાળું અને કાળાનું ધોળું; અને પૂર્વનું પશ્ચિમ અને પશ્ચિમનું પૂર્વ. એવાં અસહ્ય અને દુર્ઘટ અવસ્થાન્તર થાય છે ખરાં, તથાપિ તેમાં જે સત્ય મહાજનો છે તેઓ પોતાનું સ્વરૂપ મૂકતા નથી. એક પંડિત કથે છે કેઃ—

'જેમ સૂર્ય, ઉદય સમયે રાતો હોય છે, અને અસ્ત પામતાં પણ રાતોજ હોય છે; તેમજ સંપત્તિમાં પણ અને વિપત્તિમાં પણ મહાપુરુષોની એકજ રૂપતા રહે છે.'

એમ વિષમ દેશ કાલમાં અને વિષમ અવસ્થામાં જે એકરૂપ રહી શકે છે તેજ મહાપુરૂષ છે, એવું સર્વ દેશના અનુભવીઓનું મત છે. આરિસ્ટોટલ નામે ગ્રીસદેશનો પ્રખ્યાત તત્વજ્ઞાની કથે છે કેઃ—

'સારા અને નઠારા ઉભય ભાગ્ય નીચે મહાત્મા પુરુષ સમવૃત્તિથી ચાલશે.

ઊંચે કેમ ચડવું અને નીચે કેમ પડવું તે, તે જાણશે. જય થયાથી તે બહુ રાજી થઇ જશે નહિ, તેમ પરાજય થયાથી તે શોકાતુર થઇ જશે નહિ.'

(**અસ્તોદય.**)

30.

મ્હેલમાં પ્હેલે માળે દરબાર ભરાવાનો હતો. પીત્તળના કઠેરાવાળા પ્હોળા દાદર પર ઉંચી ભરતવાળી શેતરંજી જડી દીધી હતી. હેઠે જોડાનો ઢગલો કરી સઉ મંડળ ઉપર ચ્હડયું અને દરબારના દીવાનખાનામાં ગયું. દૂહોડ બે હજાર માણસ માય એવડું મ્હોટું દીવાનખાનું હતું. ઉંચો ઉનનો ગલીચો આખા દીવાનખાનામાં પાથરેલો હતો અને સામીપાસ રાણાનું સોના રુપાએ જડેલું ખુરશીના આકારનું સિંહાસન હતું. તેને હાથાને ઠેકાણે સિંહ હતા. તેના ઉપર સોનેરી ભરતવાળા રેશમનાં ગાદી તકીયો હતાં. સિંહાસન નીચેથી તે લગભગ અર્ધા દીવાનખાનામાં ઉંચા સોનેરી ભરતવાળો ગલીચો પાથરી દીધો હતો. વિવિધરંગી મ્હોટી બારીયોમાંથી સૂર્યના પ્રકાશનો પ્રવાહ આવતો. તે તેમના પીત્તળની જાળીવાળાં ચકચકીત કમાડમાંથી પ્રતિફલિત થઈ આખા દીવાનખાનામાં તેજનો અંબાર ભરતો. બારીયોની સામી પાસ ભીંતે એવાજ રંગ અને આકારની કૃત્રિમ બારીયો રાખી હતી. અથવા એવોજ આભાસ આપનાર મ્હોટાં તાકાં-કબાટ હતાં. ખોટી ખરી બારીયોના ગાળાઓમાં સામાસામી મ્હોટા નિર્મળ કાચવાળા તક્તાઓ ટેબલ જેવો બેસણીપર મુકયા હતા અને તેમની આગળ રમકડાં, ચીનાઇ વાસણો, અને એવા એવા પદાર્થો મુકેલા હતા. ભીંતપર પણ આસમાની રંગ હતો અને નાટકના પડદા પેઠે તે ચીતરી કહાડી હતી. છત પર રાતો ચળકતો રંગ, બીલોરી ઝુમરો, હાંડીયો, કાચના ગોળા, અને એવા એવા શણગાર હતા. છતની રંગીન કીનારીની આસપાસ ભીંતપર કીનખાબની ઝુલ કરચલી પાડેલી હતી. નીચે ઉંચે અને આસપાસ જોતાં દીવાનખાનું એક વિશાળ પલંગ જેવું લાગતું હતું. એ પલંગપર પડતાં માનવીનું મન અંજાઇ જઈ મોહનિદ્રા પામતું, રાજવૈભવનું સ્વપ્ન જોઇ ઘડી વાર પોતાની ખરી સ્થિતિ ભુલી જતું, અને અધિકારેષણા સાથે વધારે વધારે ગાઢ બાથ ભીડતું.

(**સરસ્વતીચંદ્ર,** ભાગ ૧ લો.)

31.

પણ અરે ! ઓ આશા ! તું કેવી ધૂતારી છે ? તેં કેટલાને ઠગ્યા ? તા'રી યુકિતુયોની કંઈ સીમા ! તા'રા આશ્રિતોને ફસાવવાની તા'રી કંઇ નિપુણતા ? અરે ! અધવચ વરત કાપવામાં તારું કંઇ ચાતુર્ય ! સર્વથા તું અદ્વિતીય છે. આ

સંસારમાં જે માયા એ ઇશ્વરે એક જાતની પાશ રચી છે તો તું રૂપી પાશ રચવામાંજ તેણે પોતાનું મહત્વ બતાવી આપ્યું છે. જે સૃષ્ટિ સર્વ શક્તિમાન ઇશ્વરે સ્વેચ્છાથી બનાવી છે તેવી એક તો શું પણ હજાર લાખ અગણિત સૃષ્ટિઓ તું તારા એક તરંગમાંજ બનાવી દે છે ! અને તે સર્વનો લય પણ સમત્વરાથી જ તું આણે છે ! જો વિશ્વાસઘાતનો મહાપાતક રૂપી દોષ તાહારામાં ન હોય તો તું સર્વતઃનમસ્કાર કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય છે. પરંતુ આ મહાન દોષથી સુજ્ઞને તો તું તુચ્છ અને અવિશ્વાસનીય તથા અકારી થઈ પડી છે. ખરી વાત છે કે અણબોલાવ્યે તું કોઇની પાસે જતી નથી, ખરી વાત છે કે દુઃખિત અને નિરાધારને અલ્પવાર તો તું ખોટો કે ખરો પણ આધાર આપે છે— પણ તા'રામાં કંઇ એવો ગુણ છે કે સાધુથી અસાધુ, દ્વિજાતીથી પતિત, ધનીથી નિર્ધન અને સુખીથી દુઃખી સહુકોઇ, કોઈ નહીતો કોઇ પ્રસંગે પણ તા'રે અધીન થયા વિના રેહેજ નહી. અને જ્યારે આવું પ્રૌઢત્વ તા'રામાં છે ત્યારે તું આ મહાન દોષનો ત્યાગ શેં નથી કરતી ? તને એમાં શો નફો છે ?

(કુસુમાવલી.)

32.

આવા પુરૂષોના ચરિત્ર લખવાંજ જોઇએ. એવા પુરૂષો કાંઇ ઘડીએ ઘડીએ જોવામાં આવતા નથી. તેઓ તો પુરૂષત્વના નમુના છે, અને કુદરત એવા નમુના પ્રસંગે પ્રસંગેજ માણસોને નકલ કરવા સારૂ તેમની આગળ મૂકે છે. તેઓના મહત્કૃત્યો તથા ઊંચા મનોભાવ જાણ્યાથી માણસ પોતાના ઊંચા કર્ત્તવ્યો સમજે છે. આપણા દેશમાં જન્મ ચરિત્રો લખવાની રીત ન હોવાથી આપણને ઘણું નુકશાન થાય છે. લોકોને સારા નમુના માલમ પડતા નથી, અને તેથી પોતાની ક્ષુદ્ર બુદ્ધિને અનુસરી ક્ષુદ્રગતિજ કર્યા જાય છે. જ્યારે મહત્કર્મનાં દૃષ્ટાંત આપવાં હોય છે ત્યારે ઘણીવાર આપણને પેલે છેડેના ઠેઠ યૂરોપખંડમાં ખોળવા જવું પડે છે, કેમકે આપણા દેશના જોઇએ તેવા ઐતિહાસિક ઉદાહરણો મળતાં નથી. એનું મુખ્ય કારણ તો એ છે કે આપણામાં વાસ્તવિક ચરિત્રો લખવાનો ધારો નથી; અને તેથી મહાપુરૂષો હોય છે ત્યાં સુધીજ તેના દાખલાનો લાભ મળે છે અને પછીથી તે જન્મ્યાજ ન હોય તે પ્રમાણે તે મળતો બંધ પડે છે. અથવા કોઇ વખતે તે મહત્કર્મો આપણી પતિત પ્રજાને પોતાની શક્તિની બહારજ એટલે દરજ્જે લાગે છે કે તેને અલૌકિક ગણે છે, અલૌકિક ગણતાં અદ્ભુત કથાઓ તેમાં ઉમેરે છે અને એ પ્રમાણે તેને સંપૂર્ણ અદ્ભુત રૂપ આપી પૂજવા મંડે છે. પણ તેઓ નકલ કરવા જોગ પુરૂષ થઇ ગયા છે એ વાત તો તેમની કલ્પનાથી પણ દૂર રહે છે. આથી લાભમાં એજ થાય છે કે પતિતપણું વધે છે. આપણા દેશની કરૂણામય સ્થિતિનું આ

પણ એક કારણ છે, અને તેથી મહાપુરૂષોના મહત્કૃત્યો મનુષ્ય ભાવે વર્ણાવાની, એટલે, સ્વાભાવિક જિવનચરિત્રો લખાવવાની હાલને સમયે બહુજ જરૂર છે.

(નવલગ્રંથાવલી.)

33.

આબુના પાહાડ ઉપર ચડવાનું સીરોઇ અને ઝાલોરની બાજુ ભણીથી ઘણું સેહેલું છે. ગૂજરાતની બાજુનો ચડાવ ગિરવર ગામ ભણીથી છે તે ઘણો રળિયામણો દેખાય છે. તેના ઉપર છડિયાટ વિના બીજાથી ચડાઇ શકાતું નથી. અંબાભવાનીના દેવાલય આગળ થઇને જવાનો રસ્તો, કેટલેક સુધી, ઊંચાણની વિચિત્ર રચનામાં થઇને એકાન્તમાં પર્વતના ધોધવાના પટને આકારે છે. "આ પ્રદેશમાં સર્વ કાંઇ શોભાયમાન, રમણીય અને સ્વાભાવિક છે; અહિ મનુષ્યના મનોવિકાર આવી રચનાના એકત્રપણાનો ભંગ કરાવી શકે એમ નથી, તેથી જાણે કે પ્રકૃતિએ પોતાના માનવંતા વંશજને વસવાને માટે સુજ્યું હોય એમ લાગે છે. આકાશ નિર્મળ છે; કોયલ જાણે એક બીજાને ઉત્તર આપતી હોય તેમ વનસ્પતિની ઘટામાંથી ટૌકા કરતી સંભળાય છે, તેમજ જંગલના પક્ષિયો, જે વાંસની ઘટાઓમાં તેઓનું રક્ષણ થાય છે તે ઘટાઓમાં કિલકિલાટ કરી રહ્યા છે; અને સૂર્ય જેવો પર્વતનાં શિખરોને સ્વચ્છ કરી પોતાના ઉગ્ર કિરણવડે વ્યાપ્ત કરી દે છે તેવાંજ ભૂરાં તિત્તિરોનાં ટોળાં ઝાડ ઉપર જે માળા બાંધીને રહ્યાં હોય છે તે આનંદ બતાવવામાં કબૂતરોની સાથે ચડશાચડશી કરે છે. બીજા પક્ષિયો જે સંપાટ ભૂમિના વાસી નથી હોતા તે અહિ તહિ ભમ્યાં કરે છે, અને લક્કડખોદ પક્ષી પોતાની ચાંચનું બળ કઠણ લાકડા ઉપર અજમાવાને ટકોરા મારી રેહે છે તેથી ઉપજતા પડઘાનો અવાજ સંભળાઇ રેહે છે. નાના પ્રકારનાં અને રંગ રંગનાં ફૂલ, ફળને લીધે જંગલવાસી પશુ અને પક્ષી એકઠાં થાય છે, અને ઉદ્યોગી ભ્રમર વિશાળ પાંદડાં ઉપર ઉડતા ઉડતા ધોળી અથવા પીળી ચંબેલીની અતિ મધૂરતા ચૂસે છે, તેમજ ગોટા, ચમરિયોનાં ગુચ્છાદાર જાંબુરંગી અને ધોળાં ફૂલ જે ગુલબાસને મળતાં આવે છે તેનો મધુર રસ ચૂસે છે, અગવા બદામના જેવી સુગંધના કણ્હેર જે નદીકિનારે એરંડા અથવા સરકટ પુષ્કળ થાય છે તેના તીરાએ છવાઈ જાય છે તેનો રસ ચૂસે છે." આવા એકન્તપણાના મોહ પમાડે એવા સૌન્દર્યમાં વિઘ્ન પાડવાને કોઈ મનુષ્ય પ્રાણી દેખાતું નથી, માત્ર અંબાજી યાત્રા કરવાને આવેલો રજપૂત અશ્વારનો ગંભીર આકાર જોવામાં આવે છે. તેણે પછવાડે ઢાલ બાંધી દીધેલી છે, અને ખભા ઉપર ભાલો આવી રહેલો છે એવી ઢબમાં, જે જગ્યામાં કઠણ હૈયાવાળાં થોડાં મનુષ્ય આખા લશ્કરની સામે થઇ શકે, એવા પાહાડ વચ્ચેના સાંકડા અને લાંબા રસ્તામાં તે ચાલે છે,—અથવા એ વિના રમણીય અને આરણ્યક જગ્યા જ્યાં નિર્મળ પાણીના ઝરા છાટલાવાળા કિનારાના ન્હાના તલાવના આકારમાં વિસ્તાર પામેલા ત્યાં સિંચેલા કોથળા સહિત

દાણા વહીજનારા શાન્ત માણસો, અને ચરતાં ઢોર દેખાય છે. આગળ ચાલતાં ઢાલ ફીટીને સપાટ ખીણુ થઇ ગયેલી આવે છે, તે થોડી ઘણી રેતાળ છે તોપણુ તેમાં ઘણી ફળદ્રૂપ જગાઓ છે, તેમાં દાણાનો પાક પુષ્કળ થાય છે. વળિ અહિં તહિં ન્હાનાં ગામડાં આવે છે અને પાહાડમાંથી વેહેતાં વેહેળિયાં કેટલેક આઘે જતાં આગળ અને પાછળ વિશાળ થઇ પડેલાં જોવામાં આવે છે. ધુમસના કાળા ઝબામાં વિંટળાઇ ગયેલો પ્રતાપવાન આબુ હવે પોતાના વિષેનાજ
ધુમસના કાળા ઝબામાં વિંટળાઈ ગયેલો પ્રતાપવાન આબુ હવે પોતાના વિષેનાજ
વિચાર ઉત્પન્ન કરાવે છે, તેની ઉભેડુ મોખરાની શ્યામરંગી એકાન્ત જગ્યાઓ ઉપર વન ઉપવન અસ્તરરૂપ થઇ રહેલાં છે, અને તે રૂપેરી રંગના ઝરાથી વિચિત્ર બનેલી છે, તે છેવટે જ્યારે આપણી દૃષ્ટિએ પડવા આવે છે, ત્યારે તેનો ફેરફાર થતો આકાર હજારો મનકલ્પિત રૂપ ધારીને કલ્પનાને ભરપૂર કરી નાંખે છે; તેના એક બીજાથી પછાડી પડતા સ્કંધો મહત્તાથી અગાડી ધપેલા દેખાય છે અને તેઓનો શ્યામ પોશાક, સૂર્ય જેમ મધ્ય રેખા ઉપર આવતો જાય છે તેમ અતિશય ચળકાટ મારતા સુવર્ણના છાંટાથી બદલાતો જાય છે; આવા સર્વ દેખાવ ઉપર જોનારનું લક્ષ ખેંચાય છે.

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

34.

માણસના સુખને વાસ્તે બઇરાં કેટલાં અગત્યનાં થઇ પડે છે તે જ્યાં તેમની ખોટ હોય ત્યાંજ જાણવામાં આવે છે. તેઓનો ઉપયોગ ઘણા લોકો બરોબર સમજતા નથી, તથા તેઓની કિમ્મત જોઇએ તેટલી તેઓ કરતા નથી. માણસ અને બઇરીના ગુણોમાં પરમેશ્વરે મોટો તફાવત રાખેલો છે. અગર જો કેટલાએક માણસોમાં બઇરાનાં ગુણો અને કેટલી સ્ત્રીઓમાં માણસના ગુણો હોય છે, તોપણુ તેઓ સાધારણુ નિયમથી ઉલટાં છે. સામન્ય નિયમ તો એવો છે કે પુરૂષોમાં કામકાજ કરવાના અને એવા બીજા સખત ગુણો હોય છે; અને સ્ત્રીઓમાં સહન કરવાના અને નરમ ગુણો માલમ પડે છે. દયા, મનની કોમળતા, ધૈર્ય, વગેરે બીજાને સુખી કરવાને જરૂરના ગુણો ઘણું કરીને સ્ત્રીવર્ગમાં વધારે હોય છે. એજ કારણને લીધે તેઓ ઘર ચલાવવાને તથા પોતાના ધણીને સુખ ઉપજાવવાને વધારે લાયક છે. જ્યારે માણસ કોઇ આફતમાં આવી પડે છે ત્યારે તેને બઇરી સિવાય બીજું કોઈ શાંત કરી સકતું નથી. જ્યારે તેના મનમાં જુસ્સો ચઢી જાય છે ત્યારે તેની મનોવૃત્તિઓને નરમ પાડવાને તેનેજ ઇશ્વરે સર્જેલી છે; પણુ વિશેષે કરીને જ્યારે તેના ઉપર મંદવાડ આવી પડે છે, જ્યારે તેની એક નાના બાળકની પેઠે બરદાસ્ત લેવી પડે છે, જ્યારે તેનો સ્વભાવ એવો ચીઢિયો થઇ જાય છે કે તેનો બોલ બીજા કોઇ સાંખી સકતા નથી, તેજ વખતે બઇરીનું ખરેખરૂં કામ પડે છે; તેજ વખતે તેની ખરી કિંમત થાય છે;

અને તેજ વખતે તેનું દુઃખ મટાડવાને પરમેશ્વરે તેને મોકલી હોય એમ પુરૂ-પને લાગે છે. તેની ચાકરી કરવાની રીતથીજ અર્ધું દરદ ઓછું થાય છે. તેના મધુર શબ્દો રામબાણ ઓસડ જેવા થઇ પડે છે, અને તેના નરમ હાથ શરીર ઉપર ફરે છે એટલેજ ઘણી થંડક થાય છે. માણસને તેની જીંદગીના હરેક ભાગમાં સ્ત્રીથી સુખ મળે છે. નાનપણમાં તેને માની ઘણીજ જરૂર હોય છે, બલકે તેના આવ-ર્દાનો આધાર ઘણું કરીને તેની મા અથવા એવી બીજી કોઇ સ્ત્રી હોય છે. મોટ-પણે તેની પત્નીવડે તે સંસારરૂપી સાગરમાં વધારે ચેહેનથી સફર કરી સકે છે, અને જો કમનસીબથી તેની સ્ત્રી તેના પેહેલાં મરણ પામે તો કેટલુંક સ્ત્રીનું કામ તેની છોકરી ચલાવી સકે છે.

(કરણ ઘેલો.)

35.

મુળુ ખડક ઉપર ચ્હડયો, મણિરાજ ઘોડા ઉપરથી ઉતર્યો, અને ખડકની મ્હોટી સપાટી ઉપર બેનું મલ્લયુદ્ધ અર્ધી ઘડી ચાલ્યું તે એવી રીતે કે ન કોઇ જીતે ને ન કોઇ હારે. અંતે મુળુ પૃથ્વીપર ચતો પાટ પડયો અને એની છાતીપર મણિ-રાજ ચ્હડી બેઠો અને પુછવા લાગ્યોઃ "મૂળરાજ. ગમે તો મ્હારા કેદી બની "મ્હારી સાથે આવવા શબ્દના બન્ધનથી બંધાવ ને તે ન ગમે તો તમને બીજા "બંધ બાંધવા યત્ન કરતાં શસ્ત્ર વાપરી તમારો પ્રાણ લેવા કાળ આવે તો "આપણું અશસ્ત્ર મલ્લયુદ્ધ પુરું થયું છે."

આ વાક્ય પુરું થયું એટલામાં કપટશીલ મુળુએ એક હાથ છુટો કરી વસ્ત્ર નીચે સંતાડી રાખેલી કટાર મ્યાનમાંથી ખેંચવા માંડી. મણિરાજની સજ્જ આંખ ચેતી ગઇ અને પોતાના વાક્યના ઉત્તરની વાટ જોયા વિના પોતાની તર-વાર નાગી કરી. અતુલ બળ કરી છુટા કરેલા હાથ વડે મુળુ મણિરાજના એક પાસામાં કટાર ખોસી દેવાનો પ્રયત્ન કરે છે અને કટાર અને મણિરાજની કેડ વચ્ચે એક તસુનું અંતર રહે છે એટલામાં મણિરાજની તરવારે મુળુનો છુટો હાથ તેના શરીરથી જુદો કરી દીધો, તે હાથ અને કટાર ઉછળી ખડકની એક બાજુએ ગડગડી પડ્યાં અને કપાયલાં હાથનાં મૂળમાંથી રુધિરની નદીઓના પ્રવાહ વેગથી નીકળવા લાગ્યા. આ મ્હોટા ઘાના દુઃખને ન ગણકારતા મુળુએ પોતાનું આખું શરીર અર્ધે હાથ ઉંચું ઉછાળ્યું, તે ઉછાળાથી ઉછળતા મણિરાજને પોતાના બે પગ ઉંચા અફાળી આકાશમાં ઉરાડયો, અને મણિરા-જની તરવાર આઘી પડે એટલે તે અખંડ રહેલે હાથે ઝડપી લેવા કલ્પના કરી. આ કલ્પના પુરી થઇ જાય તે પ્હેલાં મલ્લયુદ્ધનો પ્રવીણ પણ આકાશમાં ઉછળેલો મણિરાજ એવી ચતુરતાથી પૃથ્વીપર પાછો પડયો કે એના બે હાથ પૃથ્વીપર મુકાયા, તે હાથ ઉપર એનું શરીર તોળાઇ ઝીલાયું અને તેના અધર લટકેલા બે પગે પૃથ્વી પાસે આવતાં મુળુના શરીરને એવા તો બળથી લત્તાપ્રહાર કર્યો કે

મુળુનું શરીર ગડબડતું ગડબડતું ખડકની કોર ઉપર જઇ જોરથી નદીમાં પડ્યું, એ શરીરની પાછળ લોહીની પ્હોળી રેખાએ ખડકને રંગ્યો, મુળુ નદીમાં બેભાન થઇ પડ્યો, અને એના શરીરની આસપાસ પાણી છાછર હતું ત્યાં ચારે પાસ લોહી ફરી વળ્યું અને લોહીના ખાબોચીયા જેવું લાગવા માંડ્યું.

(**સરસ્વતીચંદ્ર,** ભાગ ૩ જો.)

36.

આ વેળાના સ્વદેશહિતેચ્છુ રાજા વિદ્યા હુન્નરને ઉત્તેજન આપતા. દેશમાં વિદ્યાનો વધારો થાય માટે વિદ્વાનોને આશરો આપતા. તેમનામાં જેઓ મહાકુશળ અને વડા હતા તેઓને દરબારમાં બોલાવી માન આપી પોતાની કને રાખતા. કસબી કારીગરોને ઇનામ આપી હિમ્મત આપતા. વિદ્યા તથા કળાનો સુધારો વધારો અને પ્રસાર થાય તેવા ઉપાય કરતા. પંડિતાદિકોને રાજ્યનો આશ્રય મળતો. તેઓને લોકોપયોગી કામ સોંપતા. સરકારી પાઠશાળામાં ભણાવવું, તથા ગ્રંથો રચવા, જૂના હોય તેમાં સુધારો કરવો, અને નવા શોધ કરવા, એ તેમનાં મુખ્ય કામ હતાં. રાજા જયશિખર કેળવાયલો નર હતો. મૂર્ખ રાજાના દરબારોમાં જૂઠ્ઠા ખુશામતીઆ અને ખોટા વખાણ કરનારા હોય છે તેવાનું તે મોં ન જોતો. સત્ય તેને બહુ વ્હાલું હતું. જૂઠ્ઠા વખાણથી કેવી ખરાબી થાય છે તે એ ચતુર રાજા જાણતો હતો. એના દરબારમાં તો ખરાજ ટકી શકતા.

ગુર્જર દરબારમાં આ સમે કવિ શંકર બારોટ નામે મોટો પંડિત હતો. પિંગળશાસ્ત્ર તેની જીભને ટેરવે હતું. સંસ્કૃત અને પ્રાકૃત કવિતાના મુખ્ય ગ્રંથો તેને મ્હોડે હતા. શીઘ્ર કવિતા રચવામાં ઘણો કુશળ હોઇ તે મહારાજનું મન રંજન કરતો. રાજાના માનીતા પંડિતોમાં એ ગણાતો. એક સમે દેશ દેશના વિદ્વાનોને ભેગા કરી મોટી સભામાં રાજાએ તેને કવિરાજની પદવી આપી. એ પદવી હીરે જડેલા સોનાના ચાંદ ઉપર એના નામની હેઠળ કોતરાવી તે ચાંદને મોતીના કંઠામાં પરોવી ભર સભામાં તેને પહેરાવ્યો. આ પદવી અને માનને તે લાયક હતો. તેમાં સૌથી વખાણવાજોગ ગુણ એ હતો કે તે મોટો સ્વદેશાભિમાની હતો. ગુર્જરત્રાનું ભલું થાય, તેની ચડતી થાય, તેને મોટાઇ મળે એવાઉપાય તન મન ને ધનથી કરતો. સ્વદેશ તેને બહુ વહાલો હતો. ગૂજરાત આપણી મા છે, ને તેનો ધણી જસરાજ આપણો બાપ છે એવું તે પોતાના વિદ્યાર્થીઓને નિત્ય કહેતો. બાપથી મા વધારે વહાલી માટે માતાને પિતા નુકસાન કરે તો માતાનો પક્ષ કરવો એ તેનો બોધ હતો. આ બધા સારા ગુણો છતાં તે કાંઇક અવિચારી હતો; જરા ચડાઉ હતો.. સ્વદેશાભિમાનના આવેશમાં તે વિવેકની મર્યાદા ભૂલી જતો. બીજા રાજાઓના દરબારમાં જઈ ગૂજરાતની જમીન, ગૂજ-

રાતના લોક, ગૂજરાતના પંડિત, ગૂજરાતના જોદ્ધા, ગૂજરાતની દોલત, અને ગૂજરાતના રાજાધિરાજ જયશિખરની સ્તુતિ એટલી અને એવી કરતો કે પરદેશી દરબારોને માઠું લાગે.

(વનરાજ ચાવડો.)

37.

સૃષ્ટિમાં જે ઘણાં રમણિક સ્થળો જ્યાં અપ્સરાઓ પણ રમવા આવે, તથા સ્વર્ગવાસીઓને પણ વાસો કરવો ગમે, એવા એક રળિયામણા સ્થળમાં એક કિલ્લો બાંધેલો હતો, અને તેની નીચે એક સુંદર નાનું શેહેર વસેલું હતું. એ શહેરની ચોતરફ ઊંચા પહાડોનો કોટ થઇ રહેલો હતો; અને શેહેરનાં ઘરો વચલા પોલાણમાં ચઢતાં ઉતરતાં ઘણાંજ ખુબસુરત હારબંધ બાંધેલાં હતાં. આ શેહેરને પહાડોને લીધે પરમેશ્વર તરફથી રક્ષણ થયલું હતું તોપણ તેનો વધારે બચાવ કરવા સારૂ તેની આસપાસ ફરતો ઘણો મજબૂત પથ્થરનો કોટ હતો, અને તેની સાથે વળી એક ઊંચી ટેકરી જેની નીચે સઘળું શહેર આવી રહ્યું હતું, તે ઉપર એક કિલ્લો બાંધેલો હતો. એ શહેરનું નામ બાગલાણ હતું, અને તે દેવગઢના રાજા રામદેવના તાબામાં હતું. કિલ્લો ઘણો મજબૂત તથા શોભીતો હતો, અને તેમાં રેહેવાને સારૂ ઘણો વગ હતો. વળી તેની આસપાસની જગા પણ એવી શોભાયમાન હતી કે તેનું યથાસ્થિત વર્ણન કોઇ મોટા કવિની કલ્પના શક્તિથી પણ થઇ સકે નહિ. ચોતરફ ઊંચા ઊંચા પહાડો હતા અને તેઓ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થતી વખતે એવા તો મનોહર લાગતા કે તે જોવાને જેટલો શ્રમ તથા પૈસો ખરચ કરીએ તેટલો સઘળો વળી જાય. તેઓનાં ઉપર પુષ્કળ ઝાડી હતી, અને સાગ, આંબા, વગેરે ઝાડો નાટકશાળાની બેઠકની પેઠે એક ઉપર એક ઉગેલાં હતાં તે જોઇને આંખને આનંદ તથા સંતોષ ઉપજતો હતો. એ ઝાડીઓમાં વાઘ, રીંછ વગેરે રાની પશુઓ નિરંકુશ અમલ ચલાવતાં હતાં, અને તેઓના રાજ્યપદ વિષે તકરાર લેનાર માણસ ત્યાં કવચિતજ આવતું હતું. નાનાં મોટાં પક્ષીઓ ઘણા મધુર નાદથી તે સ્થળને ગજાવી મુકતાં, અને તેઓનાં સુંદર રંગબેરંગી પીંછાંનો ઝળકાટ તડકામાં પડતો તે જોઇને ઇશ્વરની લીલાથી મન વિસ્મિત થયા વિના રેહેતુંજ નહિ. વળી ઠેકાણે ઠેકાણે નાની નાની નદીઓ વેહેતી હતી, અને જ્યારે તેઓ ઊંચી જગાએથી ઉતરતી, અને પથરાઓ ઉપર અથડાતી, નાના છોડવા તથા ફુલોને છુંદતી, તથા પહાડોના ઘસારાથી પડેલા નાના કાંકરાઓમાં રમતી આગળ ચાલતી, ત્યારે તેમની સ્થિતિ જોઇને આપણને આપણી બાલ્યાવસ્થા યાદ આવ્યા વિના રેહેતી નહિ. બીજી કેટલીએક નદીઓ ઊંચા ટેકરાઓ ઉપરથી નીચે પડતી તેના મોટા ધોધવાથી જે ગર્જના થઇ રહેતી, તેના ઉપર ફીણના જે ગોટા આવતા, અને તેના ઉપર જ્યારે સૂર્યનાં કિરણ પડતાં ત્યારે તેઓનું વક્રીભવન થઇને તેઓમાંના સાત જુદા જુદા રંગો છૂટા પડીને

ઇંદ્રના ધનુષ્ય જેવો આકાર ત્યાં થતો તે ઘણોજ આશ્ચર્યકારક લાગતો હતો. એવા ધોધવાઓ નીચે પડીને આગળ વેહેતા, કેટલાએક નીચે પડી ત્યાં એકઠા થઇ રેહેતા, એટલે ત્યાં નીતર્યું કાચ જેવું તળાવ બનતું, અને કેટલીએક નદીઓના જુસ્સાથી જમીન ધસાઇને ત્યાં મોટી મોટી ખાઇઓ થતી, અને તેમાંથી તેઓ વિજળીને વેગે દોડતી. જ્યારે ચોમાસામાં અષાડ મહીનામાં વાદળાંથી ઘોર ઘટા થઈ રહેતી, તથા વિજળીના ચમકારા અને મેઘગર્જનાના કડાકા થતા ત્યારે તે જગાનો દેખાવ ખરેખરો દબદબા ભરેલો તથા ભયાનક થઇ રહેતો હતો. વાદળાં, તો જાણે આપણા પગ નીચે ગોટાને ગોટા અથવા ધૂમરની પેઠે પથરાયલાં દેખાતાં હતાં, અને તેઓ પીગળીને પાણીનાં ટીપાં થઇ નીચે પડતાં તે આપણને લાગતુંજ નહિ. વિજળી ઝાડ અથવા ટેકરીઓની ટોચથી ખેંચાઈ આવીને પડતી તે વખતે પથ્થરોના ફાટવાથી તથા ઝાડોના પડવાથી મોટા મોટા અવાજ થતા હતા. વળી ગર્જનાના શબ્દ પણ એક પહાડ ઉપર અથડાઈ બીજા ઉપર પડતા, અને ત્યાંથી અથડાઇ ત્રીજાને લાગતા, અને એવી રીતે થયાથી ગડગડાટના કડાકાને કડાકા કેટલીએક વાર સૂધી પોંહોંચ્યાંજ કરતા. વરસાદ પણ ત્યાં એટલો બધો વરસતો કે તેનો ખ્યાલ મેદાનમાં વસનારાઓથી થઇ સકે નહિ. એ સઘળું પાણી એકઠું થઈ નદીઓમાં વહેતું તેથી તે સઘળાં ઝરણો ભરપૂર થઇ જતાં હતાં. ઊનાળાના સખત તાપથી ઝાડો બળી ગયલાં હોય, પથ્થરો તપી ગયેલા હોય, તથા પહાડો જેવા ખાવા ધાતા હોય એમ દેખાતા હોય ત્યાં સઘળે લીલું કુંજાર થઇ રેહેતું. ઝાડો ઉપર આકાશમાંથી વૃષ્ટિરૂપી અમૃત પડતું, તેથી તેઓ સજીવન થઇ પાછાં પ્રફુલિત થઇ શોભાયમાન દેખાતાં, તથા પાણીનો પુષ્કળ મારો હોવાથી સઘળે થંડક થંડક થઇ રેહેતી, તથા શીતળ વાયુમાં અગણિત ફુલોની સુગંધ ઘસડાઇ આવતી. 'ડુંગર દૂરથી રળિયામણા' એ જે કેહેવત છે તે તે વખતે ખોટી પડતી, અને તેઓ આઘેના કરતાં પાસેથી વધારે રળિયામણા દેખાતા હતા.

(કરણ ઘેલો.)

38.

૧૮૭૯ ના ડિસેમ્બરની ૨૮ મી તારીખે રવિવારે એક વાગે ડીલથી આશરે ૭ માઇલને છેટે ગુડવિન્સ ઉપર સાઉથ સૅન્ડસ લાઇટશિપમાંથી એક તોપે એવી સૂચના આપી કે એક વહાણ સફેત ફીણવાળાં મોજામાં ગરક થયું. તે સમયે વાયવ્ય કોણમાંથી ખૂબ તોફાની પવન વાતો હતો, અને બીજા સ્થળને મુકાબલે રક્ષણસ્થાન ડાઉન્સમાં પણ વહાણોને બે લંગરથી નાંગરેલાં હતાં. કેટલાક કહેતા હતા તે પ્રમાણે પવન એવો હતો કે 'તમારા દાંત પણ તમારા મ્હોમાંથી બહાર ખેંચાઇ નીકળે.' દેવલોમાંથી ધર્મસમાજો ટોળાબંધ બહાર નીકળતી હતી ત્યારે તે લોકોનાં છત્તરો પવનથી ફાટી ગયાં અને તેઓ જેમ બને તેમ જલદી ઘેર

ગયા. પણ નાવિકો કિનારાપર હતા. ઘંટનાદે એવી સૂચના આપી કે જીવનનૌકા પૂરતાં માણસો સાથે તૈયાર કરવી અને તે ખલાસીઓએ એ હુકમ બહાદુરીથી અમલમાં આણ્યો. ઉપનૌકાપતિ રૉબર્ટ વાઇલ્સ સાથે ૧૪ માણસો તે મછવામાં બેઠાં. જબરા હલેસાથી તેઓએ તે જીવનનૌકાને ઉભા કિનારાપરથી ઉછળતાં મોજાંમાં ઉતારી. તેઓ આ જોખમભરેલું કામ કરવા નીકળ્યા ત્યારે કિનારાપર ઘણો લાંબો વખત સૂધી હર્ષનાદ થયો.

(**કર્ત્તવ્ય.**)

39.

એક સમયે પૃથ્વીરાજ ગાદિયે બિરાજમાન થયો હતો, અને નવા ચંદ્રની આસપાસ તારા ચકચકે તેમ તેના સામંતો બિરાજેલા હતા, તેવામાં પ્રતાપસોલંકી અને તેના ભાઇઓએ આવીને તેને નમન કર્યું. તે વેળાએ મહાભારત ઉપર વાત ચાલતી હતી, તથા ચૌહાણ પરાક્રમ ગવાતાં હતાં, તેવામાં, કેહે છે કે, પ્રતાપસિંહે મૂછે હાથ નાખ્યો તે પૃથ્વીરાજના કાકા કન્હ ચૌહાણના જોવામાં આવ્યું એટલે એને તો ખરેખરી લાગી ગઈ અને તરવાર મ્યાનમાંથી કાહાડીને પ્રતાપસિંહના શરીર બે ભાગ કરી નાંખ્યા, એટલે તે મરદું થઇને પડ્યો. તે જોઇને અરિસિંહ અને તેના ભાઇયો ક્રોધાયમાન થઇ વેર લેવાને ઊઠયા. તેમનાં માણસો પણ અંદર ધશી આવ્યાં. પૃથ્વીરાજ ઉઠીને મેહેલમાં જતો રહ્યો. પછી રણમાં જેમ દવ બળે તેમ જુસ્સાથી મારામારી ચાલી; જેમ દીવા ઉપર ફૂંદા ટૂટી પડે તેમ કન્હ ઉપર સોલંકિયો ટૂટી પડ્યા. એક પ્રહર સુધી તરવાર અને યમદન્ત અથવા જમઇયાથી કાપાકાપ ચાલી. પ્રતાપના ભાઇયો એક પછી એક સ્વર્ગે ચાલ્યા અને સોમેશ્વરનો ભાઇ કન્હ, દૈવની પેઠે કોપતો ભીમના સાતે ભાઇયોને ઠેર કરીને જય પામ્યો ત્યારે તેનો કોપ શમ્યો.

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

40.

કેટલાક છોકરાએ શરમાઇ જઇને નીચું જોયું તેપરથી જણાયું કે માસ્તરે ખરી અટકળ કરી હતી. એક નાનો છોકરો આશ્ચર્ય પામીને બોલ્યો, "સાહેબ, તમે કેમ જાણ્યું ? તમારાથી જોવાય એવું તો હતું નહિ." માસ્તરે મોં મલકાવીને કહ્યું, ખરૂં દાદાભાઇ, મેં જોયું નથી, પણ તમે એકલા હો, ત્યારે કેવું કામ ચાલે તે હું જાણું છું, કેમકે મારા દેખતાં પણ તમે ધાકથી કેટલું કરો છો ને પોતાની ખુશીથી કેટલું કરોછો તે હું રોજ જોઉં છું. આજથી હું તમને એ કહું છું કે દશ મિનિટ કે પાંચ મિનિટ કદી નકામી ગણશો નહિ. એ વખત ઘણો થોડો છે, એટલામાં કાંઇ કામ થાય નહિ, એવું સમજી એને નકામો ગુમાવવો નહિ. જો રોજ દશ મિનિટ ગુમાવીએ, તો ત્રણ

મહિને ચૌદ કલાક એટલે ઊનાળાના લાંબા દહાડા જેટલો વખત ફોકટ જાય. એટલો બધો વખત નકામો કાઢવો એ ઠીક છે, એવું કોઇપણ કહેશે નહિ. તમને રમવાની છૂટી મળે છે, તે વખતની હું વાત નથી કરતો, પણ આજ દશ વાગ્યા પછી તમને દશ મિનિટ મળી, તો તે ભણવાનો વખત હતો. એ વેળામાં તો તમારે કાંઈ શીખવું જોઇતું હતું. તમારામાંના કેટલાકનો પાઠ જરા કાચો રહી ગયો છે તે એકવાર વાંચી ગયા હોત તો પૂરો આવડત; કેટલાએક હિસાબમાં કાચા છે, તેઓ એટલી વારમાં એક હિસાબ ગણી શકત; જેને જેમાં ભૂલ પડતી હોય તે તે વાંચી શકત; જેને કશામાં ભૂલ ન પડતી હોય તે પણ ચોપડીમાંનો આગલો પાઠ વાંચે તો નફો થાય. મેં તમને ઘણીવાર કહ્યું છે કે વખત અમૂલ્ય છે, ને ગયો વખત પાછો હાથ લાગતો નથી તથા જે વખત આપણે નકામો ગુમાવીએ, તેને માટે અંતે પરમેશ્વરને જવાબ દેવો પડશે. ઘણાક માણસોને ગરીબ હોવાને લીધે પેટને સારૂ મહેનત મજૂરી કરવી પડે, તેથી ભણવાનો જોઇએ તેટલો વખત મળે નહિ, તોપણ જે પાંચ દશ મિનિટ રોજ બચાવી શકાય તે વેળામાં શીખીને કેટલાક જણા મોટા વિદ્વાન થયા છે. જેમને પોતાની મહેનતે કમાઇ ખાવું છે, તેમને તો જે પાંચ દશ મિનિટ મળે તેનો અવશ્ય લાભ લેવો જોઇએ. એવા માણસને તો રોજ થોડોજ વખત પોતાની મરજીમાં આવે તેમ વાપરવાને મળે છે. તેમણે પા ઘડી પણ નકામી જવા દેવી નહિ.

(ગૂજરાતી સાતમી ચોપડી.)

41.

એ પ્રમાણે એક રાત્રે કરણ પોતાના મનમાં વિચાર કરતો હતો. ઘરમાં સઘળાં ચુપાચુપ સુઈ ગયલાં હતાં. એક દીવો માત્ર ઝાંખો ઝાંખો બળ્યાં કરતો હતો, અને મધ્યરાત્રને સમયે તેનો સુવાનો ઓરડો જાણે ખાવા ધાતો હોય એવો દેખાતો હતો. એવે વખતે વિચાર કરતાં કરતાં એટલો તો તે જુસ્સા ઉપર ચઢી ગયો, તથા તેને એટલું તો શૂર ચઢી આવ્યું કે પથારી ઉપરથી એક છલંગ મારી તે કુદી પડયો, અને પોતાની તલવાર ખેંચી જે ખાટલા ઉપર દેવળદેવી સુતેલી હતી ત્યાં જઇને ઉભો રહ્યો. દેવળદેવી ભર નિદ્રામાં સુતેલી હતી. તેના સુંદર કેશ છુટા વખેરાઈ ગયલા ગમે તેમ પડેલા હતા. તેની ચળકતી આંખો ઉપર પોપચાં અડધાં બિડાયલાં હતાં તે રાત્રે જેમ કમળના પુલની પાંખડીઓ બંધ થાય છે તેના જેવી દેખાતી હતી. તેના ઓઠ જરા જરા આઘા રહેલા હતા તેમાંથી તેનો ખુશબોદાર શ્વાસ નિકળતો હતો, અને એક ખીલેલા ગુલાબની પેઠે તેઓ મંદમંદ હસતા હોય એમ દેખાતા હતા. તેનું આખું શરીર નિદ્રાને વશ થઇ બેભાન થઇ પડયું હતું, અને તેનું સુંદર વદન નિર્દોષપણાને લીધે આનંદમાં માલમ પડતું હતું. તે સ્વર્ગથી ઉતરી આવેલી અપ્સરાના જેવી દેખાતી હતી, તેને માત્ર જોવાથીજ

ગમે તેવા ખુની માણસનું ખુન પણ ઉતરી જાય. આવા પરલોકના પ્રાણીને ઉપદ્રવ સરખો પણ થાય નહિ તે પછી તેને મારવાને કયા દુષ્ટ ચંડાળનો હાથ ઉપડે? વળી આ ઠેકાણે તો તેનો બાપજ ખુની હતો. તે બન્નેની વચ્ચે સહવાસથી ઘણોજ ગાઢો પ્યાર બંધાયલો હતો. તેથી જ્યારે કરણે તેની ઊંઘતી દીકરીનું મ્હો જોયું એટલે તુરત તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઇ, અને તે ત્યાં સ્તબ્ધ થઇને ઉભો રહ્યો.

(**કરણ ઘેલો.**)

42.

"મારૂં નામ શંકર છે. ગૂર્જરદેશ જે પૃથ્વીનો ઉત્તમોત્તમ ભાગ છે, જેની ભૂમી પૂર્ણ રસાલ છે, પાણી, ઘાસ અને ઝાડથી અતિ શોભાયમાન છે, જ્યાં ધન તો ઢગલે છે અને જ્યાં મનુષ્યો ઉદાર છે, તે ગૂર્જર દેશથી હું આવ્યો છું, ત્યાં પંચાસર છે તેમાં સમુદ્રપુત્રી એટલે લક્ષ્મીનો નિરંતર વાસ છે, તે સર્વ પ્રકારે દેવનગરી જે ઇંદ્રપુરી તેની સમાન છે. જે ત્યાં વસે છે તેને સ્વર્ગમાં જવાની પણ ઇચ્છા થતી નથી. ત્યાં ચાવડો રાજા રાજ્ય કરે છે તે બધી સુભટ જાતિમાં અગ્રેસર છે, અને જેણે પોતાનાં અદ્‌ભુત કામથી જયનો શિખર (પર્વત) ઉભો કર્યો છે તેથી તેને કવિયો "જયશિખરી" કેહે છે. તેની પટ્ટરાણી 'રૂપસુંદરી' કરીને છે તેની શોધી જોડ જડે એમ નથી. રાણીનો ભાઈ શૂરપાળ છે તે ડાહ્યો અને શૂરવીર છે. જયશિખરી અને શૂરપાળ જો ભેગા મળે તો ઇંદ્રને તેના ઇંદ્રાસન ઉપરથી ઉઠાડી મૂકે, પણ તેમને તેની ગરજ ઓછીજ છે; કેમકે તેઓની પોતાની ગૂજરાત છે તે આખી પૃથ્વીનું તત્ત્વ છે. ત્યાં સરસ્વતીનો નિરંતર વાસ છે; મેં મારી વિદ્યા મેળવી છે તે ત્યાંજ, અને ત્યાંથીજ હું દિગ્વિજય કરવા નીકળ્યો છું."

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

43.

જ્યારે રાજા નિદ્રાદેવીને વશ થઈ આલોક તથા પરલોકને વીસરી જઇ મૃત્યુથી ઉતરતી અવસ્થામાં પડેલો હતો તે વખતે કિલ્લા આગળ તથા શેહેરમાં ભારે ગડબડાટ થઇ રહી હતી. લોકો ઘણા ઉમંગથી સારાંસારાં લુગડાં પેહેરી, નવી રંગેલી પાઘડીમાં જુવારા ખોસી, તથા નવા જોડા પેહેરી કેટલાએક એકલા તથા કેટલાએક નાનાં નાનાં છોકરાંને લઇ સ્વારી જવાના રસ્તા ઉપર કોઇ ઓટલા અથવા દુકાન ઉપર બેસતા હતા. કેટલાએક રજપૂત તથા બીજા લશ્કરી લોકો હથિયાર કંમરે બાંધીને ઘણા ડોળથી ફરતા હતા. ભીલ, કાઠી, કોળી વગેરે જંગલી લોકો હથિયારબંધ જતા તેને જોઇને લોકો તરત ખસી જઇને રસ્તો આપતા. ઢેડા તથા તેથી હલકી જાતિના લોકો "ખસો બાપજી"

એ પ્રમાણે બુમો પાડી પાડી ધીમે ધીમે રસ્તો કરી જતા, અને લોકોને તેઓને વાસ્તે ખસવું પડતું તે વખતે તેઓને ગાળ દીધા વિના રેહેતા નહિ. ઘણીવાર કોઇ ઘોડો અથવા હાથી ભડકતો ત્યારે લોકોમાં દોડાદોડી થતી, અને છોકરાં ચીસા ચીસ પાડતાં. મોટા કામદારોનાં બઇરાં સુખાસનમાં બેસી તેમના ધણીનાં સગાં, મિત્ર, અથવા ઓળખીતાનાં ઘર હોય ત્યાં જતાં. ગરીબ તથા વચલા વાંધાના લોકોની બાયડીઓ ખુલ્લી રીતે ચાલતી જતી, પણ તેઓને રસ્તામાં કોઈ ઉપદ્રવ કરશે એવી કોઇને દેહેશત ન હતી. ઓટલા તથા બારીઓ લોકોથી ભરાઇ ગયાં હતાં. બાકીના લોકો કેટલાએક છાપરા ઉપર અને કેટલાએક ઝાડો ઉપર ચઢીને બેઠા હતા; અને ઘણાએક રસ્તાની બાજુએ બે હાર કરી ઉભા રહ્યા હતા. દુકાનદારોએ દુકાન ધોળાવી, રંગાવી, તે ઉપર તોરણ બાંધી સઘળો માલ બાહાર કાઢેલો હતો. તેમજ રેહેવાનાં ઘરો પણ ઘણાંએક રંગાવેલાં તથા ઘણું કરીને સઘળાં ધોળાવેલાં હતાં. એ પ્રમાણે શેહેરમાં સ્વારી જોવાની તૈયારીમાં લોકો બેઠા તથા ઉભા હતા. કિલ્લા આગળ કાઠિયાવાડી, સિંધી, કચ્છી તથા કાબુલી શણગારેલા અને ઘણા ઉમદા જીનવાળા કેટલાએક ઘોડા ખંખારતા, કેટલાએક નાચતા, કેટલાએક ભોંય-ઉપર પગ ઠોકતા, તથા કેટલાએક કાવો ફર્યા કરતા હતા. હાથીઓથી ઉભા રેહેવાતું ન હોય તેમ એક જગાથી બીજી જગાએ જતા, કેટલાએક તેના અતિ બળથી મસ્ત થઇને ડોલતા, તથા કેટલાએક સુંડ હલાવી ઊંચી કરી આસ-પાસના લોકોને નસાડતા હતા. સુખાસન એક કોરે મૂકીને ભોઇ લોકો આણી-ગમ પેલીગમ મોજ કરતા ફરતા હતા; સ્વાર તથા પાયદળ સિપાઈ સઘળા હથિ-યારબંધ તૈયાર થઇ રહ્યા હતા.

(કરણ ઘેલો.)

44.

પણ વાંચનાર ! બહિર વૈભવ અંતર્સુખની કયાં યથાર્થ આરસી છે ? મિયા-નામાં, તાવદાનમાં અને હાથી ઉપર બેસી ફરનાર છત્ર ચામરના અધિકારી અને દેશદેશના અધિપતિ હસતાં વદન રાખી અને મુંછ ઉપર હાથ નાખી પાનનાં બીડાં ચાવતા ચાવતા જાય છે તેને જોઇ પગપાળો છતાં તું જરાએ છોભીલો થઇશ નહી. સુખ દુઃખ એતો સંસારના પ્રપંચની બે પાંખો છે. એક વિના બીજું નભી શકતું નથી. ગમે તેવી રમ્યતા ગમે તેવી સાફસુફ, ગમે તેવો ભભકો અને ગમે તેવા વૈભવો હોય તોપણ તેમાંનું કાંઇએ સુખ નથી. જેને આપણે સુખી માનીએ છીએ તેના દુઃખનો તો પારજ હોતો નથી. પરંતુ મનુ-ષ્ય માત્રમાં એક વિચિત્ર જાતની બે પ્રકૃતિઓ રહી છે જેથી અન્યાન્યની સ્થ-તિની સ્પર્ધા અનાદિ કાળથી ચાલીજ આવે છે. પોતાને ગમે તેવું દુઃખ હોય, પોતાની સ્થતિથી ગમે તેવો નિરાશ હોય, તોપણ શ્રીમંતથી તે ગરીબ અને જ્ઞાનીથી તે અજ્ઞાની સર્વ કોઈ બીજા આગળ પોતાની સ્થિતિની શ્રેષ્ઠતા બતાવવા

યત્ન કરે છે. યોગી યોગને વખાણે, શ્રીમંત લક્ષ્મીને વખાણે, ગરીબ કરક-સરને વખાણે, વેપારી વેપારને, ખેડુત ખેતીને, નોકર નોકરીને અને ક્ષત્રી યુદ્ધને વખાણે તે માત્ર આ સ્વભાવને લીધેજ પરંતુ આ પ્રકૃતિ સાથેજ અથવા તેને લીધેજ પોતાની સ્થિતિનો મનુષ્ય માત્રને અભાવ થાય છે અને " પારકે ભાણે મોટો લાડુ " જણાય છે. બાહેર દેખાવમાં મોહ એ કેવળ નકામો છે. સર્વથા ' મરી ગયા પછીજ મનુષ્ય સુખી છે કે દુઃખી છે એ વાત સમજી શકાય ' એવું ગ્રીસના મહાત્મા સોલનનું કેહેવું અનુભવ સિદ્ધજ છે.

(કુસુમાવલી.)

45.

ધારું તો ઇશ્વર જેવો થાઉં અને ધારું તો સેતાન થાઉં, એવું એને ગુમાન હતું. ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, પોતાના ઉપરી, પોતાના હાથ નીચેનાં માણસ,—કોઇનો પણ હું દાસ નહી—એ સર્વ મ્હારાં દાસઃ એ વાત સિદ્ધ કરવા કરી આપવામાં માનચતુર પોતાનું પુરુષત્વ માનતો. અત્યંત સુખ એને લોભાવી શકતું નહી, અત્યંત દુઃખના ભાર નીચે ડબાતો ડબાતો પણ તે હસતો. ષડ્‌વિકારોના તરંગ એની મરજી હોય ત્યારે ઉછળતા—એની મરજી હોય ત્યારે શાંત થઇ જતા. અવસ્થામાત્રને એ તૃણવત્ લેખતો. પોતાની શક્તિ દેખાડવાનો એને શોખ હતો; અને ઉપરીને, હાથ નીચેના માણસને, અને તેમજ પોતાની જાત ઉપર પણ પોતાની શક્તિ દેખાડી એ આનંદ માનતો. જે ઉપરી માનચતુરના કહ્યામાં રહે અને માનચતુરને માન આપે તો એવા ઉપરીને સંકટપ્રસંગે પોતાની બુદ્ધિ, સત્તા અને દ્રવ્યના સાધનવડે સંકટમાંથી છોડવવા યત્ન કરતો અને સફળ થાય ત્યાંસુધી વિરામ પામતો નહી. કંઇક ઉપરીઓપર લાંચના અથવા બીજી રીતે કસુર કરવાના આરોપના પ્રસંગ આવેલા; કંઇકને પોતાના કામમાં ગુંચવારા ભરેલા અને આંટીના પ્રશ્ન ઉઠેલા; કંઇક પ્રજાવર્ગના રાગદ્વેષના પાત્ર થયેલા અને તેમનાપર તરકટ ઉઠેલાં; કંઇક પોતાના ઉપરી અમલદારોના અભિમાન અથવા દુર્ગુણ અથવા દ્વેષના બલિદાન થયેલા;—એવા એવા સર્વ ઉપરીઓને માનચતુરે પોતાની બુદ્ધિથી સવળા માર્ગ બતાવેલા અથવા ખરેખરી સહાયતા આપી સૂક્ષ્મ પ્રસંગોમાંથી ઉગારેલા હતા. તેઓ માનચતુરની બુદ્ધિની પ્રશંસા કરતા અને ઉપકારના બંધનથી એના દાસ થતા. જે કોઈ ઉપરી માન-ચતુરથી વિરુદ્ધ થયો તો માનચતુરની બુદ્ધિ અને સત્તા તેને ફસાવ્યા વિના રહેતી નહી. એ ઉપરીના કુટુંબમાં કંકાસ રોપાતો, એ ઉપરીની સામે તેના ઉપરી પાસે ફરીયાદો જતી, એ ઉપરી પોતાના ઉપરીનો વિશ્વાસ ખોતો, લોકમાંથી પ્રતિષ્ઠા ખોતો, તેને હજારો વેરીયો ઉભા થતા, તેના સામે અપવાદ અને અપકીર્ત્તિ આવતાં, ઘરમાં અથવા રસ્તામાં માર ખાવાનો તેને નિરંતર ભય ઉત્પન્ન થતો, તેના મિત્રો ફુટતા અને શત્રુ જેવા બનતા, અને

તે કાયર કાયર બની જઇ માનચતુરને પ્રસન્ન કરે ત્યાર સુધી સ્વસ્થ થવા પામતો નહી. જે માણસ ઉપરીને આ પ્રમાણે સતાવે તેનાથી હાથનીચેનું મંડળ કંપે તેમાં નવાઇ શી? હાથ નીચેનાં માણસોને એ બકરાં જેવાં ગણતો, ચાલતાં સુધી તેમને સતાવવાં એ બહુ હલકું માનતો, અને તેમને આશ્રય આપવામાં પોતાની વડાઇ લેખતો. તેમની ખુશામતથી છેતરાતો નહી પણ ખુશામતથી આનંદ માનતો તેમજ તેમનું કલ્યાણ કરવામાં પણ આનંદ અને મ્હોટાઈ માનતો. લુટવો તો રાજાને ને મારવો તો હાથીને એ એનો સિદ્ધાંત હતો. ગરીબ માણસો પાસેથી અથવા દ્રવ્યવાન પણ ધર્મિષ્ઠ અને ભલાં માણસ પાસેથી તે કદી પઇસો સરખે લેતો નહી અને તેનું કામ ચ્હાઇને મફત કરી આપતો. કોઇ લુચ્ચા કે એવા માણસ મળ્યા તો તેની પાસેથી ચુસી ચુસીને પઇસા ફ્હડાવી લેતો અને તેને ત્રાહિ ત્રાહિ ફ્હેવરાવે તે વગર તેનું કામ કરતો નહી. અને કામ થયા પછી પણ જન્મારા સુધી એ લોક પોતાના દાસ થઇ બંધનમાં રહે એવી રચના કરતો.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

46.

જ્યારે કરણ બાગલાણ શેહેર આગળ આવ્યો, ત્યારે તે થાકથી તથા ઘાથી એવો અશક્ત થઇ ગયો હતો કે તેનું આવર્દા પૂરૂં થવા આવ્યું છે એમ જાણી દરપાળે તેને તે શેહેરમાં રાખ્યો, અને તેની એવી અવસ્થાના સમાચાર રામદેવને દેવગઢમાં કેહેવડાવ્યા. નિર્બળને આશરો આપવો એ રજપૂતનો તથા તે વખતના રાજાઓનો મુખ્ય ગુણ હતો; અને અગર જો તેને દિલ્હીનાં પાદશાહનો ઘણો ધાક હતો, અને તેને આશ્રય આપ્યાથી અલફખાંને ઘણો ક્રોધ ચઢશે એમ તે નક્કી જાણતો હતો તોપણ આવી વખતે દૈવકોપથી દુર્દશામાં આવી પડેલા તેના કરતાં સઘળી વાતે શ્રેષ્ઠ એવા ગૂજરાતના રાજાને મરવાને નિરાંતની જગા આપવાની તેનાથી ના કેહેવાઇ નહિ. ત્યાં રેહેવાની રજા મળી એટલે તેને તે કિલ્લામાં રાખ્યો, અને જે વૈદ્યો મળી આવ્યા તેઓના ઉપચાર કરવામાં આવ્યા. પણ ઘા ઘણા કારી વાગેલા, તથા તેના મનમાં મહાભારત તોફાન ચાલતું, તે સાથે આ સઘળા બનાવથી તેની નિદ્રા અથવા આરામનો પણ નાશ થયો હતો, તેથી અગર જો મોત તો અટક્યું તોપણ પીડા ઘણીજ વાર પોંહોંચી, અને વૈદ્યોના ઉપાય તેના ઘા ઉપર કેટલીએક વાર સૂધી તો બિલકુલ ચાલ્યાજ નહિ. જ્યારે તે શરીરની તથા મનની પીડાથી ટળવળતો તથા બરાડા બરાડ પાડતો હતો, જ્યારે તે મહા વ્યથામાંથી છૂટવાને સારૂ ક્ષણે ક્ષણે મૃત્યુની પ્રાર્થના કરતો તે વખતે પરમેશ્વરે તેની સામું જોયું. તેનું આટલું કષ્ઠ જોઇને પરમ દયાળુ ઇશ્વરને કરૂણા આવી. તેના દુઃખરૂપી અરણ્યમાં સુખનો પાણીને ઝરો દેખાયો. તેની અવસ્થાના અંધકારમાં શાન્તિનું કિરણ પ્રકાશ્યું. તેની દુર્દશાની

તપેલી ભોંય ઉપર દિલાસારૂપી ઓસનાં ટીપાં પડ્યાં, અને આફતનો શેતાન તેને ઉપદ્રવ કરતો તેમાંથી તેનું રક્ષણ કરવાને બે ફિરસ્તા જાણે આકાશમાંથી ઉતર્યાં.

(કરણ ઘેલો.)

47.

એક સમયે એ રીતિએ એશિયાખંડનો ઉદય પણ હતો; અને આજ પ્રમાણમાં અસ્ત પણ છે. જે સમયે એશિયાખંડ પ્રકાશતો, તે સમયે યુરોપ અને અમેરિકામાં અંધકાર હતો. તેની આજ કેટલાક વિષયમાં કેવી વ્યુત્ક્રમ સ્થિતિ ! આજ યુરોપના, અને તેમાંથી પણ તે ખંડના ઉપગ્રહ જેવા દૂરના લઘુ બેટના પુરુષો એશિયા ખંડમાંજ પૂર્વ ઉત્પન્ન જ્ઞાનબલના સહકુટુંબ સાધનથી, તેજ એશિયાખંડના ઉદયનો મહામણિ જે ભરતખંડ, તેના ઉપર, રાજ્ય ચલાવે ! અહો ! આ કેવું અદ્ભુત અવસ્થાન્તર ! આજ યુરોપ અને અમેરિકાખંડો પ્રવૃત્તિમાર્ગમાં એશિયાખંડથી કેટલા ચડતા છે ! કાલચક્રમાં એશિયા અને ધૂલિમાં રગદોલાઇ ઉપરનાનો ભાર વેઠી દુઃખ સહે છે; અને યુરોપ પોતાનો ભાર એશિયાખંડ ઉપર મૂકી તેના ઉપર ઉચ્ચસ્થાને રમી રહ્યું છે. દેશની તેમ નગરની પણ એજ રીતિએ ચડતી પડતી થાય છે. આપણા આર્યાવર્તમાંજ જોઇએ. અયોધ્યા અને હસ્તિનાપુર જેવાં નગર ક્ષય પામતાં ગયાં; અને કલકત્તા જેનું તે વેલા નામ પણ નહિ તે આજ સર્વોપરિ રાજધાની. વલી વલભી અને અણહિલ્લપુર, જ્યાં એક સમયે લક્ષ્મી સરસ્વતીના જલને મસ્તક ઉપર લઈ પ્રતિગ્રહ જઈ તત્રત્ય લોકોની તૃષા મટાડી, સુખી સંતોષી કરતી, તેનાં નામ પણ થોડાજ જાણતા હશેઃ અને આ મુંબઇ પુરી ! જ્યાં બસેં ત્રણસેં વર્ષ ઉપર એકલા માછી અને ભોઈનાં ઝુપડાં અને ચાલ પણ પૂરાં ન હતાં, અને પાટણની ઉદયવેલામાં જ્યાં કદાપિ મનુષ્યની દૃષ્ટિ પણ નહિ પડી હોય, તે મુંબઇ આજ જુવો ! તે જગત્પ્રસિદ્ધ એક સુંદરપુરી થઇ રહી છે. મુંબઇનાં કહેવાતાં ઝુપડાં જેવી આજ અણહિલ્લપુરમાં નવી નવી હવેલી પણ નહિ હોય. અને મુંબઇમાં પોતામાંજ જુવો. જ્યાં ધૂલિ ઉડતી હતી ત્યાં "એલ્ફિન્સટન સર્કલ" અને જ્યાં પથ્થરનો મહા બલવાન્ કોટ હતો ત્યાં આજ કંકરો ઉડે છે! 'બૅક બે' આગલ જ્યાં જલ હતું ત્યાં સ્થલ અને વલી તે ઉપર લોહમાર્ગ અને અગ્નિરથ !

(અસ્તોદય.)

48.

જ્યારે પરમાર રાય જેતસીની લાડકડી પુત્રી ઉપર પ્રમાણે રાજગઢીની રાવઠીમાંથી સુંદર દેખાવ જોઇ વધારે વધારે મુંઝાતી હતી ત્યારે આબુના મોટા અગ્નિકુંડને માર્ગે ત્રણ ઘોડેસ્વાર અચળગઢ તરફ જતા હતા. એ ત્રણે પ્રવાસી

જુવાન હતા, મુંછના દોરા તેમને હજી હવે ફૂટતા હતા પરંતુ શરીરે તેઓ કદાવર અને પ્રફુલ્લ હતા. તેમનાં વિશાળ કપાળ ઉપર જુવાનીનું શૌર્ય અને ઉત્સાહ ચમકી રહ્યાં હતાં. એ ત્રણમાંના એકનો ઘોડો, ચહેરો અને પોશાક જોનારને સહજજ અનુમાન કરી આપતાં હતાં કે, અચળગઢ તરફ જનારી નાની મંડળીનો તે અધિપતિ છે. તેમણે હથિયાર બાંધેલાં હતાં અને ઘોડા ચંચળ પણ છટાદાર ચાલથી પર્વતના પ્રદેશમાં ચાલ્યા જતા હતા. ભિલ્લ તથા ભરવાડ તો આ પ્રવાસીઓને જોઇનેજ નાશી જતાં હતાં. તેઓ લાંબેથી આવતા હતા પરંતુ જમીન ઉપર પથરાયલી લીલી વનસ્પતિના આચ્છાદન ઉપર થઇને એટલે કુદરતની લીલી સેતરંજી ઉપર થઇને ઘોડા ખેલાવી જતાં; ફળ અને પુષ્પના ભારથી લચી પડતી શાખાઓવાળાં વૃક્ષોમાં સામસામે બેશી કલ્લોલ કરતાં પક્ષીઓના કલકાર જોતા જતાં; અંબત્રીની વેલથી ઢંકાઇ ગયેલાં થડવાળા આંબાઓ ઉપર બેઠેલાં કુરર પક્ષીના તીણા અને મનોહર શબ્દોથી પ્રતિધ્વનિત થતી દિશાઓમાં થઇને આગળ વધતાં; સામસામે વિસ્તાર પામતી શાખાઓનાં પરસ્પર ગ્રથન થઇ જવાથી આંબામાં દેખાતાં નીંબનાં ડાળ અને નીંબમાં દેખાતાં અશોકનાં ડાળને શોધી કાઢવા નીચી જતી, અને ત્યાં સાંદ્ર ઘટાથી અત્યંત શીતળ લાગતા પ્રદેશમાં ચોંટી જતી આંખને મહા મહેનતે પાછી ખેંચી લેતા જતાં; સો વર્ષે એકજ વાર જેને પુષ્પ આવે છે એવા વૃદ્ધ ચંપાનાં પુષ્પથી સુગંધવાન થયેલા સમીરણથી ઘ્રાણેંદ્રિયને તૃપ્તિ આપતા જતાં; ગાળેલા રૂપાના પ્રવાહ ઉતરી આવતા હોય એવા નાના નાના નિર્ઝરોનાં શીતળ અને મિષ્ટ જળ પાઇ ઘોડાના શ્રમને દૂર કરતા જતાં; જુવાનીના જોરમાં મત્ત થઇ સીસમ કોરવા બેઠેલા લક્કડખોદના ચંચુ પ્રહારથી થતા તાંબાના રણકા જેવા અવાજની સામે ભડકેલા ઘોડાઓને ચલાવી જતાં; ઢોળાવ ઉપરથી ખીણના અને ખીણમાંથી ઢોળાવના દેખાવો જોઇ તેની રમણીયતાનો ખ્યાલ કરતા જતાં; પવિત્ર અને પુરાતન દેવાલયો ઉપર ચમર કરતાં હોય તેવાં, પવનથી ઝુલી રહેલાં શિખર ઉપરનાં સોપારી વૃક્ષોની શોભા જોતા જતાં; અને ઘાડાં અઘોર જંગલ, રમણીય ખેતરો, ધોવાયલી રેતીને લીધે સ્વચ્છ દેખાતા નિતંબવાળી નદીઓનાં ભાઠાંના પ્રદેશ, આંબાવાડીયાં, આસોપાલવ, મધુક, નાગ અને પુન્નાગના વજીફા તથા આંખને ઝંખાવી નાખે એવા ફાટી ગયેલા આરસના ડુંગરોના પ્રદેશમાં થઇને જતાં—તેમને માર્ગ શ્રમ લાગ્યો હોય એમ જણાતું નહોતું. ઉત્સાહભેર આગળ ચાલતાં આકાશને ટેકો દીધો હોય તેવા અચળગઢના મિનારા તેમની નજરે પડ્યા. અનેક ચોમાસાંને પસાર કરવાથી કાળાં પડી ગયેલાં, વિજળીઓ પડવાથી ચીરાઇ ગયેલાં, . અને ઝીણાં ઝીણાં ઘાસથી વિચિત્ર લાગતાં પ્રાચીન દેવાયલોનાં ધાબાં અને ઘુમ્મટ પણ થોડુંક આગળ ચાલતાં જણાવા માંડ્યાં, ચંદ્રમાના અમૃતથીજ માત્ર વૃદ્ધી પામી રહ્યાં હોય એવાં ઋષિશૃંગ ઉપરનાં ખર્જુર વૃક્ષોની ઘટા તેમને સ્પષ્ટ દેખાવા માંડી ત્યારે ભગવાન્ સૂર્યનારાયણ આમથી ગયા અને સેતુ ટૂટતાં જેમ મોટા સાગરનું

પાણી સપાટ પ્રદેશમાં ફેલાઈ જાય તેમ અજ્ઞાનનાં હૃદયના જેવી ઉંડી ગુંફાઓમાં રહેલો અંધકાર દિશાઓમાં ફેલાઇ ગયો.

પવન પડી ગયો, ઘોડાના પગના પડઘા પડવા માંડ્યા, પક્ષીઓનો કોલાહલ શાંત થયો, અને ક્ષિતિજનાં વાદળ મધ્ય ગોલક તરફ આવવા માંડ્યાં. સંધ્યાકાળ થયો છતાં તેઓ ઉભા રહ્યા નહિ. ડુંગર ઉપરનાં તાપણાં અને ધૂણીઓને આધારે ઘોડાઓને કંઇક વધારે ઉતાવળા ચલાવતાં તેઓ કિલ્લાની સામેના ઢોળાવ ઉપરથી નીચે ઉતરવા લાગ્યા એટલામાં વદ પાંચમનો ચંદ્રમા ઉગ્યો. ચક્રવાક પક્ષીના કલકલાટે, ચકોરની ઉત્સુકતાએ, દિગ્સુંદરીનાં હસતાં વદને, અને તિમિર ભેદી આકાશની આરપાર નીકળી ગયેલાં દુગ્ધધવલ કિરણોએ પ્રવાસીઓને પ્રસન્ન કર્યા. વ્યોમગંગાની ઝળકી ઝાંખી થઈ, ઉષ્ણ વરાળનાં વાદળ બંધાયાં, કિંચિદ્ ભીનો પવન વહાવા લાગ્યો અને દિગસુંદરીના લલાટમાં તિલક કર્યું હોય તેવું ચંદ્રમાનું બિંબ ક્ષિતિજમાંથી ઉંચે ચઢતું જણાયું. ઉગતા ચંદ્રનાં દર્શન કરી એક જણ બોલ્યો કે, ‘ યુવરાજ ! ચંદ્રમા ઉગ્યો અને આપણે પરમારોના પ્રાચીન મહાલયના આંગણામાં આવી પહોચ્યા. ’ લાંબી વાટનો શ્રમ સફળ થયો અને નિર્વિઘ્ન ધારેલે ઠેકાણે આવી પહોચાયું. તેને માટે ઇશ્વરનો આભાર માનતા અને વાતો કરતા તેઓ ઢોળાવ ઉપર ચઢી મિનારાઓવાળા ચોગાનમાં આવી ઉભા રહ્યા.

(**પૃથુરાજ ચૌહાણ અને ચંદ બરદાયી.**)

49.

આ જગતમાં આપણે જન્મીએ છીએ અને મરીએ છીએ. જે ટુંકી મુદ્દત આપણે આ દુનિયામાં વાસો કરીએ છીએ તેટલી ટુંકી મુદ્દતમાં આપણે સૌ પોતપોતાનું કામ કરી લઇ આપણો મુકામ ઉઠાવીએ છીએ; અને ગયા પછી શું રહી જાય છે ? કરોડો માણસ જગતમાં આવ્યાં અને ગયાં; તેઓની નામ નિશાની કાંઈ રહેલી છે ? તેઓ પૃથ્વી ઉપર થઇ ગયાં તેનાં ચિન્હો નજરે પડે છે ? સઘળાંનાં નહિ. ઘણા ખરા તો કાળની મોટી રેલમાં ઘસડાઇ ગયા, અને તેઓ હતાજ નહિ એમ લાગે છે; પણ થોડાએક તો દરિયામાંના ખડકની પેઠે મજબૂત ઉભા છે, અને તેઓ ઉપરથી કાળરૂપી રેલ જોરથી ચાલી ગઇ તોપણ તેઓના પાયા હજી રહેલા છે, અને અનંત કાળ પર્યંત તેઓ અચળ રેહેશે. એ પાયા રહી ગયા તે શું ? તેઓનાં નામ; તેઓની આબરૂ; સારૂં નામ એ એક અમુલ્ય વસ્તુ છે; તેની કિમ્મત આખા જગતના સોનાં રૂપાં, હીરા, મોતી, વગેરે ઝવેરાત કરતાં પણ ઘણીજ વધારે છે. જેની પાસે સારૂં નામ છે તેના જેટલો શ્રીમંત બીજો કોઇ નથી. બીજી સઘળી દોલત નાશવંત છે, પણ સારૂં નામ અમર છે. બીજી દોલત તો ખૂટી જાય છે, અને તે દોલત મેળવનારાનું નામ એક બે પેહેડી પછી નાશ પામે છે; પણ સારૂં નામ ધ્રુવના તારાની પેઠે અચળ રહે છે. દુનિયામાં

લોકો પોતાના વંશવડેજ આ લોકમાં અમર રેહેવાની આશા રાખે છે. તે ખોટી છે, એ પ્રમાણે તો એક અથવા ઘણું તો બે પેહેડી સુધી તે ઓળખાય છે; પણ પછી તેનું મીઠું વળ્યું. તે હતો અને નહિ હતો એ સરખુંજ થાય છે; પણ સારૂં નામ એ તો જગતને એક મોટો વારસો આપી જવા જેવું છે. સારા નામવાળાનું સ્મરણ કાયમ રાખવાને વંશની જરૂર નથી; તે તો અંધકારમાં સૂર્યના એક કિરણની પેઠે પ્રકાશ્યાં કરશે. સારૂં નામ અથવા આબરૂ એ એક મોટી વસ્તુ છે. સઘળાને તે પારસમણી મેળવવાની આતુરતા હોય છે; સઘળાઓ તે અમુલ્ય હીરો પ્રાપ્ત કરવા મેહેનત કરે છે; પણ સઘળાના પ્રયત્ન સફળ થતા નથી. જેઓએ પોતાના અંગની, મનની, અથવા નીતિની શક્તિવડે જગતમાં મોટા તથા અગત્યના ફેરફાર કીધા છે તેઓનાં નામ અમર રહી ગયાં છે. વળી જેઓએ અસાધારણ કામો કીધાં છે, એટલે જેઓએ સત્યને વાસ્તે અથવા આબરૂને વાસ્તે પોતાનો દેહ અર્પણ કીધો છે, તેઓનાં નામ તેઓના દેશના અને વખતે આખી દુનિયાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાયલાં છે. જગતમાં નામ મેળવવા ખાતર મરવું કોણ કબુલ નહિ કરે ? જે માણસ થોડા દહાડા વધારે દુનિયાની જંજાળ તથા ફિકર ખમવા સારૂ પોતાનું સારૂં નામ જવા દે છે, પોતાની આબરૂ ખોવાનું કબુલ કરે છે, તે ખરેખરો અધમ જાણવો; તેનાં કોઇપણ વખાણ કરતું નથી; અને જ્યારે તે મરે છે ત્યારે જેમ વાડીમાંથી નકામા છોડવા નીદાઇ જાય છે, અને ઉખડી છુંદાઇ જાય છે, જેમ કીડો ભોંય ઉપર ઘસડાતો ઘસડાતો ચાલતાં પગ તળે કચરાઈ જાય છે અને તેને કોઇ ગણતું નથી, જેમ એક પશુ જંગલમાં મરી જઇ સડ્યાં કરે છે, તેમ તે હતોજ નહિ એવો થઇ જાયછે; અને દરિયાના કિનારા ઉપરની રેતીમાંનો એક દાણો ઉડી જવાથી કાંઇ ખોટ જણાતી નથી તેમ જગતમાં માણસની કુલ સંખ્યામાંથી તે ઘટેલો કોઇને લાગતો નથી. તેને કોઇ આબરૂ આપતું નથી; તેને વાસ્તે કોઇ રડતું નથી; અને તેની કીર્તિ વધારવાને કવિ તેની કવિતા બનાવતા નથી. સઘળાં માણસો આ પૃથ્વી ઉપરની ટુંકી મુસાફરીથી તૃપ્ત થતાં નથી. તેઓને ઘણાં વર્ષ દુનિયામાં જીવવાની ઇચ્છા હોય છે, અને જ્યારે તેઓ એટલી મુદ્દત સૂધી જગતમાં ટકી સકતા નથી, ત્યારે થોડાં વર્ષ પૃથ્વી ઉપર ને બાકી રહેલાં વર્ષો માણસોના સ્મરણસ્થાનમાં જીવવાને પ્રયત્ન કરે છે. માણસની જરૂર હમેશાં ભવિષ્ય ઉપર દોડે છે, અને ગમે તેવો હલકો માણસ હોય તોપણ પોતાનું નામ અમર રહે એવી તેનામાં સ્વાભાવિક ઇચ્છા હોય છે.

(**કરણ ઘેલો.**)

50.

મહારાજ, રણસંગ્રામ સરખું દુખકારક અને ત્રાસદાયક વિશ્વમાં બીજું સ્થળ કયું છે ? જુવાન મદમાતા રંગડ, માબાપ સ્ત્રીના પ્રાણ, બનીઠની તેજી ઘોડા પલાણીને ઉમંગે જાય છે તે શું વિવાહે ? અરે ! વિવાહે નથી જતા, પણ તે વહાલાંને

રોજનાં રડતાં કરવાને જાય છે. યશ અને ધનની જુઠી ભુરકીમાં ભુલાઈ, તપસ્વીને ધ્યાન કરવા જોગ રમણીક અને એકાંત સ્થળમાં તેઓ ઉન્મત્તપણે પ્રવેશ કરીને, મનુષ્યનો દરિયો રેલરેલ કરી મુકેછે. સુભટોની લલકાર, વાજીત્રોના નાદ, ઘોડાના ખુંખારા, અને એ સઘળાનો આકાશમાં એકરૂપ થઇને જે પ્રત્યાઘાત પડે છે તેની ગંભીર ગર્જનાથી સઘળું વન એવું જાગી રહે છે, કે સઘળા માણસોનો બુદ્ધિવ્યાપાર બંધ થઇ જાય છે. અને "મ્હારૂં મ્હારૂં" જઇને "મારૂં મારૂં" એવીજ માત્ર મનોવૃત્તિ થઇ રહે છે. પછી એવા લાખો મદાંધ પુરૂષો હડકાયલાં કુતરાંની પેઠે એક બીજાના પ્રાણ લેવા મંડી જાય છે. પ્રલય કાળની ન્હાની સરખી, પણ ખરી મૂર્તિ, રણક્ષેત્ર છે. જે માથા ઉપર રત્નજડિત શિરપેચ શોભતા હતા, તે હજારો બંધ માથાઓ ધૂળમાં પગતળે ચગદાય છે, જે આંખો પ્રેમદાને અમીરસ પાતી હતી, તે હાલ ફાટી બિહામણી દેખાય છે, જે પુરૂષોના શબ્દથી મ્હોટી મ્હોટી સેનાઓ કાંપતી હતી, તે પુરૂષો સદાનું મુનિવ્રત લઇને શત્રુના ટુંકારા ખમતા પડ્યા છે, જેના પગના ધમકારે પૃથ્વિ ધ્રુજતી હતી, તે કેવળ નિર્બળ થઇને યમપુરીમાં કૃત કર્મોનો ઉત્તર આપવા ગયા છે. અરે! ચોતરફથી આખા મેદાનમાં દુખની કારમી ચીસો કાને પડે છે. નજર નાખતાં લોહી લોહી અને માંસ માંસ શિવાય બીજુ કાંઇ દેખાતું નથી. અરે! આ તો મ્હોટી ચાર કોશની કસાઇની દુકાન છે—તેમાં વેચનારો તે લોભી રાજા, ઘરાક કાગડા ને ગીધ, અને હલાલ કરનાર પેલી અભાગણી સેના.

(**નવલગ્રંથાવલી.**)

51.

"અર્ધા પ્રહર સુધી તુમુલ યુદ્ધ થયું; હવામાં ભમરાની પેઠે બાણ હનહનાટ કરવા લાગ્યા; ચૌહાણના ઘણા યોદ્ધા મરાયા; ચાલુકયની ઘણી હારો હાથિયોની પેઠે રણમાં પડી; એ પ્રમાણે પૃથીરાજે પોતાના પિતાનું વૈર વાળ્યું. દૈવે હાથમાં પ્યાલા લઇને મંત્ર ભણ્યા; હિંસ્ર પ્રાણિયોએ તેમની ભૂખ તૃપ્ત કરી; યોદ્ધાઓનાં શરીર લાલ ચોળ પુષ્પવાન ઝાડના વન જેવાં દેખાવા લાગ્યાં. પૃથુરાજે કોપીને પોતાનો ઘોડો મારી મૂકયો; તેની ખરીની પડઘીથી પૃથ્વી ધ્રુજવા લાગી, જેમ પીપળાનાં પાંદડાં પવનથી ધ્રુજી જાય તેમ શત્રુની હાર ડગમગવા લાગી; બાણથી આકાશ એવું છવાઇ ગયું કે પક્ષિયોને ઉડવાને પણ માર્ગ મળવા માંડયો નહિ; ભયંકર યુદ્ધ મચ્યું. યોદ્ધાઓના એક બીજા ઉપર ઘા પડવા લાગ્યા, તે જાણે લુવારની હેરણ ઉપર ઘાણ પડતા હોય એમ દીસવા લાગ્યું; આ યુદ્ધમાં જે સામંતો પડ્યા તેજ જીવ્યા. છેવટે ચાલુકયની સેના સ્વર્ગમાં જવાનો માર્ગ છોડીને પાછી નાઠી. દેવ દાનવો બોલી ઉઠયા કે, "જે ક્ષત્રિય સૂર્યનો માર્ગ ભેદીને સ્વર્ગમાં પ્રવેશ કરે છે તેને ધન્ય છે." ઘોડા ખોંખારવા લાગ્યા; તરવારો

ખખડવા લાગી; સિપાઇયો રાજાના સોગન દઇને એક બીજાને શૂર ચડાવા લાગ્યા. વામને જ્યારે ત્રણ ડગલાં ભર્યાં ત્યારે એક જગત જીત્યા, પણ યોદ્ધાઓ માત્ર એકજ ડગલું આગળ ભરવાથી ત્રણે જગત જીત્યા. વીરોની સાથે રુદ્ર જેમ રમે છે, તેમ તેઓ નાચવા લાગ્યા. જેમ ચાલુક્યની સેનાની હાર તૂટવા લાગી તેમ ચૌહાણુની હાર બળિષ્ઠ થવા લાગી, ઘણાએક યોદ્ધા ઘવાઇને પડ્યા ખરા તથાપિ ધ્રુવના તારાની પેઠે સેના અચળ થઇ રહી. જેમ ઘડી ઠોકવાની ઝાલર ઉપર મોગરીનો માર પડે તેમ તેમના ઉપર ઘાનો વર્ષાદ વરશી રહ્યો તથાપિ તેમની હારો ડગમગી નહિ. તે જોઇ ચૌહાણુ બોલી ઉઠયો કે આજે હું મારી ઇચ્છા પૂર્ણ કરીશ, અને ગુજરાતની ધરતીને રંડાપો આપીશ. ભીમને તેણે કહ્યું કે, "હવે તું બચવાનો નથી; સ્વર્ગમાં જ્યાં સોમ બેઠો છે ત્યાં હું આજે તને મોકલીશ." કણે પોતાના રાજાની પછવાડે રહીને તેને હિંમત આપી. સામ્ભર રાજાએ ભીમના ઉપર ઘા કરયા; જ્યાં પુનર્જન્મનું બંધન હતું તેના ઉપર તરવાર ફરી વળી. સ્વર્ગમાં દેવતા જય જય કરી રહ્યા. ભીમદેવ પડયો. તેના અવાજ થવા લાગ્યા તેથી શંભુએ પોતાનાં નેત્ર ઉઘાડ્યાં. અપ્સરાઓ જોવાને આગળ ધશી આવી; વિજયી પૃથીરાજના ઉપર સ્વર્ગમાંથી પુષ્પનો વર્ષાદ થયો અને ભીમદેવ વિમાનમાં બેશીને દેવલોકમાં ગયો.

(**પૃથુરાજ ચૌહાણુ અને ચંદ બરદાયી.**)

52.

હવે ઉત્તમ કવિ તે કોણ તે વિષે હાઝિલીટનું મત આ છે: જે કવિ કુદ્રતસંબંધી આપણા વિચારને બેહદ પ્રૌઢત્વ આપે છે, અથવા દિલના જોસ્સાને બેહદ જોર આપે છે, જેનો તર્ક જબરો, જેનો પ્રેમ શ્રેષ્ઠ, જેનું ઇશ્વરી સૌંદર્યવિષે રસજ્ઞાન ઉભરાતું અને માણસ જાતના દિલમાં જે જે વિકારો ઉત્પન્ન થાય છે તેનો જાણનાર તે ઉત્તમ કવિ. ખૂબસુરતી, શક્તિ અને જોસ્સાનાં તત્વો જે મન છાતીમાં હોય છે તેણે કરીને, દુનિયામાં જે જે સુંદર, ઉચ્ચું ને ગંભીર છે તેને જે પોતાનાં જાણે છે—(સર્વનું જેને રસજ્ઞાન છે) તે ઉત્તમ કવિ સમજવો. તેની કવિતા એવી હોય છે કે તે સર્વ માણસોની ઇંદ્રિયોને, વિચારોને, અને તેઓનાં દિલને અસર કરતી રીતે ખરેખરી માલૂમ પડ્યા વગર રહેતી નથી—જાણે કે તે પોતાનાં મનના ઊંડા સાંચા અને કુદ્રતને મળતા એવા વિચારથી કુદ્રતના જીવ જોડેજ વ્યવહાર રાખતો હોયની તે પ્રમાણે. સઘળાં ઠેકાણાંના સઘળા વખતના સઘળા માણસોની લાગણીઓને પોતાની લાગણી સાથે મેળવી દેવી, તેઓને આગળથી જાણવી અને લખી રાખવી, પોતાના વાંચનારા સાંભળનારાઓનામાં પણ તેવીજ અસર કરવી અને ટૂકામાં કુદ્રતનું સંપૂર્ણ રસજ્ઞાન મેળવી તે પ્રમાણે કહાડી બતાવવું એ ઉત્તમ કવિનું કામ છે. સાચા અને મોટા કવિનાં મનમાં ઇશ્વરી લીલાનો અનુરાગ એ મુખ્ય હોય છે તે પોતાની સ્તુતિ-

સંબંધી વાત છેક્ષી હોય છે અથવા નથી. જે કવિ અને સ્ત્રી પોતાને વિષે હુંપદ ધરે છે ઠગાય છે.

(નર્મગદ્ય.)

53.

શેહેરમાં અનાજની ખોટ હતી એ ઉપર કહેલુંજ છે. જ્યારથી શેહેરમાં લશ્કરનો તથા આસપાસના ગામના લોકોનો જમાવ થયો ત્યાર પછીજ અનાજ ઘણું મોઘું વેચાવા લાગ્યું, અને પેહેલ વેહેલાં તો ગરીબ લોકોનો મરો થયો. પણ લડાઈ જલદીથી પૂરી થશે, અને અનાજ બહારથી આવી પહોંચશે એ આશાથી લોકો ધીરજ રાખી દુઃખ વેઠી બેસી રહ્યા. પણ લડાઇનો પાર આવ્યોજ નહિ, અને દુકાનોનો સઘળો માલ ખપી ગયો; સિપાઇઓ તથા બીજા લોકો બુમાબુમ પાડવા લાગ્યા; રસ્તામાં રોજ ઘણા લોકોનાં મુડદાં પડેલાં દેખાતાં હતાં; લોકો છેક નિરાશ થઇ ગયા; અને ભૂખના માર્યા ઘેલા જેવા થઇને લુંટવા નિકળ્યા. એક સવારે શેહેરનો તમામ કચરો એટલે હલકા લોકો હથિયાર લઈ નિકળ્યા, અને બધે ઠેકાણે પથરાઈ જઇને લોકોનાં ઘર ફાડી માંહે પેઠા. તેઓની જોડે લશ્કરના સિપાઇઓ પણ શામેલ થયા, અને દરેક ઘરમાં અનાજનો જે સંગ્રહ હતો તે લઇ ગયા. રસ્તામાં કાપાકાપી ચાલી, લોહી વહ્યું, મુડદાંઓ રસ્તામાં પડ્યાં, અને શોરબકોર સઘળે થઇ રહ્યો. દ્રવ્યવાન લોકોએ ગમે તેટલો અટકાવ કીધો પણ તેમ કરવામાં ઘણાના જીવ ગયા, તોપણ તેઓનું કાંઇ ફાવ્યું નહિ. તેઓનાં ઘરનું સઘળું અનાજ લુંટાઈ ગયું, અને હવે તેઓને ભૂખે મરવાનો દહાડો આવ્યો. પણ થોડા દહાડા વહી ગયા એટલે પેલું લુટેલું અનાજ થઇ રહ્યું, એટલે પાછા સઘળા સરખા થઇ ગયા. હવે દુકાળ રાક્ષસે પોતાનું ખરેખરૂં રૂપ પ્રકાસ્યું, અને હવે ભૂખનું દરદ સઘળાને સરખું લાગવા માંડયું. આવી વખતે બિચારા લોકોની દુર્દશાનું યથાસ્થિત વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે. જો બરાબર થઈ સકે તો તેથી દયાવૃત્તિને ઘણો આંચકો લાગે, ને શરીરમાંનું સઘળું લોહી ઠરી જાય. રસ્તામાં લોકોના ચેહેરા જોવાથી ચિતળી ચઢ્યા વગર રહેજ નહિ. તે બિચારાં ભૂખે મરી ગયલાં માણસોનાં શરીર લોહી ઉડી જવાથી ધોળાં ફક જેવાં થઈ ગયાં હતાં; તેઓમાંથી માંસ તથા ચરબી પીગળી જવાથી હાડકાં સઘળાં બહાર નીકળી આવ્યાં હતાં; તેઓના ચેહેરા ફિક્કા સુકાઇ ગયલા, તથા ખડબચડા થઇ ગયલા હતા; અને તેઓ એવા તો બિહામણા થઇ ગયા હતા કે તેઓમાં અને મલીન ભૂતમાં કાંઈ અંતર રહેલું નહતું. વળી એવા ભયંકર ચેહેરા ઉપર તેઓના મનના સઘળા દુષ્ટ વિચારો બહાર નિકળી આવેલા હતા. દ્વેશ, અદેખાઇ, ક્રોધ, મરવા તથા મારવા વિષે બેપરવાઇ, તથા ભૂખમરાથીજ યમરાજાના દરવાજા આગળ આવી પહોંચેલા લોકોમાં જે જે નઠારા ગુણો પ્રકટ થઇ આવે તે સઘળા

તેઓના મ્હોં ઉપર સાફ માલમ પડતા હતા. સારાંશ કે તેઓના ઉપર ખુદ મોત આવીને બેઠું હતું, અને જો તે માણસનું રૂપ ધારણ કરે, તો તેનું સ્વરૂપ આ લોકોના જેવું બરાબર થાય. એ તો આપણે તેના બહારના દેખાવનું વર્ણન કીધું; પણ તેઓનાં મનમાં અવ્યવસ્થા થઇ રહી હતી, ભૂખને લીધે જે તેઓને મહાવેદના થતી હતી, તેનું વર્ણન તો વૈદકશાસ્ત્રમાં જેઓ પ્રવીણ હોય તેઓજ કરી સકે, તથા જેઓને તે વાતનો અનુભવ થાય તેનેજ તેની ખબર પડે. રસ્તે ચાલતાં ચાલતાં કેટલાંએક તમર ખાઇને પડી જતાં, અને તત્કાળ મરણ પામતાં; અથવા તેઓ એક બે દિવસ સુધી તેવી હાલતમાં રીબાયાં કરતાં. જ્યાં સઘળા ઉપર સરખીજ આપદા આવી પડેલી, ત્યાં એક ઉપર દયા પણ કોણ લાવે? તથા તેનું દુઃખ મટાડવાને કોણ ઉપાય કરે? માટે તેઓ રસ્તામાં બીજાં મુએલાં માણસોની સાથે જીવતાં પડી રહેતાં હતાં. કેટલાંએકથી તો બહાર નિકળાતુંજ ન હતું. તેઓ ભૂખથી એવાં અશક્ત થઇ ગયાં હતાં કે તેનાથી ઉઠાતું પણ ન હતું. તેઓ ઘરમાં સુતાં સુતાં બરાડા બરાડ પાડતાં હતાં. નાનાં નાનાં છોકરાં રસ્તામાં ટળવળતાં હતાં અને પછાડા મારી મારીને મરી જતાં અથવા મરણતોલ થઇને ભોંય ઉપર પડતાં હતાં. છોકરાંની મા ઘેલી જેવી આણીગમ તેણીગમ દોડતી, અને કડકા રોટલો જે તેણે છુપાવી રાખ્યો હોય તે પોતાના હાડ પિંજર જેવાં સુકાઇ ગયેલાં છોકરાંને ખવડાવતી, અને તેટલો સુકો રોટલો પણ કોઇ હરામખોર આવે તો તેના હાથમાંથી લઇ જાય માટે તે ચોતરફ જોયાં કરતી. કેટલીએક બાઇરીઓની નજર આગળ તેઓનાં નાનાં નાનાં કુમળાં બાળક તરફડીને મરી જતાં તેને જોઇ તે ડાળા બેબાકળા કરી મ્હોં ઉઘાડું રાખી ઉભી રહેતી. પોતાને ખાવાને મળે નહિ, એટલે દૂધ તો કયાંથીજ આવે? માટે ધાવણાં છોકરાં પીલાઇ પીલાઇને મરી જતાં હતાં. તેઓના દરદથી તથા ભૂખથી તેઓની માની પણ તેવીજ અવસ્થા થતી હતી. ઘરડા અશક્ત ડોસાઓ તથા ડોશીઓ પડી પડીને મરતાં હતાં. અને ભરજુવાનીમાં આવેલાં સ્ત્રી પુરૂષો પણ કાળચક્રના સપાટામાં આવી ગયાં હતાં. દુકાળની આગળ બધી જાતનાં, ઉમરનાં. તથા પદવીનાં માણસો સરખાંજ હતાં. મોત ચોતરફ ફરતું હતું. તેના હાથમાં ઘણું કામ આવી પડયું હતું. ગરીબ લોકોનાં મુડદાં રસ્તામાં, ગલીમાં, અને ઘરોમાં, કોહી જતાં હતાં. તેઓને બાળવા જવાની કોઇનામાં શક્તિ રહી ન હતી, તથા જ્યાં સઘળાંને મરવાની ધાસ્તી સરખીજ ત્યાં એક એકને શરમ તથા સંબંધ તો કયાંથીજ રહે?

(કરણ ઘેલો.)

54.

આ વિચાર કરણ રાજાને જરાપણ ગમ્યો નહિ. તે બોલ્યોઃ "તમારી સલાહ ઘણી ડહાપણ ભરેલી તથા ફાયદામંદ છે ખરી, પણ તે પ્રમાણે ચાલવું આપણા લોકને યોગ્ય નથી. શું આપણે બાયડીઓની પેઠે ઘરમાં ભરાઇ બેસી-

એ ! શું લડાઇમાં જીતવા જેટલું આપણમાં સામર્થ્ય નથી ? જો કદાપિ આપણો એક લડાઇમાં પરાજય થાય તોપણ શું આપણે એવા નિર્બળ થઇ જઇશું કે તેઓની સાથે બીજી લડાઇ કરી સકીશું નહિ ? શું રજપૂતોમાંથી પાણી ગયું ! શું તેઓનું શૂરાતન ડુબી ગયું ! શું તેઓ ઘાસ ખાય છે ? શું આપણે આળસમાં પડી વાણિયા વેપારીઓ જેવા કાયર થઇ ગયા ? આપણી આગળના રાજાઓએ જે શૌર્ય દેખાડયું છે તે સઘળું વ્યર્થ સમજવું ! જો આપણે ક્ષત્રી થઇને રાંડીરાંડ ડોસીની પેઠે ખૂણો પકડી બેસીએ તો આપણે પુરૂષ નહિ પણ વ્યંડળ જાણવા. રજપૂતોએ શત્રુથી બીહીવું ! એક કદી થાય નહિ. શૂરા સામંત સરદારો, આજ તમારી અક્કલ ઠેકાણે નથી. તમે તમારી સ્ત્રીઓની મસલત લીધી હશે, નહિ તો રજપૂત થઇ આવાં વચન તમે બોલો નહિ. એ ચંડાળ લોકોએ વગર કારણે એક બ્રાહ્મણના કહેવાથી સુતો સિંહ જગાડયો છે; તેઓએ સાપના મ્હોંમાં હાથ ઘાલ્યો છે; કાળને ખીજવી બોલાવ્યો છે; અને મોત પોતાને હાથે માગી લીધું છે; તેઓને દાટવાને પોતાના દેશમાં જગા ન મળવાથી આપણે ઇહાં આવ્યા છે. માટે હવે કાગડા, સમડી, તથા ગીધને મોટી ઉજાણી મળશે, તેઓનું આપણાં ખેતરો તથા વાડીઓમાં સારૂં ખાતર બનશે, અને વળી આવતે સાલ જ્યારે પાક સારો થશે, ત્યારે તેઓને મરવાનેજ જાણે પરમેશ્વરે મોકલ્યા એમ માની ખેડુતો ભગવાનનો પાડ માનશે. માટે લડવું, લડવું ને લડવું. કિલ્લામાં ભરાઇ બેસવું નહિ, પણ આપણી તલવાર ઉપર તથા સત્ય ઉપર ભરોસો રાખી રણસંગ્રામમાં ઉતરવું, પછી જે થાય તે ખરૂં. બાયડીઓની રીત પકડી જીતવું તે કરતાં લડાઇમાં પડવું એ લાખ દરજ્જે સારૂં છે.

(**કરણ ઘેલો.**)

55.

રાણો ખાચર શરીરે પાતળો, પણ કદમાં ઉંચો હતો. વૃદ્ધાવસ્થાની કરચલીઓ એના મુખ ઉપર હતી, પણ હઠીલી અને ખુનસભરી રજપુતાઇના આવેશે ભરેલી રતાશ એની ઝીણી પણ લાંબી આંખોમાં વીજળીની રેખા પેઠે ચળકતી હતી અને આંખોના ખુણા સુધી પ્રસરતી હતી. એની મુંછોમાં ધોળા વાળ ભળવા લાગ્યા હતા; છતાં તેના આમળા કાન સુધી વળતા હતા. એના ઓઠ લાંબા હતા, અને એ આખા જગતને કંઇ લેખામાં ગણતો ન હોય એવો અભિમાની તિરસ્કાર એ આંખો અને ઓઠમાં સ્ફુરતો હતો. એ હસતો ત્યારે પણ એના હાસ્ય સાથે કોઇક કટાર ઝઝુમતી હોય એમ લાગતું હતું. એક કોચના બે છેડા ઉપર બેઠેલા સસરો--જમાઇના દેખાવમાં સર્વાંગી વિરોધ સ્પષ્ઠ હતો, અને આકાશના મધ્ય ભાગમાં ચંદ્ર અને ધૂમકેતુ પાસે હોય ત્યારે લાગે તેમ સૌમ્ય મણિરાજ અને તીવ્ર-ઉગ્ર ખાચર લાગતા હતા.

(**સરસ્વતીચંદ્ર,** ભાગ ૪ થો.)

56.

દેવળદેવીની સ્થિતિ સુખદાયક તથા દુ:ખદાયક એ બન્ને હતી. અગર જો સાચા તથા પવિત્ર પ્યારનો રસ્તો નિર્વિઘ્ન હોતો નથી, અગર જો તે રસ્તો ઘણો વિકટ તથા ખડબચડો હોય છે, અગર જો ધારેલી ઉમેદ પાર પાડતાં ઘણો વિલંબ લાગે છે, તથા વચમાં ઘણી ઘણી અડચણો નડે છે, તોપણ અંતે સાચા સ્નેહનો જય થાય છે; અંતે વાહાલાનો સંયોગ થાય છે; અને અંતે આગલાં સઘળાં દુ:ખના બદલામાં ઘણું સુખ મળે છે. એ વાત ઉપર વિચાર કીધાથી દેવળદેવીના મનને ઘણો દિલાસો મળતો હતો, તથા તેનો જીવ ઘણો ઉલ્લાસમાં હતો. પણ તે બિચારી હજી બાળક હતી. તેને હજી કાંઇ અનુભવ ન હતો. તેણે માત્ર તડકોજ જોયો હતો, છાયડાંનો તો અનુભવજ નહતો. દુનિયામાં કેટલી હરકતો નડે છે તે તે જાણતી ન હતી; માટે જેની છબી તેના અંત:કરણમાં રમી રહી હતી, જેનું તે નિરંતર મનન કર્યાં કરતી હતી, જેની સાથે તેણે પેહેલોજ પ્યાર બાંધ્યો હતો, તથા જેને તેણે પોતાનું તન, મન અને ધન અર્પણ કીધેલું હતું, તેનો કાલે મેળાપ થશે એ આતુરતાથીજ તેના જીવને અત્યારે જરા પણ ચેહેન પડતું ન હતું. તે બિચારી દેવળદેવીને કાલે શું થવાનું છે તેની ખબર ન હતી. તે આસપાસની હકીકત પ્રમાણે પોતાના મનની સ્થિતિ રાખતી. ભીમદેવ તથા તેનાં માણસો બાહારથી ચિંતા વિનાનાં દેખાતાં હતાં તેને લીધે તેના મનમાં ધીરજ રેહેતી હતી, તથા તેઓની ખુશીની સાથે તેને ખુશી થતી હતી, પોતાના પરમ પ્રીયનું દર્શન, તેની સાથે પેહેલી મુલાકાત, પરસ્પરનો હેતનો ઉભરો, પ્રેમસહિત વાતચીત, તથા આગળ કેવાં સુખ ભોગવવાં છે, તે સઘળું તેની આંખ આગળ રમી રહ્યું હતું. કલ્પનાશક્તિ જોરાવર હોવાને લીધે તેને અતિ સુખ પ્રાપ્ત થતું; પણ અફસોસ ! ભવિષ્ય ઉપર એક ભયંકર કાળો પડદો પડેલો હતો અને પરમ દયાળુ પરમેશ્વરની કૃપાથી તે પડદાની આરપાર તેનાથી જોઇ સકાતું ન હતું, તેથી તેની પેલીગમ સઘળું સુખરૂપ છે એ કલ્પનાથી બિચારી પોતાનો કાળનિર્વાહ કરતી, અને આ પ્રમાણે કલ્પેલું સુખ ભોગવવામાંજ તે નિદ્રાને વશ થઇ.

(કરણ ઘેલો.)

57.

આપણા દેશનો ઉદય થઇ તે સમર્થ થવામાં નાના પ્રકારના ગુણ અને લક્ષણ-યુક્ત મનુષ્યોની આવશ્યકતા છે. કોઇએ વિદ્યામાં તો કોઇએ કલામાં, કોઇએ શસ્ત્રમાં તો કોઇએ શાસ્ત્રમાં, કોઇએ કૃષિમાં તો કોઇએ વ્યાપારમાં, કોઇએ રાજ્યસેવામાં તો કોઇએ પરસેવામાં, એવા એવા અનેક વિષયોમાં પોતાની રુચિ પ્રમાણે પ્રત્યેક જને કુશલતા મેળવવી જોઇયે. એ સર્વ અંગોનો ખપ છે. અમુકજ વિષયમાં પ્રવીણતા મેળવેથીજ મહત્ત્વ મળે છે એમ નથી. મહત્તાએ

પહોંચવાના અનેક માર્ગ છે. દીર્ઘદૃષ્ટિ અને એકનિષ્ઠા રાખી આગ્રહપૂર્વક ગમે તે એક સારે માર્ગે જે વધ્યાં જાય છે તે અન્તે મહત્તાએ પહોચે છે, એ નિ:સંશય છે. પરંતુ એ નાના પ્રકારના સર્વ વિષયોમાં પ્રવીણતા મેળવવામાં વિદ્યાની અનિવાર્યા અપેક્ષા છે. વિદ્યા એ જલને સ્થાને છે. આપણા અંગના પોષણ સારૂ જે અનેક ધાન્યોની અપેક્ષા છે, તે ધાન્યો અનેક પ્રકારનાં હોય છે; પણ તે સર્વને ઉત્પન્ન થતાં જેમ જલની આવશ્યકી અગત્ય પડે છે, તેમ આપણા દેશનું પોષણ કરી તેને પ્રતાપી કરવામાં, નાના પ્રકારના વિષયોમાં નિપુણ થતાં આપણ સર્વને વિદ્યાજલની અનિવાર્યા અપેક્ષા છે. આપણા સ્વીકારેલા રુચિકર વિષયને પુષ્ટિ આપનાર વિદ્યા છે. વિદ્યારૂપ જલની પુષ્ટિ વિના કોઇ કર્મ ઉગી ફલ આપવાનું નથી. ગમે એવો ઉચ્ચ વિષય હોય કે ઉચ્ચ કર્મ હોય પણ તેમાં જો જીવદ વિદ્યાજલ નથી હોતું તો, તે નિર્વિત્ત અને શુષ્ક દેખાય છે; અને તે ઉપર પુષ્પ ફલ તો આવતાંજ નથી. તેથી ઉલટું સાધારણ વિષય કે સાધારણ કર્મ હોય છે તેમાં, જો વિદ્યાજલથી પુષ્ટિ થઇ હોય છે તો, તે પ્રફુલ્લિત થઇ મનોહર થઇ રહે છે. એવો વિદ્યાનો મહિમા છે. આ સંસારમાં અનેક ધંધા છે. એક પશુપાલકથી તે રાજ્યપાલક પર્યન્ત સર્વમાં, વિદ્યાથી મળેલી સમજણ સાથે કર્મ કરવામાં આવે છે તો, તે બહુ દીપી નીકળે છે અને ગુણકારી થાય છે. વિદ્યા જેને મળે છે તેને બલવાન્ અને ગુણવાન્ કરે છે.

વિદ્યા એવી વહુ ગુણિની તથા ગુણદાત્રી છે. આ જગત્માં બહુ પ્રકારની બાહ્યની અનુકૂલતા વિદ્યા મેળવી આપે છે, એ તો સર્વના જોવા જાણવામાં છે; પરન્તુ એમાંજ વિદ્યાનું ફલ સમાપ્ત થાય છે એમ નથી. એ તો માત્ર વિદ્યાનાં ઉપફલ છે. વિદ્યાનું પ્રધાન ફલ તો તે વિદ્યાનો પરાવિદ્યામાં પરિપાક થયે સુખદ જ્ઞાનાવસ્થાનો આવિર્ભાવ થઇ, મનને જે સુખશાન્તિ મળે છે, તે છે. તે પ્રધાન ઉચ્ચ પકવ ફલ સર્વને સાધ્ય નથી. પરંતુ જે પુરુષોએ ઉચ્ચ વિદ્યાફલ પ્રાપ્ત કરાય છે, તે મહાપુરુષોના સુખની સીમા નથી. આ જગત્માં સર્વનો અન્ત છે, પરંતુ વિદ્યાનો કિંવા જ્ઞાનનો અંત નથી. અને અનન્ત જ્ઞાનનાં સુખફલ પણ અનન્તજ છે.

(**અસ્તોદય.**)

58.

જ્યારે કામજ્વરથી પીડાયલો કરણ રાજા પોતાનું ધારેલું કામ પાર પાડવાના વિચારમાં બીછાના ઉપર તરફડિયાં મારતો હતો તે વખતે બહાર રાતનો અમલ ઉતરીને રાત તથા દહાડાની મર્યાદાની વચ્ચેનો તકરારી વખત થયલો હતો. આકાશ કેવળ સ્વચ્છ હતું. અરૂણે સોનાની કુંચીવડે પૂર્વ દિશાનો મોટો દરવાજો ઉઘાડ્યો, અને સુતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌને કામે વળગવાનો વખત

થયો છે. અરૂણુ સારથી આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણુ રથમાં બેસીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરા મેહેતાજીને આવતા જોઇ નાસી જાય છે તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મ્હોડું સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પેહેલાં અસ્ત થયલોજ હતો. શુક્રનો તારો જેને વિષે ગામડિયા લોકો કહે છે કે ચંદ્રમા મુઆ પછી એ તેની જગો સાચવશે, તે થોડી મુદ્દત સુધી હિંમત રાખી ઉભો રહ્યો, પછી તે પણુ જલદીથી ભરાઇ ગયો. સૂર્ય દેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળાંમાં ઈંદ્રરાજાએ ઘણા ભભકાદાર રંગના સાથિયા પૂર્યા. તળાવોમાં કમળનાં ફુલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મ્હોડાં પૂર્વ તરફ ફેરવ્યાં. કુમુદનીનાં ફૂલની પાંદડી બીડાઇ જઈ નિચે નમી ગઇ. પોતાની પ્રિયાને ખીલેલી જોઇ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા. ચંપા, ચંપેલી, સેવતી, માલતી વગેરે ફુલોમાંથી મંદ મંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઇ આવીને નાસિકા ઈંદ્રિયને મગ્ન કીધી. ઠેકાણે ઠેકાણેથી દિવાકરના ચોબદાર કુકડાઓએ નેકી પોકારી. ચલ્લીઓ માળામાંથી નિકળી ચીંચીં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરાંમાંનાં પોપટ, મેના ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડ્યા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળા પક્ષીઓના શબ્દથી આનંદકારક થઇ રહી. દેવસ્થાનોમાં દેવને જગાડવાને નોબત તથા શંખ વાગવા લાગ્યા. શેહેરમાં ગરીબ લોકોનાં ઘરમાં ઘંટીનો ઘોર તથા તેની સાથે દળનાર બાયડીઓનો શોર થઇ રહ્યો. કેટલાએક સવારે સુતા સુતા પ્રભાતિયાં તથા બીજાં ભજન ગાતા હતા. છીપા, સોની, લુહાર, કંસારા વગેરે ઉદ્યમી લોકોએ તે વખતે હથોડા ઠોકી શેહેરના તે ભાગને ગજાવી મુક્યો. કોઇ કોઇ ઘરમાં એક અથવા વધારે બાયડીઓ બેસીને ઘરમાંના લાંબી મુદ્દત ઉપર મુએલા માણસને વાસ્તે અમથો રાગડો કાઢી જુઠું રડતી હતી, કેમકે તેઓની આંખ તેઓના મ્હોંને જવાબ દેતી ન હતી. કોઇ કોઇ ઘરમાં દહીં વલોવવાનો શબ્દ સંભળાતો હતો. રાજાના મેહેલમાં ચોઘડિયાં વગેરે બીજાં વાજીંત્રો વાગી રહ્યાં હતાં. વિદ્યાર્થિઓ ઓટલે બેસી પાનાં હાથમાં રાખી ધુણતા ધુણતા આગલા દહાડાનું શિખેલું ફરીથી વાંચી જતા હતા. વાણિયાના છોકરા પોતાના અક્ષર ઠેરવવાને વાસ્તે દોપીસ્તાં લખવા બેઠા હતા. ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓ ગળાના બંધ છુટયાથી આનંદમાં ગોવાળિયાની પાછળ ચરવા જતાં હતાં. કુળવંતી સારા સ્વભાવની બાયડીઓ ઉઠી પોતાનાં ઘર વાળી ઝાડી પોતાનાં છોકરાં તથા ધણીને સુખ આપવાનાં સાધન કરવામાં પડેલી હતી; તેમ દુષ્ટ શંખણી બાયડીઓ બબડતી, ફફડતી, છોકરાંને ગાળ દેતી, તથા માર પછાડ કરતી, અને ધણીને ધમકાવતી આણીગમ તેણીગમ ઘરમાં ફરતી હતી. આળસુ, એદી, અઘોરી, અને એવા સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલિયા ઉપર ગબડતા હતા. પણુ ઉદ્યમી, ચાલાક લોકો ઉઠી દાતણુ પાણી કરી પોતપોતાને ધંધે વળગ્યા હતા. દુકાનદારો તો થોડો નાસ્તો કરી લુગડાં પેહેરી હાથમાં

મોટી કુંચી લઇ દુકાને જતા હતા. કેટલાએક દુકાન ઉઘાડતા હતા, અને કેટલાએક તો દુકાન ઉઘાડી વાળી ઝાડી, ધોઇ તેની પૂજા કરી, માલ ગોઠવી દુકાન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાએક લોકો પાઘડી પેહેરી અંગવસ્ત્ર ઓઢી હાથમાં લોટા લઇ શેહેર બહાર જતા હતા. શેહેરની સ્ત્રીઓ પાણી ભરીને માથા ઉપર બેહેડાં ઉપર બેહેડાં ચઢાવી ઘણી રમણિક ચાલથી પોતાના ધણી, સાસુ, નણંદ વગેરેની વાતો કરતી અને વખતે કોઇ એકલો પુરૂષ જતો હોય તેની મશ્કરી કરતી ચાલી આવતી હતી. સહસ્ત્રલિંગ તળાવ ઉપર બ્રાહ્મણો પોતે નાહ્યા વગર બેસી બીજાઓને નાહાવાના પુણ્યનો બોધ કરતા અને તેઓનાં લુગડાં સાચવવાને સારૂ પૈસા લેતા હતા. તળાવમાં આસ્થાથી ઘણા લોકો નાહીધોઇને સ્વચ્છ લુગડાં પેહેરી ચાંલ્લા કરાવી દેવદર્શને જતા હતા. રાતના રાજા ઘુડ તથા વાનવાગળાં સવાર થવાથી કાગડા વગેરે બીજાં પક્ષીના ધાકથી ઝાડોમાં સંતાઇ જવાને ઉડી જતાં હતાં. ચકોર પક્ષી તેના સ્વામી ચંદ્રના અસ્ત પામવાથી કોઇ ગુપ્ત જગાએ ભરાઇ બેઠું હતું. ચોર લોકો પોતાની આશા સફળ કરી અથવા તે નિષ્ફળ થવાથી નિશાસો મુકતા ઉતાવળથી પોતપોતાને ઘેર જતા હતા. લંપટ સ્ત્રી પુરૂષો મહા પાપી તથા અઘોર કામથી પરવારી ફીકે તથા નિસ્તેજ મ્હોંએ જાણે પોતાના દુરાચરણથી શરમાતાં હોય તેમ ચોરની પેઠે સંતાતાં સંતાતાં પોતાનાં ઘર તરફ પાછાં ફરતાં હતાં. મુસાફરો ચાલતા, ઘોડે અથવા ગાડામાં બેસીને ખુશીમાં અથવા ચિંતાતુર જતા હતા. રસ્તામાં પોઠી બળદ લાદીને આનંદથી ગાતાગાતા ઘાટ ઉપર જતા હતા. કેટલાએક ધનુર્વિદ્યા શિખવાને અથવા તેમાં અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા. રજપૂત લોકો શેહેર બહાર અથવા કોઇ ખુલ્લા મેદાનમાં પોતાના ઘોડાને ફેરવવા લેઇ જતા હતા. એ પ્રમાણે તે વખતે શેહેરનો દેખાવ હતો.

(કરણ ઘેલો.)

59.

મધ્યાન્હનો મારમારનો તાપ પડતો હતો તે વખતે આ આરાસૈકોરના પહાડી પ્રદેશમાં એક ઘોડેસ્વાર મુસાફર પંથ કરતો હતો. તેણે કાશીના વણાટના ધોતિયાનો કછોટો વાળ્યો હતો અને માથે સુંદર મોળ બાંધેલી હતી. તેની કમ્મરે હીરાના જડાવની મુઠવાળી તરવાર લટકતી હતી. તાપમાં પંથ કરવાથી પરસેવાને લીધે તેનાં વસ્ત્ર કંઇક ભીંજાયલાં હતાં. મુછનો દોરો હજી હવે ફૂટતો હતો છતાં તેનું મુખ ઘણું ભારેખમ અને ભવ્ય લાગતું હતું. તેનું કપાળ વિશાળ અને તેજસ્વી હતું અને તેનાપર પરસેવાના બિંદુની હાર બાઝી હતી, અને તેના મુખપરથીજ તે કોઇ રાજકુમાર છે એમ અનુમાન થતું હતું.

આ જુવાન મુસાફર પર્વતના ઢોળાવમાં અને વૃક્ષોના વનમાં ઘોડો ખેલાવતો પર્વતની શોભા જોતો ચાલ્યો જતો હતો. તેણે ઘણીવાર સુધી આમ ચાલ્યા કર્યું. સૂર્યનારાયણ માથેથી જરા નમવા આવ્યા પરંતુ ક્યાંઇ વસ્તી આવી નહિ. વળી એટલામાં ક્યાંઇ ગામ હોય એમ પણ લાગ્યું નહિ; કારણ કે જે દિશામાં તે પંથ કરતો હતો તે દિશામાં મોટો ઢોળાવવાળો પર્વતજ નજરે પડતો હતો. સામે તો પર્વતનો ઢોળાવ છે એમ ધારી જુવાન મુસાફરે પોતાના ઘોડાને દક્ષિણ ભણી વાળ્યો અને જેમ જેમ આગળ ચાલતો ગયો તેમ તેમ ઘટાદાર વૃક્ષોથી છવાયલો પર્વતની તળેટીનો પ્રદેશ આવવા માંડ્યો. પછી તરસ લાગવાથી તે ખળખળ વહેતા એક પાણીના ઝરા પાસે આવ્યો. આ ઝરાના કિનારાપર સીતાફળીની હારો આવી રહી હતી અને પાકેલાં ફળોથી વૃક્ષોની ડાળિયો નમી ગઇ હતી. તરસની સાથે ક્ષુધા લાગવાથી મુસાફર ઘોડેથી નીચે ઉતર્યો અને પાકાં અમૃત જેવાં થોડાં ફળ તોડી ખાધાં, અને ખોબે ખોબે ઝરાનું નિર્મળ પાણી પીધું; પછી વૃક્ષની છાયામાં તે લગાર વિરામ લેવાને બેઠો. ઉતર તરફ નજર કરતાં પથ્થરનાં પગથિયાં તેના જોવામાં આવ્યાં અને ઉભા થઇ જોતાં તેના પર પડેલા પાણીના દરેડાથી જુવાન મુસાફરને એમ અનુમાન થયું કે અહીં કોઇનો આશ્રમ હશે માટે લાવ ઉપર જઇ તે મહાત્માનાં દર્શન કરી પાવન થઉં.

આમ વિચાર કરી તે મુસાફરે સીતાફળીના ઝાડે ઘોડો બાંધ્યો અને પગથિયાં પર ચડવા માંડ્યું તો સામેજ સીતાફળીના ઝુંડથી તથા મોટાં આંબા અને અશોકનાં વૃક્ષોથી છવાયેલો એક આશ્રમ દીઠો. પવિત્ર આશ્રમના દ્વાર આગળ આવતાં તે ખમચાઇ ઉભો રહ્યો પણ એટલામાં પગરવટ લાગવાથી એક બાળજોગણ અંદરથી બહાર નીકળી આવી. મુસાફર તેને પગે લાગ્યો અને તેના કહેવાથી આશ્રમમાં ગયો. આશ્રમની જમણી તરફ એક શિવાલય હતું અને તેમાં એક કૃશ શરીરનો વૃદ્ધ યોગી સમાધી લઇ બેઠેલો હતો. તેના વાળ ધોળા પુણી જેવા હતા અને આટલી વૃદ્ધાવસ્થા છતાં પણ તેની દેહકાન્તિ અગ્નિના જેવી તેજસ્વી હતી. શિવાલયમાં ગયા પછી જોગણ ફળ ફળાદિ લાવવામાં રોકાઇ અને મુસાફર આગલ્યા ઘુમ્મટમાં બેઠો. થોડીવારે યોગીની સમાધી છૂટી એટલે મુસાફરે તેને સાષ્ટાંગ દંડવત કર્યો. આશ્રમમાં આવેલા અતિથીને જોઇ યોગીએ પુછ્યું કે 'બચ્ચા તું કોન હે ?' મુસાફરે જવાબ દીધો કે—'મહારાજ ! હું ચંદ્રાવતીના રાણા રાયસિંહનો કુમાર છું અને મારૂં નામ વૈરીસિંહ છે. શિકાર કરવા નીકળ્યો હતો ત્યાંથી હું આપના આશ્રમમાં આવી ચડયો છું.' યોગી બોલ્યો કે 'બોત અચ્છા બચ્ચા ! તેરા ભાગ્યોદય હોયગા' એમ કહી યોગી તેને લઇ આશ્રમમાં આવ્યો.

(ગુજરાતની જુની વાર્તાઓ.)

60.

ઘણા દિવસ લાગટ આ રમણીય પ્રસંગ અનુભવતી અને ઘણા દિવસ આ ગાન પતિમુખે સાંભળતી ગુણસુંદરી તેનો અર્થજ સમજી એટલું નહી, તે ગાનરસ પીતી હતી એટલું નહી, પણ તેના હાર્દનો હૃદયમાં ઉપભોગ કરવા લાગી. કવિતાના શાબ્દાર્થ અને વાક્યાર્થ સમજવા, કવિતાનો મર્મ સમજવો, કવિતામાં રસિક બની કવિતાના રસથી આનંદ પામવો—એ સર્વથી કવિતાનો ઉપભોગ એ એક જુદોજ અનુભવ છે. ગાનથી ચિત્ત લય પામે છે—જેમ સર્પ પણ ગાન સાંભળી ડોલે છે અને ભાન ભુલી જાય છે; શૃંગારવશ માનવી તલ્લીન થઇ જાય છે--જેમ ગોપીયો વાંસળીના સ્વરથી ઘેલી બનતી હતી; સ્નેહવશ માનવી અભેદયોગ અનુભવે છે—જેનું જયદેવ અને પદ્માવતીની આખ્યાયિકા એ દ્રષ્ટાંત છે; ભક્તિરસમાં નિમગ્ન માનવી સંસારને ભુલીજ જાય છે—જેનાં દૃષ્ટાંત અનેક ભક્તરાજનાં ચરિતમાં રહેલાં તે આર્યલોકને સુપરિચિત છે; બ્રહ્માનંદ પામતા આત્મા પાસે સંસાર અંધકાર જેવો અભાવ બને છે અને શુદ્ધ જ્યોતિ એ એકજ અદ્વિતીય પદાર્થ બને છે: તે સઉ અને તેવોજ કવિતાનો ઉપભોગ છે.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

61.

એટલો નિશ્ચય કીધાથી તેને જરા શાંતિ થઇ. દહાડાનો થાક લાગ્યો હતો, તથા તેના મનમાં જે ઉથલપાથલ થઇ રહી હતી, એ સઘળાંથી તેના મગજ ઉપર અસર થઇ, તેથી તે નિદ્રાને વશ થયો, અને જ્યારે સૂર્યોદય થયો, અને તડકો તેની આંખ ઉપર આવવા લાગ્યો, ચકલીઓ તથા બીજાં પક્ષીઓ શોર બકોર કરવા લાગ્યાં, અને દેહેરામાંના સાધુ, વેરાગી મોટા અવાજથી રાગ ગાઇ આણીગમ તેણીગમ ફરવા લાગ્યા, ત્યારેજ તે ઉઠયો. ઉઠતાંજ વાર ગામમાં જઇ તેણે બે ઘોડા વેચાતા લીધા, અને સવારના કામથી પરવારી તે તથા મોતીશા ઘોડા ઉપર સ્વાર થઇ માતાજીના સ્થાનક તરફ જવા નિકળ્યા. મોટે રસ્તે જાય તો રાજાના માણસોના જોવામાં આવે, માટે તેઓ સરસ્વતીને કિનારે કિનારે ચાલ્યા. થોડા દહાડા તો વસ્તીવાળો મુલક આવ્યો; પણ જેમ જેમ તેઓ સરસ્વતીના મુખ આગળ આવતા ગયા તેમ તેમ જમીન વધારે પહાડી તથા જંગલી થતી ગઇ. થોડીએક વાર તેઓનો રસ્તો એક જંગલી પણ રમણિક તથા ફળવાન ખીણમાં થઇને હતો. તે ખીણની આસપાસ ઝાડોથી ઢંકાયલા પહાડો ચોતરફ હતા. આ ઠેકાણે આ એકાંત નદીને કિનારે કિનારે તેઓ ચાલતા હતા તે વખતે સાંજ પડી ત્યારે અઘોર રાન વધારે ભયાનક દીસવા લાગ્યું. વાઘ, વરૂ, શિઆળ, ઇત્યાદિ જંગલી જાનવરોનો અવાજ થવા માંડયો, અને તેઓની આસ-

પાસ કાળા અને નાગા વનના માણસો કોઈ આઘા ગામોમાં નોબત વગાડતા તેનો કઠોર અવાજ તેઓને કાને પડયો. એટલામાં આઘે એક બળતું થયલું નજરે પડયું. ભીલ લોકો તેઓની દેવીને બળીદાન આપતા હતા, અને ભડકું સુકાં લાકડાંમાંથી નિકળીને એક પહાડથી બીજા પહાડ ઉપર મોટા સર્પની પેઠે વિંટલાતું દેખાતું હતું. એવે રસ્તે થઈને તેઓ અંબાભવાનીના દેવસ્થાન આગળ સરસ્વતી નદીના મુખની પાસે કોટેશ્વર મહાદેવનું દેવાલય છે ત્યાં પહોંચ્યા, અને મહાદેવનાં દર્શન કરી ત્યાં રાત રહ્યા.

(કરણ ઘેલો.)

62.

યથાશક્તિ પ્રાણિમાત્રનું કલ્યાણ કરવાનું સાધન થવાય એજ ઉદયનું ફલ છે. એ વાર્તા સદાકાલ લક્ષમાં રાખવી જોઇએ. જે ઉદય પામેલાથી કોઇનું કલ્યાણ નથી થયું તેનો ઉદય નિષ્ફલ છે. સૂર્યના કિરણવતે, સ્વાભાવિક નીચ-ગતિમાન્ જલના કણ આ પૃથ્વી ઉપરથી ઊંચે જાય છે; અને નિર્મલ અને મિષ્ટ રૂપમાં પાછા પૃથ્વી ઉપર અન્તે વર્ષે છે; અને પ્રાણીમાત્રના સુખની વૃદ્ધી કરે છે. તેમ ઇશ્વરકૃપાવતે જે પુરૂષ ઉચ્ચ ઉદય પામે તે પણ, પોતાના ગુણોથી બહુ પ્રાણીના સુખની વૃદ્ધિ કરવા સાધનભૂત થાય ત્યારેજ, તેનો ઉચ્ચ ઉદય સાર્થક થયો ગણાય. જે ઉદયથી કોઇને લાભ નથી તે ઉદય મિથ્યા છે. લોકનું હિત કરવું એજ ઉદયનું સ્વરૂપ અને સત્ત્વ છે. એ સત્ય, ઉદયમાન પુરૂષોએ મનમાં સજડ કરી રાખવું જોઇયે; અને આરંભથીજ લોકોપકાર અર્થે સર્વ પ્રયત્ન કરવા જોઇએ. પોતાના નિમિત્તથી લોકોને સુખી થયેલા જોનારને જે આનંદ થાય છે, તેનો અનુભવ તો તેનેજ છે. ઉદય સમયે કરેલાં સત્કર્મ ચિરંજીવ છે. કંઇ અદૃષ્ટ યોગથી અસ્ત થાય તો સત્કાર્ય કર્યાનું સ્મરણ પણ સુખપ્રદ થાય છે.

આ જગતના પદાર્થમાત્ર અસ્થિર છે. ઉદય પામનાર ક્યાં અટકશે અને ક્યારે પડશે, એ કોઇથી કહી શકાતું નથી. ચડે તે સદા પડવાના માર્ગમાં છે. એક ક્ષણમાં અસ્ત થવાનો હોય છે પણ તે ઉદય પામનારના કે અન્યના કળ્યામાં આવતું નથી તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"धर्मस्य त्वरिता गतिः"

જે કંઇ સારૂં કરવાનું ધારયું હોય તે તેજ ક્ષણે કરવું. કલ્યાણ કરવા જતાં જે વિપત્તિમાં આવી પડે છે, તેને તેનું અંતઃકરણ એવું સાહાય્ય કરે છે કે, વિપત્તિના દુઃખનો તેના ઉપર બહુ પ્રસાર થતો નથી. સર્વ લોક પણ તેના ઉપર સમભાવ રાખી તેની અનુકૂલતા તથા કીર્તિ એવી વધારે છે કે, પેલા સારૂં કરવા

જતાં સંકટમાં આવનારના મનોરથ અંતે પુરા થાય. તેથી સારૂં કરતાં સંકટ આવેથી પાછા હઠવું નહિ. જે વૃક્ષ ઉપર મિષ્ટ ફલ થાય છે તે વૃક્ષના મૂલમાં, થડમાં, શાખામાં કે પત્રમાં તે મિષ્ટતા જણાતી નથી. પરંતુ તે વૃક્ષ ઉપર ફલ આવે છે ત્યારે તે ફલમાંજ અપૂર્વ મિષ્ટતા એકત્ર થઇ જણાઇ આવે છે; તેમ સદ્ગુણનો અમૃત જેવો સુસ્વાદ પણ જેવો તેના ફલમાં છે તેવો પ્રથમાવસ્થામાં લાગતો નથી.

(**અસ્તોદય.**)

63.

અંબાભવાનીનું દેરૂં આરાસુરના ડુંગરામાં આરાવલી પર્વતની હારની નૈઋત્ય કોણમાં છે. અણહિલવાડથી અને સિદ્ધપુરક્ષેત્રથી સરસ્વતિ નદીને કાંઠે કાંઠે ચાલ્યા જઇએ તો અંબાજીની પાસે કોટેશ્વર આગળ તેનું મૂળ છે ત્યાં સુધી, ઠેઠ વગડાની પણ રળિયામણી અને ફળદ્રુપ ખીણ ઉપર જ્યાં જંગલથી છવાઇ ગયેલા ડુંગરાનો રેહેતાં રેહેતાં છેડો આવે છે ત્યાં જઇ પોહોંચાય છે. આ એકાંત વેહેળિયાની બાજુએ જે વેળાએ સાંઝનું અંધારૂં પડી રેહે છે, અને તેને લીધે કોઇયે પ્રવેશ કરાય નહિ એવું જંગલનું ગહન અંધારૂં બની રેહે છે, તથા જ્યાં ચિત્રા અને વાઘની બાંડયો આવી રહી છે, અને જંગલવાસી તેમના નગ્ન સ્વરૂપે કાળા રંગના ફરતા હોય છે, તેમજ તેમનાં કઠોર અને ખોખરા અવાજનાં નગારાં કોઈ છેટેના ગામમાં વાગી રહેલાં હોય છે, તે વેળાએ ત્યાં આવી ચડેલા પરદેશી જનને તો આફ્રિકાના હબસીના કિનારાનો ભાસ થયા વિના રેહેતો નથી. થોડીવારમાં તે ચમત્કારિક અજવાળાથી આ અંધાર દેખાવ ચકચકી ઉઠે છે. ભીલ લોકો ડુંગરાને દેવરૂપ ગણીને તેને સળગાવવાની જંગલી માનતા અમલમાં લાવેછે તેનો એ ચલકાટ થાય છે. ડુંગરા ઉપરની ઝાડી સળગતી સળગતી એક ડુંગરા ઉપરથી બીજા ડુંગરા ઉપર ઉતરે છે, તે સમયે વિકાળ સાપની પેઠે બળતું મંદમંદ તરંગિત થતી ગતિએ ચાલે છે, "તે જાણે કે પવનને અટકાવી દેનારૂં ઠૂંઠું જંગલને જલાવી દેનારો દાવાનલ, અને પર્વતોને સળગાવી દેનારો ભડકો હોયની" એવો સાલમિસ્ટ (Psalmist)ની કલ્પનાનો ચિતાર ખડો કરાવે છે.

(**રાસમાળા,** ભાગ ૧-લો.)

64.

એ વાત બન્યાને એક મહીનો વીતી ગયો. હવે કરણ છેક નવરો પડયો; હવે તેને કાંઈ અગત્યનું કામ કરવાનું રહ્યું નહિ, તેથી તેના મનનું જોર તેના શરીર ઉપર ચાલ્યું, અને તેની મનોવૃત્તિઓ સઘળી પ્રબળ થઇ. પોતાના રાજ્યની ટુંકી મુદતમાં જે જે કામો તેણે કીધાં હતાં તે ઉપર તે વિચાર કરવા લાગ્યો.

હવે પસ્તાવાનો કીડો તેના કલેજામાં પેદા થયો, અને તેને ધીમે ધીમે કોતરવા લાગ્યો. તેને ખાવું, પીવું તથા બીજી તરેહનો એશઆરામ જરાપણ ગમે નહિ; રાત્રીએ નિદ્રા આવે નહિ; અને જો થોડીવાર કાંઇ ભાંગી તુટી ઊંઘ આવે તો ઘણાંએક ભયાનક સ્વપ્નાં આવી ઊંઘ તથા આરામનું ખંડન કરે. દસેરાની રાતની વંત્રીઓ, તેઓને આપેલો કોલ, તેને દીધેલી શિખામણ, ગુણસુંદરીનો મરતી વખત પેહેલાંનો દેખાવ, શેહેરના દરવાજા આગળ તેને તથા આખા રાજ્યને તેણે દીધેલો શાપ, તેની બળતી વખતની ચીસ તેના સાંભળવામાં આવી એવી કલ્પના, કેશવ બાબરો ભૂત થઇ ફુલારાણીને વળગ્યો તથા આખા પૂરને ભારે ઉપદ્રવ કીધો તે, એ સઘળું વારેવારે અનુક્રમે તેના મનમાં રાત દહાડો આવ્યાંજ કરતું હતું. રોજ રોજ જ્યારે મધ્ય રાત્રે મનના ઉકળાટથી તથા ઊંઘ ન આવવાથી ઉત્પન્ન થતી અકળામણથી અર્ધો ઊંગતો અર્ધો જાગતો સુતેલો હોય તે વખતે કેશવ તથા ગુણસુંદરી બન્ને તેની આગળ જાણે ઉભાં રહેતાં, અને જે દુઃષ્ટ કામોથી તેઓનો પ્રાણ ગયો તેને વાસ્તે તેઓ રાજાને એટલા તો હોક પાડતાં કે તેને આખે શરીરે ઝરી છુટતી; બધું અંગ થંડુંગાર થઇ જતું; અને શુદ્ધિ આવતાં જે પશ્ચાત્તાપ તથા અંતઃકરણને ભારે કષ્ટ થતું તેની તો કલ્પનાજ માત્ર થઇ સકે. એવું મહાભારત દુઃખ તેને સહેવું પડ્યું, અને તેની અસર તેના શરીર તથા મન ઉપર પણ જણાઇ આવી. આગળ તેનું જે બળવાન શરીર હતું તે ધીમે ધીમે ઘસાવા લાગ્યું. તેનું લોહી જે લાલચોળ હતું તે ફિકું પડવા લાગ્યું. તેના ગાલ બેસી ગયા. તેની આંખ ઊંડી ખાડામાં પેસવા લાગી. તેનો ચેહેરો આગળ જે નિશ્ચિત તથા હસમુખો હતો તે ઉપર ચિંતા આવી બેઠી, અને તે ઊંડા વિચારમાં પડેલો હોય એમ હમેશાં દેખાવા લાગ્યો.

(કરણ ઘેલો.)

65.

અહો સ્વતંત્રતા! ત્હારી ખૂબી તો અલૌકિકજ છે! પરાધીનતામાં નૌતમ ભોજન મળતું હોય, વરાંગનાના અપૂર્વ વિહાર મળતા હોય, રાજ્યનાં પણ ઉત્તમ સુખ અનુભવાતાં હોય—ટુંકામા સર્વ અનુકૂળતાઓ દાસ્ય કરતી હોય તો પણ "પરાધીનતા" એટલા શબ્દથીજ, મંત્રથી જેમ ભૂત, તેમ અડદ છાંટ્યા હોય એવી રીતે સર્વ સુખ પલાયન કરી જાય છે. અને "**दुःखितेमनसिसर्वमसह्यम्**" એ ન્યાયે એ સર્વ સુખનાં સાધન તેજ અસહ્ય થઇ પડે છે. બીજી પાસથી સ્વતંત્રતામાં અન્ન વસ્ત્રના ઉધારા હોય, ઉપવાસથી કૃશ થએલી સ્ત્રીના સન્મુખ પેટ ઠોકતાં દીન વદનથી—બોલવાનો શક્તિને અભાવે—જોઇ રેહેતાં બાળકોનાં ડુસકાં અવિરલ શ્રવણપથ રહ્યાં હોય, શીત, તૃષા અને તાપના ઝપાટાથી જર્જ-

રિત થયેલ શ્વાનને પણ અનપેક્ષિત રેહેવાને ગૃહ હોય તોપણ "સ્વતંત્રતા" એ મોહમંત્ર લોહનું સુવર્ણ બનાવે છે, કોલસાના હીરા બનાવે છે અને દુઃખને સુખરૂપ કરે છે. સર્વથા સ્વતંત્રતા એ મોહ માયાજ છે! અરે! તાહારે માટે પ્રાણી માત્ર શું શું નથી કરતાં? તાહારે માટે યાવત્ જીવ સંચિત કરેલું ધન, ઘણા લાડકોડથી ઉછરેલો પુત્ર અને અંતકાળ પર્યંતની સુખદા પોતાની પ્રેમદાનો કોણ ત્યાગ નથી કરતું? તાહારે માટે કેટલાએ સમુદ્રમાં જળશાઈ કરી? તાહારે માટે કેટલા કપાઇ મુંવા? તાહારે માટે કેટલાં રણસંગ્રામ રચાયાં? કેટલી લોહીની છોળો ઉછળી?

(કુસુમાવલી.)

66.

સઘળા કરતાં ધર્મ ઘણોજ અગત્યનો વિષય છે. એ વિષયમાં શું છે તેનો જરા વિચાર કરો. પરમેશ્વરનું, તેના ગુણનું, તથા તેની ઇચ્છાનું જ્ઞાન ધર્મથી આપણને થાય છે. વળી આપનો એટલે માણસ જાતનો સ્વભાવ, પરમેશ્વર જોડે આપણો સંબંધ, આ દુનિયામાં આપણી ફરજો, તથા આ ટૂંકી મુસાફરી પૂરી થયા પછી જે અજાણી જગામાં આપણને મુઆ પછી જવું છે, એ સર્વ આપણે ધર્મવડે જાણીએ છીએ.

આ કારણોથી ધર્મ ઘણોજ અગત્યનો છે. ઘણા માણસ આ ભૂલી જાય છે, ને માત્ર દુનિયાદારીના કામોમાં રોકાય છે. આ જગતના સુખ સિવાય તેમને બીજું કાંઇ સૂઝતું નથી, અમર આત્માના અનંત કાળ સૂધીના કલ્યાણ કરતાં થોડા કાળમાં નાશ પામવાનો જે આ દેહ તેનું સુખ વધારે શોધે છે ને પસંદ કરે છે. જૂઠી મોટાઇ પાછળ ફાંફાં મારે છે, ને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની વાત એક ખૂણે પણ સંભારતા નથી.

એ કરવું ઘણું ખોટું ને ધાસ્તી ભરેલું છે. ઇશ્વરનો મહિમા ગાઓ, કેમકે આપણને તેણે સરજ્યા છે. સર્વ માણસની પહેલી ને સૌથી મોટી ફરજ એ છે કે પરમેશ્વરનું જ્ઞાન મેળવવું: તેને વિષે શું માનવું, તેની શી શી આજ્ઞા છે, ને આપણા શા શા ધર્મ છે તેનો અભ્યાસ કરવો. જે એવું ન કરે તેને મોટો પાપી જાણવો. જો આપણું આવરદા હજાર વરસનું હોય, તોએ ધર્મ સંબંધી અભ્યાસ ન કરવો એ બહુ ગુનાહ તથા જોખમ ભરેલું છે; ત્યારે જો આપણને એક ઘડીપણ જીવવાનો પક્કો ભરોસો નથી, તો આપણે એવું અગત્યનું કામ કરવામાં ઢીલ કરીએ, એ કેવી બેવકૂફી! ધર્મ સંબંધી વિચાર કરવા માંડ્યા પહેલાં ઘણા બુદ્ધિવાન ને સારા સ્વભાવના પુરૂષોને તથા સ્ત્રીઓને ભર જુવાનીમાં કાળ ઝડપી લે છે; કેટલાએક તો ઘેટાંના ટોળામાં જેમ એક ઘેટું બીજાની પાછળ જાય છે, તેમ દેખાદેખી કરેછે; બીજા કરે તેમ આંખ મીચીને વગર વિચારે કર્યાં જાય છે. કેટલાએક કહે છે

જે, આટલું થોડા દહાડાનું કામ છે તે પૂરૂં થશે એટલે નવરાશ મળશે, ત્યારે એ વિષે વિચાર કરીશું. એમાંના ઘણા બાપડાને તે ધારેલી નવરાશ મળતી નથી; કેમકે તે કામ પૂરૂં થયા પહેલાં તો મોત આવી પહોંચે છે, ને તે બાપડાને પોતાના કામનો જવાબ આપવા જવું પડે છે. કોણ જાણે કદાપિ થોડી વાર પછી મોત આવી પહોંચશે ? કાલ વહાણે સૂરજ ઊગશે તે પહેલાં કદાપિ તેની કારમી કાયા મસાણમાં બળીને રાખ થઇ ગઇ હશે, કે પૃથ્વીમાં દટાઇ હશે ! અરે ! અરે ! ત્યારે એ જીવનું શું થશે ? આ દેહમાં રહી ઇશ્વરની આજ્ઞા તોડીને જે માઠાં કર્મો કર્યાં હશે, ખરે માર્ગે ચાલવાની તક ખોઈ હશે, ને સુકૃત કરવાની સૂચના એક કાને સાંભળી બીજે કાને કાઢી નાંખી હશે તેને સારૂં વિશ્વના પવિત્ર ન્યાયાધીશને જવાબ દેવો પડશે.

માટે આ વિષયપર ઘણુંજ ધ્યાન આપો. એક પળની પણ ઢીલ ન કરો. પરમેશ્વરે જે વિચારશક્તિ આપી છે તેનો ઉપયોગ કરો. પરમેશ્વરનું જ્ઞાન મેળવવું એ તમારો મુખ્ય ધર્મ છે. બધામાંથી સત ખોળી કાઢો. ધર્મનું સત તો અવસ્ય શોધો. એ મહાભારત કામમાં પ્રભુ તમને સહાય કરે !

(**ગૂજરાતી સાતમી ચોપડી.**)

67.

આખા મહીકાંઠામાં કોળી અથવા ભીલ લોકોની વસ્તી ઘણી વધારે છે. ત્યાંના બીજા લોકો કરતાં તેઓ કદમાં ઘણા ન્હાના હોય છે, અને તેઓની આંખો ચંચળ અને ખંદાઇ ભરેલી જણાય છે. તેઓ કદાપિ પાઘડી પેહેરે છે તો ઘણીજ ન્હાની પેહેરે છે, પણ ઘણું કરીને તો તેઓ માથે ફાળિયું વિંટે છે. તેઓ લૂગડાં પેહેરે છે તે થોડાં અને જાડાં પેહેરે છે. જ્યારે ત્યારે પણ તેઓની પછવાડે તીરનો ભાથો બાંધેલો જેવામાં આવતો. તે સાથે તેઓ પાસે એક લાંબુ કામઠું રાખતા અને કાંઇ બીક જેવું જેવામાં આવતું અથવા કોઇ અજાણ્યાને એકાએક દેખતા એટલે કામઠું ચડાવા મંડી જતા. તેઓ ચમત્કારિક ત્વરાવાળા, ચંચળ, અને મજબૂત હતા. ભૂખ, તરસ, થાક, અને ઉજાગરા, મનાય નહિ એવી રીતે તેઓ સહન કરી શકતા. તેઓ સાવધાન, સાહસિક, ભેદુ, યુક્તિઓ શોધી કાહાડવામાં કુશળ, અને રાત્રની વેળાએ હુમલો કરવામાં, છાપો મારવામાં અને લપાઇને સંતાઇ રેહેવામાં આશ્ચર્યકારક રીતે યોગ્ય ગણવામાં આવ્યા છે. તેઓનાં હથિયાર અને તેઓની ટેવ એવા પ્રકારની હતી કે ખુલ્લા લડાઇના મેદાનમાં ઉભા રેહેવાને તેઓ અયોગ્ય હતા, અને તેઓના ઉપર હલ્લો કરવામાં આવે ત્યારે બીકણા બની જતા પણ બ્રિટિશના કવાયત શીખેલા લશ્કરે પડાવ કરેલા ઠેકાણા ઉપર પણ હુમલો કરવામાં તેઓએ ઘણે પ્રસંગે અસાધારણ શૂરવીરપણું બતાવ્યું છે. તેઓ સ્વતંત્ર જુસ્સાના હતા, અને તેઓ પાકા ચોર કેહેવાતા હતા, તથાપિ

તેમના ઉપર વિશ્વાસ રાખવામાં આવેલો ત્યાં અજાએબ જેવા નિમકહલાલ ગણવામાં આવેલા છે, અને કદિ તેઓએ ઘાતકીપણું બતાવેલું નથી. તેઓને નિયમિત ઉદ્યોગ કરવો ગમતો નહિ, અને દારૂ પીવાનો તેઓને અત્યંત છંદ પડેલો હતો, તથા જ્યારે તેઓ છાકટા બનતા ત્યારે ઘણો કજિયો કરતા. તેઓને લૂંટફાટ કરવી ઘણી ગમતી, અને દેશમાં જ્યારે સર્વ ઠેકાણે બંડ ઉઠે ત્યારે તેઓને ઘણું સારૂં લાગતું. જો કોળી લોકો સપ કરીને પોતાનો જથો બાંધે તો તેઓ ઘણા ભયંકર થઇ પડે, પણ તેઓનામાં પોતાની જાતિનો પ્રેમ છતાં તેઓ એકજ સમૂહના છે એમ તેઓએ ગણ્યું નથી, તેમજ બાહારના શત્રુ સામે થવાને તેઓએ પોતાનો સર્વનો એકજ સ્વાર્થ છે એમ માન્યું નથી.

(**રાસમાળા,** ભાગ ૨ જો.)

68.

પંચાસરનો સિંહ પડયો ! ચાવડા વંશનો વાઘ ગયો ! ગૂજરાતનો સૂર્ય અસ્ત પામ્યો ! સૂરજ આથમ્યા પછી જેમ રાત પડે છે, તેમ જયશિખરના મરણથી ગૂજરાતમાં આફતરૂપી રાત પડી. તોફાનનાં વાદળ ચારે મેર દોડવા લાગ્યાં; ભૂપાળના મૃત્યુની માઠી ખબર દેશમાં ફેલાતાં પ્રજાના પેટમાં ધ્રાસકો પડયો. માંડળિક રાજદરબારોમાં ફાળ પડી. ઘણાક નિમકહલાલ ઉપરાજાઓ યુદ્ધમાં મૂવા તેથી તેમની રાણીઓ સતી થઇ, ને પુરના લોક રઝ્યા. આખા ગૂજરાતમાં કકળાટ, રડાપીટ, અને ઉદાસી પ્રસરી. બાપ મરી ગયો હોય તેમ બધા લોકે શોકનાં વસ્ત્રો પહેર્યાં. દલગીરીની જોડે ત્રાસ દાખલ થયો. દુસ્મને ચોપાસ ફેલાઇ ખેતરાં અને ગામ લૂટવા અને બાળવા માંડ્યાં. બાયડીઓને ઝાલી લઇ જાય, માણસોને પકડે, અને તેમનાં સગાં પૈસા આપે ત્યારે છોડે ને ન આપે તો રીબી રીબીને મારે. એ શત્રુ આવ્યા ! એ શત્રુ આવ્યા ! ફલાણું ગામ બાળ્યું ! ફલાણું નગર લીધું ! એવી બૂમો સઘળે પડવા લાગી; રાત્રે સ્ત્રીઓ ભડકી ઉઠે; છોકરાં બીએ ને રોય, ઘોડેસ્વારને દૂરથી દેખે કે ખેતરમાંથી લોક ગામમાં નાસી આવે; શહેરોમાંથી કોઇ બહાર ન નીસરે. નગરોના દરવાજા વાસી રાખે.

(**વનરાજ ચાવડો.**)

69.

કહેવત છે કે 'ઘર ફૂટયે ઘર જાય' તેની પેઠે મુળરાજ ફૂટયો. સુબાએ અસો ચુંઠી કહાડેલા સિપાઇઓ તેને સ્વાધીન કર્યા અને આથમતે પહોર મુળરાજે રાણિપુરના પશ્ચિમ ભાગપર હલ્લો કર્યો. પશ્ચિમ તરફનો કોટ ઘણો જીર્ણ હોવાથી સહેજમાં તે ટુટી પડયો. 'બિસ્મિલ્લા રહેમાન રસુલ્લા' કરતા મુસલમાનો રાણિપુરમાં દાખલ થયા. પૂર્વ તરફ રહેમતખાન હલ્લા ઉપર હલ્લા કરતો હતો,

તેની સામે બચાવ કરવામાં સઘળા રજપૂતો રોકાયા હતા એટલે પાછળથી પેઠેલા મુસલમાનોને રાણિપુરમાં ફરી વળવાનું ઠીક પડયું. મરદ વગરની સુની શેરીયોમાં તુર્ક સ્વારોને જોઇ 'નક્કી કાંઇ દગો થયો છે' એમ ધારી શૂરી રજપૂતાણિયો જે હાથમાં આવ્યું તે લઇ રાજમહેલ તરફ દોડી ગઇ. સ્વારો મહેલ આગળ આવી પહોચ્યા અને સ્ત્રિયો તથા પુરૂષો વચ્ચે જબરો જંગ મચી રહ્યો. તરવારે, સાંબેલાં, ભાલા, કોવાડિયો અને ટુંકમાં કહિએ તો જે હાથ આવ્યું તે લઇ રજપૂતાણિયોએ મુસલમાનોને મારવા માંડ્યા. મૂળરાજની રાણી રૂપાંદે ઘોડાપર બેશી સ્ત્રીસૈન્યની આગેવાન થઇ અને મહેલના ચોગાન આગળ જોત જોતામાં સો પોણોસો મુસલમાનોનાં માથાં રજપૂતાણિયોએ ધડથી જુદાં કરી નાખ્યાં. સ્ત્રિયો સ્વભાવે કોમળ હોય છે પરંતુ જ્યારે માથે આવી પડે છે ત્યારે પુરૂષના કરતાં પણ તેમનો જોસ્સો વધી પડે છે, તેનો દષ્ટાન્ત મુળરાજની રાણીએ અહિં દેખાડયો. જે સુકુમાર રજપૂતાણિયોએ કોઇ દિવસ ઉની આંચ પણ વેઠી ન હતી તે આજે ઉછળતી લોહીની છોળોમાં રંગાતી તરવારોના ઘા કરતી અને સાંખતી હતી. જેમણે કોઇ દિવસ આંગણા બહાર પગ પણ મુકયો નહતો અને પરપુરૂષને લાજની મારી મ્હોં બતાવતી નહતી તે શૂરી રજપૂતાણિયો છુટે માથે મુસલમાનોના સામે ઘુમતી હતી. ઘા કરતાં ઉડતા યવનના લોહીથી તથા અંગમાં વાગેલા ઘામાંથી વહેતા લોહીથી તેમનાં કપડાં લથડ પથડ થઇ ગયાં હતાં, અને 'મારો મારો' એ સિવાય બીજો શબ્દ તેમનાં મુખમાંથી સાંભળવામાં આવતો નહતો. આ બધુ શાને માટે ? માત્ર એક દેશની દાઝ અને અને પોતાની જાતના ટેકને માટે ! અહા ! ધન્ય છે એ આર્યસ્ત્રિયોની કુલિનતાને કે જે આવાં અસહ્ય સંકટ વેઠે છે પણ પોતાના શિયળને તજતી નથી ! તેમના જેવું સતીપણુ આખા પૃથ્વીના પડમાં પણ કયાંય નથી. આમ મારામારી અને કાપાકાપી પાએક કલાક ચાલી. મુસલમાનોએ 'અલ્લા અકબર' એમ બુમ પાડી ધસારો કર્યો પણ રજપૂતાણિઓએ પુઠ આપી નહિ.

(ગુજરાતની જુની વાર્તાઓ.)

70.

દેવળદેવી તે વખતે તેર વર્ષની ઉમરની હતી, અને તેનું રૂપ કોઇ રંભા અથવા અપ્સરાને લજવે એવું હતું. તેની ચામડીનો રંગ એવોતો ગૌર હતો, તથા તેમાં તેના લોહીના રાતા રંગનો એવો તો આભાસ પડતો હતો કે તેને જોઇ કોઇ ગુલાબનું પુલ પણ પોતાનું માથું નીચું નમાવે. તેની સાથે તેની ચામડી એવી પાતળી તથા પારદર્શક હતી કે તેમાંથી તેની લોહીની નસો દેખાતી હતી. તેનું કદ તેની ઉમર પ્રમાણે જેટલું જોઇએ તે કરતાં કાંઇક મોટું હતું. તેના અવયવોનો ઘાટ એવો સુંદર તથા નાજુક હતો કે તેને પરમેશ્વરે પોતાનેજ હાથે ઘડી હોય એમ કહી

સકાય. તેની ચાલ હંસના જેવી, તથા તેના બોલવામાં મધના જેવી મિઠાશ હતી. તેના બાપને સુખી કરવાને તથા તેની ઉદાસી કાઢી નાખવાને તે જ્યારે ગાતી ત્યારે તેના શબ્દો મોહનમંત્રની પેઠે સઘળાને મોહિત કરતા, તથા જેમ ઑર્‌ફ્યુસ વીણાના મધુર નાદથી મોહ પામી જંગલમાંના પશુ પક્ષીઓ પોતપોતાનો સ્વાભાવિક વૈરભાવ એક બાજુપર મુકી તેની આસપાસ આવી વીંટળાતાં, તેમ દેવળદેવીનો મધુર કંઠ સાંભળવા જાણે પવન પણ સ્થિર ઠરતો તથા તેનાં પાળેલાં હરણાદિ બીજાં પશુઓ તથા પક્ષીઓ તેના નાદથી આકર્ષાઇ તેની પાસે દોડતાં આવતાં. જ્યારે તે પોતાની વાડીમાં ફરતી ત્યારે જાણે પોતાના અનુપમ રૂપ બધાંને ભુરકી નાંખ્યાં હોય તેમ તે વાડીનાં જન જનાવરો તેની પાછળ દોડતાં અને તેના વિના તેઓને જરાપણ ચાલતું નહતું. તે તેની મા કૌળારાણીના જેવીજ અથવા તે કરતાં પણ અધિક રૂપાળી નીકળશે એ કેહેવું કંઇ મુશ્કેલ નહતું. આ ઇશ્વરની કારીગરીનો સંપૂર્ણ નમૂનો જોઇને કોને સાનંદાશ્ચર્ય લાગ્યા વિના રહે?

(કરણ ઘેલો.)

71.

આ જગતનો બનાવનાર, ઉત્પન્ન કરનાર અને ચલાવનાર સર્વશક્તિમાન, સર્વજ્ઞ, અને સર્વસમર્થ ઇશ્વર એકજ છે. સૂર્ય તેનો ઉત્પન્ન કરેલો સઉથી તેજસ્વી પદાર્થ છે તોપણ તે જાતે ઇશ્વર નથી. સૂર્ય પોતાના પ્રકાશથી દુનિયાને પ્રકાશ આપેછે અને દુનિયા ઉપરનાં સર્વ પ્રાણિઓને જીવતાં રાખેછે; તેટલામાટે તું તેની ભણી અચરતીથી જો, પણ તેને ઇશ્વર માનીને તેની પુજા અથવા ભક્તિ કરીશ મા.

તું માત્ર તેનીજ પૂજા કર, તેનીજ સ્તુતિ કર અને તેનીજ ભક્તિ કર કે જે સઉથી સરસ, સઉથી ડાહ્યો અને સઉથી કૃપાળુ છે. તું માત્ર તેનીજ સ્તુતિ અને ભક્તિ કર કે જેણે પોતાને હાથે આખું જગત બનાવ્યું છે તથા જે પોતાની એક ન્હાની આંગળીના જોરથી આકાશના મોટા મોટા ગોળાઓ અને મોટા મોટા તારાઓ ચલાવી શકે છે. તું તેનીજ ભક્તિ અને પ્રાર્થના કર કે જે મોટા સાગરને અને પવનના મોટા ઝપાટાને પોતાના કબજામાં રાખી શકેછે, દુનિયા ઉપર વિજળીના ચમકારા મોકળેછે અને આખાં જગતને એક પળમાં ઉત્પન્ન અને એક પળમાં પ્રલય કરી શકે છે. તું ભક્તિ અથવા બંદગી, પ્રાર્થના અથવા આરાધના કરે તો તેજ ઇશ્વરની કરજે અને બીજા કોઇ દેવ દેવતાઓની અને પથ્થર પુતલાંઓની કરીશ ના.

ઇશ્વરનું રાજ આખાં જગત ઉપર ચાલે છે. તેનું ડાહાપણ તેનાં સર્વ કામમાં માલમ પડેછે. તેણે આ જગત ચલાવવાને ચોકસ નિયમ અને મુકરર કાયદા બાંધ્યા છે. તેનું મન જ્ઞાનનો ભંડોળ છે. ભવિષ્ય સઘળું તેની નજર આગળ ખુલ્લું

છે. તારા દિલના સર્વ વિચાર તેની આગળ ઉઘાડા પડ્યા છે. તું હરએક ઠરાવ કરેછે તેની અગાઉ તેને માલમ પડેછે. તેટલા માટે તું તેની ચતુરાઇની અને તેની પવિત્રાઇની, તું તેની મોટાઇની અને તેની કીર્તિની સ્તુતિ કર, અને નીચો વળીને પગે લાગ અને હાથ જોડીને તેની દરએક આજ્ઞાને તાબે થા.

ઇશ્વર માયાળુ અને અને કૃપાળુ છે. આ જગતને તે દયાથી ચલાવે છે, તેનાં દરએક કામમાં તેની અત્યંત માયા અને કૃપા માલમ પડેછે. ઇશ્વર સંપૂર્ણતાનું મૂળ છે. જ્યારે આપણી નજર આકાશ ભણી ઉંચકયે છિયે ત્યારે તેની કીર્તિ પોતાની મેળે માલમ પડી આવેછે. જ્યારે આપણી નજર આપણા પગ તળેની જમીન ઉપર કરીએછિયે, ત્યારે તેનો માયાળુ અને કૃપાળુ સ્વભાવ પોતાની મેળે જણાઇ આવેછે. જે લોકો તેના નિયમને તોડેછે તે તેના અપરાધી થાય છે.

તેની નજરમાં મોટા અને ન્હાના, ગરીબ અને તવંગર સરખા છે. તેની દરબારમાં જ્યારે ન્યાય થશે ત્યારે તે પૈસાવાળાઓનો પક્ષ અથવા મુરવત રાખશે નહીં પણ જરૂર સર્વ કોઇનો વાજબી ન્યાય કરશે.

પૃથ્વી ઉપરના માનવી ! તું તારૂં મસ્તક જમીન ઉપર નમાવ અને મુંગો મુંગો આકાશ તરફથી મોટાં માન સાથે નીતિનો ઉપદેશ મેળવ. જે જે ઠેકાણે સૂર્ય પ્રકાશેછે, જે જે ઠેકાણે પવન ફુંકેછે તે દરએક ઠેકાણે વિચારવાને મન, અને સાંભળવાને કાન ઇશ્વરે તને આપ્યાં છે. વાસ્તે આ પૃથ્વી ઉપર તારો શો ધર્મ છે તે તું જાણ અને સત્યના નિયમને માન આપીને ચાલ.

સર્વ વસ્તુઓ ઇશ્વરથી ઉત્પન્ન થઇછે. ઇશ્વરની શક્તિ અપારછે; ઇશ્વરનું ડાહાપણ અચળછે અને ઇશ્વરની કૃપા અત્યંત છે. તે સ્વર્ગમાં પોતાનાં તખ્ત ઉપર બિરાજે છે. તેના મોંહોડાનો સ્વાસ દુનિયાને જીવતી રાખેછે. આકાશના મોટા મોટા ગોળાઓને તે પોતાની ટચલી આંગળીથી ચલાવી શકેછે. પવનની પાંખ ઉપર સ્વાર થઇને તે ફરવા નિકળેછે, અને પોતાની ઇચ્છા પ્રમાણે આખું જગત ચલાવેછે.

અનુક્રમ, રચના અને શોભા દરએક ઠેકાણે અને દરએક જગાએ જોવામાં આવેછે. તેનાં સર્વ કામમાં ડાહાપણ અને ગોઠવણ માલમ પડેછે, પણ માણસની શક્તિ તે વિષે કલ્પના કરવાને કેવળ અશક્ત છે. જ્ઞાનની છાયા માણસનાં મન ઉપરથી સ્વપ્નાની પેઠે જતી રેહે છે. માણસ માત્ર અંધારામાં ગલોટિયાં ખાયા કરે છે. તે પોતાની અક્કલ દોડાવેછે પણ તેમાં તે ઠગાઇ જાયછે. ઇશ્વરનું ડાહાપણ આકાશના પ્રકાશ જેવું છે. તેને અક્કલ દોડાવવાની જરૂર પડતી નથી. તેનું મન સત્યનો ભંડોળછે. તેનાં તખ્ત આગળ ન્યાય અને દયા ઉભાં રહેલાં છે. તેનાં મોંહોડાં ઉપર પરોપકાર બુદ્ધિ ને પ્રીતિનો પ્રકાશ માલમ પડેછે.

ઇશ્વર જેવી શક્તિ કોની છે ? ઇશ્વર જેવું ડાહાપણ કોનામાં-છે ? ઇશ્વરની બરોબરી કોણ કરી શકનાર છે ? ઇશ્વર જેવી કૃપા કોણ કરનાર છે ? રે માનવી ! તને પેદા કરનાર એજ સર્વશક્તિમાન પ્રભુ છે. તેની ઇચ્છાથી તું આ પૃથ્વી ઉપર પેદા થયોછે. તેણે કૃપા કરીને તને વિચારશક્તિ આપી છે. તારા શરીરના સર્વ ચમત્કાર તેના હાથની કૃપાથી બનેલા છે. તું તેનો સાદ સાંભળ, કારણ તે કૃપાથી ભરેલો છે. તું નિરંતર તેનું સ્મરણ કર, કારણ જે પુરૂષ તેનું નિરંતર સ્મરણ કરેછે તે પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે છે.

(નીતિવચન.)

72.

બ્રાહ્મણો બોલ્યા: " યજમાન રાજા, અમે બે ભાઇઓ છીએ, અને વેદાંતી ધર્મ પાળીએ છીએ. થોડાં વર્ષ ઉપર કાંઇ ધંધો ન મળવાથી અમે એવા તો દરિદ્રી થઇ ગયા, અને તેથી અમારી બાયડીઓ અમને એટલા રોજ ઠોક પાડવા લાગી કે કાંઇ પણ ધંધો કરવાનો અમે નિશ્ચય કીધો. એવામાં એક દહાડો એક બ્યાસજી વેદાંત ઉપર કથા કરતા હતા તે સાંભળવાને બેઠા. કથામાં બ્યાસજી બોલ્યા: "આ જગત માયારૂપીછે. ભાઇઓ, એક બાજીગરનો ખેલ છે. જેમ જાદુગર લોકો નજરબંધી કરી ધુળ હોય ત્યાં પાણી દેખાડે છે, તેમ માણસ સઘળું ખોટું દેખે છે. જગતમાં આત્મા અને પરમાત્મા સિવાય બીજું કાંઈ નથી. જે જે પ્રાકૃતિક પદાર્થ આપણી ઇંદ્રિઓવડે માલમ પડેછે તેઓ ખરે-ખર જગતમાં છેજ નહિ. એ તો માત્ર આભાસ છે. જેમ સ્વપ્નમાં આપણને હજારો વસ્તુ દેખાયછે, શબ્દ સંભળાયછે, અને સઘળાં ઇંદ્રિયસુખ મળેછે, પણ જાગ્યા એટલે તેઓમાંનું કાંઇ ત્યાં હોતું નથી, તેમ આ જગતમાં આપણી અવસ્થા સ્વપ્નવત્ છે. પદાર્થ કાંઇ છેજ નહિ. માટે રે ભાઇઓ, જગતમાં લોકો પૈસો મેળવવાને જે શ્રમ કરે છે તે સઘળા મિથ્યા છે. જેટલું લોકો મારૂં તારૂં કરેછે, તે ફોકટ છે. અલ્યા, મારૂં કાંઇ નથી, અને તારૂં પણ કાંઇ નથી." એ કથા સાંભળીને અમારા મન ઉપર એટલી તો અસર થઇ કે અમે વેદાંતી થઈ ગયા, અને મારા અને તારામાં કાંઇ અંતર ગણવો નહિ એવો નિશ્ચય કીધો. પછી એકવાર અમે અમારા યજમાનને ઘેર કાંઈ કામસર ગયા, ત્યાં એક પૈસાની થેલી પડી હતી તે જોઇને અમે વિચાર કરવા લાગ્યા કે આને માનવી પૈસો કહેછે, પણ ખરેખરો તો તે છેજ નહિ, એતો માત્ર આભાસ છે. વળી જગત ક્ષરમું છે, તથા આવર્દા ક્ષણભંગુર છે, તેથી એ પૈસા મુકીને યજમાનને કોઇ દહાડો જવું પડશે, અથવા એ પૈસા યજમાનને મુકીને જતા રહેશે, એ બેમાંથી એક વાત તો નિશ્ચય બનવાનીજ. હવે યજમાન પૈસાને મુકીને હમણા જાય એવો સંભવ નથી, અને જાય તોપણ તેથી અમને કાંઈ લાભ થાય નહિ. ત્યારે પૈસાએ આજે

યજમાનને મુકીને જવું જોઇએ. વળી મારૂં તારૂં એ સઘળું મિથ્યા છે, માટે યજમાનના પૈસા અને અમારા પૈસા એમાં ભેદ શો? એમ વિચારીને તે થેલી ઊંચકી લીધી, અને તે લઇને જતા હતા એટલે યજમાનના દુષ્ટ ચાકરોએ અમને પકડ્યા, અને યજમાનના કહેવાથી અમને રાજા આગળ લઇ ગયા. રાજાની પણ આંખ ઉપર માયાની અંધારી બાંધેલી તેથી તેણે મારા તારામાં ભેદ ગણ્યો, અને વેદવ્યાસજીના વેદાંતમતથી વિરૂધ્ધ ચાલીને અમને પાંચ વરસ બંધીખાનામાં નાખ્યા. કારાગૃહમાં એટલાં વર્ષ મફતનું, વગર મહેનતે ખાધા પીધા પછી અમને છોડી મુક્યા. હવે શું કરવું? જગત તો દુષ્ટ માયામાં વિંટલાયલું, અને પરમાત્મામાં લય પામવાનાં સાધન શોધવાને બદલે મારા તારામાં લડી મરી ઘાંચીના બળદની પેઠે ચોરાશી લાખના ફેરા ફર્યા કરેછે એવા લોકોમાં સર્વોત્કૃષ્ટ વેદાંત મત ચલાવવા જઇએ તો સંકટમાં આવી પડીએ, તેથી ઋષિઓની પેઠે વનવાસ કરવો એવો નિશ્ચય કીધો; અને આ જંગલમાં ત્રણ મહીના થયાં આવ્યા છીએ, લાડુ ને ઘી ખાધેલાં તે હવે કંદ, મૂળ, ફળાદિનો આહાર શી રીતે થાય? તેથી કોઇ યજમાન શોધવાને રાતની વખતે નિકળીએ છીએ. તમે પહેલાજ મળ્યા છો, માટે જો તમે વેદવ્યાસજીને માનતા હો તો લુઘડાં પાઘડી આદિ જેને તમે તમારૂં કહોછો તે અમારૂં કરો; નહિ તો આ તલવાર વડે તમને પરમાત્માનો મેળાપ કરાવી આપીશું."

(કરણ ઘેલો.)

73.

ધરતીકંપ જે મુલકોમાં ભારે ઉત્પાત વારંવાર કરેછે ત્યાંના પ્રાણીઓને કોણ-જાણે કોઇ રીતે પણ તે થયા અગાઉજ ખબર પડે છે. કાંઈ પણ અવાજ નથી સંભળાતો તે પહેલાં માણસો ચેતી જાય છે, અને ઘરબાર મૂકીને દોડવા માંડે છે થોડીએક મિનિટ અગાઉ ગાય, બળદો, બકરાં, તથા ઘેટાંઓ દયામણી બૂમો પાડે છે; બંધનો તોડી નાંખે છે; અને આડાં અવળાં દોડવા લાગેછે. ઘોડાઓ અધવચ ચાલતા અટકી જાયછે અને ભયના પોકાર પાડેછે; બિલાડીઓના વાળ ઉભા થાય છે; દરમાંથી સસલાંઓ બહાર નીકળેછે; માછલીઓ સમુદ્ર છોડી કિનારાપર આવીને ધબોધબ પડેછે; અને કીડીઓ તો આચકો જણાય તે પેહેલાં કેટલાએક કલાક અગાઉ પોતાનાં દર છોડી રસ્તાઓપર ધોળે દહાડે બાવરી બાવરી દોડવા લાગેછે. કૂતરાઓ ભસી ભસીને અને ન જાગે તો ખેંચી ખેંચીને પણ ધણીને જગાડે છે. આ વર્ણન કર્યું તે પ્રમાણેજ નેપ્લસમાં ૧૮૦૫ માં ધરતીકંપ થયો ત્યારે જોવામાં આવ્યું હતું. ધરતીકંપ થયા પહેલાં જે પૃથ્વીમાંથી કેટલીએક દુર્ગંધી નીકળેછે તે ઉપરથી તેનું આવવું બધાં પ્રાણીઓ જાણી શકતા હશે એમ ધારવામાં આવે છે.

(નવલગ્રંથાવલિ.)

74.

ગરીબ લોકોને શેની શેની જરૂર છે તે દ્રવ્યવાન કરતાં ગરીબ લોકો વધારે સારી રીતે જાણેછે. મોટાં શહેરોમાં વૃદ્ધ વાસીઓને વિચારવંત ચિન્તાતુર ચહેરા અને ચઢી ગયલાં ભવાં, જેનાપર સખત ફિકરની છાપ પડી છે, તે સહિત જોવાથી જેટલી દિલગિરી પેદા થાય છે તેટલી ત્યાં બીજું કશું જોવાથી થતી નથી. ગરીબ લોકોનું ઘર ઘણીવાર ઘરજ નથી. દ્રવ્યવાન અને ગરીબો જૂદા જૂદા અને છેટે છેટે રહે છે. તેમનો સામાજિક વ્યવહાર અટકાવવાને ઘણી અડચણો વચમાં નડે છે. ગરીબ લોકોને પોતાના વર્ગ શિવાય બીજું કંઇ સમાગમસ્થાન નથી. અસભ્ય અને અશીક્ષિત લોકો સાથે વ્યવહારમાંથી બચવાનો તેમની પાસે કંઇ ઉપાય નથી. અતિદરિદ્ર લોકોનાં છોકરાં માત્ર ખોરાક માટે માબાપનાં પ્રતિસ્પર્ધી તરીકેજ જીવે છે, અને જીંદગીની મુશ્કેલાઇનાં ખરાં સ્વરૂપમાં તેમને કાચી વયે ઉતાવળથી દાખલ કરી દેવામાં આવે છે. ઉપલી સ્થિતિના લોકોને ગરીબ લોકો જાણે અજાણ્યા દેશના વાસી ન હોય એવા લાગે છે.

માત્ર ગરીબ લોકોનેજ ગરીબ લોકો સારૂ ખરેખરી અને સાચી લાગણી થાય છે. તેઓજ પરસ્પરનાં દુઃખો જાણે છે, તેઓજ એકબીજાની સમાનભાવ અને પ્રીતિની જરૂર જાણે છે. પૈસાદાર લોકોની ઉદારતા વિષે લોકોને રૂચે તેમ વાત કરે, પણ ગરીબ લોકોની ઉદારતાને મુકાબલે તે કંઇ નથી. તંગી, માંદગી, સખતાઇ, અને દુઃખના સમયમાં ગરીબ લોકો એટલે બધે દરજ્જે એકબીજાને દિલાસો અને પુષ્ટિ આપે છે કે તેનો ઊંચા વર્ગના લોકોને સ્વપ્નમાં પણ ખ્યાલ આવતો નથી. દિવસે દિવસે અને વરસે વરસે જુજ પેટભર અનાજ માટે મહેનત કરવાને તેઓ સંતુષ્ટ છે; તોપણ જ્યારે તેઓ જાતિભાઇને તંગીમાં કે દુઃખમાં જુએ છે, ત્યારે તેને માટે પોતાના અત્યલ્પ દ્રવ્યમાંથી પણ બચાવી શકે છે. તેમજ ઓસીકું સુંવાળું કરવું અને એવાં બીજાં નાનાં દયાનાં કર્ત્તવ્ય કરવાં કે જેથી માંદગી અને દુઃખ સહ્ય થાય છે તેને માટે પણ કોઇ મિત્રની કદી ખામી પડતી નથી. આ બાબતમાં ગરીબ લોકોની સ્ત્રીઓ વિશેષ તત્પર અને ઉદ્યોગી હોય છે. તેઓ એટલે બધે દરજ્જે નુકસાન વેઠે છે, જોખમમાં પડે છે, તંગી સહન કરે છે, અને ધૈર્ય અને દયાળુપણું બતાવે છે કે દુનીઆ તે કદીપણ જાણતી નથી, અને જો જાણે તોપણ ભાગ્યેજ માની શકે.

(કર્ત્તવ્ય.)

75.

હીંદુ સંસારમાં સુખદુઃખનાં રૂપ ભાતભાતનાં છે. અનુભવ અથવા અવલોકન વિના તેની કલ્પના પણ કઠણ છે. ગુણસુંદરીના મનમાં એક વખત એમ હતું કે મને સઉ વાતનો અનુભવ વીતી ગયો છે પણ જ્ઞાન તેમજ અનુભવની

સીમા નથી એટલુંજ નહી, પણ ઉભય વિષયમાં ઉગતા બાળકને કલ્પનાજ થતી નથી કે દેખીતા જ્ઞાન અને અનુભવની પાછળ બીજું કાંઇ હશે. જેમ જેમ અભ્યાસ અને વય વધતાં જાય છે તેમ તેમ નવી નવી જાતનાં જ્ઞાન અને અનુભવ પર્વતના શિખર પાછળના શિખરો પેઠે—સમુદ્રના મોજા પાછળના મોજા પેઠે—દૃષ્ટિમર્યાદામાં દૃષ્ટિ આગળ ખડાં થાય છે અને મન એ ચમત્કારનું સાક્ષી બનતાં બનતાં ઇશ્વરની અનંતતામાં તલ્લીન અજાણતાં થઇ જાય છે—અનંત અનુભવનાં એક પછી બીજાં પગથીયાં જુવે છે અને તેપર ચ્હડે છે. પોતાના ઘરમાં દિવસે દિવસે વધતી રચના જોઇ, નવરી પડેલી સુવાવડીનું મગજ આવા આવા વિચારોથી ભરાઇ ઉચ્ચગ્રાહી વિષયોનું ગ્રાહક થતું અને ડગલે ડગલે કહેતું કે "આ પણ એક નવો અનુભવ—હવે કાલ બીજો શો અનુભવ થવા સરજેલો હશે?" ક્ષુદ્ર ઘરસંસારમાં પણ પર્યેષક બુદ્ધિને જોઇએ તેટલા વિચાર જડી આવે એમ છે અને મનને કેળવણી આપવા ચારે દિશારૂપી મુખોમાંથી ઇશ્વરનું બ્રહ્મસ્વરૂપ શ્રુતિયો સંભળાવી રહે છે.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

76.

અસ્ત અને ઉદય એ બે અભેદ્ય દ્વન્દ્વ છે. આ બ્રહ્માંડની રચનામાં અનેક દ્વન્દ્વ દૃષ્ટિએ પડે છે. રાત્રિ દિવસનું યુગલ, નરનારીનું યુગલ, બે પગનું જોડું, બે આંખનું જોડું, પક્ષીમાં બે પાંખનું જોડું, તેમ અસ્ત અને ઉદય અથવા દુઃખ અને સુખનું પણ યુગલ છે. કોઇપણ જોડ ખંડિત થાય તો તે અપાંગ ગણાય છે. પક્ષી એક પાંખથી ઉડી શકતું નથી; મનુષ્ય એક પગથી ચાલી શકતું નથી. અસ્ત ઉદય અથવા દુઃખ સુખ જેવાં સહજ છે તેવાંજ સર્વગત, સહચારિ, સહકારિ અને ઉપયોગિ છે. અસ્ત ઉદય સર્વ સ્થલે વ્યાપ્ત છે, અર્થાત્ નામરૂપવાન્ કોઇ પદાર્થમાં અસ્ત ઉદય નથી એમ નથી. અસ્તોદયની ઘટમાલા એ ઇશ્વરની લીલાના મહિમામાંનો એક મુખ્ય પ્રબોધક મહિમા છે.

અધ્યાત્મરામાયણમાં શ્રીલક્ષ્મણ ગુહરાજપ્રતિ વદે છે કેઃ—

'સુખમાં દુઃખ સ્થિત છે અને દુઃખમાં સુખ સ્થિત છે, જલ મલ (પાણી અને કાદવ) સમ ઉભય પરસ્પર સંયુક્ત કહેવાય છે.

તેથી ઇષ્ઠ અનિષ્ઠની પ્રાપ્તિમાં વિદ્વાનો, સર્વ માયા છે એવી ભાવનાથી ધૈર્યે કરી, હર્ષ વા મોહ (શોક) કરતા નથી.'

રાજકવિ ટેનીસન કવે છે કેઃ—

'દવ! તારૂં ચક્ર કૃપાથી ફેરવ વા ક્રોધથી ફેરવ. તે એ ઉન્મત્ત ચક્ર સાથે અમે ઉંચે નીચે જઇશું નહિ. અમારો સંચય સ્વલ્પ છે, પરંતુ અમારાં અન્તઃકરણ મહત્ છે.'

(**અસ્તોદય.**)

77.

"અરે! દુષ્ટ ચંડાળણી, અરે! શંખણી, યુગના મહાત્મને લીધે તારામાં કેટલું પાપ ભરાયું છે! અરે! કસાઇ, તને આ વિચાર તે કેમ સુઝયો હશે! અરે! મારી પાસે સ્ત્રીહત્યા કરાવવી? અને તે સ્ત્રી પણ રાજકન્યા, અને આપણા રાજાના પુત્રની સ્ત્રી? અરરર! હવે કળિયુગની ભરજુવાની બેઠી. આ કાળમાં પુરૂષો તો દુષ્ટ ગઇ ગયા છે. તેઓએ તો સત્ય મુકયું; તેઓ પ્રપંચના ઊંડા કુવામાં પડ્યા તેઓ માયાની મોહજાળમાં ફસાઇ પડ્યા છે; તેઓ પરમેશ્વરનો ભય જરાપણ રાખતા નથી; એ સઘળું તો જોયું છે. પણ સ્ત્રીઓ! કોમળ હ્રદયની સ્ત્રીઓ, જેઓ અંધારામાં જતાં બીહે, જેઓ માખી મરતી જોઇને કમકમાટ પામે, જેઓનાં મનમાં દયા વધારે હોવી જોઇએ, તે સ્ત્રીઓ જ્યારે એક નિરપરાધી પ્રાણીની હિંસા કરવાનો વિચાર કરે એથી તો સીમા વળી. અરે ભગવાન! આગળ કેવો કાળ આવવાનો છે! તે હું ન જોઉં તો સારૂં. તેની અગાઉ, અરે ભગવાન, તું મને ઉઠાવી લેજે. રાજદ્રોહ! સ્ત્રી હત્યા શાસ્ત્રમાં મોટામાં મોટી કહેલી છે. અરે લક્ષ્મી-બાઇ, તેં જગતમાં સઘળાંને વશ કીધાં છે. બીજા બધા દેવો તથા દેવીને મુકીને તારા સેવકો સઘળા થઇ પડ્યા છે. તારે વાસ્તે લોકો ઘણા અધર્મ કરેછે, પણ એક સ્ત્રી, તે એક રાજકન્યા, અને તે વળી પરોણાગતના આશ્રયમાં રહેલી, તેની હત્યા કરવાનો વિચાર મારી દુષ્ટ સ્ત્રીને સુઝયો, અને તે ઘોર પાપ મારી પાસે કરા-વવાને ધારે છે એથી તો આડો આંક વળ્યો. હવે જગતમાં રેહેવામાં કાંઈ સાર નથી. હવે તો મારે સન્યસ્ત ગ્રહણ કરવું જોઇએ, અને આ પાપી પ્રપંચી દુનિઆનો ત્યાગ કરવો જોઇએ. હું એક ગરીબ બ્રાહ્મણ છુ; મને મારી ધણિ-યાણી તરફથી મહા સંતાપ છે, મારૂં ભરણ પોષણ પણ મુશ્કેલીથી થાય છે; તોપણ એટલા બધા દુ:ખની સાથે હું મારા કાળનો નિર્વાહ કરૂં છું; જગતની જંજાળ તથા કળિયુગના દુષ્ટ વિચારોથી વિરક્ત રેહેવાને હું રંગપાણી લઉં છું; હંમેશાં નિશાની લેહેરમાં રહીને સંસારનો મહાસાગર એહેનથી તરી જાઉં છું. ભલે આકાશ તુટી પડે તોપણ આ દુષ્ટ કર્મ, આ ઘોર પાપ હું કદી કરવાનો નથી. મારે કાંઇ પૈસાનું કામ નથી, અને મારાથી એ કામ બને એવું નથી."

(કરણ ઘેલો.)

78.

આ રિવાજ મુજબ એક દહાડો અકબર બાદશાહ નાહી ધોઇ નિર્મળ પણ સાદાં વસ્ત્ર પહેરી તથા હજારો પાદશાહી ઉભી કરે એવા હીરાનો એકજ હાર કોટમાં ઘાલી ઝરૂખે સવારમાં બેઠો હતો. સુર્યોદય તુર્તજ થયો હતો અને એ તે તર્ફ સાનંદાશ્ચર્યથી જોઇ રહ્યો હતો. ઝરૂખામાં બંને બાજુએ બાદશાહની આસપાસ સો સો સિપાઇઓ ઉભા છે તેમની ઉઘાડી તરવારો ઉપર સૂર્યના કિરણ

પડવાથી એવો તો તેજનો અંબાર છવાઇ રહ્યો છે કે તેમાં બાદશાહનું પ્રતાપી મુખ સૂર્યના જેવુંજ પ્રકાસી રહ્યું છે. નીચે મેહેલના નવરંગો ઝળકારા મારી રહ્યા છે, અને સામેના બાગમાંથી ઘણીજ સુંદર સુગંધ બહેકી રહી છે. દૂરથી વાજીત્રોના મધુર સ્વર આવી કાનને અમૃતપાન કરાવે છે. ફરસબંધી કરેલા રાજમાર્ગ ઉપર પાછલી રાતના ગુલાબના છંટકાવ કરી મૂક્યા છે તેની જે લહેર આવે છે તેથી રાહદારીઓ સ્વર્ગનું સુખ અનુભવે છે, મહેલ આગળથી હજારો માણસ જા આવ કરે છે પણ પગરવ સરખો પણ સંભળાતો નથી—જાણે પોતાનો નિર્મળ પ્રતાપ સૂર્યની સાથે સરખાવવામાં ગુંથાએલા ઇનસાફી પાદશાહને હરકત ન કરવી એવો સઘળી પ્રજાએ સંપજ કર્યો હોય.

(નવલગ્રંથાવલિ.)

79.

પંથીનું કુમળું અને કરમાયલું વદન જોઇ વનરાજે અણહીલના કાનમાં કાંઇ કહ્યું. બ્રહ્મચારીને પણ તેની મધુરી કોમળ વાણીપરથી નવાઇ લાગી. સંદેહ ભાંગવાને જમી રહ્યા પછી બ્રહ્મચારીએ તેને પૂછ્યું કે પંથી તમે મોટી શોચનામાં જણાઓછો તેનું શું કારણ ? શા દુખથી શ્રીપાતનો વેશ ધર્યો છે ? કઇ મોટી આફતના માર્યા વનમાં ભટકોછો ? રાજ કોપથી, કે વહાલાના મૃત્યુથી ઉદ્વેગ પામી વૈરાગ લીધો છે ?

પંથી—જ્ઞાનીને સુખદુ:ખ સરખાં છે. તે શોચને જીતે છે. તેથી શોચના કરવાને કારણ રહેતું નથી. દુ:ખથી નાસે તેને કાયર જાણવો. જ્ઞાન વિના સંન્યાસથી શો લાભ છે ! આપત્તિમાં સબૂરી રાખે તેજ પુરૂષમાં ગણાય. નિરપરાધીને રાજકોપનો ડર નથી, ને મૃત્યુ તો કોઇને છોડતું નથી. મોડા કે વહેલા સૌને મરવું છે.

બ્રહ્મચારી—તો ધન મેળવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયાથી, કે કોઇ બીજી આશા ભંગ થવાથી, કે મિત્ર વિજોગથી, કે પ્રીતિને સાટે પ્રિયાએ પ્રીતિ ન દીધાથી ઘરબાર છોડી સંસાર ત્યાગ કર્યો છે?

પંથી—મૂર્ખ હોય તે લક્ષ્મીથી મોહ પામે. લક્ષ્મી ચંચળ છે, આજ આવે કાલ જાય; તે કોઇની થઇ નથી ને થવાની નથી. ઉદ્યમમાં નાઉમેદ થવાથી હારે તેને નર નહિ પણ ખર જાણવો. સનાતન ભગવાનપર જેની આશા છે તે કદી નિરાશ થાય નહિ. સાચા મિત્ર તો પરમાત્મા છે, બાકી તો વારૂ. દોસ્તી તો ધન કીર્તિ અને યશની પાછળ ફરનારી તેઓની છાયા છે. મૈત્રીનું બીજું નામ ગરજ. મોટાને ઢગલા મિત્ર હોય છે, પણ જ્યારે તેની અવદશા થાય છે ત્યારે

એક પાસે ઉભો રહેતો નથી. પ્રીતિ તો પક્ષીમાં જઇ વસી છે. આ વનમાં આપે સારસ પક્ષીનું જોડું જોયું હશે. એના જેવો અરસપરસનો પ્રેમ માણસમાં હવે નથી. ઢીંગલા ઢીંગલીને છોડીઓ પરણાવે છે તેમ માબાપ નાનાં છૈયાંનાં લગ્ન કરવા લાગ્યા પછી પ્રેમનો શો ખપ રહ્યો ? બાળ લગ્ને શુદ્ધ પ્રીતિને દેશનિકાલ કરી છે.

પ્રીતિ વિષે બોલતાં પંથીના ગોરા ગાલપર લોહીની સુરખી ચડી, અને તેની આંખમાંથી જળ ટપક્યું. બ્રહ્મચારી કહે ક્ષમા કરજો, તમારા હાજર જવાબને હું વખાણું છું, તથાપિ મારો સંશય વધતો જાય છે. તમારૂં મુખારવિંદ અને અંગનો ઘાટ કહી આપે છે કે તમે વેશ બદલેલો છે. મારા સમ સાચું કહો.

(**વનરાજ ચાવડો.**)

80.

બર્કનું મન અગાઉ ઘણું દૃઢ હતું અને તેના પર ભૂલભરેલા વિચારો કે મનોવિકારો અસર કરી શકતા ન હતા; પણ હવે તે આ બનાવો, જેથી હજારો માણસોનાં મગજ ખસી ગયાં, તે જોઇને ઠેકાણે રહ્યું નહિ. વળી આજ સમયે તેના પર કુટુંબની એક મોટી આફત આવવાથી તેના સુસ્થિર મનને પણ ચલિત થઇ જવામાં મદદ મળી એમ જે કોઈ તેના છેવટના ગ્રંથોના વિચારો તથા તે પ્રસિદ્ધ થયાનાં વર્ષોનો મુકાબલો કરશે તેને માલમ પડ્યા વિના રહેશે નહિ. તેનો એકનો એક પુત્ર, જે તેની આંખની કીકી અને હૃદયનો હાર હતો, અને જેને પોતાના અમર નામનો વારસો આપવાની તેણે આશા રાખી હતી, તે પુત્ર મરણ પામ્યો. તે એવો પ્રેમી અને દયાળુ હતો કે તેના સુસ્થિર મન પર પણ આ બનાવની ઉંડી અસર થયા વિના રહી નહિ. એ એકના એક પુત્રના મરણ માટે તેના ગ્રન્થમાં હૃદયભેદક અને મર્મવેધક વાક્યો માલમ પડે છે. પોતે અપાર શોકમાં હોવાથી જગતને અરણ્ય સમાન ગણે છે, એમ તે ગ્રન્થ ઉપરથી સાફ જણાય છે. તે લખેછે કે "હું વિપર્યસ્ત થઇ ગયો છું. જેઓ મારી પછી આવવા જોઇએ તેઓ મારી પૂર્વે ચાલ્યા ગયા છે. જેઓ મારી આગામિની પ્રજા થવી જોઈએ તે મારા પૂર્વજોને ઠેકાણે થઇ છે. વાદળું મારા ઉપર ફરી વળ્યું છે અને મારા આશ્રિતોનો નાશ કરી મને જીવતું મૂક્યું ગયું છે. મેં સર્વ કીર્ત્તિ ખોઇ છે. મારો સમૂળો નાશ થયો છે. હું છેક નિરાધાર સ્થિતિમાં પૃથ્વી પર પડેલો છું."

(**ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ.**)

81.

તમારી જુવાનીનો વખત જે તમારાં સુખ અને લાભને માટે ઘણો અગત્યનો છે તેને સુધારાના ફળોથી ઉજડ રેહેવા દેશો ના. તમારી પ્રતિષ્ટા અથવા

આબરૂ તમે કરશો તેવી થશે. તમારૂં નશીબ કેટલીએક વાતે તમારા પોતાના હાથમાં છે. તમે હજુર જુવાન છો તેથી તમારો સ્વભાવ અને તમારૂં અંતઃકરણ નરમ અને કોમળ છે. કેટલાએક ખરાબ વિચારોથી અને માઠી ચાલચલણથી તે પથ્થર જેવું જડ થઇ ગયું નથી. તમારી સમજ ઉપર હજુર ખોટા વિચારોએ અને ખોટા વેહેમોએ સરદારી મેળવી નથી. તમારા ખરા પ્યારને ઉતારી પાડવાને તથા હલકો કરી નાખવાને દુનિયાને હજુર વખત મળ્યો નથી. તમે મોટી ઉંમરે પોંહોંચશો તેના કરતાં હમણા તમારી સઘળી શક્તિ વધારે કૌવતવાળી, સ્વતંત્ર અને વધારે ખિલી છે. તમારાં કામક્રોધને હાલ જે વળણ તમે આપશો તે વળણ જરૂર પકડશે, તથા તે વળણ તરફ તમારી જીંદગી પોતાનો રસ્તો પકડશે.

વિચાર કરો ત્યારે કે આ અગત્યની ઉંમર કેમ કામે લગાડવી, અને કેમ વાપરવી. એ વિચાર તમારાં હવે પછીનાં સુખ દુઃખ ઉપર ઘણો આધાર રાખે છે અને બીજી દુનિયાનાં સુખનો નિશ્ચય કરે છે. જે પ્રમાણે વરસની એક રૂત બીજી રૂત ઉપર આધાર રાખે છે તે પ્રમાણે આપણી સારી કે માઠી રીતે વાપરેલી ઉંમર હવે પછીની ઉંમર આધાર રાખે છે. સદ્‌ગુણ અને નીતિમાં ગુજરેલી ઉંમરથી ભરજુવાની પૂરી આબાદ અને ફળવંત નિપજે છે. એવી ભરજુવાની સુખચેનથી અને વગર હરકતથી ગુજરી શકે છે. વસંત ઋતુમાં ઝાડપાનને મોહોર નથી આવતાં તો ઉનાળામા ખુબસુરતી માલમ પડતી નથી, અને ચોમાસામાં ફળ થતાં નથી. તેજ પ્રમાણે જો જુવાનીનો વખત સુધાર્યા વગર જવા દીધો તો ભરજુવાની ધિકાઃરભરેલી થઇ પડે છે અને ઘડપણ દુઃખ અને વિપત્તી ભરેલું ગુજરે છે.

(નીતિવચન.)

82.

એ પ્રમાણે સ્તુતી કર્યા પછી તેને ચિતાની આસપાસ ત્રણ પ્રદક્ષિણા ફેરવી. ફરતી વખતે તેણે તેના અંગ ઉપરથી તમામ ઘરેણાં કાઢી નાખી બ્રાહ્મણોને વેંહેંચી આપ્યાં, અને ત્રીજી પ્રદક્ષિણા ફરતી વખતે તેનું ચિત્ત આ દુનિયા ઉપરથી એટલું તો ઉઠી ગયું કે તેની આંખ આંધળી જેવી થઇ ગઇ, અને તેણે ઠોકર ખાધી. તે વખતે તેના ગોરે તેનો હાથ પકડ્યો. પડવાથી લોકોમાં નામોશી થશે એવા વિચારથી જાગૃત થઈ તેણે હાથ ઝટકી નાખ્યો, અને લોકોની સામું મ્હોં ફેરવીને ઉભી રહી. તેને જોઈ લોકો સ્તબ્ધ થઇ ઉભા રહ્યા. શરદ મહીનાના બે પોહોર દહાડાનો તડકો આકરો પડયો હતો. ભીડથી તથા તાપથી લોકોનાં મ્હોં ઉપર પરસેવાના રેલા ચાલતા હતા. લોકો એવા તો ચુપ હતા કે ત્યાં એક પૈસો પડે તો તેનો પણ અવાજ સંભળાય. પવન એટલો તો બંધ હતો કે ઝાડ ઉપરનું એક પણ પાતરૂં હાલતું નહતું, અને સરસ્વતીનું પાણી તળાવના જેવું નિર્મળ તથા સ્થિર રહેલું

હતું. સ્વદેહ રક્ષણ એ સૃષ્ટિનો એક નિયમ છે. ધન, માલ, બઇરી, છોકરાં, ઇત્યાદિ જગતમાં જે વાહાલામાં વાહાલું હોય તેને અરપણ કરી સ્વદેહ રક્ષણ કરવાની સઘળામાં પ્રેરણા મુકી છે, તે નિયમ, તે પ્રેરણા તોડવાને એક માણસ ધર્મના જુસ્સામાં આવીને, ધર્મશાસ્ત્ર ઉપર ભરોસો રાખીને, અને વગર જોયલી અને વગર અનુભવેલી વાતો ઉપર વિશ્વાસ રાખીને, પોતાનો દેહ પોતાની રાજીખુશીથી, અક્કલ હોશીયારીથી અર્પણ કરવાને તૈયાર થયલું જોઇને જાણે આખું વિશ્વ વિસ્મિત થઇ તમાશો જોવાને સ્થિર ઉભું હોય એમ લાગતું હતું.

પણ સતી મા તેના સ્વામીને મળવાને આતુર થઇ રહ્યાં હતાં. તે મઢુલીનું એક પાસું ઉઘાડીને તેમાં પેઠાં. પોતાના ધણીનું માથું ખોળામાં મુકયું, અને બ્રાહ્મણને ઇશારત કીધી. બ્રાહ્મણોએ તે ઉપર ઘી પુષ્કળ રેડયું, અને મશાલ વડે ઘાસ કાંટાને સળગાવી મુકયા, તાપનું એકદમ મોટું ભડકું થયું. મઢુલીનું મથાળું કડકડ થઇ તુટી પડયું. બાજુ તરફના પ્રજ્વલિત પદાર્થો વચ્ચોવચ્ચ પડ્યા. રણશિંગડાં, તુરાઇ, ભુંગળ, ઢોલ, નોબત, શરણાઇ, ઝાંઝ, થાળી વગેરે વાજીત્રોનો એવો મોટો અવાજ થઇ રહ્યો કે લોકોને પોતાના કાન હાથે બંધ કરવા પડ્યા, અને અવાજના આચકાથી આભ તુટી પડશે એવું લાગ્યું. એ બધાની સાથે લોકો પણ જેમ પડાય તેમ જોરથી “ જે અંબે,” “ જે અંબે, ” “ અંબે માતકી જે,” એવી ચીસ પાડવા લાગ્યા. તે વખતે જે ભયાનક તથા રાક્ષસી દેખાવ થઇ રહ્યો તેનું બ્યાનજ થઇ સકે નહિ. ગુણસુંદરીનું સુંદર શરીર લાકડાંની કપહારો નીચે છુંદાઇ ગયું, અને એક પણ મરતી વખતની ચીસ પાડ્યા સિવાય તેના તથા તેના સ્વામીના આત્માનાં મૃત્તિકા–ગૃહો અગ્નિની મારફતે પંચમહાભૂતમાં મળી ગયાં, અને તે દેહરૂપી ઘરમાં વસતા તેમના આત્મા જે જે બક્ષિશો લઇ આ દુનિયામાં આવ્યા હતા તેનો ઉપયોગ શી રીતે કીધો તેનો હિસાબ આપવાને રાજાઓના રાજાની હજુર રજુ થયા.

(કરણ ઘેલો.)

83.

એ વેળા શીલગુણસુરી (સૈલિસુરી) નામે જૈન જતિ ત્યાં થઇને જતા હતા. શ્વેત વસ્ત્રે ઢંકાએલા વાંસાને આચ્છાદન કરતો સુંદર કાળો ભીનો ચોટલો લગભગ ભોંય લગી આવી રહેલો છે; ગોરા નાજુક જોડેલા હાથના સામ્પુટ આંગળાંની ટોચ નીચલા હોઠે અડેલી; અર્દ્ધ નેત્ર ઊઘાડી પલાંઠી વાળી ટટાર બેઠેલી; ભક્તિરસથી ચકચૂર થઇ ગયેલી છે; સુંદર મુખ અને કોમળ અંગ સર્વોત્કૃષ્ઠ ઇશ્વરપ્રેમથી ભરપૂર થઇ સ્તબ્ધ છે; આંખમાંથી આંસુ વહેછે, ને મધુર વાણીએ પરમેશ્વરની સ્તુતિ પ્રાર્થના કરે છે; એવી રૂપાળી નારી અરણ્યમાં જોઇ સાધુ છક થઇ ગયા. વિકટ રાનમાં આ કૌતક જોઇ જતી વિસ્મય પામ્યા. ભક્તિભાવમાં એટલી બધી લીન થઇ ગઇ છે, પરમાત્મામાં તેનું ચિત્ત એટલું બધું લાગેલું છે કે પાસે કોણ

આવ્યું, ને આજુબાજુ શું થાય છે, તેનું ભાન તેને નહતું. તેનું લક્ષ કેવળ પરબ્રહ્મ પરમેશ્વરમાં તલ્લીન થયું હતું. તેના મ્હો ઉપર ગંભીરતા ને ભક્તિ વ્યાપી રહ્યાં હતાં. જરાવાર તેના રતૂમડા પાતળા હોઠ હાલતા રહી જતા, ને શરીરનાં રોમ ઉભાં થતાં. વળી પાછો ઇશ્વરને સંભારતો, પરમેશ્વરનું સ્તવન કરતો, ભગવાનને ભજતો, ઝીણો અને મીઠો સાદ નીકળતો. એનું ધ્યાન ચૂકાવવું દુરસ્ત નહિ ધારી ગોરજી વેગળે ઉભા રહ્યા.

(વનરાજ ચાવડો.)

84.

આ પેહેલવાનની મુખમદ્રા ગોળ હતી, મુંછ સહજ લાંબી હતી, કપાળ વિશાળ હતું, ગાત્ર ભરેલાં હતાં અને દેહ માંસલ તથા કસાએલો જણાતો હતો. તેના આજાન બાહુમાંનો એક તેની કેડ ઉપર શોભી રહ્યો હતો અને બીજો સુવર્ણના તારથી રસેલી ઘટ અને મજબુત લગામને ધારણ કરી અશ્વની ગતીનુ નિયમન કરતો હતો. તેની કસેલી કેડની એક પાસ અનેક વીરજનોના રક્તનુ પાન કરનાએ ન ધરાતી સાક્ષાત્ સહસ્ત્રમુખા શેષની પ્રથમ પત્ની નાગેણ જેવી, મહાપ્રયત્ને મંદિરમાં અલ્પકાળને માટેજ શયન કરનારી ભદ્રકાળી જેવી અને માયાનમાં છતાં-એ ઘુંઘટમાંથી લટકા કરતી પરકીયા જેવી સુવર્ણ અને રત્નથી ખચિત હાથાથી દબાએલી તરવાર લટક લટક લટકી રહી હતી; તથા બીજી પાસ ગેબી ઘામાંજ પ્રવિણ અને પોલા વદનમાંથી પણ પ્રાણ લેવાની શક્તિ ધરાવનાર તમચો એવો દબાવેલો હતો કે જાણે તેના ધર્તાને પણ શંકા રેહેતી હતી કે રખેને અકારણ અનાથ ઉપર ઘા કરવાને અચાનક છુટી જઇ તે કંઇ ન કરવાનું કરી બેસે. તેના શીર ઉપર ગુલાબી રંગનો ફેંટો, રેંટો નાખી, બાંધેલો હતો; જેનું મધ્ય ફુમતુ મયૂરની પેઠે કળા કરી રહ્યું હતું. તેણે અન્ય વાગા કેસરી રંગના સજેલા હતા. તે મધ્ય કદનો અને કેસરી જેવો ચંચળ હતો, પરંતુ તેની ભ્રમર ઉપર ચિંતાના ભારથી તેના અંતઃકરણમાં વામલોચનાનો નિવાસ પ્રકટ થતો હતો.

(કુસુમાવલી.)

85.

એવી રળીયામણી જગામાં કોના મનમાં ભક્તિ આવ્યા વિના રહે? જ્યાં ઇશ્વરે ઓહોળે હાથે પોતાની ઉદારતા વાપરેલી છે, જ્યાં જગત્ કર્તાનાં મોટાં કામો માણસનાં હલકાં તથા નબળાં કામોની જાણે મશ્કરી કરતાં હોય એમ લાગે છે, જ્યાં ઘણીએક તરેહની સૃષ્ટિની શોભા એકઠી મળેલી હોય છે, જ્યાંની ભૂમી એવી તો પવિત્ર તથા દેવતાઇ જણાય છે કે ત્યાં કાંઇ દુષ્ટ કામ કરતાંજ માણસને ત્રાસ લાગે છે, તથા જેનો નમુનો લઇ પૃથ્વી ઉપરના કેટલાએક જંગલી લોકોએ

પોતાનું સ્વર્ગ કલ્પેલું છે, એવાં રમણિક તથા પવિત્ર સ્થળોમાં માણસને પોતાનું તુચ્છપણું તથા હલકાઇ સમજાય, પોતાના કરતાં અતિ ઘણી બળવાન કોઇ બીજી શક્તિ છે એમ તે જાણે, તથા તે શક્તિ આગળ નમ્રતા પકડી તેને નમીને તેને પોતાનો દેહ તથા આત્મા સોંપે, તેની બેહદ સ્તુતિ કરે, તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખી ભક્તિમાં વધારો કરે, તથા જે થાય છે તે તેની ઇચ્છાથીજ થાય છે એમ ખાતરી કરી ધૈર્યતા તથા શાંતિ મનને વિષે રાખે, એમાં કાંઇ આશ્ચર્ય નથી.

(કરણ ઘેલો.)

86.

રાત ચાંદરણી હતી; રૂપાનાં પતરાં જેવું ચાંદરણું ખીલી રહ્યું હતું. પણ તે વેળા જમીન ઉપર કેવો ભયંકર દેખાવ જોવામાં આવતો હતો! એક મોટાં મેદાન ઉપર હજારો માણસ વિક્રાળ મ્હોંવાળાં મુએલાં પડેલાં હતાં, અને તે ઉપર જ્યારે ચાંદરણું પડતું હતું, અને તેઓનાં મ્હોં ઉપર મૃત્યુથી ઉત્પન્ન થતા ફિકા રંગની સાથે અજવાળાનો રંગ મળતો, ત્યારે તેઓ ખરેખરાં ભયાનક દીસતાં હતાં. ઘાયલ લોકો ચીસાચીસ પાડતા તેઓને પોતપોતાનાં માણસો લઇ ગયાં, અને તે ઠેકાણે જે ઓસડ વેસડ થઇ સકે તે લગાડવામાં આવ્યું. લોહીની તો નીક ચાલી રહેલી હતી, અને તેનો લાલ રંગ બદલાઇને કાળો થઇ ગયો હતો. ગીધ, સમડી, કાગડા વગેરેને સારૂ જે મેજબાની પાથરેલી હતી તેનો ઉપભોગ કરવાને તેઓ તે વખતે ત્યાં ન હતાં, પણ વનવાગળાં ઉંચાં ઉડ્યાં કરતાં, ઘુડો પાસેનાં ઝાડ ઉપરથી અપશકુન-વાળો તથા ભયાનક શબ્દ કાઢયાં કરતાં, અને શિયાળવાં મુડદાની ગંધથી ત્યાં આવીને મુએલા માણસોનો આરામ ભંગ કરતાં હતાં. સઘળું ચુપાચુપ હતું, અને લશ્કરમાંથી કાંઈ પણ મોટો અવાજ આવતો ન હતો. એટલાં બધાં માણસો એક એકનો પ્રાણ લેવાને એકઠાં થયાં હતાં, તેઓ આ રાતના દેખાવથી બીહીને, મોત તેઓની પાસે થઇને ફર્યા કરતું તેથી ડરીને, તથા આવી શાંત રાતની વખતે અવાજ કરવાથી રાત્રીના દેવોને ઉપદ્રવ થાય તે ન કરવાને સઘળાં મૂગાં રહેલાં હતાં. માત્ર કંસારી બોલ્યા કરતી, તથા શિયાળવાંને ઉજાણીનું પર્વ હાથ લાગ્યું તેથી તેઓએ બૂમાબૂમ પાડી મૂકી હતી. મુસલમાન લોકોએ પોણીરાત નિમાજ પઢવામાં કાઢી. રજપૂત લશ્કરમાં તે વખતે મહાભારત વંચાતું હતું, અને કુરૂક્ષેત્રની લડાઇમાં જે શૂરાતનનાં કામો કરવામાં આવ્યાં હતાં તેમાં વિશેષે કરીને ભીમના પરાક્રમોની વાત વંચાવ્યાથી સઘળા શૂરા રજપૂતોનું લોહી ઉકળી આવ્યું હતું. તે સિવાય ભાટ લોકોએ આગલા ક્ષત્રી રાજાઓની લડાઇનાં કવીત કેહી સંભળાવી સઘળાઓમાં શૂર ઉત્પન્ન કીધું હતું. હવે એક પોહોર રાત બાકી રહી. ચંદ્રમા અસ્ત થયો, અને અંધારાનું પ્રબળ થઇ રહ્યું.

(કરણ ઘેલો.)

87.

મન સ્વચ્છ કરી પ્રભુના ગુણો સંભારી રૂપસુંદરીએ ધ્યાન ધર્યું ને સ્તવન કર્યું. તે બોલી—હે દીવ્ય પિતા! અનુપમ પરમાત્મા! સર્વ શક્તિમાન પરમેશ્વર! કરૂણા સાગર ભગવાન! હું દીન જન તારી સ્તુતિ શું કરૂં! હું પામર પ્રાણી, હું અલ્પ જીવ તારાં વખાણ કેમ કરી શકું! મારી વાણી તારા ગુણ ગાવાને પહોંચી શક્તી નથી. હું કયા શબ્દોએ તારો પાડ માનું તે મને સૂઝતું નથી. કીડી તે હાથીનો ભાર કેમ તોળી શકે! કીડીની ભાષામાં પર્વતના વજનનું માપ કહેવાના શબ્દો ક્યાંથી હોય! કીડી ને હાથીમાં, કીડી ને પર્વતમાં જેટલો અંતર છે તેથી અનંત ઘણો ફેર મારા ને તમારામાં છે, તો મારી બોલીમાં તારૂં સ્તવન કરવાને શબ્દો ક્યાંથી હોય! હે પરમ પવિત્ર વિશ્વાધિપતિ, અનાદ્યંત દેવા! તમારા ગુણોનું વર્ણન કરવાને હું છેક અસમર્થ છું. તારો ઉપકાર માનવાને મારી પાસે યોગ્ય વાણી નથી. તેં મને સુખ અને દુ:ખ એ બે દેખાડ્યાં. સુખમાં મેં સંસારનો ખેલ જોયો, દુ:ખમાં સૃષ્ટિની અદ્‌ભુત લીલા નીરખી. સુખમાં મેં રાજમહાલયની શોભા દીઠી; દુ:ખમાં મેં સૃષ્ટિની ચમત્કારી રચના નિહાળી. રાજમંદિરના સુખની વેળાએ મેં ધાર્મિકપણાનું ડોળ દેખાડ્યું, દાંભિક ક્રિયાઓ કરી જગતમાં નામ કરવાને, પુણ્યશાળી કહેવડાવાને, મસ ગૌદાનાદિક પુણ્ય કરી બ્રાહ્મણ અને સાધુ જમાડ્યા, પણ તને ઓળખ્યો નહિ. હવે મારી ખાતરી થઇ છે કે તને જાણ્યા વિનાની સઘળી પૂજા અર્ચા પાખંડ ને મિથ્યા છે. લોકને દેખાડવાને, મિથ્યા અભિમાને અને એક સર્વ સમર્થ પરમેશ્વરની સાચી દૃઢ ભક્તિ વિના, કરેલાં સર્વ ધર્મ કાર્ય ને ક્રિયા કર્મ તથા જૂઠાં પુણ્ય દાન વ્યર્થ છે, નિષ્ફળ છે. હે કરૂણા સાગર પ્રભુ! મારાથી અજ્ઞાનમાં થયેલા વાંકને ક્ષમા કરવાને આપ સમર્થ છો. મારો અને માણસ માત્રનો આધાર તુંજ છું. તારી દયાથીજ ક્ષમા પામી શકાય. પરંતુ અમારાં સર્વ ખોટાં કર્મ તું માફ કરીશ એવો ભરોસો શાથી રાખી શકાય? સુખને સમયે મેં ખરો વિચાર ન કર્યો એ મારી મોટી ભૂલ છે. કેવળ સંસારની માયામાં, અહંકારમાં, વહેમમાં, અને કુતર્કમાં નિમગ્ન રહી એ મારી મોટી મૂર્ખાઈ, એ એ મારો મોટો અપરાધ, એ મોટાં પાપોથી હું કેમ છૂટીશ! મહારાજ! દયા કરો, તમારી દીન દાસીપર દયા કરો.

(વનરાજ ચાવડો.)

88.

ઘરમાં નિત્યના જેવો માણસોનો તથા કામનો ગરબડાટ હતો તે પર ઉદાસીનવૃત્તિ થઈ ગઇ અને દીવા થતાં બે ઘોડાની ફાઇટનમાં નીકળ્યો. રસ્તે જતાં ચંદ્રકાંતને સાથે લીધો. ચોપાટીના રસ્તાપર સમુદ્રપરથી આવતી ભીંની ઉત્સાહક પવનની લ્હેરોથી તે શાંત થયો નહી. પાસેના કાળા ડુંગરો ઉપર દૃષ્ટિ કરતાં અદ્‌ભુત વૃત્તિ તેણે અનુભવી નહી. મિત્રની સાથે આખો રસ્તો વટાવતા

સુધી કાંઇ બોલ્યો નહી. ટેકરીપર ધીમે ધીમે ઘોડા ગાડીને જોરથી ખેંચતા ચ્હડતા હતા તે વખતે જાણે અકસ્માત્ કે કોણ જાણે કાંઇ કારણથી શિથિળ થયેલો સરસ્વતીચંદ્ર મિત્રના શરીર પર પડી ચમકયો હોય તેમ સજ્જ થયો. રસ્તે ચાલતા હવા ખાતા ચિત્રરંગી લોકવર્ગ ઉપર, ગાડીઘોડાઓ ઉપર, હાડકાંના ભાગલા શેઠીયાઓ ઉપર, સંસારનાં નિઃસ્પૃહી આનંદી બાલકો ઉપર, પત્થરોપર બેઠેલી મિત્રતા ઉપર, ન્હાની ગુટકો ઝાલી બડબડી બંદગી કરતા ઘડીક પવિત્ર થતા પારસીઓ ઉપર, ઘોડા દોડાવતાં પરપ્રમત્ત યુરોપિયન દમ્પતીયો ઉપરઃ કશા ઉપર સરસ્વતીચંદ્રે દૃષ્ટિપાત કર્યો નહી. કોલાબાની દીવાદાંડી અને વાલુકેશ્વરની અણીની વચ્ચે આથમતા ગરીબડા સૂર્યને કાંઇ પુછતો હોય, ફીણ ઉરાડતા ગર્જતા અનાદિ લાગતા સમુદ્રપર છેટે કોઇ પ્રદેશ જોતો હોય, વિશાળ આકાશમાં ઉતરતા અંધકારને માપી લેવા ઇચ્છતો હોય, તેવો તે દેખાતો હતો. એમ કરતાં કરતાં બંગલો આવ્યો, પાણીદાર ઘોડા ખોંખારા કરતા અંદર વળ્યા, ચાબુક વીંઝાતી બંધ થઇ, વાડીમાંની લીલોતરી આંખનો સત્કાર કરવા યત્ન કરવા લાગી, ગાડીનાં ચક્ર નીચે કચરાતી હતી તે કહણુ ન્હાની કાંકરી ગાડીમાં બેસનારના અભિમાન અને પ્રમાદને ભેદી તેના કાનમાં ફરીયાદીનો શબ્દ મોકલવા મંડી, એટલામાં ગાડી દ્વારના પગથીયાં આગળ આવી ઉભી અને બેસનાર ઉતર્યા.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૧ લો.)

89.

સઘળી રાણીઓએ પોતપોતાના કામકાજનો બંદોબસ્ત કરી લીધો. પછી મેહેલના જે ભાગમાં જલદીથી બળે એવા પદાર્થો હતા ત્યાં એક મોટો કાકડો સળગાવી મુકયો. રાજ્યમેહેલ સળગવા લાગ્યો; લાકડાં કડકડાટ કરી પડવા લાગ્યાં; બળતાંએ છાપરાંના એક ભાગને પકડયો; નળિયાં ઉપરથી નીચે પડવા લાગ્યાં; ધુમાડાના ગોટેગોટ ચાલ્યા; અને તાપના ભડકા ઓરડામાં ઉન્મત્તાઇથી રમત રમવા લાગ્યા. બહાર લોકોનું મોટું ટોળું મળ્યું. તેઓ પાણીના ઘડા, કુહાડા તથા આગ હોલવવાનો તથા ઘર તોડી પાડવાનો સામાન લઇને આવ્યા; પણ આગનું જોર વધી ગયું, અને જે મેહેલ પાટણ શેહેર વસાવતી વખતે વનરાજે બાંધેલો, જે મેહેલમાં મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, ભીમદેવ, ઇત્યાદિ રાજાઓ જન્મ્યા, તથા મુઆ, જે મેહેલમાં જયના આનંદકારક શબ્દ ઘણીવાર સંભળાયલા, અને જેમાં પરાજયને લીધે વિલાપ તથા શોક ઘણીએક વાર થયેલો જે મેહેલે રાજ્યના નાના પ્રકારના ફેરફાર જોયલા, અને જેણે આસરે સાડી પાંચસેં વર્ષ વાયુ, વૃષ્ટિ, તથા કાળચક્રના અનેક સપાટા ખમેલા, તે મેહેલ આજે અગ્નિદેવને ભેટયો; અને જેમ દેહરૂપી ઘરનો ધણી બહાર નીકળી ગયા પછી તેને

અગ્નિદાહ કરવામાં આવેછે, તેમ તે રાજ્યમેહેલનો ધણી રાજા કરણ તેનો ત્યાગ કરી ચાલ્યો ગયો ત્યારે તેણે પણ અગ્નિમાં પ્રવેશ કીધો.

(કરણ ઘેલો.)

90.

કોઇએ એમ ન સમજવું કે નિશાળેથી ઉઠ્યા એટલે ભણી ચૂક્યા. માણસ જે ચાહે તો જીવે ત્યાંસૂધી પોતાનું જ્ઞાન વધારતો જાય. આખા જન્મારામાં એ વાત હર ઘડી યાદ રાખવી, કે આપણા જ્ઞાનનો વધારો કરવો એ આપણું એક મુખ્ય કામ છે. હરેક વખતે, હરેક જગાએ, હરેક કામમાં, ને હરેક બાબતમાં એ કરવાને જોગવાઇ મળે છે. જ્યારે આપણે એકલા હોઇએ, કે અંધારામાં જ્યાં સઘળું ચૂપાચૂપ હોય ત્યાં હોઇએ ત્યારે ત્યાં પણ આપણે આપણા મનજોડે વાત કરી શકીએ. આપણું મન શું કરે છે તે જોઇએ, તથા થોડીવાર અગાઉ જે વાત બની હોય તેથી આપણા મનપર શી અસર થઇ છે, ને તે કેવી સ્થિતિમાં છે, એ વિષે વિચાર કરી શકીએ. આપણા શરીરની અને મનની શક્તિઓ અને તેના ગુણ, તથા તેના ધર્મ અને તેની ઇચ્છાથી આપણે વાકેફ થઇ શકીએ છીએ. જ્યારે આપણે કોઇની જોડે હોઇએ ત્યારે પણ વાતચિતથી આપણને માણસના સ્વભાવવિષે, મનના વિકારવિષે, તેની નાદાની, સદ્ગુણ અને દુર્ગુણવિષે તથા સંસારના વેહેવારવિષે જ્ઞાન થાય.

માણસે પોતાને ઓળખવું અને બીજા માણસોના સ્વભાવ વિષે જાણવું એ ઘણુંજ અગત્યનું છે. એનાથી વધારે અગત્યની માત્ર એકજ બીજી વાત છે, તે એ છે કે પરમેશ્વરનું જ્ઞાન મેળવવું, તથા આપણી અને તેની વચ્ચે શો સંબંધ છે તે જાણવું.

જ્યારે આપણે ઘરમાં હોઇએ કે શહેરમાં હોઇએ. ત્યારે જ્યાં જોઇએ ત્યાં માણસના હુનરવડે થયેલાં ઘણાં કામ દેખીએ છીએ, પણ જ્યારે આપણે ગામ કે શહેર બહાર નીકળીએ છીએ ત્યારે પરમેશ્વરનાં કામ જોઇએ છીએ. ઉપર આભ, નીચે ધરતી, ને આસપાસ અનેક જાતનાં પ્રાણી અને વનસ્પતિ આવી રહે છે. એ સર્વ ઉપર ધ્યાન દઇ જોતાં હજારો વિચાર ઉત્પન્ન થાય છે.

(ગૂજરાતી સાતમી ચોપડી.)

91.

આ પુરૂષે આજ કાલ થોડા વખતમાં એવા ચમત્કારિક શોધો કર્યા છે કે તે જોઇ દુનિયાં દંગ થઇ રહી છે. અને એ એક ઝપાટાની સાથે આ જમાનાના સર્વોપરી યંત્રશોધક ઠરી ચૂક્યો છે. એણે વાટ, આર્કરાઇટ, સ્ટીવનસન, વગેરે

પાછલા જમાનાના સઘળા જગપ્રસિદ્ધ શોધકોને ભૂલાવી દીધા છે, અને ખરે દુનિયામાં એણે શોધનો એક એવો નવો માર્ગ ખુલ્લો કર્યો છે કે રેલવે જેવી ચમત્કારી શોધો પણ આગળ જતાં નકામી ને જંગલી ગણાય એમ દિસે છે. દુનિયાને નવી જુની કરનારો આ પુરૂષ માત્ર ૩૫ વર્ષનો છે, અને હવે પછી એ શું કરશે તે કાંઇ કહી શકાતું નથી.

એ ન્યુયાર્કનો રહેનાર જાતે એક અમેરિકન ઇંગ્રેજ છે. પ્રથમ એ કોઇ ટેલીગ્રાફ આફિસમાં તારના સંદેશા લઇ જનારો નોકર માત્ર હતો. પછી તેજ આફિસમાં એને કારકુની મળી. પણ એનામાં બુદ્ધિ મહા વિલક્ષણ હતી. જ્યાંથી વીજળીના સંચા જોયા ત્યારથી તેની બનાવટ તર્ફ એનું મન લાગ્યું. એ ખાઇ પીને તેનો અભ્યાસ તથા પ્રયોગ કરવા માંડયો. એણે થોડાજ વખતમાં વીજળી સંબંધી જે જ્ઞાન વિદ્વાનો મેળવી ગયા હતા તે સંપાદન કરી લીધું, અને તેના યંત્રોની બનાવટથી પૂરે પૂરો વાકેફગાર થઇ ગયો. એટલું કરી રહ્યા પછી એની મહા પ્રચ્છક બુદ્ધિએ જોયું કે હજીતો વીજળી સંબંધી આપણે કાંઇ જાણતા નથી. એ સંબંધી તો હજી ઘણું ઘણું જાણવાનું છે. તે શોધવા તર્ફ એડીસન તન મન ને ધનથી લાગ્યો. આ સમે કહેવાય છે કે એને ખાવા પીવાનું પણ પુરૂં ભાન નહોતું, અને દિવસના દિવસ તે પોતાના પ્રયોગાલયમાં ભરાઇ રહેતો. જ્યારે કેટલીક શોધો કર્યાં પછી એણે જાહેરમાં તેના પ્રયોગો કરી બતાવવાનો આરંભ કર્યો, ત્યારે ત્યાંના વિદ્વાનોએ એને એકદમ હસી કાઢયો. ઘણા તો કહેવા લાગ્યા કે એ ગાંડો થઇ ગયો છે. ૧૮૭૯ માં જ્યારે એણે જાહેર કર્યું કે વીજળીની વહેંચણ હું કરનાર છું ત્યારે ફ્રાન્સનો નામીચો શાસ્ત્રી કૌંટડુમોન્સલ પોકારી ઉઠયો કે આ એડીસન કોઇ લેભાગુ જણાય છે કે જેને વિદ્યુત્શાસ્ત્રના મૂળતત્વ પણ હજી આવડતાં નથી.

(નવલગ્રંથાવલિ.)

92.

આવા જુલમો સાંભળવાથી સાધારણ મનુષ્યનું લોહી ઉકળી જાય છે, તો બુદ્ધિમાન પુરૂષો રાજ્યતંત્રીઓના આવા જુલમની સામા થાય તે જોઇને કોને આશ્ચર્ય લાગે! જ્યારે આટલે દૂરને વખતે દૂર દેશમાં આવેલા આપણને આ સાંભળતાંજ અતિશય ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે જેઓએ પોતાની નજરે આ બનાવો જોયા તેમને કેટલું બધું લાગયું હશે! જ્યારે આવી બિનાથી સ્વાભાવિક રીતે કમકમાટ ઉત્પન્ન થતો હતો તેની સાથે પોતે જાતે પણ કદાચ રાજ્યતંત્રીઓના જુલમના ભોગ થઇ પડશે એવો ભય પ્રતિક્ષણે દરેક પુરૂષના મનમાં રહેતો હતો તેનો આપણે વિચાર કરીએ છિયે, અને આવી ક્રૂર પદ્ધતિ ચલાવનારાઓમાં બુદ્ધિ કે જ્ઞાનનો અંશ પણ ન હતો એ વાત ધ્યાનમાં લઇએ છિયે, ત્યારે સર્વ રાજ્યતંત્ર ઉંધું વળ્યું એવી ભારે રાજકીય ઉથલપાથલ થઇ તેથી આશ્ચર્ય

પામવાને બદલે એ ઉથલપાથલ ઘણી મોડી થઇ અને પ્રજાએ ઘણા દીર્ઘ કાળ સુધી અસહ્ય કષ્ટો વેઠયાં તેથી તેનું ધૈર્ય જોઇ આપણે વિસ્મિત થઇએ છિયે.

(ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ.)

93.

આ જે વિશાળ મેદાન દેખાય છે તેને આપણા લોક હાલ પાણીપતનું મેદાન કહે છે. એજ સ્થાન પ્રાચીન કાળમાં કુરુક્ષેત્ર નામે પ્રસિદ્ધ હતું. જ્યારે જ્યારે આપણા દેશના ક્ષત્રિયોનાં ભાગ્ય અને દુર્ભાગ્યાં બીજ રોપવાને ક્ષત્રિયો અને ક્ષત્રિયોના પ્રતિભટોના મહાભારત જેવાં યુદ્ધો થયાં છે ત્યારે આ રણક્ષેત્રમાં તે યુદ્ધોનો ટુંકો પણ ભયંકર અને છેલો નિર્ણય થયો છે. પાંડવો અને કૌરવોનાં પ્રચણ્ડ યુદ્ધ અરાઢ દિવસ સુધી આ સ્થાને થયાં, લાખો શૂરવીરોનાં ધડ એ જંગ-માં પડ્યાં, અને મહાભારતના સ્ત્રીપર્વમાં એ અસંખ્ય શૂરવીરો પ્રેતરૂપે દેખાયા વર્ણવેલા છે. બીજીવાર ઉત્તર દેશમાંથી બાબર બાદશાહે આવી આ દેશમાંના મહારાજ ઇબ્રાહિમ લોદી સાથે મહાયુદ્ધ કર્યું તે પણ આ જ રણક્ષેત્રમાં થયું અને ચાળીશ હજાર વીરોનાં મડદાં આ સ્થાને રોળાયાં છે! આ મરનારાઓની ભૂતાવળી ઘણા કાળ સુધી આ સ્થાનના યાત્રાળુને કારમી ચીસો પાડી ચમકાવતી હતી. અકબર બાદશાહના બ્હેરામખાને હેમુને હરાવ્યો તે પણ આ સ્થાને. પેશવા-ઓની મુછનો વાળ સદાશિવરાવ ભાઉ પણ આ સ્થાને જ રણજંગમાં રોળાયો ને બે લાખ યોદ્ધાઓ એની સાથે લોહીની રેલોમાં ડટાયા! આ ભયંકર પણ સિદ્ધ રણક્ષેત્ર પાસેનાં પ્રાચીન હસ્તિનાપુર અને અર્વાચીન દીલ્હીના ચક્રવર્તી મહા-રાજાના દિવ્ય વૈભવ આ યુદ્ધોમાંનાં લોહીની સિન્ધુ જેવી મહાનદીઓને તળીયે હજી સુધી દેખાય છે! ક્ષત્રિયોના સંહારના આ ક્ષેત્રમાં, પોતાનાં કૃષ્ણાવતારના પ્રિયસખા અર્જુનની શરવૃષ્ટિઓના આ વિજયસ્થાનમાં, ચિરંજીવ ભગવાન્ પરશુરામ રાત્રે રાત્રે વાસો કરે તેમાં શી નવાઇ છે?

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૪ થો.)

94.

અસ્ત અને ઉદય એ આ સૃષ્ટિમાં એક અચલ નિયમ છે. જે કાર્ય નિરંતર થયાં જાય છે તે ગમે એવું ચમત્કારિ હોય, પણ તે સાધારણ મનુષ્યનું લક્ષ આક-ર્ષતું નથી. સદાના સહવાસવાળા પદાર્થમાત્રની ચમત્કૃતિ અને સૌંદર્યનું મૂલ્ય અનુ-ભવની અને બુદ્ધિની દૃષ્ટિ જ કરી શકે છે. એક દૂરદર્શક યંત્ર કિંવા અન્ય નવીન યંત્ર હોય તો, તેને બહુજન જોવા ઇચ્છે છે. પણ પોતાનીજ આંખ, અને પોતા-નાજ શરીરરૂપ યંત્ર, જેની તુલના જગતમાં મનુષ્યે રચેલાં કોઇ પણ યંત્ર કદાપિ કરી શકનાર નથી, તે વિષયે વિચાર કરી સાનંદાશ્ચર્ય થોડાજ જન પામતા હશે.

નિત્ય ઉપયોગમાં આવતો જે અગ્નિ, તે વિષયે પણ થોડાકજ મનુષ્યો વિચાર કરતા હશે, તોપણ અગ્નિને અડકેથી દઝાય છે, તેથી અગ્નિનો તે દાહક ગુણ, વિચાર કર્યા વિના પણ, અનુભવે કરી, બાલ્યાવસ્થાથી મન ઉપર સજડ બેશી રહે છે. અનુભવ એ મહાલાભકારક શિક્ષક છે. અન્યના શિષ્ય કરતાં અનુભવે શિક્ષિત શિષ્ય પોતાના વિશેષ જ્ઞાનને લીધે જગત્માં અધિક જય પામે છે. કોઇએક વિષયના પરોક્ષજ્ઞાન કરતાં તેનો અનુભવ બહુ ઉપયોગી અને અક્ષય્ય ગણાય છે. જેમ, જૂદા જૂદા દેશના લોકોની જૂદી જૂદી ભાષાઓ છે, તે, તેજ દેશનાં મનુષ્યો, કે પછી તેનો અભ્યાસ કરનાર જ, સમજે છે; તેમ અનુભવના દેશની પણ એક ભાષા છે. તે સર્વ કોઇ **સાંભળી** શકે ખરાં, પણ **સમજે** તો માત્ર અનુભવી વર્ગનાં હોય તેજ. ભાષા જાણતાં થતો શ્રમ, અને તે ભણેથી તેમાંના ભાંડાર ઉઘાડી તેમાંનું લેવાતું સુલભ સુખ, એ બેમાંથી એકે, તેના અજ્ઞ સમજી શકનાર નથી; એ સર્વ દેશના અને સર્વ કાલના પંડિતોનું મત છે. તેમ અનુભવ મેળવતાં પ્રથમ થતું દુઃખ, અને અનુભવ મલેથી બોધ પ્રકટીને પછી અંતે થતા લાભનો અને સુખનો સ્વાદ પણ, અનુભવીઓજ સમજી શકે છે. 'દર્દિની ગતિ દર્દિજ જાણે.' શૂરવીરોના શરીર ઉપરના પ્રહાર તથા ક્ષતનો, અને તેઓનો જય થયેથી તેઓના મનના સુખનો, કાયરોને સ્વપ્નમાંએ ભાસ થવાનો નહિ.

(અસ્તોદય.)

95.

રાતના બે વાગ્યા. રાતનો ભરપૂર અમલ બેઠેલો હતો. ચંદ્રમા અસ્ત પામ્યો હતો, અને સઘળે ઠેકાણે અંધકાર વ્યાપી ગયો હતો. આખી સૃષ્ટિમાં ચુપાચુપ હતું. માત્ર વખતે વખતે ઘૂડ અથવા ચિબડીનો કઠોર શબ્દ કાને પડતો હતો. આ વખત ચોરોને ઘણો અનુકૂલ પડે એવો હતો. એ વખત ભૂત પિશાચ વગેરે મલીન પ્રાણીઓને બાહાર ફરવા નિકળવાનો ગણાતો હતો. આ વખતે સદ્‌ગુણ આરામ પામતો હતો, અને દુર્ગુણજ માત્ર જાગી ઘડી ગણુતો હતો. એવે વખતે ભટાણી જાગૃત થઇને ઉઠી, અને ખુણામાં જે તલવાર સંતાડેલી હતી તે પકડી. તે ધીમે ધીમે જે ઠેકાણે દેવળદેવી સુતી હતી ત્યાં ગઇ, અને પોતાના ધારેલાં કામને પાર પાડવાની તૈયારી તેણે કીધી. ઓરડામાં સઘળાં ભર ઊંઘમાં હતાં, તેઓની ઘોરથી ઘણો મોટો તથા ભયંકર શબ્દ થઇ રહ્યો હતો. દીવો ઝાંખો ઝાંખો બળતો હતો તોપણ જેટલાં પ્રકાશનાં કિરણ તેમાંથી નિકળતાં હતાં તેઓમાંથી ઘણાં ખરાં દેવળદેવીના રૂપવંતા વદન ઉપર પડતાં હતાં. આ અંધકાર અને અજવાળાની મર્યાદા ઉપર દેવળદેવી સુતી હતી, અને તેની પાસે ભટાણી હાથમાં નાગી તલવાર લઇને ઉભી હતી. આ કેવો દેખાવ! આ વખતે કોઇ ચતુર ચિતારો હોય તો તેને પોતાના ચિત્રને માટે એક વિચિત્ર પણ ભયાનક વિષય મળી આવે. એક તરફ એક ભરજુવાનીમાં ફુટતી, રૂપાળી, નિર્દોષ સ્ત્રી ભરનિદ્રામાં ગરક

થયલી હતી; અને બીજી તરફ એક મધ્યમ અવસ્થાની, ક્રૂર, ચંડાળ સ્ત્રી મહા-પાપ કરવાને તત્પર થઇ હાથમાં પ્રાણઘાતક શસ્ત્ર લઇ ઉભી હતી. એક તરફ ઇંદ્રની રંભા, અને બીજી તરફ એક શંખણી. એક તરફ કમળ લોચની પોતાનાં નેત્ર કમળની પાંદડી બીડીને વિશ્રાંતી લેતી હતી; અને બીજી તરફ લોહીવર્ણું, ફાટેલા ખુની ડાળાવાળી રાક્ષસી દુષ્ટ વાઘની પેંઠે પોતાના શિકાર તરફ તાકતી હતી. એક તરફ સદ્દગુણી, શાંત મનની અબળા નિદ્રા દેવીની બાથમાં ભરાયલી હતી; અને બીજી તરફ સ્ત્રીના નામને એબ લગાડનાર બાયડી અતિ દુષ્ટ કર્મ કરવાને તત્પર થયલી હતી; તેના મનમાં જેમ વાવાઝરડાંથી સાગરનું પાણી ઉછળે છે તેમ ઉથલ પાથલ થઇ રહી હતી. આ ભયંકર વખતે તલવાર ઉગામી તો ખરી, પણ નીચે પડતાં વચમાં અટકી ગઇ. ખરે કોઇ સત્યની, કોઇ સદ્દગુણની, કોઇ નિર્દોષપણાની રક્ષણ કરનાર દેવીએ તે શસ્ત્ર પકડી રાખ્યું; ભટાણીનો હાથ નિર્બળ થઇ ગયો; તલવાર હાથમાંથી પડી ગઇ; તેની કાયા શિથિલ થઇ થરથર કાંપવા લાગી; તેને સર્વાંગે પર-સેવો છુટયો; અને કપાળ ઉપર પાણીનાં ટીપાં બંધાયાં; તેનાં મ્હોં ઉપરથી લોહી ઉડી ગયું; અને જેવો શરીરના બાહરના ભાગમાં મોટો ફેરફાર થયો તેવો માંહે પણ થયો. પ્રીય વાંચનાર! આ ઠેકાણે સવાલ ઉઠશે કે આ શાથી થયું? અંતઃકરણના પશ્ચાતાપથીજ. ભટાણીએ જો જતાંજ વાર ઘા માર્યો હોત, તો તે દુષ્ટ કામ થઇ ગયું હોત; પણ તેણે આવીને દેવળદેવીનું મ્હોં કેટલીએક વાર જેયાં કીધું, તેથી ઉંચી વૃત્તિઓને જોર પકડવાનો વખત મળ્યો; અંતઃકરણે પાછો પોકાર કીધો. દેવળ-દેવીના સુંદર તથા નિર્દોષ મુખમાંથી જે શીતળ કિરણો નિકળ્યાં તેથી ભટાણીના મનની મોટી આગ હોલવાઇ ગઇ. અને એ વખત દયા તથા બીજા કોમળ વિકારો મદદે આવ્યા તેથી ભટાણી બદલાઇ ગયાં. લાગલોજ પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો. આ સુંદર કોમળ કાયા ઉપર કઠણ લોઢાનો ઘા કોણ કરી સકે? આ રૂપાળા ફૂલની કળી કોનાથી તોડાય? આ શોભાયમાન વૃક્ષ ઉપર કુહાડો કેમ મરાય? તેથી ભટાણી તલવાર પાછી લઇ પોતાની તળાઇ ઉપર સુઇ ગયાં એમાં કાંઇ આશ્ચર્ય નથી. સદ્દગુણનું આટલું જોર છે; પશ્ચાતાપની આટલી અસર છે; પણ સઘળું થવાને માટે વખત અવસ્યનો છે. કોઇપણ દુષ્ટ કર્મ કરવા અગાઉ જે થોડે ઘણો પણ વખત મળે તો તે કર્મ થતું બંધ પડવાનો ઘણો સંભવ રેહે છે.

(કરણ ઘેલો.)

96.

દરેક દેશમાં જુદે જુદે કાળે જુદા જુદા પ્રકારના જુદા જુદા મોટા પુરૂષો ઉત્પન્ન થાય છે. એ મોટા પુરૂષોમાં કોઇ એવો અથવા એવા હોય છે કે તે પોતાના ને પાછલા કાળના મોટાઓમાં શ્રેષ્ટ ગણાય છે ને વેળાએ તેના જેવા અથવા વિશેષ શ્રેષ્ઠ ફરી બીજા ક્વચિતજ જણાય છે. જે વીરલાએ અથાક ઉદ્યોગ ને અખુટ યુક્તિથી મોટાં મોટાં વિઘ્નસંકટની સામા ઉપરાઉપરી યુદ્ધો કરી સતેજ મોટા જય

મેળવ્યા હોય છે—જે અસાધારણ શક્તિમાન હોઇને અસાધારણ કર્મ કરી અસાધારણ વિજયી થયો હોય છે તે મહાપુરૂષ કહેવાય છે. એમાંના જેઓએ પોતાના જયથી ઘણા ઘણા દેશના લોકને જાણીતા કર્યાં હોય છે ને એઓના ઉપર સત્તા ચલાવી હોય છે તેઓ જગત્પ્રસિદ્ધ મહાપુરૂષ મનાય છે.

પરશુરામ, રામ, ભરત, યુધિષ્ટિર, વિક્રમ, શાલિવાહન એ રાજાઓ, ગૌતમ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વસિષ્ઠ, કસ્યપ ને અત્રિ એ સપ્તર્ષિ, મનુ, વાલ્મીક, વ્યાસ, બુદ્ધ, શંકર, ઇત્યાદિ આપણા દેશમાં થઇ ગયા છે. એઓ સંબંધી યથાસ્થિત ઇતિહાસ આપણા જાણ્યામાં નથી, તોપણ તેઓનાં કર્મના જય જોઇને આપણે શેંકડો વર્ષ થયાં તેમને પૂજતા આવ્યા છૈએ.

મહાપુરૂષનાં ચરિત્રથી શા લાભ છે તે જોઇએ. મહાપુરૂષ જે કાળમાં થયો હોય તે કાળનો ઇતિહાસ જાણવામાં આવે છે—તે કાળમાં લોકનાં તનમન, ધનબળની સમૃદ્ધિ કેવી હતી ને તેઓના સંબંધમાં આવેલાની કેવી હતી તે જાણ્યામાં આવે છે—દેશી લોક એક વિચારના ને એક સંપના હતા કે જુદા વિચારના હતા ને જો જુદા વિચારના હતા તો કેઇ તજવીજે તે મહાપુરૂષે સર્વને એકસરખા વશ કર્યા તેની અને બીજી ઘણી ઘણી તે કાળની વાતોથી આપણે જાણીતા થઇએ છૈએ. બીજા પ્રકારનો લાભ આ છે કે તે પુરૂષ આપણને દૃષ્ટાંતરૂપ ને શિક્ષણીય થાય છે. કેટલાક જણ પોતાનાં અસાધારણ કર્મથી મહાપુરૂષ કહેવાય છે, તોપણ તેઓનાં કેટલાંક કર્મ (પ્રગટ ને અપ્રગટ) નિંદ્ય હોય છે; તો તેઓના સદ્ગુણ લેવા ને દુર્ગુણ ન લેવા એ જે બોધ તે ચરિત્રદર્પણમાંથી સહજ જણાઇ આવે છે. કેટલાકે દીનહીન સ્થિતિમાં ઉત્પન્ન થયા છતાં પણ ઉદ્યમ, સદ્ગુણ ને બુદ્ધિથી નામ મેળવ્યાં છે, કેટલાકે સ્વાર્થસુખનો ત્યાગ કરી પારર્થ ને પરમાર્થ કરી નામ મેળવ્યાં છે, કેટલાકે શ્રમ, ત્રાસ વેઠતાં પોતાનો આગ્રહ ન મૂકતાં દેશાભિમાન દેખાડ્યાં છે ને નવા વિચાર જગત્માં પ્રગટ કર્યા છે, કેટલાકે ઘણીવાર ન ફાવ્યાથી કંટાળો આવ્યા છતાં પણ ઉમંગ આણી ખંતી રહી વિદ્યાકળામાં ને અજાણ્યા દેશોમાં શોધ કર્યાં છે. પ્રથમ કેવી સ્થિતિમાં હતા, કીઆ ઉદ્યમથી ને કેઇ તજવીજે તે પાર પડ્યા ને મોટા પુરૂષ કહેવાયા તે જાણવું થોડું લાભકારી નથી. જે દેશમાં ઘણા મહાપુરૂષ તે દેશની કીર્તિ વિશેષ ને લોકની સ્થિતિ પણ વિશેષ રૂડી હોય છે. હીણી દશામાં આવેલા દેશનો ઉત્કર્ષ ઇચ્છવો તો લોકમાં મહાપુરૂષોની સંખ્યા વધવી જોઇએ. દેશવિદેશનાં મહાપુરૂષોનાં ચરિત્ર ઉપરથી શિક્ષા ગ્રહણ કરી મોટાં કર્મ કરેથી કેટલાક જણ આગળ પડે છે ને અનુકૂળ પ્રસંગ સાધી મહાપુરૂષમાં પોતાની ગણના કરાવે છે.

(નર્મગદ્ય.)

97.

દિલ્હીમાં એક કિલ્લાના એક ઓરડામાં એક બઇરી નીચે માથું ઘાલીને બેઠી હતી. તે ઓરડાની સ્થિતિ તે બઇરીના મનની સ્થિતિના જેવીજ હતી. અંધકાર, અંધકાર, સઘળે વ્યાપી રહેલો હતો. ઓરડાની આસપાસની ચાર દીવાલોમાંથી એક પણ અજવાળાનું કિરણ પ્રવેશ કરી સકતું ન હતું. ભીંતની છેક ઉપર બે ત્રણ જાળિયાં હતાં તેમાંથી હવા માત્ર આવતી, અને તેથી તેમાં રહેલી બઇરીના પ્રાણને આધાર માત્ર મળતો. પણ તેમાંથી જે કંઇ પ્રકાશ પડતો તે એટલો તો થોડો હતો, તથા ઓરડો મોટો હોવાને લીધે તેમાંનું અંધારૂં એટલું બધું તો ઘાડું હતું કે તે અજવાળું અંધારાની સાથે મળી જતું, અને તેનું જોર બિલકુલ ચાલતું ન હતું. એ અંધારામાં બેઠેલી બઇરી જો જોઇ સકાય તો દુઃખ એટલે શું, અને અતિ દુઃખથી માણસની અવસ્થા કેવી થાય છે એ સંપૂર્ણ જાણવામાં આવે. જો કોઇ ચિતારાને એક મહા દુઃખી માણસનું ચિત્ર કાઢવું હોય, અથવા જો કોઇ કવિને તેવા માણસના દેખાવનું વર્ણન કરવું હોય, તો તેણે તે બઇરીને જોવી. તે ખરેખરૂં દુઃખનું સ્વરૂપ હતું. જો દુઃખ માનવી દેહ ધારણ કરી સકે તો તે આ બઇરીના જેવુંજ સઘળાને માલમ પડે. તેને પોતાના શરીરનું બિલકુલ ભાન નહતું. તે પોતાના બે પગની વચ્ચે માથું ઘાલીને બેઠી હતી. તે ઘણી રૂપાળી હતી, પણ દુઃખના આવેશમાં તેનું રૂપ બદલાઇ જઇને તેની શિકલ ઘણી બીહામણી થઇ ગઇ હતી. તેના મ્હોં ઉપરની નસો ફુલી આવી હતી. તેનું શરીર સઘળું સોસવાઇ ગયું હતું. તેના ઉપરનું તમામ લોહી ઉડી જવાથી તે મુડદાના જેવા ફિકા રંગની દેખાતી હતી. જો તે હાલચાલ કરીને જીવતી છે એમ ન જણાવે, તો તેની અને મુડદાની વચ્ચે કાંઇ ભેદ માલમ પડે એવું ન હતું. તેની આંખ ફાટેલી તથા લાલચોળ થઇ ગયલી હતી, અને સાધારણ રીતે જે ચળકાટ તથા બુદ્ધિનો અંશ ઘણું કરીને બીજી આંખોમાં માલમ પડે છે તે તેમાં જણાતો ન હતો. તેઓ કોઇ વખત એકજ વસ્તુ તરફ સ્થિર માંડેલી રહેતી; વખતે વગર મતલબે આણીગમ તેણીગમ ફર્યાં કરતી. જો તેની એકલી આંખજ ઉપરથી પરીક્ષા કરીએ તો તે છેક ગાંડી થઇ ગયલી છે એમ આપણી ખાતરી થયા વિના રહે નહિ. તેના મનનો વિકાર તેની આંખોમાંજ જણાઇ આવતો હતો એટલુંજ નહિ પણ તેનું બોલવું પણ ચિત્તભ્રમ અભાગિયાં માણસોના જેવુંજ હતું. તેના શબ્દ તેના મ્હોંમાંથી તુટક તુટક તથા વગર અર્થના નિકળતા. તેના બોલવામાં કાંઇ સંબંધ ન હતો. ઘણાજ ક્રોધમાં આવેલાં માણસો જેમ તુટક તુટક વાકયો વાપરે છે તેવાં વાકયો તે બોલતી; અને ઘડીએ ઘડીએ મોટી મોટી ચીસ પાડવી અથવા ઘાંટો કાઢી પોક મુકીને રોવું એ સિવાય તેના જુસ્સાવડે તેનાથી વધારે થઇ જતું હતું. જ્યારે તેને ઘણો આવેશ આવતો ત્યારે તે બે હાથે પોતાના માથાના નિમાળાની લટ જોરથી તોડી નાખતી; તેનાં પેહેરેલાં લુગડાં ફાડી નાખતી; માથું તથા છાતી એટલા જોરથી કુટતી કે તેઓ આવા ઘાની સાથે સલામત શી રીતે રહેતાં એજ આશ્ચર્યકારક હતું.

પણ એટલાથી તેને નિરાંત વળતી નહિ. વખતે વખતે તે ઉઠીને દોડતી, અને ભીંતની સાથે ઘણા જોરથી પોતાનું માથું અફાળતી. પોતાના ઓઠ દાંતવડે એવા તો કરડતી કે તેમાંથી લોહીની ધાર ચાલતી. તેના માથામાંથી નિકળતા લોહીથી તેનાં સઘળાં કપડાં ખરાબ થઇ ગયલાં હતાં, તથા ઓઠમાંના લોહીથી તેનું મ્હોં રક્તવર્ણ થઇ ગયું હતું. તેનું આખું શરીર થરથર ધ્રુજતું હતું, અને તેનામાં કોઇ જીન ભરાયો હોય એવી તે દેખાતી હતી. ઘણા દુ:ખથી તે બિચારીનું મગજ ઉંધું ચત્તું થઇ ગયું હતું, અને તે દુનિયાના તેમજ પોતાના મનને મરી ગયલા જેવી હતી. તેનામાં જીવ તો હતો, પણ તેના મન ઉપરથી તેનો સઘળો અખતિયાર જતો રહ્યો હતો, એટલે જીવવાનું કાંઇ ફળ રહેલું ન હતું. એ સઘળી હકીકત ધ્યાનમાં લેશો, અને ઉપર બ્યાન કીધા પ્રમાણેની એક બઇરી તમારા મનમાં કલ્પશો, તો માજી પાદશાહ જલાલુદીન ફીરોઝની મુખ્ય બેગમ તથા શાહજાદા અરકલીખાં તથા કદરખાંની મા, મલીકાજહાનની અવસ્થાનો તથા દેખાવનો યથાસ્થિત ચિતાર તમારા મનમાં આવશે.

(કરણ ઘેલો.)

98.

દિવસના પરિશ્રમથી આરક્ત થઇ સૂર્યનારાયણ ધીરે ધીરે પશ્ચિમ દિશાના અંતમાં ઉતરતા હતા, વિવિધ રંગનાં વાદળ ભિન્ન ભિન્ન આકારે ક્ષિતિજમાં કોટ કરી રહ્યાં હતાં, ખીણમાંથી પક્ષીનાં ટોળાં ઉડી આવી ઉંચાં આસોપાલવનાં વૃક્ષો ઉપર વિરામ લેતાં હતાં, શ્રાવણભાદરવાના તટમાં ખીલેલી કમલિનીનાં પત્ર બીડાતાં હતાં, કેતકી તથા કેવડાનાં અબીલવાળો વાયુ વહાવાથી જેમ ધુંધળી થઇ હોય તેમ દિશાઓ ધુંમ્મસથી ઝાંખી થતી હતી, સરોવરમાં રૂપાના વાટા જેવી લહરીઓ ચાલી રહી હતી, દૂર દૂરથી ઉડી આવતાં સારસ પક્ષીનાં જોડાં જળાશય ઉપર ઉતરતાં હતાં, પવન મંદ હોવાથી વાતાવરણ ચંબેલીની સુગંધથી મગમગી રહ્યું હતું, જંગલી પુષ્પના વેલામાં ખીલેલાં બેસુમાર પીળાં પુષ્પથી સામેતું ઋષિશૃંગ કનકશૃંગનાં શોભાનો તિરસ્કાર કરી રહ્યું હતું અને ચંદ્રમાની વાટ જોતું ચકોર પક્ષી વારંવાર ઉંચે ઉડી ઉડી પૂર્વ દિશાનું અવલોકન કરતું હતું.

(પૃથુરાજ ચૌહાણ અને ચંદ બરદાયી.)

99.

ભાટનો શાપ સાંભળીને રાજાને એટલું તો કષ્ટ થયું કે તે બેશુદ્ધ થઇને ભોંય ઉપર પડયો. તેને તેના માણસો તુરત ઊંચકી લઇ પાછા મેહેલમાં લઇ ગયા. જ્યારે તેને શુદ્ધિ આવી ત્યારે આસપાસ બેઠેલા બ્રાહ્મણોએ ભાટનો શાપ બાળી નાખવાને શાસ્ત્રમાંથી કાંઇ પ્રાયશ્ચિત્ત શોધી કાઢી તે કરાવવાનું વચન આપ્યું. રાજાને

તે સાંભળીને શાંતિ થઇ, અને તેના મનને દિલાસો મળ્યો; પણ એટલામાં પાટણથી એક દોડતો જાસુસ આવ્યો તે રાજાના ઓરડામાં ધસી આવી શ્વાસ ખાધાવિના બોલ્યો: "રાજાધિરાજ, એવી સઘળે ઠેકાણેથી ખબર આવી પહોંચી છે કે તુરકડા લોકો મોટું લશ્કર લઇ રાજ્યની સરહદ ઉપર આવ્યા છે, અને તેઓનો વિચાર આખું રાજ્ય જીતવાનો છે. તેમની સાથે આપણો માજી પ્રધાન માધવ છે. અને તેઓએ કેટલાંએક ગામ માર્યાં છે, તથા લોકો ત્રાસ પામીને અહીંથી તહીં દોડે છે." તુરક લોકો ગૂજરાત જીતવા આવ્યા તેથી હવે મોટી લડાઇઓ થશે એ વિચારથીજ કરણનું ક્ષત્રીય લોહી ઉકળવા લાગ્યું, અને ઘણી હિમ્મત પકડી બોલ્યો "એ મ્લેચ્છ લોકોને ગૂજરાતની ધરતીમાં દટાવું સરજીત હશે તેથી કાળ તેઓને લલચાવીને ઇહાં લાવ્યો હશે. હજી મેં કાંચળી પેહેરી નથી; હજી રજપૂત લોકોએ તેઓનું શૂરાતન ખોયું નથી; હજી દેશમાં હિમ્મતવાન માણસો છે. ગૂજરાતના રાજાને લશ્કરની ખોટ નથી; મજબૂત કિલ્લાઓ પણ પુષ્કળ છે, માટે તેઓને આવવા દો. હું તેઓથી જરાપણ બીહીતો નથી. મારા હાથ શત્રુને મારવાને ચવળે છે, તથા મારી તલવારને લોહી મળ્યું નથી તેથી તેને ઘણી તરસ લાગી છે. વાહ ! વાહ ! હવે વખત આવ્યો છે. હું કેવો છું તે હું રણસંગ્રામમાં આખા જગતને દેખાડી આપીશ. જો એ પ્રમાણે ન બન્યું હોત તો મારૂં નામ આગળ ચાલત નહિ. જે થયું છે તે ઠીક છે. સઘળો સામાન તૈયાર કરો, કાલે ઇહાંથી કુચ કરીશ, અને પાટણ જઇને યુદ્ધ કરવાને સઘળો બંદોબસ્ત કરીશ."

(**કરણ ઘેલો.**)

100.

એક કેદી પ્રત્યે તેની વર્ત્તણુક તાજુબ જેવી હતી. તે માણસ રાક્ષસી ગાત્રનો, બંદીખાનાંમાંથી નાસી જનાર, દેશનો ત્રાસહેતુ હતો; અને સત્તર વર્ષ થયાં વધારે વધારે ઘોર અપરાધ કર્યા કરતો હતો. જ્યારે તે બંદીખાનામાં આવ્યો ત્યારે કપતાન પિલ્સબરિએ તેને કહ્યું કે "હું આશા રાખું છું કે તમે જેમ બીજે ઠેકાણે કીધું છે તેમ અહિં નાસી જવાનો પ્રયાસ નહિ કરો. હું તમને મારાથી બની શકશે તેટલું સુખ આપીશ અને તમારો મિત્ર થવા આતુર રહીશ. મને આશા છે કે તમારે માટે મને કંઇ પણ મુશીબતમાં તમે નાંખશો નહિ. એકાંત ગોંધવાના ઇરાદાથી બાંધેલી એક સાંકડી ઓરડી છે, પણ અમે તે કદી વાપરતા નથી. અને કદી પણ કોઇને પણ માંહે પૂરી તાળું દેવું પડે તો મને ઘણોજ ખેદ થાય. જેવી રીતે તમારાપર હું ભરોસો રાખીશ તેવી રીતે તમે મારાપર ભરોસો રાખશો તો મારી પેઠે છૂટથી આ જગ્યામાં તમે હરી ફરી શકશો." તે માણસ ચીડીઓ અને આડો હતો અને ઘણાં અઠવાડીઆં સૂધી કપતાન પલ્સબરિની સત્તાથી નરમ થવાનાં તેણે ઘણાંજ ધીમાં ચિન્હો દર્શાવ્યાં. આખરે પિલ્સબરિને એવી ખબર મળી કે તે કેદખાનામાંથી નાસી જવાનો ઇરાદો રાખે

છે. કપતાને તેને બોલાવ્યો અને તેનાપર નાસી જવાનો આરોપ મૂકયો; તે માણસ ચીડાયલો, બોલ્યા ચાલ્યા વિના હમેશની માફક ઉભો રહ્યો. તેને કહ્યું કે હવે તમને એકાંત સાંકડી ઓરડીમાં ગોંધી તાળું દેવાની જરૂર છે. કપતાન, જે નાનો, ઠીંગણો માણસ હતો, તે આગળ ચાલ્યો અને તે રાક્ષસી બંધીવાન તેની પાછળ હિંડયો. જ્યારે તેઓ તે માર્ગના સાંકડામાં સાંકડા ભાગમાં પહોંચ્યા, ત્યારે તે કપતાન પોતાના દીવા સાથે પાછો ફર્યો અને તે ગુન્હેગારના મુખ તરફ જોયું. તેણે કહ્યું, "હવે હું તમને પૂછું છું કે તમારે મારી સાથે જેવી રીતે વર્ત્તવું યોગ્ય છે તેવી રીતે તમે વર્ત્યા છો? મારાથી તમને સુખી કરવા જે કંઇ ધારી શકાય તે સર્વ મેં કીધું છે, મેં તમારાપર વિશ્વાસ રાખ્યો છે, અને તેના બદલામાં તમે મારાપર કંઇ પણ વિશ્વાસ રાખ્યો નથી. આ તે ઠીક કહેવાય? તોપણ મારાથી તમને તાળામાં પૂરવાનો વિચાર સહન કરાતો નથી. તમે મારી વાત ધ્યાનમાં લોછો એવું સહેજ પણ ચિન્હ જો હું જોઉં—" તે માણસ એકદમ રોઇ પડ્યો. તેણે કહ્યું, "સાહેબ, હું તો સત્તર વર્ષ થયાં ખરેખરો સેતાન થયો છું, પણ તમે મારી સાથે હું માણસ હોઉં તેમ વર્તો છો." તે કપતાને કહ્યું, "ચાલો, આપણે પાછા ફરો." તે અપરાધીને અગાઉની માફક કેદખાનામાં છૂટથી ફરવા દીધો. આ વખતથી તેણે કપતાનને પોતાનું હૃદય ખોલવા માંડયું, આનંદથી કેદની બધી મુદ્દત પાળી, અને જેમ જેમ પોતાના પરનો વિશ્વાસ ભંગ કરવાના આવેશ એના મનમાં ઉત્પન્ન થતા હતા, અને તેના ધારવા પ્રમાણે વિશ્વાસ તોડવા સારૂ જે સર્વ સુગમતા તે દેખતો હતો તે સર્વ તેણે પોતાના મિત્ર કપતાનપર વિશ્વાસ રાખીને તેને કહ્યું.

(**કર્ત્તવ્ય.**)

101.

ઉદય અસ્ત થવાનો એ સિદ્ધ છે; તો જેમ તેને શરણ ગયેથી તે મૂકવાનો નથી, તેમ તેના સંમુખ થયેથી તેનાથી કંઇ અધિક થવાનું નથી; એ પણ સિદ્ધજ છે. ઇશ્વરગમ્ય અમુક નિયમથી તે ઉદય અસ્તનો પણ અસ્ત અને ઉદય થવાનોજ. ત્યારે એવા અવશ્યંભાવિભાવનાં સમયે સમજુ પુરુષોએ એકમાર્ગી થઇને સ્વધર્મમાં, સદાચારમાં, અને જ્ઞાનમાં નિશ્ચલ રહેવાનો નિશ્ચય કેમ ન કરવો જોઇએ? એવે અનિવાર્ય સમયે આકુલવ્યાકુલ થયા વિના સ્થિર રહેવું જોઇયે. એવે સમયે જગન્નિયંતાની અકલિતેચ્છાને શરણ થવું એજ સજ્જનોનું કર્તવ્ય છે. ઇશ્વરની ગહના ગતિ અદ્ભુતા છે. તે સુખને દુઃખનું મૂલ કરે છે, અને દુઃખને સુખનું બીજ કરે છે. એવા વિલક્ષણ સમયે તટસ્થવત્ વર્તવું એજ આપણું કર્તવ્ય છે. તેથી વિપરીત વર્તી સ્વાર્થથી અન્ધ થઇ ઉદય અસ્તનો પાશ ગલે ઘાલી, જેમ તે દોરે તેમ જે કોઇ દોરાય છે, તે નિશ્ચય મહાપીડા ભોગવે છે. અન્તે '**ધર્મેજય**' અને '**પાપે ક્ષય**' એ નિયમ નિર્વિવાદ સત્ય છે. તેથી આપણે સર્વેએ ધર્મપક્ષમાંજ રહેવું, અને તેનું પરિણામ જે જય તે પ્રાપ્ત થશેજ, એમ દૃઢ વિશ્વાસ રાખવો.

ગમે એવું મહત્, વિકરાલ અને ભયંકર રૂપ ધરીને વિપત્તિ આવે કિંવા આકર્ષક અને મોહકરૂપ ધરીને સંપત્તિ આવે, પણ તેથી કિંચિત પણ સદાચારથી, સદ્દગુણથી કિંવા ધર્મપક્ષથી ચલવું નહિ. એવે સમયે જે પ્રમાણમાં જે કોઇ સ્થિર રહે છે, તે પ્રમાણમાં તે પોતે જય પામી સુખી થાય છે, અને તેનાં યશઃકીર્તિ લોકોમાં ગવાય છે.

ઉદય અને અસ્ત સ્વાભાવિક સાન્ત છે; તેથી તેનો અંત આવે છેજ. પણ જેનામાં તે પ્રવેશ કરે છે, તેની, તેના અંતરમાં, જેવી કરણી હોય છે, તેવી કરણીનાં ફલ પાછાં તેને ભોગવવાં શેષ રહે છે. તેવા સમયમાં જે ધીરવીરો સ્વ-ધર્મમાં અચલ રહ્યા હોય છે તેને, આ લોકમાં અને પરલોકમાં સુખસંતોષની અને યશની કંઇ મણા રહેતી નથી.

મિલ્ટન કવે છે કે :—

'ધર્મ ઉપર ધસારો થાય પણ તે કદાપિ હણાતો નથી; તેના ઉપર અકસ્માત અન્યાયિ બલ આવી પડે, પણ તે દાસત્વ પામતો નથી, એટલુંજ નહિ કિન્તુ જેને ખલતાએં ધારયું હોય કે મહતી હાનિ છે તેજ, તેની શુભપરીક્ષામાં, ધર્મના મહિ-માને કિંવા શોભાને અતિવધારનાર થાય છે; સારસાથે અસાર વધારે વાર ન રહી શકતાં પોતાના ઉપરજ પાછો અથડાઇ પડે છે, અને જ્યારે અન્તે મેલની પેંઠે એકઠો થઇ એક સ્થલે જમી જાશે, ત્યારે તે અસાર નિરંતર વ્યાકુલ વિકારમાં પડી, પોતેજ પોતાની મેલે ખવાઇ જશે અને નાશ પામી જશે. એમ ન થાય તો,—(આ અખિલ વિશ્વરૂપ મંદિરનો ઘુમટ) સ્તંભિત આકાશ, તે શલો છે, અને પૃથ્વીનો પાયો છોડનાં થડિયાં ઉપર બંધાયો છે.'

(**અસ્તોદય.**)

102.

પહેલો પોહોર હતો. રાજદ્વારના ભવ્ય દરવાજા ઉપર ચોઘડીયાં ગડગડી રહ્યાં હતાં, અને તે સાથે મનને હર્ષ પમાડે તેવા અતિ લાંબા અને મીઠા સ્વરથી, સરણાઇઓ, કલ્યાણની છાયામાં ભૈરવી રાગ ગાઇ રહી હતી. રાજાનું દીર્ઘાયુષ્ય ઇચ્છવાને માટે પોતાના નિત્યના નિયમથી તેને નમન કરવા માટે ગયેલી મુખ્ય સેનાની ટુકડીઓ, પોતાના સૈનિક પોશાક તથા આયુધોથી અતિ શોભા આપતી, એક પછી એક યુદ્ધ વાદ્યોના ઘોષ સાથે, બહાર નિકળતી હતી. સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મથી પરવારી, દાનકૃત્ય કરવા બેઠેલા મહારાજાએ આપેલાં, પોતપોતાની યોગ્યતા પ્રમાણેનાં અનેક પ્રકારનાં દાન લઇ, અનેક બ્રાહ્મણો, વિદ્યાર્થિઓ, નિરાશ્રિતો તથા ભાટ ચારણાદિ બંદિજનો વગેરે, આનંદથી જય જય કરતા ને રાજાની ઉદારતાના ગુણ ગજાવતા રાજદરબારમાંથી બહાર નિકળતા હતા. કચે-રીઓ ઉઘડવાનો સમય થયો હતો, તેથી ઉતરતા વર્ગના કામદારો, કારકુનો

મેહેતા, મુસદ્દીઓ વગેરે પોતપોતાની ચાકરીપર હાજર થવાને એક પછી એક અંદર જતા હતા. કોઇ દેવસ્થાનોમાં દર્શન પૂજનાદિ કરવાને, તો કોઇ નાના પ્રકારના બાગ બગીચાઓમાં આવેલાં જળાશયોમાં સ્નાનાદિક કરવાને પણ જતા હતા. રાજપુત્રો તથા રાજકુટુંબીઓ, પાલખી, મિયાના ઇત્યાદિ વાહનોમાં બેશીને મહેલમાંથી બહાર નિકળતાં હતાં. કોઇ ઘોડેસ્વાર હતા, તો કોઇ શણગારેલી સાંઢણીઓપર બેઠેલા હતા. કોઇ પાળાઓ વગેરે, દૂરના ને નજીકના અનેક દેશાવરોથી રાજકીય સમાચારો લઇને આવતા હતા. જેમ જેમ સમય થતો ગયો તેમ તેમ મોટા મોટા અમલદારો, ન્યાયાધીશો, મંત્રીઓ, પ્રધાનો, સુબેદારો, ન્યાયશાસ્ત્રીઓ વગેરે, સુખપાલ, મિયાના, ઘોડા, ગાડી, રથો, ઇત્યાદિ વાહનોમાં બેશી, આગળ તથા પાછળ વાવટાવાળા ઘોડેસ્વારો સાથે આવી, એક પછી એક રાજદરબારમાં ઠઠારાથી પ્રવેશ કરતા હતા.

(ચંદ્રકાન્ત.)

103.

આ સન્માનથી ફૂલાઇ જઇને, કે સરપાવ ઓછો પડયો હોય તેથી નાઉમેદ થઇને કિંવા સ્વદેશાભિમાનનો જોસ ભરાઇ આવ્યો હોય તેથી, ઇયા એ ત્રણે મનોવિકાર એકત્ર થયાથી બારોટે સરપાવ મળ્યા પછી મોટી મૂર્ખાઇનું કામ કર્યું. પોતાના અહંકારનું અને ગર્વિષ્ટ વાણીનું પરિણામ શું થશે તેની શંકા એના મનમાં જરાએ આવી નહિ. પોતાની પ્રિય જન્મભૂમિને, પોતાના વહાલા સ્વદેશીઓને, એથી મહાપીડા થશે એ ખ્યાલ એને સૂઝયોજ નહિ. અભિમાનના આવેશમાં એને કશું ભાન રહ્યું નહિ. પંડિતોની સભા મળી કે વાદવિવાદનો હલકાઇ ભરેલો માઠો ચાલ આખા ભરતખંડમાં પરાપૂર્વથી છે. હરેક વિદ્વાન સભામાં પોતાની વિદ્યા, પોતાની કુશળતા, પોતાની હોશિયારી વગેરે દેખાડવાને આતુર થઇ જાય છે. એક એકને સભામાં જીતવાને ઝઘડો કરવાને અને પોતપોતાની વડાઇ સ્થાપવાને બરાડા પાડવા મંડી જાય છે. આવાં શબ્દયુદ્ધોમાં મન ઉશ્કેરાય છે ને વિવેકની મર્યાદામાં રહેવાતું નથી; એક એકને હરાવવાના પ્રયત્નમાં તિરસ્કારાદિથી સંપ તૂટે છે, વૈરભાવ ઉત્પન્ન થાય છે, પક્ષો પડે છે, અને તેથી નવી શોધ થવામાં તથા વિદ્યાનો વધારો થવામાં વિઘ્ન પડે છે. જૂના કાળમાં આર્ય વિદ્વાનો સત્ય શોધક હતા, અને દુરાગ્રહી ન હોતા, ત્યારે તો એવા વાદથી લાભ થયા હશે ખરા; પણ એવી તકરારથી મમત બાંધવાનો, હારનારના મનને માઠું લાગવાનો, અને અપમાનનું વેર વાળવાનું મન પરાજ્ય પામનાર અને તેના પક્ષકાર મિત્રો કરે એ સંભવ વધારે છે. ઘણું કરી વઢનારા બંને પોતપોતાને જીતનાર ગણે છે, અને સભામાં જય પામ્યાની વાતો પોતાનાં પુસ્તકોમાં લખેછે તે ખોટી હોય છે. શાસ્ત્રીઓની પેઠે કવિઓ પણ લડતા અને આજે લડે છે. તેમાં વઢવાનું સ્થળ રાજસભા હોય તો તેમને બહુ મઝા પડે છે. દુશ્મનની ગોડે જીભ વડે બાથંબાથા કરે છે.

હાલના રાજા સંસ્કૃત ભણેલા નથી હોતા તેથી સંસ્કૃત પંડિતના ઝઘડામાં તેમને મઝા પડતી નથી, પણ પ્રાકૃત કવિઓ વઢે તેથી રમુજ થાય ખરી. પૃથ્વીપતિનું મન રીઝાવવાને મલ લડે, વાઘ કે હાથી લડે, કુકડા લડે તેમ પોતાની ચાતુરી અને મોટાઇ જણાવવાને કવિઓ શીઘ્ર ને ગુહ્ય કવિતાના ખેલ અને પિંગળરૂપી શસ્ત્રવડે વાણીયુદ્ધ કરે છે, એમાં એક એકને મેણાં ટુણાં મારે છે. એક એકને વખોડે છે, એક એકની હાંસી અને તિરસ્કાર સાથે ભૂલો દેખાડવાનું અને સભાને હસાવવાનું પ્રયત્ન કરે છે. પોતપોતાના અભિપ્રાય આપવા અને ચર્ચા કરવી એતો ઠીક છે, પરંતુ એક એકની ઉપર ઉતરી પડવું અને એમાં સરસ કોણ એ બતાવવાને તથા જય પામવાને લડવું તો શરમ ભરેલું છે.

(વનરાજ ચાવડો.)

104.

જેમ નદીમાં આવી મળનારા વેહેળિયાં આદિથી નદી ભરપૂર થાય છે, તેમ અહિં તહિંથી સેના એકઠી કરી. યોદ્ધાઓ તેમજ હાથી અને ઘોડા પણ તેમાં બહુ હતા; ઘોડા તો જાણે પાંખો વડે ઉડતા હોયની એવા દીસવા લાગ્યા. હાથિયોની ચીસ તે જાણે પાણીનો ઘોંઘાટ, અથવા, ચોમાસામાં પવનથી વાદળાં એકઠાં થવે ગર્જના થાય તેના જેવી હતી. સારા યોદ્ધાઓ આનંદ ભરેલા જણાતા હતા, અને સૂર્ય આથમતી વેળાએ સમુદ્ર રળિયામણો દેખાય છે તેવા તેઓ રળિયામણા દેખાતા હતા; તેઓના મનમા માલમતા કે ઘર વિષેના વિચાર હતાજ નહિ, પણ બ્રહ્મના ઉપર તેઓનું લક્ષ લાગી રહ્યું હતું. ક્ષિતિજમાંથી જેમ વાદળ ચડી આવે છે, તેમ ચારે બાજુએથી ભયંકર સેના વધવા લાગી. ભીમને માથે છત્ર ધારણ થયું, તે યુદ્ધના ઝરાનું પાણી પીવાને તરસ્યો થયો. ભયંકર દેખાવના ભીલો સેનાને મોખરે થયા, તેઓ હાથમાં કામઠાં લઇને કાજળના જેવા કાળા દેખાતા ચાલ્યા. તેમની પછવાડે હાથિયોની હાર ચાલી, તેમની ચીસથી જંગલ અને પર્વત ગાજી રહ્યા, તેમજ તેઓના ઘંટના નાદ થવા લાગ્યા, અને તેમની સાંકળોના ખણખણાટ થઇ રહ્યા, જેમ ડુંગરાને ડુંગરા ચાલતા હોય તેમ તેઓ દીસવા લાગ્યા. રસ્તે ચાલતાં તેઓએ ઝાડ તોડી પાડ્યાં, સારસની હારની પેઠે તેઓના દાંત ચકચકવા લાગ્યા, અને તેમના ચાલવાથી પૃથ્વી ધમધમી જવા લાગી. પછી ઢાલો બાંધીને પાળા કતારબંધ ચાલ્યા. યોદ્ધા જોઇને માણસોને શક ઉપજવા લાગ્યો કે આ દરિયો તો નથી ઉભરાઇ આવતો! સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ કંપવા લાગ્યાં; આવો સેનાનો દબદબો દીસવા લાગ્યો.

\+ \+ \+ \+ \+ \+ \+

બન્ને સેના યુદ્ધમાં જોડાઇ.—સોમ યુદ્ધનો ઉત્સુક હતો, અને ભીમ તો યુદ્ધમાં કદિ પાછોજ હટ્યો નહતો. પવનથી જેમ નવાં તંબાકુનાં પાંદડાં ખડખડે તેમ યોદ્ધાની ઢાલો ખખડવા લાગી. કન્હે યુદ્ધનો પ્રારંભ કર્યો; નોબતો ગડગડી;

તરવારો ખડખડી; ભયંકર મારામારી ચાલી: ત્રણ પ્રહર સુધી કન્હ ઉપર બાણ અને બીજાં અસ્ત્રનો વર્ષાદ વરશી રહ્યો. છેવટે ભીમની સેના પાછાં ડગલાં ભરીને નાઠી; એવું બળ કન્હે બતાવ્યું, અને તેની તરવાર વીજળીની પેઠે ઝબુકા લેઇ રહી. ખરા પણ વાળાઓને તેણે પકડ્યા અને પવન જેમ ઝાડને પટકી પાડે છે તેમ તેઓને તેણે ભૂમિ ઉપર પટક્યા પાડ્યા; ઘણા ઘોડા, અશ્વારવિનાના કરી નાંખ્યા; અને યમરાજના દૂતોની ભૂખ મટાડીને ભીમની સેના આછી કરી નાંખી. હાથમાં ખપ્પર લઇ આનંદથી નાચતી દેવિયો ત્યાં આવી અને તેઓની નોબતો ગડગડવા લાગી; અને માંસ ભક્ષણ કરનારાંઓને આહાર મળવાથી તૃપ્તિ થઇ.

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

105.

બાલ્યાવસ્થામાં આનંદ માનતી છોકરીના મનમાં શોક ઉત્પન્ન કરવા આ ભૂતકાળનુંજ દર્શન બસ છે, છતાં તે શોકમાં વધારો કરવા બીજી ઘણીએક બાબતો એકઠી મળેછે. જ્યારે તે ભવિષ્ય ઉપર નજર કરે છે ત્યારે તે શું જુએછે! અત્યાર સુધી તો તે સંસારરૂપી ઘરની આગળની વાડીમાંજ રમતી હતી; પણ તેરમે વર્ષે તો તે તેના દરવાજામાં પેઠી, અને તે ઘરમાં શું હશે એ વાતના સંશયથીજ તેની શાંતિ ક્ષીણ થાયછે. હવે સંસારમાં પડવાનો વખત આવ્યો. આગળ નજર કરેછે તો સઘળું ધૂમર પથરાયલું દેખાય છે તેમાંથી તેનાથી કાંઇ દેખાતું નથી, માટે કલ્પના શક્તિ વડે સઘળું સારામાં સારૂં પોતાને માટે નિર્માણ કીધું હોય એમ તે દેખે છે, પણ બીજાઓની અવસ્થા જોઇ તેની સ્વપ્નવત્ કલ્પનાઓ સૂર્યપ્રકાશથી ધૂમર જેમ વેરાઇ જાયછે તેમ એક પળમાં ખસી જાય છે. ભવસાગર તેને સઘળો તરવો છે એ વિચારથીજ તે ત્રાસ પામે છે, તથા આગળ શાં શાં સુખો તથા દુ:ખો આવી પડશે એ વિષેના અંધકારમાં અથડાયછે. પણ પરમેશ્વરની કૃપાથી એ સઘળા વિચારો તથા ચિંતાને ડૂબાવી દેનાર એકા નવો મનોવિકાર તે વયે તેની છાતીમાં જન્મ પામેછે. એ મનોવિકાર તે પ્રીતિ છે. તે સઘળામાં ઉંચી પદવી ધરાવે છે. તેની અસર ઘણીજ આશ્ચર્યકારક છે, તથા તેના અદ્દભુત પ્રભાવથી પુરૂષ અથવા સ્ત્રી જે કામો કરી સકે છે, તે ખરેખરાં ચમત્કારી છે. જ્યારે તે વિકારનો જન્મ થાય છે ત્યારે આખા શરીરમાં અજાયબ જેવો ફેરફાર થઇ જાયછે. અંત:કરણમાં પ્રીતિનું એક અખૂત ઝરણ ફૂટવા માંડેછે. તેના પાણીને વહેવા તથા અંતે ખાલી થવા કોઇપણ સ્થળ જોઇએ તે સ્થળ જ્યારે તેને મળતું નથી ત્યારે તેના હૈયામાં શૂન્યાવકાશ જેવું લાગેછે. જગત સઘળું સ્મશાન જેવું દેખાયછે. મન પોતાના જેવા કોઇ બીજાને સોબતી કરવાને આણીગમ તેણીગમ ફાંફાં મારેછે, અને જ્યાંસૂધી તેવું કાંઇ મળતું નથી ત્યાંસૂધી તેને જરા પણ સુખ કે શાંતિ થતી નથી. તેનું શરીર દીનપરદીન ક્ષીણ થતું

જાયછે. તેના અંતઃકરણમાંનો અગ્ની અપાર બુદ્ધિવંત પરમેશ્વરે ઘણા ડહાપણ ભરેલા હેતુથી સળગાવેલો છે. એ પવિત્ર વિકાર પરમેશ્વરને વાહાલો છે, અને જેમ તે વધારે સ્વચ્છ હોય છે તથા તેમાં બીજા વિકારોનો મિશ્ર જેમ ઓછો હોય છે તેમ તે વિકાર પરમેશ્વર ઉપરની સર્વોત્કૃષ્ટ પ્રીતિને મળતો આવેછે. તે જ્યારે સ્વચ્છ હોય છે ત્યારે અગ્નિની પેઠે શરીરના અંતરાત્માને અંગારી નાખી શુદ્ધ કરેછે, તથા મનની દુષ્ટ વૃત્તિઓને નરમ પાડી તેઓનો સમૂળો નાશ કરેછે. આવી વખતે પુરૂષ અથવા સ્ત્રીનું આખું શરીર પ્રેમથી ભરપૂર હોયછે, અને તે ઉભરાઇ જઇ તેની આસપાસનાં માણસો, પશુઓ, પક્ષીઓ, જીવજંતુઓ, અને ઝાડ તથા ફુલોપર તેનું અમૃતરૂપી પાણી ઢોળાય છે. તે કોઇ વેળા ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિ છતાં પણ નિરાશ થતું નથી; તેનામાં આશા તો અમરજ રહેછે. ગમે તેટલી વિપત્તિમાં પણ તેની ધારજ ઓછી થતી નથી; તે હમેશાં આગળ સારા ઉપર જ નજર રાખી હરેક તરેહનાં કષ્ટ ધૈર્યથી વેઠે છે. પ્રેમપૂરીત આંખ કાંઇ પણ નઠારૂં દેખતી નથી. તેની આગળ હમેશાં તડકોજ હોયછે; કોઇ દહાડો વાદળાં તો થતાંજ નથી. તેનો ઇચ્છેલો સોબતી, તેની જીંદગીની મુસાફરીમાં જોડે આવનારો સાથી, તેની આંખે સંપુર્ણજ દેખાય છે. મજનુની આંખે લેલી કેવી ખુબસુરત દેખાતી હતી! બીજાઓને તે ગમે તેવી કુરૂપ લાગે તેની તેને કોઇ ફીકર નહતી. એ વિકારને વશ થઇ ઘણીક સ્ત્રીઓએ અસાધારણ કામો કીધાં છે, તથા જે હિમ્મત બીજે કોઇપણ વખતે તેનામાં નજરે પડે નહિ તેવી હિમ્મત તેઓએ આ વિકારના આવેશમાં બતાવેલી છે.

(કરણ ઘેલો.)

106.

કર્ત્તવ્યજ્ઞાન આપણો જીવનમાર્ગ સરળ કરે છે, તે આપણને જ્ઞાન સંપાદન કરવામાં, શીખવામાં, અને આજ્ઞાધીન રહેવામાં મદદ કરે છે. તે આપણને સંકટ વશ કરવાની, લાલચની સામા થવાની, જેને માટે મથન કરીએ છિયે તે કરવાની, પ્રમાણિક, માયાળુ, અને સત્યશીલ થવાની શક્તિ આપે છે. સર્વ અનુભવ આપણને શીખવેછે કે જેવા થવા આપણે મથન કરીએ છિયે તેવા આપણે થઇએ છિયે. દુષ્ટ કાર્ય કરવાની વૃત્તિને માટે પ્રયત્ન કરીએ છિયે, અને ધીમે ધીમે જેવા થવા યત્ન કરીએ છિયે તેવા થઇએ છિયે. દરરોજના પ્રયાસથી સન્માર્ગે પ્રવૃત થવાનું યુદ્ધ વધારે સહેલું થાય છે. જેવું વાવીએ તેવું લણીએ છિયે.

કોઇપણ પ્રયાસમાં ઉત્કૃષ્ટ થવાનો ખરો માર્ગ એ છે કે અનુકરણ કરવા માટે અતિસુંદર અને સંપૂર્ણ દાખલો આપવાનો વિચાર કરવો. આપણે જો કે સંપૂર્ણતાએ પહોંચતા નથી, તોપણ પ્રયત્ન કરવાથી સુધરીયે છિયે. સદ્વર્ત્તન હમેશ અસર કરશેજ. કેળવણી થોડી હોય, બુદ્ધિ નબળી હોય, મિલ્કત ન હોય, અને 'જનમંડળમાં' કંઇ પદવી પણ ન હોય, તોપણ ચોખું ઉત્કૃષ્ઠ સદ્વર્ત્તન હોય તો તેની સત્તા

સર્વ કબૂલ કરશે અને તેને સન્માન આપશે. આપણી માનસિક શક્તિની ધાર ઉપયોગથી કવચિતજ ઘસાઇ જાય છે, પણ તે આળસથી ઘણીવાર કટાઇ જાય છે. આસ્થા અને ઉદ્યોગથીજ મનુષ્યજીવનમાં પ્રકાશ અને સૌંદર્ય આવે છે.

(કર્ત્તવ્ય.)

107.

દરવાનને થોડા પૈસા આપી દરવાજો ઉઘડાવ્યો, અને મેદાન ઉપર નિકળી ગયો. તે દહાડે શરદ મહીનાનો ચંદ્ર ખીલી રહ્યો હતો. આકાશ ઘણુંજ નિર્મળ હતું. ચાંદરણાથી બધું મેદાન રૂપેરી રંગનું હોય એમ દેખાતું હતું; તેમાં વચમાં વચમાં ઘાસ ઉગેલી લીલી જગા હતી તે ગૌરવર્ણની સ્ત્રીના હાથ ઉપર લીલમની વીંટીના જેવી માલમ પડતી હતી. તે ઠેકાણે કોઇ પ્રાણી નજરે પડતું ન હતું; પણ પાણીના ખાબોચિયામાંથી દેડકાઓ ડેંડુડેંડું કરતા હતા, કંસારીઓ જગાએ જગાએથી બંધ ન પડે એવો અવાજ કરતી હતી, અને કોઇ કોઇ ઠેકાણેથી સાપનો શબ્દ પણ સંભળાતો હતો. એવી રીતે રાત રમણિક લાગતી હતી. આગળ ચાલતાં તેઓ સ્મશાન પાસે આવી પોંહોંચ્યા ત્યાં ચાંદરણામાં ઝાડોની છાયાથી અંધારૂં પડતું હતું; અને સ્મશાન એ નામથીજ તે જગા ભયાનક લાગતી હતી. ત્યાં ઉભા રહીને રાજાએ દૂર નજર કીધી તો એક ઝાડ નીચે મોટું તાપણું તેના જોવામાં આવ્યું, અને તે બળતાંની આસપાસ કેટલાંએક બઇરાં કુંડાળું ફરતાં તેણે જોયાં. રાજાને તે તમાશો જોવાની ઘણી મરજી થઇ. તેની પાસે તલવાર તથા ખંજર હતાં તેથી તેના મનમાં બીહીક થોડી હતી. ખવાસ તો તે જોઇને ધ્રુજવા લાગ્યો, અને હાથ જોડી બોલ્યો, " મહારાજ એ તો કોઇ ડાકણી, યક્ષણી, પિશાચ, વંતરી, અથવા એવી કોઇ બાયડીઓ હશે, માટે તેઓની પાસે જવાથી કાંઇ ફળ નથી." પણ કરણ એક વાત માથામાં લેતો તે કદી છોડતો નહિ, અને વળી બીહીને ત્યાં ન જવાથી રજપૂતની બાહાદુરીને કલંક લાગે, માટે ગમે તે થાય તોપણ જવું એવો દૃઢ નિશ્ચય કરી તે આગળ ચાલ્યો.

(કરણ ઘેલો.)

108.

તમારૂં જીવતર તમને વહાલું હોય તો વખત ગુમાવશો નહિ, કેમકે જીવતરનું તત્ત્વ વખત છે. જરૂર છે તેના કરતાં કેટલું બધું તમે વધારે સૂઓછો! યાદ રાખો કે ઊંઘતી બિલાડીથી ઉંદર પકડાતો નથી. સઘળી વસ્તુઓમાં વખત અમૂલ્ય છે, માટે તેને ફોકટ ગુમાવવો એ મોટું ઉડાઉપણું છે. ગયલો વખત પાછો આવતો નથી. આપણે કહીએ છીએ કે વખત પુષ્કળ છે, પણ એ ખોટું છે. તે ઝટ વારમાં ખૂટી પડે છે, માટે ઊઠો, જાગૃત થાઓ, ને કામે વળગો. આળસ સઘળાં કામને અઘરાં કરે છે, પણ ઉદ્યોગ સર્વને સહેલાં કરે છે. જે

વહાણેવાએ મોડો ઊઠે છે તેને પોતાનું કામ કરવામાં ઉતાવળ કરવી પડે છે, ને તેમ કરતાં પણ તે રાતે પૂરૂં થતું નથી, આળસ એટલું ધીમું હીંડેછે કે તેને દળદર ઝટ પકડી પાડી છે. તમારૂં કામ તમને હાંકે એવું ન કરો, તમે તમારા કામને હાંકો. ઉદ્યોગ બે પ્રકારના છે. એક મનવડે થાયછે અને બીજો શરીરવડે થાય છે.

"રાતે વે'લા જે સૂઇ, વે'લા ઊઠે વીર;

બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર."

સારો વખત આવશે એવી ઇચ્છા રાખવી એટલે શું? વખતને સારો નઠારો કરવો એ તો તમારાજ હાથમાં છે. ચાહો તો આજ વખતને સારો કરી શકો. ઉદ્યોગી ને સદ્‌ગુણી થાઓ એટલે વખત સારો થશે. માણસને આશા ઉપર બેશી રહેવાની જરૂર નથી. જે આશા ઉપર બેસી રહે છે તે ભૂખે મરે છે. મહેનતવિના ફળ નથી. જેને રોજગાર છે તેને વતન છે, ને જેને ધંધો છે તેને ધન તથા આબરૂનો હક્ક છે; પણ તે ધંધા રોજગારપર લાગી મહેનત કરવી જોઇએ. મહેનત વિના કાંઇ વળે નહિ. જે ધંધો મળે તે કરવો, તેમાં લાજ નથી. જે ઉદ્યોગ કરે તે ભૂખે ન મરે. ઉદ્યોગીના ઘરભણી દળદર નજર કરે, પણ તેના ઘરમાં પેસવાની તેની છાતી ચાલે નહિ. ઉદ્યોગથી કરજ ફીટશે, પણ આળસથી તે વધશે; ઉદ્યોગથીજ સારૂં નસીબ થાયછે. ઇશ્વર ઉદ્યોગીને સૌ આપે છે. આજ છે ત્યાંલગી કામ કરો, કેમકે કાલે શી શી હરકત પડશે તેની તમને કે બીજા કોઇને ખબર નથી. માટે જે આજ કરી શકાય તે કાલ ઉપર રાખવું નહિ. જો તમે કોઇના ચાકર હો, ને તમારો ધણી તમને સોંપેલું કામ કરવામાં રસળતા દેખે, તો તમે શરમાશો નહિ? તમે તમારી પોતાની જાતના ધણીછો, માટે જ્યારે તમારા મનને તમે આળસુ જણાઓ, ત્યારે શરમાએ. તમારે પોતાને વાસ્તે, તમારા કુટુંબને વાસ્તે, અને તમારા દેશને વાસ્તે એટલું બધું કરવાનું છે કે આળસ કરવાનો તમને જરાએ વખત નથી. કરવાનું તો ઘણું છે ને તમે કદાચ નબળા હશો, પણ હર કાંઇ કામ હમેશા કર્યાં કરેથી પાર પડે છે. "ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય."

(ગૂજરાતી સાતમી ચોપડી.)

109.

"આજે દાનવો તથા માનવોની વચ્ચે યુદ્ધ થવાનો પ્રસંગ આવ્યો છે; તેમાં દાનવો બળવાન દેખાય છે, તથા તેઓની સંખ્યા ઘણીજ વધારે છે, તોપણ એ દુષ્ટ લોકોને ભગવાન સહાય થશે એમ તમારે કદી ધારવું નહિ. જગતમાં સત્ય છે તેજ ઇશ્વર છે, અને સત્ય આખરે જય પામ્યા વગર રહેતું નથી. એ મ્લેચ્છ તુરકડા લોકોના આયુષ્યની દોરી તુટવાનો વખત આવ્યો હશે ત્યારેજ તેઓ

ન્યાયાન્યાય વિચાર્યા વિના પારકા દેશને ઉજડ કરવાને મોટું લશ્કર લેઇને આવ્યા છે; પણ પરમેશ્વરની કૃપાથી તેઓમાંનો એકપણ તેના સોબતીઓના સમાચાર કહેવાને પાછો પોતાને દેશ જનાર નથી. સત્ય આપણી તરફ છે તેથી પરમેશ્વર પણ આપણાજ પક્ષમાં છે એમ જાણવું. રણસંગ્રામમાં કેમ લડવું એ રજપૂતો-ને કહેવાની જરૂર નથી. આપણે સઘળા ક્ષત્રી વંશના છીએ. આપણા વૃધ્ધો-એ મોટાં મોટાં યુધ્ધો કીધેલાં છે. કુરૂક્ષેત્રની લડાઇમાં અઢાર દિવસ સુધી લઢયા છે તેઓના શૂરાતનની કીર્ત્તિ આખા જગતમાં પથરાયલી છે. તે રજપૂતો પોતાના બાપદાદાનાં નામ બોળી આવા રાની સિપાઇઓથી બીહીશે એવો જરાપણ સંભવ નથી. આપણે આ સમયે આપણા વહાલા દેશને સારૂ લડીએ છીએ, આપણી જાતને વાસ્તે, આપણા ઘરને વાસ્તે, આપણાં છઇયાં છોકરાંને વાસ્તે, આપણી સ્ત્રીઓના પતિવ્રતપણાના રક્ષણને અર્થે, આપણા અનાદિ ધર્મના બચવાને સારૂ, આપણને જે જગતમાં વહાલામાં વહાલું છે તેને વાસ્તે યુદ્ધ કરીએ છીએ. એ વાત લડતી વખતે સઘળા મનમાં રાખજો. મરવું તો એકવાર છેજ, માટે રણસંગ્રામમાં શા માટે મોતથી બીહીવું ? હું આકાશ તરફ જોઊંછું ત્યારે અપ્સરાઓ શૂરા રજપૂતોને વરવાને ફુલની વરમાળા હાથમાં લઇ તૈયાર થયલી મારી નજરે પડેછે. ખોપરીઓનો હાર કરવાને શિવજી પોતે પધારેલા છે, તથા તેના અગણિત ગણો, ભૂત, પિશાચ, વગેરે મોટી ઉજાણી કરવાને આવેલા છે. જોગણીઓ લોહી પીવાને ઉભી રહેલી છે. દેવતાઓ લડાઇનું પરિણામ જોવાને તત્પર થઇ રહેલા છે. એ સઘળાઓની સમક્ષ આપણે લડીએ છીએ, તેઓની આંખ આપણી ઉપર છે; માટે રે શૂરા રજપૂતો, તમારા ક્ષત્રી નામનું આજ સાર્થક કરો. કોઇ વખતે કુતરાએ વાઘને હરાવ્યો હશે, પણ તે તો ચમત્કાર જાણવો, એવું કાંઇ હમેશાં બનતું નથી, માટે ધૈર્ય ધરીને એ ચંડાળ શત્રુઓના કાપી કકડે કકડા કરો; અને તેમ કરી આખા ભરતખંડમાંથી એ તુરકડાઓનો ભય મટાડો."

(કરણ ઘેલો.)

110.

બેઉ જણ કાઠીયાવાડી પાણીદાર ઘોડિયો ઉપર બેઠેલા હતા. પરસેવાથી ઘોડિયોનાં શરીર પલળી ગયાં હતાં, એટલુંજ નહિ પણ ઉડેલી રજને લીધે તેમના પુઠ થાપા અને ગરદનો પણ મેલી થઇ ગઇ હતી. સ્વારોનાં કપડાં પલળી ગયેલાં અને દાઢી મુછ ઉપર માર્ગરજ ઠરી ગયેલી હતી. આ બેમાંનો એક જણ તો વૃદ્ધ છતાં શરીરે પોસાતો હતો. શરીરના પ્રમાણમાં તેને માથે પાઘડી પણ ખાસી મોટી હતી. જાડાં કપડાંથી અને કોટમાં પડેલા સાપના આંટા જેવા ભારે ટુંપિ-આથી તે જાતનો ભાટ હોય એમ સહજ અનુમાની શકાય તેમ હતું. બીજો સ્વાર વૃદ્ધ અને શરીરે સુકલકડી હતો. તેનું મુખ મોટું અને ભવ્ય હતું. વળી તેની આંખ અને ચે'રા ઉપરથીજ જણાઇ આવે તેમ હતું કે એ પુરૂષ કોઇ અમીર

માણુસજ છે. બન્નેની ઘોડિયો સાથે સાથે અને કોઇ કોઇ વાર આગળ પાછળ ચાલતી હતી, કોઇવાર તેઓ વાત કરતા અને કોઇવાર તો ઘણીવાર સુધી એક ધારણા બાંધી માર્ગજ કરયે જતા હતા. તાપને લીધે તેમનાં મુખ કાળાં પડી ગયેલાં હતાં તેમાં પેલા અમીર પુરૂષનું મુખ વધારે ચિંતાતુર લાગતું હતું. કેટલુંક ચાલ્યા પછી તેઓ બન્ને ઉપર વર્ણવ્યો તેવા પ્રદેશમાં થઇને એક મોટા અને વિસ્તીર્ણ આંબાવાડિયામાં પેઠા. એક શીળી છાયાવાલા આંબા તળે આવી તેઓએ ઘોડિયો ઉભી રાખી. આમ તેમ જોઇ બેઉ હેઠા ઉતર્યા.

(ગુજરાતની જુની વાર્તાઓ.)

111.

ઇરાનના રાજ્યને ઉંધું વાળવામાં શિકંદરનું પોતાનું બળ ને પોતાના સદ્‌ગુણ એજ મુખ્યત્વે હતા. તે ઘણોજ કસરતી મર્દ હતો ને તેથી ચાલતાં, સવારી કરતાં, ટાઢ તડકો ખમતાં, લડતાં હરગીસ થાકતો નહિ; તેનું મન ઉત્તમ ગુરૂની પ્રસાદીથી ને અનુભવથી ઘણુંજ કેળવાયલું હતું ને તેથી તે મહાભારત કામના વિચાર સહેલથી કરી શકતો ને પછી તે તરત પાર પાડતો. એ અસાધારણ તનમન સામર્થ્ય તેના ઉપરના ઊછળતા ઉત્સાહથી અસાધારણ કર્મરૂપે બહાર પડી પ્રકાશિત થતાં ને જય અપાવતાં. દેવવંશનો છઉં, મને ઇશ્વરે મોટું કામ કરવાને મોકલ્યો છે, આમજ થશે માટે આમજ કરવું છે એ વિચારથી પ્રફુલ્લ રહેતા પુરૂષના ઉત્સાહમાં ગૌરવ કેમ ન હોય? શિંકદર શુદ્ધ રણવીર યોદ્ધો હતો. ઘણા કાળના વેરી ગ્રીક તથા ઇરાનીઓ સામસામા ઊભા રહ્યા, પણ તેઓમાં વેર જેવું કંઇ દેખાયુંજ નહિ. શિકંદરના પવનવેગી સાહસથી ઇરાનીઓ બાવરા પડી ગયા—તેઓએ ઉતાવળમાં પણ બેશુમાર લશ્કર એકઠું કર્યું ને તેઓના ઘોડેસવારે ઘણું પરાક્રમ દેખાડયું, તોપણ કોઇ ઠરેલો ને તદબીરવાળો મુખી સરદાર નહિ તેથી અને જત્રપો મનસ્વી રીતે કોઇ આમ ને કોઇ તેમ લડતું તેથી તેઓ હાર્યા. શિકંદર, સામા લશ્કરની જગા, તેની રચના, તેનું બળ એ સંધાં ઉપર તત્કાળ વિચાર કરી પોતાના અનુભવી સરદારોને તત્કાળ હૂકમ આપી પ્રથમ પોતે પોતાની ટૂકડી સાથે ધસારો કરી છાપો મારતો ને બીજી બાજૂએથી બીજી ટૂકડીઓ તૂટી પડતી ને એમ સામા લશ્કરને ભેદી પાછા સૌ ગ્રીક એકત્ર થઇ લડતા ને દુશ્મનને ભગાડતા. કોઇ લડાઇમાં શિકંદર પાછો હઠયો નથી, સઘળીજ જીત્યો છે તો તેની યુદ્ધનિપુણતાવિષે વિશેષ શું બોલવું?

(નર્મગદ્ય.)

112.

એમ છે તો તમારે નિરાશ થવાનું કંઇ કારણ નથી. જેમ આપણી અવસ્થા નિરાધારા હોય તેમ એક રીતિએ વધારે સારૂં છે એમ સમજવું. નિત્ય શીતલ-

તામાં વસનારના કરતાં જેને બહુ તાપ વેઠ્યા પછી શીતલતા મળે છે તેને તે શીતલતા દ્વિગુણિત સુખકારિકા લાગે છે; તેમ આપણે પ્રથમ પ્રતિકૂલ દશાનો તાપ વેઠયો હશે તો, જ્યારે, અવશ્ય અનુકૂલતા લાવનાર આપણી વિદ્યા અને સદ્‌ગુણોથી અનુકૂલતા આવશે ત્યારે તે દ્વિગુણિત સુખકારિકા થશે. અનુચ્ચ અવસ્થામાંથી ઉચ્ચ અવસ્થામાં જવામાં જેવું પરાક્રમ છે અને ઉત્તરવયમાં તે જેવું અભિમાનપ્રદ છે, એવું બીજું નથી. તમારે નિરંતર મહાન્ અને દીર્ઘ પ્રયત્ન કર્યાં જવાનીજ માત્ર અપેક્ષા છે. તમારો સારો ઉદ્યોગ તમને સર્વ અનુકૂલ કરી આપશે. 'હિંમત હાર્યાવિના' વિદ્યામાં વધ્યાંજ જવું. વિદ્યાનો ક્ષીરસાગર કિંવા મિષ્ટ રત્નાકર વિશાલ છે. અને તેનાં યથાર્થ લાભ તથા સુખ, આગલ ગયેથી મળવાનાં છે, એથી આમરણાન્ત વિરમવું નહિ. આપણી અજ્ઞાનતાથી, આપણે થોડુંક ભણિયે છિયે એટલે એમ લાગેછે કે બહુ ભણ્યા, પણ એતો માત્ર ખાડીના કાદવમાં બુડી મરવા જેવું છે. ઉત્તમ પાઠશાલાઓમાં તથા સમસ્તશાલાઓમાં (Colleges and Universities) ભણિ રહિયે ત્યારે, વિદ્વાન્ લોકના મતે, કેવલ ખાડી વટાવી વિદ્યારૂપ મહાસાગરના મુખ વા આરંભ આગળ ગયા એમ ગણાય છે. એ સત્યતા આપણે સદા સ્મરણમાં રાખવાની છે. આપણે થોડું ભણી તે ભણ્યાના અભિમાની થઇયે તો તે હાનિકારક છે.

(**અસ્તોદય.**)

113.

આજ્ઞાનું પાલન તરત થયું. બુદ્ધિધનના માથા નીચે ધીમે રહી રેશમી અશીકું મુકી દેવામાં આવ્યું. રેશમી ગાદીવાળો કોચ રાણાને વાસ્તે આવ્યો. બીજાઓને વાસ્તે ગલીચો આવ્યો. રાણાની આશપાશ શુદ્ધ રુપેરી સોનેરી તેમજ 'ગિલ્ટ' વાલી અને કાચની વીલાયતી દીવીયો ગોઠવી દેવામાં આવી અને જુદા જુદા દીવાનો પ્રકાશ ફુવારાના ઉડતા બિન્દુઓમાં ચળકવા લાગ્યો. રાણાએ કોચપર બેસી સોનેરી હુક્કાની લાંબી નળી મ્હોંમાં લીધી. સઉ આશપાશ ગોઠવાઇ ગયા. ચોબદારો અને ચાકરો ચારપાસ વીંટાઇ સ્તબ્ધ—અંદર અંદર ગુપચુપ વાતો કરતા—ઉભા રહ્યા. રાણાની આજ્ઞા થઇ અને એક તરુણ ગવૈયો આવ્યો, રાણાના સામો બેઠો, અને મ્હોયે ગાયાવિના સતારના અતિ સૂક્ષ્મ સ્વરમાં ગાન ઉતારવા લાગ્યો. એક ચાકરે તાજાં ચિત્ર વિચિત્ર ફુલો રુપેરી સંપુટો, થાળો, અને છાબોમાં ગોઠવી સર્વ વચ્ચે મુક્યાં અને તેની સુવાસના ચારેપાસ પ્રસરવા લાગી. આશપાશના બાગમાંથી અને પાસેના પાત્રોમાંથી પુષ્પોના પરાગ અને સુવાસથી પ્રફુલ્લ થયેલો, ફુવારાની નીચે કુંડમાં ટપકતાં બિન્દુઓના અને સતારના મિશ્રિત સુસ્વરને પોતાનો કરી લેતો, શીતલતાને—કુંડમાંથી ઉપાડી લેતો—ફુવારાના વર્ષાદમાંથી અદ્ધર ચોરી લેતો–ઝાકળમાંથી પી જતો—અને આકાશમાંથી ઘસડી આણતો, અનેક સ્થાનથી શૂંડમાં એકઠું કરેલું પાણી હાથી પાછું એક સ્થાને

વર્ષાવે તેમ સુવાસ—સુસ્વર—અને શીતલતાને મનુષ્યસૃષ્ટિ ઉપર સાથે લાગાં વર્ષાવતો, અનેક ઝાડનાં પાંદડાંને હલાવી ખખડાવી અંધકારમાં પણ પોતાની સત્તા છે એવું માનવીના કાનને ગર્વ સાથે કહેતો, ઉંચા ગગનમાં પણ મ્હારી આણ વર્તે છે એવું વાદળામાં લ્હેરીયાં પાડી ઉંચું જોનારી આંખને જણાવતો, અને ગાઉ બે ગાઉ ઉપરનાં વનોમાં પોતે નાંખેલા સુસવાટા રાણાજેવાના કાનના પડદાપર અફ્ળાવતો :—દામ્ભિક વાયુ માનવીના શરીર પાસે આવી દમ્ભ તજી મન્દ પડી જતો હતો, મધુર થઇ જતો હતો, તેને ફોસલાવતો હોય—તેને કરગરી પડતો હોય—તેને સવાસલાં કરતો હોય—તેમ તેના અંગરખામાં ધીમે રહી પ્રવેશ કરી—તેમાં કરચલીયો પાડી, તેના શરીરને પંપાળતો હતો, શરીરમાંનાં છિદ્રોમાં પેંશી જઇ ઠેઠ ચિત્ત આગળ પ્હોચી જતો હતો, ચિત્તના ગર્ભદ્વારની અંદર ઉભો રહી માનવીના આત્મા ઉપર આનંદનો અભિષેક કરતો હતો, અને પોતાની સાથે આણેલી સર્વ રમણીય સામગ્રી તેનાજ ઉપર ચ્હડાવતો હતો. એમાં દોષ માત્ર એટલો હતો કે તે જડ હોવાથી મ્હોટા ન્હાનાનો ભેદ સમજતો ન હતો અને ભૂપસિંહની તેમજ તેના હલકામાં હલકા દાસની સરખી રીતે સેવા કરતો હતો અને જાગતા ઉંઘતાનો પણ ભેદ રાખતો ન હતો. પવનની, પ્રકાશની, સુવાસની, સુસ્વરની, શીતલતાની—અર્થાત્ જડ હોવા છતાં સંચાર કરનાર સર્વ પદાર્થોની—અસર નિદ્રાયમાણ બુદ્ધિધનના મસ્તિકમાં પણ પ્હોંચી જતી અને તેનાં રમણીય સ્વપ્નોની કારણભૂત થઇ પડતી હતી—પોષક પણ થતી હતી.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૧ લો.)

114.

વીર પુરુષોનું બાલ્ય પણ ચમત્કારથી ભરેલું હોય છે. સોમેશ્વર જેમ નાનપણમાં રજપૂતોના બાળકોમાં હાર જીતની રમત રમતો તેમ પૃથુરાજે પિતાના સામંતોના બાળકોમાં રાજા થઇ નવા નવા દેશ જીતવાની રમતો રમવા માંડી. વિદ્યામાં વિદ્યા એજ ભણાતી. રજપૂતનો છોકરો હિંડતાં શીખતો ત્યારથી તીર કામઠું લઇ નીકળતો. રજપૂતસ્તાનમાં તે વખત બ્રાહ્મણોનો વાસ નહિ હોવાથી કોઇ વિદ્યા ભણતું નહિ. પ્રજામાંના ગૃહસ્થો આબુમાં જઇ ઋષિઓની સેવા કરી કંઇ થોડી ઘણી વિદ્યા ભણી આવતા. ક્ષત્રિયના નાના છોકરા પોતાની હિમ્મત પ્રમાણે શિકારે જતા, નિશાન મારતાં શિખતા અને ડુંગર પાછળ વિંટ નાંખી શત્રુનાં નગરોને ઘેરો ઘાલવાનાં શિક્ષણ મેળવતા. દારૂ ગોળાનો વપરાશ વધારે નહોતો. મોટી લડાઇઓ પણ તીર કામઠાં, ભાલા, બરછી અને તલવારોથી લડાતી હતી. તીર ફેંકવામાં, દૂરનાં નિશાન પાડવામાં અને તલવારથી પટા ખેલવામાં પૃથુરાજ નાનપણથીજ એક્કો હતો. નિશાનબાજીમાં તે એવો હોંશિયાર હતો કે શબ્દ સાંભળી તેને આધારે તીર મારી શકતો, અર્થાત્ રઘુવંશના બળવાન રાજા અને પ્રસિદ્ધ રામચં-

દ્રના પિતા દશરથના જેવો તે શબ્દવેધી હતો. સામંત સરદારોના જે છોકરાઓ તે સાથે રમતા તે એની હોંશિયારીથી તેના ઉપર અનુરક્ત રહેતા. મિત્રોમાં એવો પ્રેમ હતો કે તેઓ એક બીજાથી કદી જુદા રહી શકતા નહિ. મોસાળમાં લાડકો હોવાથી પૃથુરાજ જ્યારે દિલ્લી જતો ત્યારે તેઓ પણ તેની સાથે જતા. પરાક્રમથી ચકિત થયેલા અને બાલ્ય પ્રેમથી ગુંથાયલા તેના સરદારો તેનાં બીજાં અંગ જેવા હતા. ભાગ્યશાળી હોય તેનેજ એવા અનુરક્ત, સરદારો મળે છે.

જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેનાં પરાક્રમો રજપૂતસ્તાનમાં પ્રકાશ પામતાં ગયાં. આબુના જંગલોમાં શિકારને માટે ઉતરી પડી કોઇ કોઇવાર તે પરમારની રાજધાની સૂધી જઇ આવતો. ગુજરાતનો ભીમદેવ તેનાં પરાક્રમ સાંભળી બળતો એટલુંજ નહિ પરંતુ પોતાની હદમાં આવે તો તેને પકડી લેવાને માટે માણસો પણ રાખતો. રજપૂતો તેનાં પરાક્રમથી પ્રસન્ન થતા ત્યારે દેશમાં વેપારને માટે આવતા મુસલમાનો ઉગતા ચોહાણ સૂર્યનો તાપ સાંખી શકતા નહિ. પૃથુરાજને માટે જેવો પ્રેમ રજપૂતસ્તાનમાં હતો તેવોજ પ્રેમ દિલ્લી તરફ હતો કારણ કે ત્યાં અને અજમેર એમ બેઉ ઠેકાણે તે થોડું થોડું રહેતો અને જ્યાં રહેતો ત્યાં લોકને પોતાનાં પરાક્રમોથી છક કરી નાંખી રાજાને યોગ્ય રીતભાતથી તેમની પ્રીતિ મેળવતો. અનંગપાળની તેના ઉપર અનહદ પ્રીતિ હતી.

(પૃથુરાજ ચોહાણ અને ચંદ બરદાયી.)

115.

જે માણસમાં ખરો દેશાભિમાન છે તેની સમજ તથા વર્તણુક આથી બિલકુલ જૂદીજ છે. તે બડાઇને માટે પોતાના દેશની ઠાલી પતરાજી કરતો નથી. તે પોતાના દેશની ખામીઓ તરફથી નજર દૂર કરવાને બદલે તેને ખંતથી ખોળી કહાડે છે. પરદેશીઓના મહેણાં તેને બહુજ લાગે છે, પણ તેની જોડે તે સારૂં શબ્દયુદ્ધ મચાવવાને બદલે પોતાના મનમાં વિચાર કરે છે કે એ મહેણાનું કાંઇ વાસ્તવિક કારણ છે કે નહિ, અને જો કાંઇ યોગ્ય કારણ દીસે છે તો તે ખોડ બનાવનારની સાથે નકામી તારીમારી કરવાને બદલે તે ખોડ શી રીતે દૂર થાય તેના ઉપાયની યોજનામાં સદા તત્પર રહે છે, કદી પણ કોઇ કલંકનો તે ઢાંકપીછોડો કરવા ચાહાતો નથી, પણ એથી ઉલટો કાંઇ કલંક જાહેર થાય છે ત્યારે મનમાં પ્રસંન્ન થાય છે કે ઠીક થયું, હવે એ ટાળવાનો આપણને પ્રસંગ મળશે. એને પોતાના દેશનો અભિમાન થોડો છે એમ નથી. એને જેટલો એ વિષે અભિમાન છે તેટલો તો બીજા કોઇને પણ નથી. પોતાના દેશનું ઘસાતું સાંભળીને એના કલેજામાં જેટલો ઊંડો ઘા પડે છે તેટલો કોઇના પણ કલેજામાં પડતો નથી. પોતાના દેશની વાહ્વા સાંભળીને એનું મન જેટલું પ્રફુલ્લિત થાય છે તેટલું કોઇનું

પણ થતું નથી, અને પોતાના દેશનો બહુજ અભિમાન છે, પણ તેની સાથે તે વાજબી, ડાહ્યો, અને પરિણામે લાભકારક અભિમાન છે. તે પોતાના દેશનો અભિમાન રાખેછે, પણ તેની સાથે તે પોતાના દેશને અભિમાનયોગ્ય જોવાને બહુ ખંતી છે, તે પોતાની જાતનો જેમ ખોટો અભિમાન રાખતો નથી, તેમ તેને પોતાના દેશની ઠાલી પતરાજી કરવી ગમતી નથી. તે જાતે માનને યોગ્ય થવાને મથે છે, અને તેમજ પોતાનો દેશ પણ માનને યોગ્ય થાય એમ નિરંતર ઇચ્છે છે. ખોટું માન તે જાતે અપમાન સમજે છે, અને તેથી પોતાના દેશને સારૂ ખોટા માનનો કદી પણ દાવો કરતો નથી.

(નવલગ્રંથાવલિ.)

116.

આ પ્રસંગે આખા જંગલમાં પેસવા કોઇ માનવીની છાતી ચાલે એમ ન હતું અને ખરા શૂરવીરો પણ રાત્રિસમયે આ ભયંકર જનાવરોને છંછેડવા હીંમત ધરતા ન્હોતા. આખા જંગલમાં માત્ર જનાવરોની કારમી ચીસો સંભળાયાં કરતી અને બ્હારવટીયાઓ રાવણું કરતા તે પણ મનહરપુરીની બાજુના વડમાં ભરાતા. સરસ્વતીચંદ્ર પડયો હતો તે જગા વડથી થોડે છેટે હતી અને વડ નીચે ઉઠતો શોરબકોર પણ અંધારામાં કાન ઉપર અફળાતો ત્યારે ઓછો ભયંકર ન્હોતો લાગતો. આકાશમાં તારાનાં ઝુંડ ઝબુકતાં હતાં તે પણ ભયંકર પ્રાણીઓની આંખો જેવાં વિકરાળ પ્રકાશવાળાં લાગતાં હતાં અને જંગલનો આ ઠાઠ જોઇ નબળો પોચો માણસ તો ભયથી ગાંડોજ થઇ જાય. સરસ્વતીચંદ્રની મૂર્છા વળી, તોપણ ઉઠવાની કે બોલવાની તેનામાં શક્તિ રહી ન હતી. રસ્તાની ધુળમાં ચતોપાટ પડેલો હતો તેને કાંઇક શૂદ્ધિ આવતાં, પ્રથમ કાન સચેત થવા પામતાં, સિંહની ત્રાડતી ગર્જના અને તેની સાથેજ બીજાં પ્રાણીઓની ચીસો એકદમ એ કાનમાં દોડી આવવા લાગી, અને આંખો ઉઘડતાં એ ગર્જનાઓથી ગાજતો વીંઝાતો ત્રાસ વર્ષાવતો અંધકાર અને અંધકારસાગરને પેલે કીનારે ચાંચીયાઓની તરવારોની અણીયો પેઠે ચળકતા ચમકતા તારાઓ દૃષ્ટિમાં ઉપરા ઉપરી ઉભરાવા લાગ્યા. સરસ્વતીચંદ્રના પંડિત વિચાર નાસી ગયા; કવિતા તો પાસે આવીજ નહી; જ્ઞાનમાર્ગ તો સુઝયોજ નહી; માબાપ, કુમુદસુંદરી, અને ચંદ્રકાંત પણ એના મનની દૃષ્ટિમર્યાદામાંથી ખસી ગયાં; મરણકાળે સઉને મુકી એકલાં જવાનું તેવીજ રીતે આ મહાભય પ્રસંગે પણ સરસ્વતીચંદ્ર એકલો અનાથ ભાંય નાંખેલા જેવો કાળરાત્રિના ઘોર ભયભૈરવનું ઉગ્ર સ્વપ્ન જોવા લાગ્યો. ઉઠવાની શક્તિ નહી તો નાસવાની કયાંથી હોય ? નાસીને પણ આ અજાણ્યા જંગલમાં અંધકારે કેઇ દિશાએ જવું ? ગમે તો ભુખ અને અશક્તિથી અથવા ગમે તો કોઇ ભયંકર પ્રાણીના મુખમાં આહુતિ પેઠે પડી, સંસારને છેલા નમસ્કાર કરવાનો પ્રસંગ પ્રત્યક્ષ લાગ્યો. તેની સાથે ભૂતકાળ દૃષ્ટિ આગળ ખડો થયો. પિતા, કુમુદસુંદરી, અને પ્રિય ચંદ્રકાંતનાં દીન મુખ નેત્ર આગળ આવી

ઉભાં, અને તે સર્વનાં નેત્રમાં આંસુની અખંડિત ધાર વ્હેતી દેખાઇ. બોલવાની શક્તિ વગર, બોલ્યાવગર, સરસ્વતીચંદ્રનો આત્માજ આ જોઇ રોવા લાગ્યો; સઉની ક્ષમા માગવા લાગ્યો; કરગરવા લાગ્યો; બ્રહ્મહત્યા જેવી સ્નેહહત્યા ફરી ફરી સાંભરી આવી તેના આખા શરીરને કંપાવવા લાગી; એની આંખોમાંથી આંસું જાતે નીકળવા લાગ્યાં અને બેપાસ આંખના ખુણામાંથી લમણા ઉપર થઇ કાન આગળ થઇ પૃથ્વીપર પડવા લાગ્યાં; તેને શીત આવ્યા જેવું થયું; રોવાની શક્તિ હોત તો પોકે પોક મુકી રોવાઇ જાત, પણ રોવા જેટલી શરીરમાં શક્તિ સરખી ન હતી તેથી શરીર અને મુખ રાંક થઇ ગયાં; લક્ષ્મીનંદન, કુમુદસુંદરી અને ચંદ્રકાંત એ શબ્દથી ભરેલા નિઃશ્વાસ અને પ્રાણ છાતીમાં ધડકવા લાગ્યા; એ નિઃશ્વાસ અને પ્રાણ હવે તો જાય તો સારું એવું ઇચ્છી તેનો માર્ગ મોકળો કરવા ગરીબડું મુખ પ્હોળું થઇ ગયું; પગ ચુસાવા લાગ્યા પણ હલાવવાની શક્તિ ન હતી; પેટમાં દાહ ઉઠવા લાગ્યો અને યમરાજના દૂતનાં પગલાંના જેવા ધબકારા સંભળાયા. અત્યારે એને કોઇ અગ્નિદાહ કરવા ન્હોતું; એના શબ પાસે મરણપોક મુકનાર પણ ન હતું. માત્ર અંધકાર ભરેલું જંગલ ભયાનક અને ગંભીર દેખાવ ધારણ કરી ચારે પાસથી ત્રાડો નાખતું, મારેલા શીકાર પાસે ગાજતો વાઘ બેઠો હોય તેમ, બેઠું હતું અને ખાવા ધાતું હતું.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

117.

જગતમાં ચોતરફ નજર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ દીસે છે કે સઘળી વસ્તુઓ જાણે માણસના આનંદ તથા સુખને વાસ્તેજ સરજાયેલી છે તે વસ્તુઓનો ઉપભોગ ન કરતાં દુનિયામાં જેવા આવ્યા તેવા જવું, અને આપણે થઇ ગયા તેની એકપણ નિશાની પાછળ રહેવા ન દેવી? માણસના મનના વિકારો તથા વૃત્તિઓ તરફ જ્યારે નજર કરીએ છીએ ત્યારે આપણે દુનિયામાં આપણા મનુષ્ય જાતિના ભાઇઓ એકઠા રહેવાને ઉત્પન્ન થયલા હોઇએ એમ લાગે છે; તે છતાં જો આપણે એકાંત વનવાસ કરીએ તો દયા, ક્ષમા આદિ આપણા સારા ગુણોનું શું કામ પડે? એ સઘળા ઉપરથી સહેજ અનુમાન થાય છે કે માણસે દુનિયામાં રહીને જે દુઃખ પડે તે ધૈર્યતાથી સહન કરવું, અને જેમ મધમાખી બધાં ફુલોમાંથી મધ ચુસી લે છે તેમ આપણે સઘળા પદાર્થોમાંથી સુખ ખેંચી કાઢવું. દેહકષ્ટ શા માટે કરવું? હવે માણસ જેનામાં ઇશ્વરે વિવેક બુદ્ધિ મૂકેલી છે, તેથી તે જે કાર્ય કરે છે તેમાં કાંઇ પણ કારણ હોવું જોઇએ માટે આ દેહ દમવાનું પણ કાંઇ કારણ હશે. અગર જો સૃષ્ટિની ખુબી આંખવડે જણાય છે, ચંપા, ચંબેલી, મોગરા, વગેરે ખુશબોદાર ફુલોનો સુવાસ ઘ્રાણેંદ્રિયથી માલમ પડે છે, અગર જો રસેંદ્રિયથીજ ખટ્રસનો સ્વાદ સમજાય છે, ટુંકામાં માણસને સુખ થાય એવીજ

આ જગતની રચના કર્યેલી છે, તોપણ એ ઇંદ્રિઓ આપણને હમેશાં તાબે રેહેતી નથી. જો તેઓને આપણે જીતીશું નહિ તો તેઓ આપણને જીતશે. ઇંદ્રિઓવડે જેટલું સુખ થાયછે તેટલુંજ દુઃખ પણ થાય છે, અને એટલા દુઃખથી કાંઇ બસ થતું નથી. એ ઇંદ્રિઓના જો આપણે ગુલામ થયા તો આપણે પશુ સમાન થઇ જઇએ છીએ, અને ખરૂં ખોટું સમજવાની તથા પરમેશ્વરને ઓળખવાની જે શક્તિ એકલા મનુષ્યનેજ બક્ષેલી છે તેનો ખોટો ઉપયોગ કરીએ છીએ. આંખ વડે કેટલાએકની ઇશ્વર ઉપરની ભક્તિ દૃઢ થાય છે, ત્યારે ઘણા તો તે વડે દુષ્ટ અને અધર્મી કર્મો કરે છે, અને કારીગરીની શોભા તથા ચતુરાઇ જોવામાં ગરક થઇ કારીગરની શક્તિ તથા ડહાપણ જોવું ભુલી જાય છે, અથવા કારીગરીમાં ખામી કાઢી કારીગર છેજ નહિ એમ કેહે છે, અથવા છે તો તેનો ઇનસાફ, દયા, ડહાપણ, ચતુરાઇ તથા સારાપણમાં ખામી છે એવો મત ચલાવે છે. એવા ભયાનક ખાડામાં પડતાં બચવાનેજ, કેટલાએક ભકતોએ પોતાની આંખ પોતાને હાથે ફોડી નાખી છે. માટે ઇંદ્રિઓ જેમ આપણી મિત્ર થાય તેમ આપણી શત્રુ પણ છે. તે એક નદીના પ્રવાહ જેવી છે. જ્યાં સુધી તે ધીમે ચાલે છે ત્યાં સુધી સઘળાને ફાયદો કરે છે, પણ જ્યારે તે જુસ્સાથી વહે છે, ત્યારે તેના સપાટામાં જે આવે તેને ઘસડી જાય છે. તે એક વાઘ જેવી છે. જ્યાં સુધી તેને પાંજરામાં ગોંધી રાખે ત્યાં સુધી કાંઇ ચિંતા નહિ, પણ તેને પાંજરૂં તોડતાં વાર લાગતી નથી. તેને જીતવી એ ઘણું કઠણ કામ છે, અને ઘણાજ થોડા માણસથી તે બની સકે છે, માટે તેઓને ફાવવાજ ન દેવી એ ડહાપણ છે. એટલા કારણેથી સન્યાસી, યોગી, વગેરે પોતાની ઇંદ્રિઓ ઉપર ભરોસો રાખતા નથી.

(કરણ ઘેલો.)

118.

માનવીનો પગસંચાર આ અરણ્યમાં થવો અસંભવિત હતો તેવે આ પ્રહરે જે રસ્તે સરસ્વતીચંદ્ર શબવત્ પડયો હતો તે રસ્તાપર કેટલેક છેટે પૂર્વદિશામાં ભૂતાવળી જેવું એક ટોળું આવતું હતું. એ ટોળું બ્હારવટીયાઓનું ન હતું, કારણ એ લોક તો કયારના વડ આગળથી વેરાઇ ગયા હતા. અત્યારે રાત્રિના અગીયાર વાગ્યા હતા. અને રાત્રિ વધી તેમ તેમ ભયંકર થતી ગઇ. ભયંકર પશુઓની ચીસો વધતી ગઇ, અને ઘુવડ ઠેકાણે ઠેકાણે નીકળી પડી ઘુઘવવા લાગ્યાં. જંગલમાં પડતી ચીસોનો પ્રત્યુત્તર મનહરપુરીની શેરીઓના કુતરા મ્હોટે સાદે કરવા લાગ્યા અને તેમનું ભસવું અને રોવું આ રસ્તા સુધી સંભળાવા લાગ્યું. આકાશમાં તારાઓના પોપડે પોપડા બંધાયા અને તેમનું તેજ એકાંત ભયસૂચક લાગવા માંડ્યું. ક્વચિત્ એકાદ રડીખડી કાળાશ મારતો ન્હાની વાદળી શીવાય જ્યાં જુવો ત્યાં તારાજ તારા અને વચ્ચે ભયંકર કાળું આકાશ. ઝાકળ

પણ પડવા માંડતું હતું અને ભયભીત જગતને શરીરે પરસેવાપેઠે એકઠું થઇ સર્વને ઠંડાંગાર કરી નાંખી કંપાવતું હતું. ત્રિભેટાની પૂર્વ ભણીથી આ ઘડીયે ભયંકર ભૂતાવળી જેવું ટોળું આવતું હતું અને રાત્રિની ભયંકરતાને વધારતું હતું.

(**સરસ્વતીચંદ્ર**, ભાગ ૨ જો.)

119.

પછી હરિશ્ચંદ્ર નીચું મુખ કરી તે સ્ત્રીને કહે છે કે:—'હે બાલે! હું પાપી આગળ તું આવ. જો મારો હસ્ત હણી શકશે તો તારૂં શિર છેદીશ.' એમ કહી ખડ્ગ ઉગામી મારવાનું કરે છે. રાણીને રાજા ઓળખતા નથી અને રાજાને રાણી ઓળખતાં નથી. પરંતુ પોતાના મૃત્યુને ઇચ્છતી અતીવદુઃખાર્તા રાણી બોલ્યાં કેઃ—' અહો ચાંડાલ! એક મારૂં વાક્ય—જો આપ માનો તો,—સાંભળો. આ પુરના બહિર્ પાસે, મારો મૃત પુત્ર પડયો છે. તેને તમારી પાસે આણી દાહ દેઉં ત્યાં સુધી વિલંબ કરી પછી તરવારથી મારો ઘાત કરો.' રાજાએ હા કહી. એટલે તે બાલક પાસે ગઇ, અને તેને લઇ શ્મશાનમાં આવી. તહિં બાલકને મૂકી વિલાપ કરતી હતી એટલે રાજાએ આવી તે બાલકને જોયો, તો તેને નરેંદ્રનાં લક્ષણયુક્ત દીઠો અને તેને લાગ્યું કે,—'અરે કષ્ટ! આ કોઇ નરેન્દ્રના કુલમાં જન્મેલો શિશુ છે. અને તે દુરાત્મા કૃતાન્તના પાશમાં આવ્યો છે.' તે બાલકને માતાના ખોલામાં પ્રસારેલો જોઇ રાજાને આંસુ આવ્યાં અને વિચારમાં પડી ગયો. ત્યાં રાણી વિલપવા લાગી કેઃ—'હા વત્સ! કોના પાપથી આ ઘોર દુઃખ આવી પડયું છે! હા નાથ! મને અતિદુઃખિતાને છોડી આપ પણ કયાં વસોછો! રાજર્ષિ હરિશ્ચંદ્રના રાજ્યનો નાશ, સુહૃદ્નો ત્યાગ, ભાર્યા અને તનયનો વિક્રય!!! હે વિધાતા! તેં આ શું કરયું!'

એ હૃદયવેધક વચન સાંભળી રાજા પડી ગયા અને મૂર્છિત થયા. તહિં રાજ્ઞીએ પણ તેને ઓળખ્યા તેથી રાજ્ઞીને પણ અતિમૂર્છા થઇ અને તે નિશ્ચેષ્ટ થઇ ધરણીતલ ઉપર ઢળી ગયાં. ચેતના આવતાં રાજા બોલ્યા કેઃ—'હા સુકુમાર વત્સ! હા મનોહૃદયનન્દન! તારૂં આવું દીન મુખ જોઇ મારૂં હૃદય કેમ ફાટી જતું નથી?' એ આદિ બોલતાં પુનઃ મૂર્છા થઇ. તેને પડેલ જોઇ શૈબ્યારાજ્ઞીને વિચાર આવવા લાગ્યા કેઃ—વિદ્વજ્જનના મનના ચંદ્ર એવા હરિશ્ચંદ્ર, તેજ આ પુરૂષશ્રેષ્ટ છે, એમાં સંશય નથી. એ નરેશ્વર અત્યારે શ્મશાનમાં કયાંથી આવ્યા હશે?' ઇત્યાદિ વિચાર કરતી ભર્તારના અને પુત્રના દુઃખથી પીડિતા તે દીના અને વિસ્મિતા રાજ્ઞી મૂર્છાથી ધરણીતલ ઉપર પુનઃ ઢળી પડ્યાં. ધીરે ધીરે ચેતના આવતાં ગદ્ગદ કંઠે બોલી કેઃ—"ધિક્ છે દૈવ તુંને! હે અકરૂણ! હે અમર્યાદ! જેણે આ અમર-તુલ્ય રાજાને ચાંડાલતામાં આણ્યા. આ તે વિધિનો કેવો વિપર્યય! જેની સેવકતા

પામેલા રાજાઓ જેના ચાલતાં પૂર્વે પોતાના વસ્ત્રવડે મહીતલને રજ વિનાનું કરતા, તેજ આ રાજેન્દ્ર, દુઃખથી પીડિત થઇ, અપવિત્ર ભયંકર સ્મશાનમાં—જ્યાં ભસ્મ અંગારા અને અર્ધદગ્ધ અસ્થિ મજ્જાદિ પડ્યાં છે ત્યાં—ફરે છે !' ઇત્યાદિ બોલતી કષ્ટ શોકથી વિંટાઇ ગયેલી તે રાણી રાજાના કંઠે વલગી વિલપ્યાં કે :—

'હે રાજન્! આ તે સ્વપ્ન છે કે સત્ય છે! હે મહાભાગ! આપ આને જે માનતા હો તે કહો. મારૂં મન નિશ્ચય મુઝાય છે. હે ધર્મજ્ઞ! જો આ એમ (સત્ય) જ હોય તો, ધર્મવિષે સહાયતા નથી, તેમજ વિપ્રના અને દેવ આદિના પૂજનમાં અને સત્યપાલનમાં પણ (કંઇ નથી). જો ધર્મજ નથી તો સત્ય તો ક્યાંથીજ ?!

(અસ્તોદય.)

120.

"સોમેશ્વર ચોહાણ અને ભીમે ભયંકર યુદ્ધ મચાવ્યું, પૃથ્વી ઉપર ત્રાસ વરતાઇ ગયો, અને જાણે પર્વતની સાથે પર્વત ટીચાતા હોય એમ દીસવા લાગ્યું, મડદાં ઉપર મડદાં પડવા લાગ્યાં, લોહીની નદિયો વેહેવા લાગી, અને પૃથ્વી જેમ વર્ષાદથી રસબસ થઇ જાય તેમ લોહીથી થઇ ગઇ. યુદ્ધના મદથી ઉશ્કેરાઇને યોદ્ધાઓ સરસ પાણીવાળા શસ્ત્રો વડે લડવા લાગ્યા. પ્રાણની સાથે પ્રાણ મળી ગયા, એકે અપ્સરા વર વિનાની રહી નહિ, બન્ને પક્ષના ઘણા ઘાયલ થયા, પણ કોઇએ રણક્ષેત્ર છોડયું નહિ, અથવા પીઠ બતાવી નાઠું નહિ. જામ યાદવ જાણે હવણાં પૃથ્વીનો નાશ કરી નાંખશે, એમ પોતાના મિત્રોની જમણી બાજુએ ગાજી ઉઠયો, તેના સામે ખેંગાર પૃથ્વી ઉપર અગ્નિના ભડકા સરખો થઇને આવ્યો, પ્રતિષ્ટાની ઘાટીમાં બન્ને જણ સપડાઇ ગયા, અને જેમ બે ઉન્મત્ત સાંઢ લડે તેમ બંને જણા લડ્યા. તેઓએ હાથિયોને મારી પાડ્યા, તે કાળા પર્વતમાંથી જેમ લોહીનાં વેહેળિયાં વેહેતાં હોય એવા દીસવા લાગ્યા. દેવ અને દૈત્ય તથા પાતાળના સર્પ તેઓને જોઇને આનંદ પામવા લાગ્યા અને આકાશમાંથી ફુલનો વર્ષાદ વરસવા લાગ્યો.

ડાબી બાજુએ ધોળા હાથી ઉપર બેસીને બળિભદ્ર લડવા લાગ્યો, તેના ઘોડા પણ ધોળા હતા, ઘંટમાળા અને ઘંટના નાદ ભારે થતા હતા. સોમેશ્વર જાતે આગળ ધસ્યો; અને જ્યારે મુચકુંન્દ પોતાની ઊંઘમાંથી જાગી ઊઠયો ત્યારે તેની જેવી આંખ્યો થઇ હતી તેવી આંખ્યો થયેલી એવો ગુજરાતનો ધણી તેણે જોયો. બૃહસ્પતિ અને શુક્રની લડાઇમાં મંત્ર ઉછળતા હોય તેમ બન્ને રાજાઓની વચ્ચે બાણ ઉડવા લાગ્યાં. દેશના રક્ષક બંને રાજા હતા; બન્ને છત્રપતિ હતા; બન્ને કવચ ધારણ કરેલા હતા; બન્નેના મુખ આગળ રાજડંકા થતા હતા; બન્ને ઘણા પદવાન હતા; બન્ને જણા હિંદુઓની સીમા હતા; અને બન્ને જણા ક્ષત્રિય પુત્રો હતા. ચોમાસાની કાળી અને તોફાનની રાત્રે પર્વતો ઉપર દવ બળતો દે-

ખાય છે તેમ રણક્ષેત્ર દેખાતું હતું. રણવાદિત્ર વડે મહાદેવ પોતાના ધ્યાનમાંથી જાગી ઉઠયા; અને નાચતા કુદતા બહુ આનંદ પામીને પોતાની રૂંઢમાળમાં માથાં પરોવાને તૈયાર થયા. નારદ પણ આનંદિત થયા. અપ્સરાઓ પણ વિમાનમાં બેશીને આકાશમાં એક બીજા સાથે કજિયા કરવા લાગી. યક્ષ અને ગાંધર્વ પણ આ ચમત્કારિક દેખાવ જોઇને ગાભરા બની ગયા, અને તેમણે જાણ્યું કે હવે દુનિયાંનો લય થવાની વેળા આવી. જે યોદ્ધાઓ આ રણ યાત્રામાં પડ્યા તેઓ વૈકુંઠ પામ્યા. સોમેશ્વર ચોહાણ, ખરો યોદ્ધો, રણસંગ્રામમાં પડ્યો. તેના સામંતોએ જાણ્યું કે શૌર્યથી લડતાં, લોહી લોવાણ થઇને તે ખરેખરો પડયો, અને તેની પછવાડે તેઓમાંના કેટલાક આ દુનિયામાંથી મુક્ત થવાને પડ્યા. ભારતમાં જેવું રણક્ષેત્ર થઈ પડયું હતું તેવું આ રણક્ષેત્ર થઇ પડયું. સોમેશ, સોમેશ પાસે જઇ પોહોંચ્યો અને તેનું શરીર જે તત્વોનું બન્યું હતું તે તત્વોમાં ભળી ગયું. ભીમે હાથ ચાલતો બંધ કર્યો. જયજયના અવાજ પૃથ્વી ઉપર ગાજી રહ્યા અને દેવતાઓ "હાય! હાય!" ના પોકાર મારવા લાગ્યા, કેમકે સોમેશ્વરે સ્વર્ગ સંપાદન કરી લઇને તેઓને વિઘ્ન કર્યું."

(પૃથુરાજ ચૌહાણ અને ચંદ બરદાયી.)

121.

અરે રામ! આ શું થયું? અરે દુષ્ટ દૈવ! આ તારો શો કોપ? અરે ભગવાન! મેં શું કીધું કે મારા ઉપર આટલી ઉપરા ઉપરી આફત આવી પડી? રાજાએ તે દહાડે મને ગામ જવાનો હુકમ કીધો તેની મતલબ હવે સમજાઇ. તે દુષ્ટ ચંડાળનો મારૂં ઘરજ ઉખેડી નાખવાનો વિચાર હતો. એવો કૃતઘ્નિ રાજા પૃથ્વી ઉપર કોઇ થયોજ નથી અને થશે પણ નહિ. જ્યારે સારંગદેવ મરી ગયા ત્યારે તેને ગાદીએ બેસાડવાને કેટલી મેહનત કરવી પડી છે; કેટલી યુક્તિઓ કામે લગાડવી પડી છે; કેટલાં કાવતરાં કરવાં પડ્યાં છે; અને એ બધું કર્યા પછી તેને ગાદી મળી ત્યારે તેણે કેવાં કેવાં મને વચન આપ્યાં છે! પણ તે સઘળાં જુઠાં. 'ગરજ ટળી એટલે વૈદ્ય વેરી.' એ કેહેવત પ્રમાણે થોડા વખતમાં મેં કીધેલો ઉપકાર તે ભુલી ગયો. હુંજ મૂર્ખ કે એવાં સાપનાં બચ્ચાંને મેં દુધ પાઇને ઉછેર્યું કે તે મોટું થયા પછી પેહેલાં તેણે મનેજ ડંખ માર્યો. પણ એવી કૃતઘ્નતા પરમેશ્વર સાંખવાનો નથી. પણ ભવિષ્યની વાત શી કરવી? હમણાં તો તે તેનાં દુષ્ટ કામનાં સારાં ફળ ભોગવે છે. જો તે દહાડે મેં મારી વહુની વાત સાંભળી હોત તો હું ગામ જાત નહિ, અને આ આફત કદાચ આવી પડત નહિ. પણ દૈવની સામે કોણ ડાહ્યો છે? લખીત વાત તો સો ભવે પણ મટતી નથી. વિધાતાના જે લેખ છે તે પ્રમાણે થયા વિના રહેતુંજ નથી. પણ આવું દુઃખ સામટું કોઇને પડયુંજ નહિ હશે. સ્ત્રીને રાજા લઇ ગયો એટલુંજ દુઃખ માણસનું અંતઃકરણ કોરવાને બસ છે; પણ તેની સાથે આ તો મારો નાનો ભાઇ જેને મેં

લાડથી ઉછેરેલો, જેને મેં મારા છોકરા જેવો ગણેલો, તે આવે અકાળ મોતે મુઓ એથી તો સીમા વળી. અરે કેશવા, તને ધન્ય છે ! તેં તારો જીવ આપ્યો, પણ જીવતો રહી આપણા ઘરની સ્ત્રીને પારકાના હાથમાં જવા ન દીધી. તેં તારા જોરનું સાર્થક કીધું. સબળે અબળનું રક્ષણ કરવું જોઇએ તેમ કરવામાં તેં તારો દેહ પાડયો તેથી તું હમણાં કૈલાસ લોકમાં બિરાજતો હોઇશ અને તે વિચારથી મારૂં દુઃખ અર્ધું ઓછું થાય છે. પણ એટલું પણ દૈવને બસ ન લાગ્યું. હમણાં જેઠાશાનો મોતીશા આવ્યો, તેના કહેવાથી જણાયું કે ગુણસુંદરી સતી થઇ, ને તેના સ્વામીની સાથે બળી મોઇ. એથી હરખાવું કે શોક કરવો તે સમજાતું નથી. ઘર તો જડમૂળથી ઉખડી ગયું. વંશવૃદ્ધિની તો હવે આશા ફોકટ. પણ નામ તો અમર રહેવાનું. ગુણસુંદરીના સ્વાત્માર્પણથી આખા કુળની, આખી ન્યાતની પ્રતિષ્ઠા વધી, અને મારી સાત પેહેડી તરી. શું માણસની અવસ્થા છે ! મોટાઇ કેવી અનિશ્ચિત છે ! આજ છે અને કાલે નથી. જેવું બીડમાંનું સુકું ઘાસ, જેને બળતાં જરા પણ વાર લાગતી નથી; સૂર્યાસ્ત થતી વખતની જેવી છાયા, તે વખતે તો ઘણી મોટી દેખાય છે, પણ થોડી વાર પછી નહિ સરખી થઇ જાય છે; તે તો એક નિદ્રાનું સ્વપ્નું, જાગ્યા એટલે કાંઇ મળે નહિ.

(કરણ ઘેલો.)

122.

"સંસારસુધારાનો વિષય લ્યો ! શું તમારે બાળલગ્ન અટકાવવાં છે ? જ્યાં સુધી જુની બુદ્ધિનાં અને નિરક્ષર મનુષ્યો તમારા ઘરમાં વસે છે અને તમારા બાળકોના ઉપરનો તમારો અધિકાર ભગ્ન કરી નાંખે છે, ત્યાં સુધી આમાનું કાંઇ બનવાનું નથી. શું તમારે વિધવાઓને સધવા કરવી છે ? જ્યાં સુધી તમે આવાં આવાં મનુષ્યોને તમારી કમાઇના રોટલા ખવરાવી તેમના બળની વૃદ્ધિ કરો છો ત્યાં સુધી આમાંનું કાંઇ થનાર નથી અને તમારું પોતાનું બળ બીચારી વિધવાના બળ કરતાં વધનાર નથી. શું તમારે તમારી પુત્રીઓને સાક્ષર કરવી છે ? શું તમારે તમારી સ્ત્રીને રસોડાના ધુમાડામાંથી અને વાસણ સાજવાની રાખમાંથી ઉગારી સરસ્વતીની સુંદર સૃષ્ટિમાં લેવી છે અથવા જીવનનાં જે સાધારણ સુઘડ સુખ અને સુવાસ તમે એકલપેટા થઇ ભોગવોછો તેમાંના કંઇક ભાગનો ભોગ તમારી પ્રિય પત્નીને, તમારી પુત્રીઓને અને તમારા પુત્રોની સ્ત્રીઓને દેખાડવો છે ? અથવા શું તમારે તમારી પોતાની કમાઇ અને શક્તિ તથા સ્વતંત્રતાને તમારા ઇષ્ટ સન્માર્ગે વાપરવી છે અને તેમ કરી તમારી ઇંગ્રેજી વિદ્યાને સાર્થક કરવી છે ? હું તમને કહું છું કે જ્યાં સુધી તમે કુટુંબના ભેગા વસી તેમની મૂર્ખ ઇચ્છાઓ પ્રમાણે અને દુષ્ટ વાસનાઓથી તમારા સમર્થ હાથપગને બેડીમાં નંખાવા દેશો ત્યાં સુધી આ સર્વ સત્કાર્યોમાંથી એક પણ કાર્ય તમે કરી શકવાના નથી !"

(સરસ્વતીચંદ્ર, ભાગ ૪ થો.)

123.

ખરેખરી પ્રીતિની અસર એ પ્રમાણેની નથી. જ્યારે આત્માને આત્માને સંયોગ થાય છે, જ્યારે ગુણો તથા સ્વભાવ એકેકમાં ભળી જાય છે, જ્યારે તે ઐક્યતાથી ઉત્પન્ન થયલી પ્રીતિ ઉપર ઇંદ્રિઓની સત્તા ચાલતી નથી, જ્યારે તે ઉત્કૃષ્ટ પ્યારમાં આ સંસારનો કાંઇ ભાગ હોતો નથી, અને જ્યારે તે સ્વાર્થ રહિત બિલકુલ હોય છે, ત્યારેજ તે વાસ્તવિક પ્રીતિ જાણવી. જેનામાં એવી પ્રીતિ વ્યાપેલી હોય છે તે બહારના રૂપને તથા બહારની અવસ્થાને જોતાંજ નથી. જેમ તે અબળાનું અશક્તપણું વધારે તેમ તેનું રક્ષણ કરવાની તથા તેને સુખ આપવાની તેની આતુરતા વધારે હોય છે. જેમ તેની દરિદ્રતા વધારે તેમ તે અવસ્થામાંથી તેને છોડાવવાની તથા તેને પોતાના સુખમાં ભાગીદાર કરવાની હોંસ વધારે થાય છે. જેમ એ પ્રીતિ તૃપ્ત થતાં વાર લાગે છે તેમ તે વધારે દૃઢ થતી જાય છે. અને કદાપી આ પૃથ્વી ઉપર તે ટુંકી મુદ્દત સુધી ભોગવાય તોપણ પરલોકમાં તે નિઃસ્વાર્થ પ્રીતિનું સાંધણ થશે એવી તે ખરા દિલથી આશા રાખે છે. અરે! આ નિષ્કામ પ્રીતિ સઘળાના જાણવામાં તથા અનુભવમાં આવે તો જગતમાં કેવો સારો ફેરફાર થઇ જાય? સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો માણસના ઉપર આવી પડે છે તેમાં એ પ્રીતિ એક સુખ ઉપજાવનાર છે. દુઃખના દરિયામાં એ એક કંદિલિયું છે, તથા ડૂબતા માણસને તે એક દોરડા જેવી છે. માણસના સુખને અર્થે એ સ્વચ્છ પવિત્ર પ્યાર તેનામાં મૂકેલો છે તેનો સારે રસ્તે ઉપયોગ માત્ર કરવો જોઇએ. એક અશક્ત, આંધળા, મૂગા, તથા દુનિયામાં નકામા જેવા છોકરા ઉપર તેની માનો કેટલો બધો પ્યાર હોય છે? જેમ જેમ તે છોકરાનું પરાધીનપણું વધારે તેમ તેમ તે પ્યાર મજબૂત હોય છે. એ પ્યારમાં કાંઇ સ્વાર્થ તો હોતોજ નથી. તે શુદ્ધ પ્રીતિનું એક નિર્મળ ઝરણ છે. બે વૃદ્ધ વરવહુની પ્રીતિ પણ કંઇક તેના જેવી હોય છે, તેમાં વિષય વાસનાનો મિશ્ર હોતોજ નથી. સમાન વયનાં તથા સરખી અવસ્થાના બે પુરૂષોની સાચી મિત્રાચારી પણ એજ પ્રકારની હોય છે. તેઓના આત્મનો સંયોગ થયલો હોય છે; તેમાં સ્વાર્થરૂપી નબળું બંધન જોવામાં આવતું નથી. જેમ કચરાને ધોઇ સાફ કરીને તેમાંથી સોનાનાં રજકણો કાઢવામાં આવે છે, જેમ મરડિયા કાંકરા જેવી વસ્તુને ઘસીને તેના ઘણા સ્વચ્છ પાણીદાર હીરા બનાવવામાં આવે છે, તેમ સ્વાર્થી પ્રીતિમાંથી સ્વાર્થ રૂપી કચરો કાઢી તેને નિર્મળ કરી તેનો અતિ વિસ્તાર કરવો, એટલે પછી જે પ્રીતિ બને તેજ આપણે સઘળાઓએ પરમેશ્વર ઉપર રાખવી.

(કરણ ઘેલો.)

124.

"આ કલિયુગમાં સંવત્ ૧૭૧૯ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે પંડિતોને બોલાવીને મુહૂર્ત નક્કી કર્યું. યોગ જોઇને પંડિતો બહુ રાજી થયા, તેઓ કહેવા

લાગ્યા કે 'વાહ ! વાહ ! આ નગર તો ઇંદ્રપુરી સરખું થશે.' તેમના મુખમાંથી વાણી થઇ એટલે નગરનું નામ ભાવનગર પાડયું. બ્રાહ્મણોએ ભવિષ્ય વર્તું કે મોતી અને માણકથી નગર શોભી રેહેશે અને તેના શત્રુઓ પરાજિત પામશે. બ્રાહ્મણો ભવિષ્ય બાંધે તે પ્રમાણે ખરેખરૂં થાય ! આ વાત માનીને રાવળે પોતાની ગાદી ત્યાં કરી; વાડીયો કરાવી, અને આકાશમાં પોહોંચે એવી હવેલિયો ઉઠાવિયો; કિલ્લાના કોઠા ઉપર મેહેલ આવી રહ્યા. કોઠાઓની ઉપર પતંગની પેઠે નિશાન ફરકવા લાગ્યાં: સાંકડામાં સાંકડી શેરીમાં પણ ભિંતો કળીચૂનાથી ચકચકવા લાગી; શેરિયે શેરિયેથી પાણી ભરવા નીકળી પડેલી સ્ત્રિયો સિંહલદ્વીપના હાથિયોના ટોળા સરખી દેખાવા લાગિ. જૂદા જૂદા નકશા પ્રમાણે કારીગરોએ બહુ માળનાં ઘર બાંધ્યાં; બંને બાજુએ છજાં આવી રહ્યાં છે; જાળિયો અને બાકાંમાંથી ફુલઝાડ ડોકિયાં કરે છે; હાથિયો ચાલે તેમના ઘંટ કડિંગ કડિંગ થાય છે. તેમની પછવાડે પાયદલ ચાલે છે, અને ભાલાવાળા અશ્વારો તેમની પાછળ હારબંધ જાય છે. મ્હોટા પેટના વ્યાપારિયો લથર પથર થતે વેશે આમ તેમ ફરે છે; બને બાજુએ હજારો દુકાનો આવી રહી છે; દુકાને દુકાને અગણિત ખરીદનારા ઉભા રહ્યા છે; વ્યાપારિયો વેચાણ કરીને અને ખરીદ કરીને બીજા શેહેરનો વેપાર ભાગી પાડે છે; બીજે કોઇ ઠેકાણે એવા લખપતિઓ જોવામાં આવતા નથી. કરોડના વાવટા ઉરાડનારાઓનાં ઘર ઠેકાણે ઠેકાણે આવી રહ્યાં છે; રાવળના મેહેલની શોભા એવી છે કે તેની ગણના કોઇનાથી થઇ શકે નહિ. સોનેરી રંગનાં પુષ્પની વેલથી તે છવાઇ ગયેલો છે; મૂલ્યવાન માણકની જડેલી બારિયો આવી રહી છે; તે ઘણા પ્રકારના કોતરકામથી શોભી રહી છે; નાના પ્રકારનાં વાદિત્ર વાજી રહ્યાં છે; સર્વે કેહેવા લાગ્યા કે 'ધન્ય છે આ રાજ્યને!' દીવા શણગાર્યા; દરબારી લોકો એકઠા થયા; નોબતોના ગડગડાટ થવા લાગ્યા; નાચણોના નાચ થવા લાગ્યા; મલ્લ કુસ્તી કરવા લાગ્યા. દરેક તમાશગીરને આનંદ વ્યાપી ગયો, પરદેશનો પુષ્કળ મેવો મંગાવ્યો, અપ્સરાઓ નાચ કરી રહી, ગોહિલ વંશનું તિલક સૂર્યની પેઠે પ્રકાશ પામવા લાગ્યું, તેના મુખ આગળ કવિયો કવન કેહેવા લાગ્યા; એ પ્રમાણે આઠ પ્રહરનો દિવસ આનંદમાં ગયો. ઓ પીરમના પાદશાહ ! જાનવીના રેતીકણ ગણાય, અથવા વર્ષાદના ફોરાં ગણાય, પણ તારા ધણીપણાની મ્હોટાઇ કિયો પંડિતનો પુત્ર વર્ણવી શકે !"

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

125.

સ્વધર્મને અર્થે દેહત્યાગ કરનાર ખુંટીએ બંધાઇ જીવતા બળી મરે, પણ જે સત્યને માટે તે પ્રાણ તજે છે તે સત્ય એના દેહત્યાગથી નવો પ્રકાશ મેળવે. દેશભક્ત ફાંસીને લાકડે પોતાનું માથું ખુએ, પણ તેથી જે પક્ષને માટે પોતે ભોગ આપે છે તેનો વિજય વધારે જલદી થાય. મહાપુરૂષના જીવનની સ્મૃતિ જીવનની

સાથે નાશ પામતી નથી; પણ બીજા પુરૂષોના મનમાં રહે છે. ઉત્સુક અને આવેશી પુરૂષો પોતાની જીંદગી નકામી ગાળતા દેખાય, પણ ધૈર્યવાન પુરૂષો યુદ્ધ જારી રાખે છે, અને જે જગ્યાપર તેના પૂર્વજો નિદ્રા લેછે તે જગ્યામાં પ્રવેશ કરે છે અને તેનો કબજો લેછે. આ પ્રમાણે વાજબી પક્ષનો વિજય મોડો થાય, પણ જ્યારે થાય ત્યારે જે પુરૂષો આખરે વિજય પામ્યા છે તેને લીધે જેટલો થાય છે તેટલોજ જેઓ નિષ્ફળ થયા છે તેને લીધે પણ થાય છે.

(કર્ત્તવ્ય.)

126.

કેટલીકવારે ખવાસને અફીણને લીધે ઝોકાં તથા બગાસાં ખાતો જોઇને રાજાને પણ બગાસાં આવવા માંડ્યાં, અને એક પોહોર રાત રહી છે એમ સાંભળીને તેણે પાછા મેહેલ ઉપર જવાનો ઠરાવ કીધો. જતાં પેહેલાં મહાદેવના દર્શન કરવાને દેહરા તરફ ગયો, પણ બારણાં આગળ જાય છે એટલામાં ઝમઝમાટ કરતી આવતી સ્ત્રી જોઇને તેની મરજીથી ઉપરાંત તે ત્યાંજ ઉભો રહ્યો, અને તેની શુદ્ધબુદ્ધ ઊડી ગઇ. તે સ્ત્રી ખરેખરી પદ્મની હતી. તેનું મ્હોં પૂર્ણિમાના ચંદ્ર જેવું હતું, અને તેના ગાલના ગૌરવર્ણ ઉપર વખતે વખતે તેની ભરજુવાનીને લીધે જ્યારે ગુલાબી રંગ ચઢી આવતો ત્યારે તેની આગળ ગુલાબનાં ફુલનો રંગ પણ ઝાંખો જણાતો. તેનું મ્હોડું ઘણું નાનું હતું, તથા તે ઉપરના બે ઓઠ પાતળા પરવાળાના જેવા રંગના હતા. જ્યારે તે મંદમંદ હસતી ત્યારે તેના દાંત સમાકાર, ધોળા મોતીના દાણા જેવા દેખાતા. તેને નાકે જે ઊંચાં પાણીદાર મોતીની વીંટલી ઘાલેલી હતી તેનાં મોતી તેના પરવાળા જેવા ઓઠને અડકતાં ત્યારે તે કમળની લાલ પાંદડી ઉપર ઓસનાં ટીપાં જેવાં ચળકતાં હતાં. તેના ગાલ ઉપર એક છુંદણું હતું તેથી તેની ખુબસુરતી એટલી તો વધતી હતી કે જેમ ફારસી શાયર હાફીઝ શિરાજની એક બઇરીના ગાલ ઊપરના કાળા તલને વાસ્તે સમરકંદ તથા બોખારા શેહેર આપી દેવાને તૈયાર થયો હતો તેમ તે છુંદણાને માટે આખું ગૂજરાતનું રાજ્ય આપે તોપણ થોડું હતું. તેની આંખ જરા લાંબાઘાટી હતી, અને સ્વભાવિક રીતે કાળી હતી; તેની સાથે વળી તેમાં કાજળનું ઝીણું અંજન કીધેલું હતું તેથી તે વધારે મોહ પમાડતી હતી. તે ઘણી નરમાશવાળી તથા કામથી ભરપૂર દેખાતી હતી. તે એટલી ચપળતાથી ચોગરદમ ફરતી કે જે પુરૂષપર તે પડતી તેના હૃદયમાં કારી ઘા માર્યા વિના રેહેતી નહિ. તેની ભમર પાતળી ઇન્દ્રના ધનુષ્ય જેવી હતી, અને એ ધનુષ્યમાંથી મદનદેવ પોતાનાં શસ્ત્ર ઊડાવી હજારો લોકોની મનની શાંતિનો નાશ કરતો. તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંલ્લો હતો તે બરફના મેદાન ઊપર લોહીનાં ટપકાં જેવો દીસતો હતો. ચોટલો નાગની ફેણ જેવો ઘાટદાર અને તેવોજ કાળો હતો. તેના કેશ જો છુટા મુકે તો તે કંમર સુધી પોંહોંચતા, પણ હમણાં તો તેનો અંબોડો વાળેલો હતો. એ સિવાય તેનાં બીજાં અવયવો પણ ઇશ્વરની બેહદ

કારીગરી તથા ચાતુર્યના નમુના હતા. એવી ખુબસુરતીનો મોહ કોણ અટકાવી સકે? માણસ તો માણસજ અને તેની બુદ્ધિ નબળી અને ઘણી જોરાવર લાલચને વશ ઘણું કરીને થાયજ એવી, તેથી રાજા કરણ બેશુદ્ધ થઇ થાંભલાના જેવો ત્યાંજ ઉભો રહ્યો તેમાં કાંઇ ઘણું આશ્ચર્ય ન હતું.

(કરણ ઘેલો.)

127.

એવો આપણો વિશ્વમોહન દેશ, કાલચક્રઉપરની ઘટમાલમાં આવી ઉદય અને અસ્ત પામ્યો હતો. આપણા આદિ પૂર્વજોએ સુખ ભોગવ્યાં, મધ્ય પૂર્વજો દુઃખમાં રગદોલાઇ ગયા, અને આપણે તથા આપણા ઉત્તરજ વા અદરજ અવે પાછા ઉદયના ક્ષિતિજમાં છિયે.

આપણા મધ્ય પૂર્વજોને જેવી ભારે પ્રતિકૂલતા હતી તેવીજ આપણને અનુકૂલતા છે, એટલુંજ નહિ કિન્તુ આપણા મૂલ પૂર્વજો કરતાં આપણને વધારે સારી અનુકૂલતા છે. તેઓને અમૂલ્ય જે અનુભવ તે ન્યૂન હતો. આપણે તો એવી સારી સ્થિતિમાં છિયે કે જો સંભાળી ચાલિયે તો લાભજ લાભ છે.

આપણા પ્રિય દેશના ઉદયની આશાઓના કિરણોએ એકાગ્ર થઇ ફલ દેવાનું સ્થાન અમે, તમે, અને આપણા ઉત્તરજોજ છે. કાદવ કે કચરાઉપર સૂર્યના કિરણો પડે છે તે નિરુપયોગી દેખાય છે; અને કાચ, મણિ કે કોઇ નિર્મલ સારા પરાવર્ત્તક પદાર્થઉપર પડે છે, તહિં તે પદાર્થ પ્રકાશ પામી ઉપયોગી થાય છે. આપણાઉપર દેશોદયના કિરણ પડવા માંડ્યા છે, તે ગ્રહવાસારૂં આપણે કાદવ કચરા તુલ્ય ધિક્કારવા યોગ્ય તુચ્છ નીચ થવું, કે હીરા મણિ તુલ્ય મૂલ્યવાન્ ઉચ્ચ તથા ઉપયોગી થવું, એનો આધાર આપણા પોતાના ઉપર છે.

આપણા દેશની યશઃકીર્તિના જીર્ણોદ્ધારનો, આપણા દેશના ઉદયનો, અને તેથી સ્વદેશને થતી અનંતસુખસંપત્તિનો, આધાર જેનાઉપર છે એવી ભારવતી, અલભ્યા, મહામાનદા અને સંતોપદાયિકા, પણ સૂક્ષ્મા સ્થિતિમાં આપણે છિયે, એવું આ કોમલ અવસ્થામાંથીજ મનઉપર ઊંડું કોતરી રાખવું; જેથી વય વધે તેમ તે મુદ્રણ સર્વ પ્રકારે વધતું જાય અને સુફલ આપે. જગત્માં સાધારણ રીતિએ પોતાનાં ઉદરપોષણ કરવા જેવા સહજ સામાન્ય ફલસારૂં સર્વને નિત્ય શ્રમ કરતા આપણે જોઇયે છિયે, તો જે ફલસારૂં આપણે નિર્માણ થયા છિયે એવું પૂર્વોક્ત, આપણા દેશના ઉદયરૂપ બહુગુણિ ફલ, જે—કવિઓની કલ્પના જેને કલ્પવૃક્ષ અને સ્પર્શમણિ કહેછે, તેનાં ફલથી પણ,—અધિક સુખદ તથા મહિમવત્ છે: એવા ફલસારૂં કેવો અશ્રાન્ત પરિશ્રમ કરવાનો આપણો ધર્મ છે એ તમને ત્રિરાશિક જેવા ગણિતથી પણ સમજાણ પડે એમ છે.

(અસ્તોદય)

128.

માણસનું મન કેવું ચંચળ તથા અનિશ્ચત છે! જ્યાંસુધી તેને કાંઇ વસ્તુ મળી નથી ત્યાંસુધી તેના ઉપર તેનો અતિ ઘણો મોહ રહે છે, અને તે તેને મેળવવાને તન, મન અને ધન સઘળું અર્પણ કરવાને તૈયાર થાય છે; અને મળ્યા પછી કેવું જતન કરી તેનો કેવો ઉપભોગ કરીશ, તે વિના મારાથી એક ઘડી પણ જીવાશે નહિ, અને આટલા દહાડા તે વગર ચાલ્યું એ કેવું આશ્ચર્ય એવા અનેક વિચાર કરેછે. પણ તે એકવાર મળી એટલે તે તુચ્છ જેવી તેને દેખાય છે, તેની કિમ્મત પાણીના રેલાની પેઠે ઉતરી જાય છે, અને જે આઘેથી હીરો દેખાતો હતો તે પાસે આવવાથી એક કાચનો કડકો ઠર્યો તેથી તે બીજી નકામી વસ્તુઓમાં ભળી જાય છે, અને જેમ એક નાનું છોકરૂં રડીને એક રમકડું લે છે, અને તે મુકી બીજાને લેવાનું કરે છે, તેમ તેનું મન તે વાત ઉપરથી બીજી નવી વાત ઉપર દોડે છે. એ પ્રમાણે ફોકટ શ્રમ કરવામાં તેનું આખું આયુષ્ય વહી જાય છે, અને જે સુખ મેળવવાને તે તેનો અમુલ્ય અવતાર અર્પણ કરે છે તે સુખ એક ભૂતના તાપણાની પેઠે આઘુંને આઘુંજ જતું જાય છે.

કરણ રાજાને એ પ્રમાણેજ થયું. તેની જીંદગીના રસ્તા ઊપર તોફાન તથા અંધકાર આગળ આવવાનાં છે એમ તે જાણતો ન હતો, તોપણ જેટલું દરદ તેને હમણાં લાગતું હતું તે એટલું તો તીવ્ર હતું કે તે પોતાની જીંદગીથી છેક કંટાળી ગયો, અને દુઃખની સામા થવાને તથા તેને પાછું હડસેલવાને જુવાનીમાં જે ગુણ હોય છે તે તેનામાં દબાઇ ગયલો, તેથી પૂર્વે કેટલાએક રાજાઓએ કીધું હતું તે પ્રમાણે દુનિયાનો ત્યાગ કરી કોઇ પવિત્ર સ્થળે જઇ એકાંતવાસ કરી જગતની ચિંતાથી વિરક્ત થઇને પરમેશ્વરની ભક્તિમાં બાકી રહેલું આવર્દા કાઢવું એવો તેણે નિશ્ચય કર્યો પણ હજુ તેનું મન સંસારની માયાની જાળમાંથી છુટું થયું ન હતું; હજી તે સંસારના મોહથી છેક કાયર થયો ન હતો; હજુ તેના મનમાં રાજ્યપાટ ચલાવવાની, વિષયાદિ સુખ ભોગવવાની ઇચ્છા પ્રબળ હતી, તેથી દુનિયાનો ત્યાગ તેનાથી થયો નહિ. હમણાનું દુઃખ જલદીથી જતું રહેશે, આગળ ઘણું સુખ થશે, મનને વિષે જે અંધકાર હમણા આવીને ઠસેલો છે તે વેરાઇ જઇને ત્યાં ભરપૂર અજવાળું પ્રકાશશે એવી તેને આશા હતી, અને એ આશાને જોશી લોક ઉત્તેજન આપતા હતા. તેના મેહેલમાં રોજરોજ જોશીઓનાં ટોળેટોળાં આવતાં હતાં, અને તે લોકોની કમાઇ તે વખતમાં એટલી તો વધી ગઇ હતી કે સઘળા બ્રાહ્મણો તથા જતીઓનું મન બીજી વિદ્યાઓ પડતી મુકી જ્યોતિશ શાસ્ત્રનો થોડો ઘણો અભ્યાસ કરવા ઉપર દોડ્યું. તેની જન્મોત્રી જોવાતાં જોવાતાં તથા ઘણાએકના હાથમાં જવાથી ફાટીને ચીથરા જેવી થઇ ગઇ, અને અગરજો કોઇ વૈદ્ય અથવા સુરઇયો તે ફાટેલા કાગળને વાસ્તે એક પૈસો આપતાં આચકો ખાય, તોપણ જોશીઓએ સ્વાર્થરૂપી ચશ્મા તેઓની આંખે

પેહેરેલાં તેથી તેઓને તો તે ચિથરિયા કાગળના કટકામાં કુબેરના ભંડાર જેટલી સમૃદ્ધિ, રાજા કરણ જેટલી ઉદારતા, રાજા વિક્રમ જેટલો પરોપકાર, યુધિષ્ટિર જેટલી સત્યતા, ભીમ જેટલું અંગબળ, અને અર્જુન જેટલું પરાક્રમ દેખાતું હતું. જ્યારે ઘણા માણસો એકની એકજ વાત એક માણસને કહ્યાં કરે ત્યારે તે છેતરાઇને સાચું માને એમાં કાંઇ ઘણું આશ્ચર્ય નથી. દુનિયામાં ઘણીએક વાતો ઘણાના કહેવા ઉપરથીજ સાચી મનાય છે, ત્યારે જેઓ જ્યોતિશશાસ્ત્ર સાચું માને તેઓ આવા આધાર ઉપરથી કહેલી વાત સેહેલથી માન્ય કરે એમાં શી નવાઇ? વળી જે વાત આપણને અનુકૂળ હોય તથા માનવી ગમે તે ઉપર, પ્રતિકૂળ તથા માનવાને અણગમો થાય એવી વાત કરતાં આપણો વધારે જલદીથી વિશ્વાસ બેસે છે, તેથી કરણ રાજાએ જોશીઓના કહેવા ઉપર ભરોસો રાખ્યો, તથા તેઓનાં વચન સાચાં માનીને ખોટી આશાથી તેણે પોતાના મનને દિલાસો આપ્યા કીધા, અને મહા રણમાં થાક તથા તરસથી કષ્ટાતો મુસાફર મૃગજળ જોઇને પાણીની આશા રાખી ચાલ્યોજ જાય છે, તેમ કરણ રાજાએ આગળ ઉપર સારાંની ઉમેદ રાખી સંસારરૂપી પ્રવાસમાં શાંત મનથી ચાલવાનો નિશ્ચય કીધો.

(કરણ ઘેલો.)

129.

હું પરમેશ્વરની વિચિત્ર રચના જોવાને માટે કેટલાંક વર્ષોથી દેશ વિદેશમાં ફરતો ફરૂંછું, ઘણાક સ્થાનપર ફરતો ફરતો મથુરામાં એક દિવસે હું આવ્યો. ત્યાં તે વેળાએ સખ્ત ઉનાળો હતો તેથી થાકીને સાંઝની વેળાએ જમના નદીના કિનારા ઉપર બેશીને પાણીની લહેર અને તરંગોની મઝા જોતો બેઠો હતો, ચારે બાજુ ઉપરની મંદ મંદ સુગંધવાળી શીતળ હવા શરીર ઉપર આવ્યાથી શરીર થંડું થઇ ગયું હતું, આકાશની તરફ નજર કરી જોઊંછું તો હીરાના કટકાની પેઠે એકના પછી એક તારા નિકળતા હતા, એમાં ઘણો શોભાયમાન પૂર્ણ ચંદ્રમા પણ પ્રકાશતો હતો તે કોઇ વખત મેઘની અંદર આવીને પોતાની પ્રિયા પૌર્ણમાસીની રાતના મુખને મલીન કરતો અને કોઇ કોઇ વખતે પોતાનાં કિરણો પ્રકાશિત કરીને તેને આલ્હાદિત કરતો હતો. ઝાડો ઉપર પક્ષિયો જાત જાતના શબ્દ કરતાં હતાં તે પણ ધીરે ધીરે ચુપ થયાં, અને મનુષ્યોના ઘરમાંના ચિત્રવિચિત્ર જે શબ્દો સંભળાતા હતા તે પણ બંધ થઇ ગયા. એટલામાં સર્વ કષ્ટોને દૂર કરનારી અને સંતાપને મટાડવાળી નિદ્રાદેવી સઘળાં પ્રાણીઓની આંખ્યમાં આવીને ઘણા કલેશોને શાંતિ આપવા લાગી. એવા અપૂર્વ સમયમાં હું એક પથરની લાદી ઉપર બેશીને આકાશની તરફ નજર કરીને જગતનું કાર્ય, કારણ, સુખ, દુ:ખ, ધર્મ, અધર્મ એવા બીજા કેટલીક જાતના વિચારો કરતો હતો. પાણીનો કળકળ અવાજ, ઝાડના પાંદડાનો શર શર શબ્દ અને થંડા પવનની મંદ મંદ સુગંધ આવવાથી મારી મનની સઘળી વૃતિયો ધીરે ધીરે અવસન્ન થઇ ગઇ, અને મારા

ઉપર આવો લાગ જોઇને નિદ્રાદેવી છુપી રીતે મારી આંખ્યમાં પ્રવેશ થઇ અને આંખ્યના દરવાજા બંધ કરી લીધા. એ વખતે મને માલમ પડયું કે હું કોઇ મોટા જંગલમાં ફરૂંછું. કોઇ કોઇ જગાપર નવું ઘાસ લીલુંછમ જેવું મખમલના જેવું શોભા આપે છે, કોઇ કોઇ જગાપર મોટાં મોટાં જુનાં ઝાડો જોઉંછું, કોઇ કોઇ જગાપર મોટી મોટી નદીયો અને ઝરાના કિનારા ઉપર ફુલના બગીચા ખીલી રહેલા છે. આવી અપૂર્વ શોભા જોયાથી મારા હૃદયમાં અજાયબની આગ સળગ્યાથી હું ચારે બાજુએ જેટલો જેટલો વધારે ફરવા લાગ્યો તેટલો તેટલો સુખ અને ઉત્સાહ વધવા લાગ્યો.

(નવલગ્રંથાવલિ.)

130.

જગતનું બંધારણ એવું કીધેલું છે કે જો સઘળા માણસો ઇશ્વરી નિયમ પ્રમાણેજ વર્તે તોજ સંસાર સારી રીતે ચાલે. હવે ઇશ્વરી નિયમ પ્રમાણે ચાલવું એ ઘણું કઠણ છે, તથા તેથી ઉલટું ચાલવામાં ઘણી વખતે તુરત લાભ થાયછે ખરો, તથા તે નિયમો તોડવામાં ઘણીક લાલચ છે, તોપણ તે પ્રમાણે તેઓ ન કરે તથા તુરતનું નુકસાન ભોગવીને પણ સઘળા સારે રસ્તે ચાલે, તેને માટે ભય કોનો? તથા ઉલટ શાથી થાય? સારાં કામ કીધાથી હમેશાં દુનિયાનું સુખ મળતું નથી, તથા દુષ્ટ કર્મો કરનારને હમેશાં દુનિયામાં શિક્ષા થતી નથી, ત્યારે જો પરમેશ્વર તરફથી સારાં કામનાં સારાં ફળ ભોગવવાની આશા, તથા માઠાં કામનાં માઠાં ફળ ભોગવવાનો ભય લોકોમાં ન હોય તો આ દુનિયામાં સારા ગુણો તો કવચિતજ જોવામાં આવે, અને દુષ્ટ વિકારનું પ્રબળ વધી જઇને જગતનો જલદીથી ક્ષય થાય. માટે પરમેશ્વરના ભયની જગતમાં જરૂર છે. વળી જ્યારે માણસ ઉપર કોઇ મોટી આફત આવી પડે; જ્યારે દુષ્ટ રોગોથી તેનું શરીર પીડાતું હોય; જ્યારે તેની વહાલી આશાનો ભંગ થાય; જ્યારે તેના કુટુંબનું કોઇ માણસ આ દુનિયાનો કોઇ વખતે ત્યાગ કરે; ત્યારે તેને શાંતી ક્યાંથી આવે છે? તથા એવી વખતે દિલાસો શાથી મળે છે? પરમેશ્વર ઉપરના ભરોસાથીજ. ઇશ્વરેચ્છા એ એક માણસની મોટી ઢાલ થઇ પડે છે તે ઉપર વિપત્તિનાં કારી ઘા પડે છે તોપણ તેની અસર કાંઇ જણાતી નથી. તે એક ભર દરિયા વચ્ચે ખડક છે તે ઉપર ઉછળતાં તથા તોફાની મોજાં અથડાય છે તોપણ તે જરા ડગતો નથી. જો માણસ સંસારનાં કામ ચલાવવામાં પોતાના કરતાં કોઇપણ શ્રેષ્ઠ શક્તિને માને નહિ તો તેના દુઃખનો કાંઇ કાંઠો રેહે નહિ. પરમેશ્વરને તમે કહોછો તે પ્રમાણે જંજાળી, ખટપટી તથા સઘળાં કામમાં માથું ઘાલે એવો માનવાથી જગતને ઘણા ફાયદા છે; તે સઘળા વિસ્તારે કહેવા માડું તો આખો દહાડો વહી જાય માટે એટલેથીજ પૂરૂં કરૂં છું.

(કરશુ ઘેલો.)

131.

પૃથુરાજ નિરાશ થયો. તેણે પડતીનો ક્રૂર દૈવ પોતાની સન્મુખ ઉભેલો જોયો અને મનમાં અફસોસ કરતાં તેનાથી બોલાઇ જવાયું કે—' માણસ માત્રના મદની અવધી છે, અર્જુન સર્વત્ર જય કરી આવતો, ગાંડિવ ધનુષ્ કદી પણ તેને નિરાશ કરતું નહિ, છતાં કાબાઓ જેવા લુંટારા આગળ ગાંડિવનું કંઇ ચાલ્યું નહિ અને મહાભારતના યુદ્ધમાં વીરહાક વગાડનાર પાર્થ ગુજરાતના કાબાઓથી લૂંટાયો, ત્યારે મારા જેવાને આમ થાય તેમાં શું આશ્ચર્ય ? મારો દહાડો ઉતરતો છે, મારો પ્રતાપ સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં ક્ષિતિજ ઉપર નિસ્તેજ થઇ અસ્ત પામતો હું જાતે જોઉ છું, તો હવે શોક કરવાનું પ્રયોજન નથી ! ! આ ધરતી કોઇની થઇ નથી તે વળી મારી કયાં સૂધી રહેવાની હતી. રામ, રાવણ અને પાંડવો જેવા એની પ્રાપ્તીમાં તથા સ્થૈર્યમાં નિરાશ થયા છે તો પૃથુરાજ ! તું શું કરવાને શોક કરે છે ? ક્ષત્રિયોને દુર્લભ એવો આ પ્રસંગ તારે માટે ઉત્તમ છે. તારા વીર મિત્રો તારા મુખ આગળ યશઃશરીર મુકી સ્વર્ગનાં પગથીઆં ઉપર ચઢી ગયા છે અને તારે હવે પાછળ પડવાનું નથી ? તેં તારૂં કર્ત્તવ્ય કર્યું છે અને જીવનના સાર્થક રૂપ ભોગ ભોગવવામાં કમિના રાખી નથી. ધર્મ આચરવામાં તું નિષ્ફળ ઉતર્યો છું, માટે તારે માટે આ રણયજ્ઞમાં આહૂતિ આપવી એજ ઉત્તમ ધર્મ છે. વીરશય્યામાં સુતા જેવું ક્ષત્રિયને માટે બીજું સુખ નથી. શત્રુઓને હસાવવા એના જેવી ક્ષત્રિયની અધમાવસ્થા બીજી કોઇ નથી, માટે ભાગેલી કબાનનો શોક ન કરતાં રાજ્યાસન ઉપર બેસતાં જે તારી કેડે બંધાઇ છે તેનો આશ્રય લે અને ઉછળતા લોહીના પુરમાં પડી વૈતરણીમાં પડવાનું ભાવિ ટાળી સૂર્યલોકને ભેદી પેલી પાર જવાનો માર્ગ ગ્રહણ કર. ધમધમી જતા મને અને પ્રસ્વેદથી નવાઇ જતા અંગે આ પ્રમાણે પોતેજ પોતાને બળ આપી કમ્મર ઉપર હાથ નાંખ્યો અને કાળની જીભ જેવી નાજુક, પણ શત્રુનાં હાડકાંમાં ખળે નહિ તેવી તલવાર તાણી તેણે ખીજવાયલા અને મરણ ઉપર આવેલા સિંહની માફક શત્રુઓનાં કાળજાંમાં ભય પેદા કરે તેવી રાડ પાડી સમશેરનો ઉપયોગ કરવા માંડયો.

(પૃથુરાજ ચૌહાણ અને ચંદ બારદાયી.)

132.

સદાચરણ વિપત્તીનાં ગમે તેવાં બળને સહન કરવા માટે આપણને તૈયાર રાખે છે. દુરાચરણ પોતાનાં અતી બળથી થોડાંજ દુઃખમાં આપણને કેવળ વગર હિમ્મતના કરી નાખે છે. સંસારી પુરૂષો દોલત અને મિત્રાચારી વધારવામાં મંડ્યા રેહે છે; તેથી તેઓ એમ સમજે છે કે આ હયાતીમાં જે દુઃખ અને સંકટ તેઓ ઉપર પડવાનાં છે તેને માટે તેઓ તૈયારી કરી રાખે છે. તેઓ વિચારે છે કે, દોલત અને મિત્રાચારી સંકટની વેળાએ તેઓને ઘણીજ કામની છે.

તેઓ પોતાનાં મનમાં બોલે છે કે, "અમારો પાયો મજબૂત છે અને તે કદી ખસનાર નથી." પણ આ વિચાર ખોટો છે. વિપત્તીની વેળાએ જે વસ્તુ તેઓનું રક્ષણ કરી શકે તે વસ્તુ માત્ર તેઓનું મન છે; અને મન દુરાચરણમાં પડવાથી અપવિત્ર અને અશક્ત થઇ ગયું છે. દુનિયામાં અમન ચમન અને મોજમઝા ઉપર તેઓની પ્રીતિ બેહદ બંધાયલી છે. તેથી તેઓને બે મોટા ગેરફાયદા થાય છે. તેઓ પૃથ્વીનાં ખરાં સુખથી વેગળા રેહે છે અને કમનસીબના વખતમા જે તેઓને ઘા વાગે છે તે સહન કરવાને તેઓમાં મુદલ શક્તિ રેહેતી નથી.

વિપત્તી અને સંકટની સામે ટક્કર ઝીલી શકાય એવાં તત્વ અને એવી પ્રકૃતી તેઓ પાસે નથી. જ્યારે તેઓ ઉપર વિપત્તી આવી પડે છે ત્યારે દરએક બાજુથી તેઓની ઉમેદ સંતોષ વિનાની થઇ પડે છે. તેઓ પોતાના અપરાધથી સર્વશક્તિમાન ઇશ્વરની સાહ્યતા માગવાને તથા તેની ઉપર ભરોસો રાખવાને તદન નાલાએક થયા છે.

જે પરહેજગારી ડાહ્યા માણસને પોતાની સ્થિતિ પ્રમાણે દુઃખ ભોગવવાને શક્તિવાન કરે છે, તે પરહેજગારી તેઓએ ખોઇ નાખી છે. ખોટી ઉમેદ ઘણી વાર લગી રાખ્યાથી તેમની સઘળી આશા ભંગ થઇ ગઇ છે; માટે તેઓ ચીરડાઇને બળી ઝળી ગયા છે. મોજમઝામાં લંપટ હોવાથી તેઓ કંઇ પણ દુઃખ સેહેવાને તદન અશક્ત થયા છે. ગરૂરીમાં ગરક થઇ ગયાથી કંઇ પણ તરેહનો અટકાવ કરવાને તેઓ તદન અયોગ્ય છે.

આ વગર નિશ્ચયની સ્થિતિમાં, અઘટીત સ્વભાવ અને પ્રકૃતી રાખ્યાથી તેઓએ દુઃખના પ્યાલામાં બેવડી કડવાસ નાખી છે; તથા જે તરવાર તેઓની ઉપર ઉચકવામાં આવી છે તે તરવારની ધાર તેઓએ બારીક કીધી છે. તેઓ સ્વચ્છ અને મનના ખરા સંતોષથી કેવળ અજાણ્યા છે. દુર્ગુણ અને કુસંગથી જે હલકી મોજ પ્રાપ્ત થાય છે તે વગર દરએક ખરી મોજથી તેઓ કેવળ અજ્ઞાન છે.

તેઓએ પોતાનો સઘળો આધાર આરોગ્યતા અને પૈશા ઉપર રાખ્યો છે. તે બેમાંથી ગમે તે એકને ખસેડો એટલે સુખ અને આશાની આખી હવેલી તૂટી પડશે. દુરાચરણી પુરૂષોને દરીદ્ર અવસ્થામાં અથવા ઘડપણમાં જે તૂટેલું દિલ અને જે ક્રોધી સ્વભાવ ઉત્પન્ન થાય છે તે, ઉપર જણાવેલાં કારણોથી.

પણ જીંદગીની દુઃખદાયક હાલતમાં એક સદાચારી પુરૂષની સ્થિતિ કેટલી જુદી છે? સદાચરણે વગર કાયમની સ્થિતિનાં સર્વ બનાવ તથા સર્વ દુઃખને માટે તેમનાં મનને તૈયાર કીધું છે. સદાચરણે ખરાં સુખનો રસ્તો તેઓને દેખાડ્યો છે. સદાચરણે દુનિયાનું પોકળપણું પ્રગટ કરીને અને વધારે ઉંચી ઉમેદ

દેખાડીને આ પૃથ્વીની ખોટી માયાથી તેને દુર રાખ્યો છે. દુઃખ તેના ઉપર અચીતું પડતું નથી અને તેટલા માટે તે ધભરાતો નથી.

હયાતીના શકભરેલા નાવમાં તોફાનને માટે તે તૈયાર થયો છે. તે સારી પેઠે જાણે છે કે, જે ઉપર મારી ઘણી મમતા અને પ્રિતિ છે તે સદા કાળ મારી સાથે રેહેશે નહીં. તેટલા માટે જે મરવાનું છે તે મરી જાય છે, અથવા જે બદલાઇ જવાનું છે તે બદલાઇ જાય છે, અથવા જે થોડી મુંદતનું છે તે જતું રેહે છે, ત્યારે નાઉમેદીથી તે એકદમ દબાઇ જતો નથી.

સદાચરણનાં જે જે તત્વ તથા વર્ણ્ણક છે તે મનને બળવાન કરવાને લાયક છે. જે વસ્તુ આપણાં અંતકરણને સ્વચ્છ કરે છે તે તેને હિમતવાન પણ કરે છે. સદાચરણ અને શાંતપણે રેહેવાથી સદ્ગુણી પુરૂષોનો આત્મા સાવધ અને નીતિમાન થાય છે. ઇશ્વર કૃપાથી પૃથ્વી ઉપરનું સુખ તે મધ્યમ રીતે ભોગવી જાણે છે, તે લાભથી હરખાતો નથી અને અમન-ચમનમાં લંપટ થતો નથી. જે વિપત્તિ તેના ઉપર પડે છે તેની ભેટ તે હિમતથી લે છે. તે હરેક વાતમાં પોતાનું મન મારી શકે છે, અને પરહેજગારી રાખે છે.

તેણે સુખ અને વૈભવના વખતને ઉજડ ઋત ગણી નહીં. તેણે પોતાનાં મનને કેળવણી આપી. તેણે પોતાનાં મનને ઉપયોગી જ્ઞાનથી, સારાં તત્વથી, અને સદ્ગુણના સ્વભાવથી ભર્યું. જ્યારે વિપત્તીના અને દુઃખના દિવસ આવે છે ત્યારે તેનાં મનનો આ સઘળો ભંડોળ એમનો એમ કાયમ રેહે છે.

(**નીતિવચન.**)

133.

માધવે આ સઘળી વાત ઘણું મન દઇને સાંભળી. જો બને તો તે પ્રમાણે કરી લોકોની પ્રીતિ સંપાદન કરવી એ તેની મુખ્ય મતલબ હતી. માધવનું પ્રધાનપણું કાંઇ તેના બાપદાદાથી ઉતરેલું ન હતું. તે કોઇ ગરીબ માણસનો છોકરો વડનગર શેહેરમાં જનમ્યો હતો, અને તેની ઉમર સોળ વરસની થઇ ત્યારે તે ધંધો શોધવાને પાટણમાં આવ્યો હતો. પેહેલાં તો લશ્કરના સિપાઇઓના પગાર વેહેંચવા ઉપર કારકુન રહ્યો. ત્યાં ચાલાકી, હોશિયારી તથા ઇમાનદારી બતાવી તે ઉપરથી તેને કોઠારીની જગા મળી. ધીમે ધીમે તે સારંગદેવ રાજાનો માનીતો થઇ પડયો. સારંગદેવ મરી ગયો ત્યારે તેના છોકરાઓ વચ્ચે ગાદીને માટે તકરાર પડી તેમાં માધવની હોંશિયારી તથા કાવત્રાંથી કરણનો રાજ્યાભિષેક થયો. તે દિવસથી માધવના ભાગ્યનો ઉદય થયો, અને કરણ રાજાએ ગાદી ઉપર નિર્ભય થતાંજ માધવને મુખ્ય પ્રધાન પદ આપ્યું. દરેક રાજ્યમાં મુખ્ય પ્રધાનની પદવી, ઘણી ભારે તથા જોખમ ભરેલી હોય છે. રાજા તથા રૈયત બંનેને એકી વખતે

ખુશ કરવાનું કામ હંમેશાં મુશ્કેલ થઇ પડે છે; માધવ તે સઘળું સમજતો હતો. તેને લોકોમાં વહાલા થવાની તથા પોતાનું નામ, લોકોને વાસ્તે સારાં તથા ઉપયોગી કામો કરી, અમર કરી લેવાની ઘણી હોંસ હતી, તોપણ રાજાની મેહેરબાની તેજ તેના અધિકારનો પાયો છે એમ તે સારી પેઠે જાણતો હતો તેથી ગમે તે પ્રકારે રાજાને રાજી રાખવાનો તેણે દૃઢ નિશ્ચય કીધો હતો. આગલા રાજાઓમાંના કેટલાએકના પ્રધાન વાણિયા હતા તેથી તે લોકો માનતા હતા કે માધવને પ્રધાનપદ મળ્યાથી તેમનો હક ખોટો થયો, માટે હરેક પ્રસંગે રાજાની આગળ માધવની તેઓ ચાડી કરતા હતા. તેની સામે માધવને ઘણી યુક્તિઓ કરવી પડતી હતી. એ બધું કરવાની સાથે પોતાને વાસ્તે દ્રવ્ય એકઠું કરવા તરફ પણ તેની ઘણી નજર હતી; કેમકે તેનું પ્રધાનપણું કાયમ રેહેશે એવો એક ક્ષણવાર પણ તેને પક્કો ભરોસો ન હતો. હવે પૈસા તો મેળવવા અને સાધન તો થોડાં તેથી તે ઘણીવાર મોટા વિચારમાં પડતો હતો. રાજ્યની મર્યાદા ઉત્તર તરફ અચળગઢ તથા ચંદ્રાવતી, પશ્ચિમ તરફ મોઢેરા તથા ઝીંજુવાડા, પૂર્વ તરફ ચાંપાનેર તથા ડભોઇ, અને દક્ષિણ તરફ છેક કોંકણ સુધી હતી. પણ ભોળા ભીમદેવના મરણ પછી રાજ્યમાં અવ્યવસ્થા થઇ ગઇ હતી. અચળગઢના પરમાર રાજાઓ ખંડણી બરાબર આપતા ન હતા. બીજા ખંડિયા રાજાઓ પણ નામની તાબેદારીમાં હતા. તેથી જો કરણ રાજા શૂરો નિકળે, અને રાજધાનીનું સુખ મુકી તલવાર બાંધી આગળ પડે, તોજ રાજ્યની આગલી કીર્તિ પાછી આવે. પણ તેમ થવાને ઘણો સંભવ ન હતો. જો કરણ રાજા જય કરી આવે, જો કેટલાએક નાના રાજાઓ ખંડણી આપવી જારી કરે, અને તેથી રાજ્યની આમદનીમાં વધારો થાય, તોજ બ્રાહ્મણોને રાજી કરાય, તોજ ભાણા પટેલના કેહેવા પ્રમાણે ખેડુતોને છુટ આપવામાં આવે, તથા જેહાશાનો માગેલો દાણનો ઘટારો થઇ શકે. જો એ પ્રમાણે ન થાય, અને નહિ થશે એવી તેની ખાતરી હતી, તે રૈયતને ખુશ કરવી એ અશક્ય; માટે રાજાને રીઝવી જેમ બને તેમ પૈસા પોતાના ખજાનામાં ભરવા એજ રસ્તો ખુલો રહ્યો, પણ તેમ કરવામાં જોખમ ઘણું હતું. પ્રધાનપણું કરવું અને ગોખરૂની શય્યા ઉપર સુવું એ બે બરોબર હતું. જ્યારે સઘળા નાખુશ રહે, અને રાજા કાનનો કાચો, ત્યારે ગમે તેટલી ઉંચી પદવીનો શો ભરોસો? વળી એવી રીતે વર્તી પોતે એકલાનું પેટ ભરી મોતે કે કમોતે મરવું એ વાત તેને જરા પણ ગમતી ન હતી. તેને કાંઇ છોકરાં ન હતાં, અને હવે પછી કદાપિ થાય પણ નહિ એવી બીક હતી. એ વાતથી તેના મનમાં નિરંતર શોક ઉત્પન્ન થતો હતો. કાળું ધોળું કરી પૈસા મેળવવા તે કોને વાસ્તે? પાછળ કોઇ ભોગવનાર ન મળે. પિત્રાઇઓ તેની દોલતને માટે લડી મરે, અને તેનો જરા પણ ઉપકાર માને નહી, એટલુંજ નહિ પણ ઉલટા તેની નિંદા કરવામાં સામેલ થાય. એવા વિચારથી તેના હઇયામાં જાણે જખ્મ વાગતા હોય તેવું દુઃખ થતું. વળી હિંદુશાસ્ત્ર પ્રમાણે જેને પુત્ર પરિવાર નહિ તેના જીવતરને

ધિક્કાર. તેની પાછળ પોક મુકનાર, આગ મુકનાર તથા મૃત્યુસંસ્કાર કરનાર કોઇ નહિ તેથી મુઆપછી શી ગતિ થશે એ વિશે પણ તેને ઘણો ભય રેહેતો હતો. પોતાનું નામ અમર રાખવાને માણસોને સ્વભાવિક વૃત્તિ હોય છે, અને એ નામ પોતાના વંશથી અથવા લોકોપયોગી કામથી કાયમ રેહે છે. માધવને પોતાના વંશ તરફથી કાંઇ આશા ન હતી, તેમ લોકોપયોગી કામો કરવાનો હજુ સુધી પ્રસંગ પણ મળ્યો ન હતો, તેથી અગર જો તે રાજ્યમાં સૌથી શ્રેષ્ટ હતો, અગર જો રાજા તેને પુછ્યા સિવાય પાણી પણ પીતો ન હતો, અગર જો તેની ડોકી ધુણવાથી હજારોનાં નસીબ ખુલતાં, અને હજારો પાયમાલ થઇ જતા, અને અગર જો તેના ઉપર લક્ષ્મીની પણ કૃપા હતી તોપણ તે જયારે ભવિષ્ય ઉપર વિચાર કરતો ત્યારે તેની અવસ્થા એવી થતી કે કોઇ ગામડિયો પણ તેની અદેખાઇ ન કરે.

(કરણ ઘેલો.)

134.

સર્વ કૃત્રિમ વૈભવ નષ્ટ થવા છતાં ઇશ્વરે આપેલી સુંદરતા આ ગામને છોડી ગઇ ન હતી અને તેને લીધે તેમજ બીજાં કેટલાંક કારણોથી ઘણાક લોકને એ સ્થળ પરિચિત અને પ્રિય હતું. સુવર્ણપુર, રત્નનગરી, અને ઇંગ્રેજી રાજ્ય, એ ત્રણેના અધિકાર નીચેના પ્રદેશનું તે મધ્યસ્થાન હતું અને ત્રણે રાજ્યોની સીમ મનોહરપુરીની સીમ સાથે ભેટતી હતી. આ રાજ્યોની તેમજ ઇશ્વરરચનાની સીમનું પણ તે મધ્યસ્થાન હતું. પશ્ચિમમાં અર્ધ ગાઉને છેટે સમુદ્ર હતો તેથી પશ્ચિમ પવનની લ્હેરો શીતળ તથા રમણીય થઇ ઉન્હાળાની દુઃસહતાને મનોહરપુરીમાંથી દૂર કરતી. ઉત્તરમાં સુંદરગિરિ નામના ન્હાના પણ સુંદર પર્વતનો આરંભ થતો. બીજી બે પાસ મ્હોટાં વન હતાં. પૂર્વમાં આંબાનાં વન, અતિવિસ્તારી અસંખ્ય વડની ઘટાઓ, શેરડીનાં ખેતર ઇત્યાદિથી આ ન્હાના ગામડાની દૃષ્ટિસીમા રોકાઇ ગઇ હતી. ઉંચાં અને લીલાંસુકાં તાડનાં વન દક્ષિણ દિશામાં સુંદરતાની ધજાઓ પેઠે ફરકતાં હતાં અને તેમનાં લાંબાં તથા ફાટયાં ત્રુટયાં પાંદડાં પટાવાળા ધ્વજપટથી જુદી જાતનાં ન હતાં. ભદ્રાનદીની સુભદ્રા નામની શાખા પૂર્વમાંથી દક્ષિણમાં આવી વાંકીચુકી ગતિથી ચાલતી સર્વ વનોમાંનાં પાંદડાં તથા ફળપુષ્પોને પોતાની છાતી ઉપર વ્હેતી મંદ પણ સ્થિર ઝીણો સુસ્વર કરતી કરતી તાડના મૂળ આગળ આવી સમુદ્રમાં ભળતી હતી. આ નદીને લીધે તાડના વનમાં બીજી વનસ્પતિ પણ ગુંથાઇ ગઇ હતી. ચૈત્રના શુકલપક્ષના આ સમયમાં ઉતરતા વસંત તથા આવતા ગ્રીષ્મનો સંધિ થતો હતો તે પ્રસંગે સુરંગિત મ્હોર તથા સુવાસિત કેરીઓથી ઉભરાતું આંબાનું વન અને ભરતી પામતો સમુદ્ર મનોહરપુરીની પૂર્વપશ્ચિમમાં સુંદરતાના ત્રાજવામાં તોળાતાં હતાં.

આંબાના વન અને તાડના વનને જુદાં પાડી સુવર્ણપુરથી નીકળતો રસ્તો નદીની પેઠે ઉભય પાસનાં વનના તટ વચ્ચે વ્હેતો હતો અને મનોહરપુરી ભણી વળતો હતો.

ચારે પાસનાં વનોમાં સંતાઇ રહેલી સંધ્યાકાળે જ્યારે, ભય માત્ર તજી બ્હાર નીકળી પડી, ગોળ સૂર્યને તાડના વનની પાછળ ગરબડાવી પાડયો અને તે જ્યોતિનું તેજ અસ્ત થતું હતું પણ ઉંચાં તાડના શિખર ઉપર ટકી રહેલું દેખાયું ત્યારે સંધ્યાકાળે શીતળ કરી દીધેલા રસ્તાઉપર રગશીયું ગાડું ઘસડાતું હતું અને વિશ્રામસ્થાન પાસે આવ્યું જાણી થાકેલા બળદને જોર આવતું હતું.

(સરસ્વતીચંદ્ર, ભાગ ૨ જો.)

135.

પરમેશ્વરની ગતિ અકળ છે, તથા તેનાં કામોનાં કારણો શોધી કઢાય એવાં નથી. આટલું બધું સંકટ ભોગવ્યા પછી કરણ રાજાને જે થોડું સુખ મળ્યું તે તેને ઘણી મુદ્દત સુધી અથવા તેના જીવતાં સૂધી પોંહોંચશે એવી આશા રાખવામાં આવે, અને ઇશ્વર મરતાને વધારે મારશે નહિ એવી કલ્પના થાય. પણ એ આશા તથા કલ્પના ઘણીવાર ખોટી પડે છે. માણસ ઉપર જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે ઘણું કરીને સામટુંજ આવી પડે છે, અને એ સઘળી આફતોમાં જે માણસ પોતાનું ધૈર્ય છોડતો નથી, તથા પરમેશ્વર ઉપરનો જેનો દૃઢ વિશ્વાસ, જરાપણ ડગતો નથી તે માણસ ખરેખરો ધર્મી. તથા તેજ ખરેખરો ઇશ્વરનો ભક્ત જાણવો. માણસના વિશ્વાસની તથા ભક્તિની એ પ્રમાણે પરમેશ્વર પરીક્ષા લેછે તેમાંથી ઘણાજ થોડા પસાર થાય છે. હમણા તો કરણ રાજાનો વારો આવ્યો, અને જે વખતે તેનાં આગલાં દુઃખોના ઘા પૂરાપૂરે હજુ રૂઝાયા ન હતા, તથા જે વખતે તેણે સુખનો જરા સ્વાદ ચાખવા માંડયો હતો, તે વખતે તેને એક બીજો કારી જખમ લાગ્યો. મોતના દૂત તેના એકાંત કિલ્લા ઉપર ઉતર્યા, અને એક ઝપાટો મારી તેની વાહાલી છોકરી જે કનકદેવી, હમણાં તેર વરસની થઇ હતી, જે તેનાં સઘળા સુખનું મૂળ હતું, જે તેની નિર્બળ અવસ્થાનો આધાર હતો, તેને ઘસડી ગયા. આ અકસ્માત આવી પડેલા દૈવકોપથી કરણને જે મહાવ્યથા થઇ તેનું વર્ણન કરવાની કાંઇ જરૂર નથી. તે યથાસ્થિત થઇ સકે પણ નહિ; થાય તોપણ તેથી વાંચનારાઓને સંતાપ માત્ર ઉપજે તેથી તે ઉપર પડદો ઢાંકી દઇ બીજાં ચાર વર્ષ કૂદી જઇને ઇ૦ સ૦ ૧૩૦૬ ના વર્ષના અષાડ મહીનામાં કરણ તથા તેની નાની છોકરી દેવળદેવી એક ઓરડામાં એકઠાં બેઠાં હતાં તે વખતનો દેખાવ બતાવવાને પ્રયત્ન કરીએ.

(કરણ ઘેલો.)

136.

આવી આવી ઇશ્વરી તથા માણુસની કળાથી ઉત્પન્ન થયલી શોભા જોવાથી, આવાં આવાં પવિત્ર સ્થળો તથા દેવભૂમીમાં પગ મૂકયાથી, આવી આવી ચમત્કારી વસ્તુઓ નજરે પડ્યાથી, આવા આવા મહિમાવાળા તથા જાગતાજોધ કહેવાતા

દેવો તથા દેવીઓના દર્શન કીધાથી, માધવનો જીવ એટલો તો પ્રસન્ન થઇ ગયો કે તેના અંતઃકરણમાં જે તોફાન થઇ રહ્યું હતું તે શાંત થયું; તેના હૈયામાં જે વેર દેવીએ વાસો કીધો હતો તે ત્યાંથી ઉઠી એક ખુણે દબાઇ બેઠી; અને તેના ઉપર પડેલું મહાભારત દુઃખ તે ઘણું કરીને ભુલી ગયો. જ્યાં ઇશ્વરે મોકળે હાથે સુખ પાથર્યું છે, જ્યાં ઇશ્વરની મોટાઇ તથા શક્તિ પ્રગટ થઇ આવે છે, જ્યાં માણસની અશક્તિ તથા તુચ્છપણું જણાઇ આવે છે, જ્યાં ઇશ્વરનાં કામ કાળ પર્યંત ટકે છે અને માણસનાં બનાવેલાં કામો થોડી મુદ્દતમાં નાશ પામતાં માલમ પડે છે, જ્યાં પશુ, પક્ષી તથા બીજાં પ્રાણીઓ ઉપર પરમેશ્વરની અનંત દયા ડગલે ડગલે દીઠામાં આવે છે, ત્યાં માણસનું અંતઃકરણ નરમ તથા કોમળ થાય તેમાં શું આશ્ચર્ય ?

માધવના મનમાં જે દુષ્ટ તથા વિપરીત વિચારો ઉત્પન્ન થયેલા હતા તે જો કે દબાઇ ગયા હતા, તોપણ તેઓનો સમૂળો નાશ થયો ન હતો. જ્યાં સુધી આવી રમણિક ભૂમીનો મહિમા રહ્યો ત્યાં સુધી તેનું મન શાંત રહ્યું, પણ જ્યારે તે મેવાડના મેદાન ઉપર નિકળ્યો, અને કાંઇ મનને વિચાર કરવાનું કામ મળે એવા દેખાવો તેના જોવામાં આવ્યા નહિ, એટલે તે વિચારો પાછા તેના મનમાં પૂરજોસથી આવવા લાગ્યા. વળી હવે તેઓ બંને એકલા પડ્યા, અને એના એ વિષય ઉપર વાત કરવા લાગ્યા, તેથી દીલની આગ હોલાવાને બદલે તે વધારે જુસ્સાથી બળવા લાગી; વાટ ઘણી લાંબી દીસવા લાગી; ખાવા પીવા કાંઇ ભાવે નહિ; અને તેઓને જો કોઇ સંગાત મળ્યો ન હોત; જો એ પ્રમાણે થવાથી તેઓનું મન બીજા વિષય ઉપર ગયું ન હોત, તો માધવ રસ્તામાં માંદો પડત, અને તેનું ધારેલું કામ સિદ્ધ કીધાવિના તેનો આત્મા તેની દેહ મુકીને ચાલ્યો જાત. પણ ગુજરાતના દુર્ભાગ્યને લીધે તથા મ્લેચ્છ લોકોનો દહાડો ચઢતો તેથી તેમ બન્યું નહિ.

(કરણ ઘેલો.)

137.

આવા ઉત્તરથી રાજા ભૂવડે રોષે ભરાઇ લઢવાની આજ્ઞા દીધી, ને સંગ્રામ શરૂ થયો. જયશિખરના વેણનો ચટકો લાગવાથી તેણે પ્રથમ દ્વંદ્વ યુદ્ધની મરજી કરી, પણ તેના મંત્રી અને સુભટોએ તેને વાર્યો, ને લશકરની પાછળ ઘણી મહેનતે રાખ્યો. તેના સામંતો ઉલટથી આગળ વધ્યા. સંગ્રામનાં વાજાં વાગ્યાં, ને યુદ્ધ થવા માંડ્યું. એક ગ્રંથકાર લખે છે કે ‘ એ વેળા સામસામાં સૈન્ય તોફાનના વાદળની પેઠે એકમેક થઇ જઇ તેમાં શસ્ત્રો વીજળીની પેઠે ચળકી રહ્યાં. યોદ્ધાઓના પગના ધમકારાથી પૃથ્વી ધ્રુજી. જોદ્ધાઓના હોકારાથી વાદળ મેઘની પેરે ગાજ્યું. બાણવૃષ્ટિથી આકાશ છવાયું, એક ભણીથી હળ, મૂશળ, ગદા, ત્રિશૂળ, ચક્રાદિના પ્રહાર ચાલ્યા. બીજી મેરથી સવાર સાથે સવારે કતલ ચલાવી, અને ત્રીજી તરફથી હાથી સાથે હાથી વઢ્યા. ચોથે સ્થળે રથીઓસાથે રથીઓ મસ્ત થઇ લઢ્યા.’ પંચાસરની પશ્ચિમે જ્યાં કોટ તૂટયો હતો ત્યાંથી બહાર નીકળી જય-

શિખરે મહા યુદ્ધ મચાવ્યું. કોટની થડમાં લોહીથી રંગાયલી પૃથ્વીપર અગણિત મુડદાંના ઢગલા થયા. લડાઇનો શોર જેમ જોરથી નીકળતો તેમ જોદ્ધાઓને વધારે શૂર ચડતું. ભાટ તેમને પાનો ચડાવવાને કહેતા કે આ રણભૂમીમાં કીર્તિ મેળવી સ્વર્ગમાં વાસ કરો ને દેવતાની પદવી પામો. આ લોકમાં અને પરલોકમાં તમારાં નામ અમર કરો!

(વનરાજ ચાવડો.)

138.

ગોલ્ડસ્મિથ પણ એવો મનુષ્ય હતો કે તે દ્રવ્યથી વશ કરી શકાય નહિ. તેણે અત્યન્ત ગરીબાઇ જોઇ હતી. તે યુરોપમાં ભટકયો હતો અને તેણે વાંસળી વગાડી પોતાની આજીવિકા મેળવી હતી. તે દાણા, ઘાસ વગેરે ભરવાના ઘરમાં અને ખુલ્લા આકાશની નીચે સૂતો હતો. તેણે નાટકકારનું, ઉપશિક્ષકનું, અને દાક્તરનું કામ અજમાવ્યું હતું, પણ એ બધા ધંધા કર્યા છતાં એ ભૂખે મુઓ હતો. પછી તેણે ગ્રન્થકર્ત્તાનો ધંધો અજમાવ્યો અને સદ્દગૃહસ્થ થયો. પણ તે કદી પણ દરિદ્રતાના પંજામાંથી તદન બચી ગયો નહતો. 'હું કાતરીઆમાં આજીવિકા માટે લખતો હતો અને દૂધના હિસાબ માટે મારાપર તગાદો થશે એમ હું ધારતો હતો,' એમ તે પોતાનું વર્ણન કરે છે. એક દિવસ હું બહુ સંકટમાં છું એવો સંદેશો જૉન્સનને ગોલ્ડસ્મિથ તરફથી મળ્યો. તે વિદ્વાન ગૃહસ્થ તેને મળવા ગયો અને જુએ છે તો તેને ઘરના ભાડા માટે ઘરધણીઆણીએ કેદ કરેલો જોયો. તેની પાસે વેચવા માત્ર એક હસ્તલિખિત ગ્રન્થની ગાંસડી હતી. જૉન્સને તે લીધી અને તે 'વિકાર ઑવ વેકફીલ્ડ' છે એમ તેને માલૂમ પડયું. તે ગ્રન્થની યોગ્યતાની ખાતરી કર્યા પછી તે તેને એક ચોપડી વેચનાર પાસે લઇ ગયો અને સાઠ પાઉંડ સારૂં તેને વેચ્યો.

(કર્ત્તવ્ય.)

139.

નમ્રતા એ દયાની ભગિની છે ને એ પણ દયાના જેટલીજ પરબ્રહ્મ પ્રાપ્તિમાં સહાયક છે. સંસારમૂલક જે અહંકાર, તે નમ્રતાથી છેકજ દૂર થઇ જાય છે. સંસારમાંનાં પ્રાણીમાત્રને પોતાનાથી અધિક માનનાર પુરુષ નમ્ર કહેવાય છે; અને તેવા થવું એ અહંકાર દૂર થયા વિના બનતું નથી. સંસારમાં સૌ મારો ગુરુ (વડીલ) છે ને હું તેઓના શિષ્ય સરખો છું એમ જાણવું એ નિરભિમાની પુરુષનું મુખ્ય લક્ષણ છે. પ્રપંચમાં પણ નમ્ર પુરુષ વિશેષ માનવંતો અને સદ્દગુણી ગણાય છે; અને તેને કોઇ જાતનું દુઃખ થતું નથી. હરેક વાતે સામા સાથે પોતે નમ્ર હોય છે, એટલે પોતાનો દોષ તેને છુપાવવો પડતો નથી, કેમકે દોષ માટે ક્ષમા માગતાં તેને લજ્જા થતી નથી; અને લજ્જા ન થવી તેજ ખરેખરૂં નિરહંકારીપણાનું લક્ષણ તથા નમ્રતાનું સ્વરૂપ છે. જે સૌ સાથે નમ્ર તે

સૌને પ્રિય હોય છે. તેને કોઇ શુભાશુભ વચન કહે તો તેથી તે નરસું માનતો નથી કે ક્રોધ કરતો નથી. કેમકે તેણે ક્રોધને જિત્યો હોય છે તેથી ક્રોધ તેનાથી નાસતો રહે છે. તે પોતે કોઇને ક્રોધ ચઢે તેવું કે માઠું લાગે તેવું કામ કરી શકતો નથી. નમ્ર પુરુષથી કદી પણ નિર્દય—હિંસક કાર્ય બનતું નથી. નમ્ર પુરુષ, બીજાના દોષ વર્ણી શકતો નથી કે મનમાં લાવી શકતો નથી; કેમકે તેને પોતાના કરતાં સૌ વિશેષ ગુણવાન્ ભાસે છે. તે પરંનિંદા કરતો નથી. આ સર્વે ગુણે કરીને પરમાત્મા તેનાપર અતિ સંતુષ્ટ રહે છે.

(ચંદ્રકાન્ત.)

140.

એ દેહેરાંમાં મોતીશા તથા માધવે દર્શન કીધા પછી ત્યાંથી આબુના પહાડ ઉપર જવાનો તેમણે ઠરાવ કીધો. રસ્તો ઘણોજ રમણિક હતો. એક નાના નાળાની કોરે કોરે તેઓ ચાલ્યા. આકાશમાં એક પણ વાદળું ન હતું. અમરાઇમાંથી કોએલો ટહુકા કરતી હતી. બીજાં જંગલનાં પક્ષી વાંસની ઝાડીમાંથી સાદ કરતાં હતાં; અને તિતરનાં ટોળેટોળાં ઝાડો ઉપર બેસીને હોલાઓની સાથે આનંદથી સંવાદ ચલાવતાં હતાં. લકડખોદ ઝાડોનાં થડ ઉપર તેઓની કઠણ ચાંચ ઠોકતા હતા તેના અવાજથી આખું વન ગાજી રહ્યું હતું. ત્યાં નાના પ્રકારનાં સુંદર ફુલ તથા સ્વાદિષ્ટ મેવા નજરે પડતા હતા. ઝાડો ઉપર ચઢતા વેલાના ધોળાં તથા પીળાં ફુલોમાંથી મધમાખીઓ મધ કાઢતી હતી. ત્યાં કોઇ માણસની વસ્તી ન હતી. કોઇ કોઇ વાર કોઇ રજપૂત સ્વાર ઢાલ બાંધીને તથા ભાલો હાથમાં રાખીને અંબાજીનાં દર્શન કરવા જતો હોય તે જોવામાં આવતો; અથવા કોઇ તળાવની પાસે વણજારાઓ ગુણ નાખીને બળદ છુટા મુકીને પડેલા હતા તે નજરે આવતા હતા. આગળ ચાલતાં એક સપાટ ખાણ આવી તે રેતાળ હતી, પણ તેમાં ઠેકાણે ઠેકાણે ખેડાણ હતું, અને અનાજનાં ખેતર આવતાં, અને વખતે વખતે નાનાં ગામો દેખાતાં, અને આઘેના પહાડમાંથી નિકળેલી નદીઓ વહેતી નજરે પડતી હતી. ત્યાંથી ધુમરે ઘેરાયલો આબુ પહાડ દેખાયો, તેની બાજુઓ ઉપર ઝાડ તથા ઝાડી અને નાની નદીઓ દેખાવા માંડી. આગળ જતાં એક ટેકરી ઉપર દોરા જેવો રસ્તો દેખાયો, તે કોઇ ઠેકાણે ચઢતો અને કોઇ ઠેકાણે ઉતરતો હતો. એ રસ્તા ઉપર ઝાડીની ઘટા આવી રહી હતી. તેમાં ચઢતાં ચઢતાં એક કરાડાની નીચે એક મેદાન આવ્યું; ત્યાં ઘણાં શોભાયમાન ઝાડોની વચ્ચોવચ વશિષ્ઠમુનીનું દેહેરૂં હતું. તે દેહેરાંની વાડીમાં માધવ તથા મોતીશા થાક ખાવાને ઉતર્યા. એ વાડીમાં ઘણાં સુગંધીદાર ફુલો ઉગેલાં હતાં, તેમાં કેવડાથી તમામ જગા બેહેક બેહેક થઇ રહી હતી. વળી ત્યાં એક પથ્થરના ખડકમાં ગાયનું મ્હોં કોતરેલું હતું તેમાંથી પાણીનો ધોધવો પડી નીચે એક મોટી ટાંકલીમાં પડતો, તેથી કર્ણેંદ્રિયને પણ ઘણો આનંદ થતો હતો.

(કરણ ઘેલો.)

141.

નાગર ગૃહસ્થોની ટોળીમાં એક પુરૂષ વિશેષે કરીને તેજસ્વી તથા જોવા લાયક હતો. તે એક મોટા રૂપાની ભમરીવાળા પાટલા ઉપર બેઠેલો હતો. તેના શરીર ઉપર ફક્ત ધોતિયું તથા ઘણી ઉમદા કાશ્મિરી શાલ હતી. હાથે હીરાની પોહોંચી તથા બાજુબંધ હતાં, અને આંગળીએ હીરા, માણેક વગેરેની ચળકતી વીંટીઓ હતી. કોટે કેટલીએક વટાણા જેવડાં મોતીઓની માળા તથા હીરાનો કંઠો હતો, અને કાન પણ તેથી વધારે મોટાં તથા પાણીદાર મોતીથી શણગારેલા હતા. તેના દેખાવ ઉપરથી માલમ પડતું હતું કે તે કોઇ મોટો માણસ છે, અને તેને જોઇને કોઇથી તેને માન આપ્યાવિના ચાલેજ નહિ એવો તેનો દમામ હતો. તેનું કદ મધ્યમ હતું. તેના શરીરનો બાંધો છેક જાડો તો ન કહેવાય, તોપણ તેનું વલણ કાંઇએક જાડાશ ઉપર હતું. તેની ચામડીનો રંગ ઘણો સફેદ હતો; તેનું મ્હોં જરા લંબગોળ હતું; અને નાક, કાન પણ ઘણાં ઘાટદાર હતાં. તેની આંખ ચપળ તથા બુદ્ધિના તેજવાળી હતી. આ ગૃહસ્થ જાતે નાગર બ્રાહ્મણ હતો, અને તેનું નામ માધવ હતું. તે કરણરાજાનો મુખ્ય પ્રધાન હતો. તેણે પોતાના બુદ્ધિબળે તે રાજા ઉપર એટલી તો સત્તા મેળવી હતી કે તેને પુછ્યા સિવાય રાજા કાંઇ કામ કરતો ન હતો. સઘળું કામકાજ તેજ કરતો. રાજા તો પૂતળાં જેવો હતો, અને ખરેખરો રાજા પોતેજ હતો. એ કારણથી સઘળા લોકો તેનાથી દબીને ચાલતા, તેને માન આપતા, અને તેને ખુશ કરવાને વાસ્તેજ ઘણાએક આ પ્રસંગે તેના ઘરમાં એકઠા થયા હતા.

(કરણ ઘેલો.)

142.

તેઓ ગયા કેડે કેટલીએક વાર હું ભયભીત થયેલો ત્યાં બેઠો. જેણીમેર જોઉં તેમણીમેર બીક લાગે, ને હરકત જણાય. મારી આસપાસ અંધાર વન ઘણા ગાઉ સુધી હતું; ત્યાં ફાડી ખાનારાં જનાવર ઘણાં વસતાં હતાં. ને જનાવરો કરતાં વધારે જંગલી માણસ ત્યાં રહેતાં; વળી તે દહાડે ભર ચોમાસું ચાલતું હતું; એ બધી વાતનો વિચાર કર્યો, ત્યારે હું એકલો તેથી મેં હિંમત છોડવા માંડી. મને લાગ્યું કે હવે મારૂં આવી બન્યું, અહિં મરવા સિવાય બીજો ઉપાય નથી. એ વેળા મેં વિચાર્યું કે હું આ વગડામાં છું, ને વળી પરદેશી છું, તોપણ જગતકર્તા મારૂં રક્ષણ કરશે. આવા દુખના દરિયામાં બૂડ્યો છતાં, ત્યાં ઘણીજ સુંદર લીલ ઊગી હતી તેપર મારી નજર થઇ. આ વાત લખવાનું કારણ એ છે કે કેવી જુજ વાતપરથી મનને દિલાસો મળે છે. તે લીલ મારાં આંગળાં કરતાં મોટી નહોતી, તોપણ તે એવી નાજુક અને ખૂબસુરત હતી કે તેથી ઘણુંજ આશ્ચર્ય પામ્યો. મેં વિચાર્યું કે જે આવી જુજ વસ્તુને આવા વગડામાં રોપી પાણી પાઇને સંભાળે છે, ને આવી સંપૂર્ણ કરે છે, તે મારા જેવા મોટા જીવની ફીકર રાખ્યાવિના રહેશે નહિ.

શું તેને મારાપર દયા નહિ આવે? ના, આવશે. આવા વિચારથી મને હિંમત આવી, હું ત્યાંથી ઉઠયો, ને ભૂખ કે થાકની દરકાર રાખ્યાવિના આગળ ચાલ્યો, ને મનમાં નક્કી ભરોસો રાખ્યો કે મને મદદ મળશે. ખરે મારી ઉમેદ બર આવી.

(ગૂજરાતી સાતમી ચોપડી.)

143.

"અલ્લા અકબર" ની ચીસ પાડી મુસલમાન સિપાઇઓ આગળ ધસ્યા, અને રજપૂતોને તેઓની જગાએથી હડસેલવાને ઘણુંએક પ્રયત્ન કીધા, પણ તેઓ પહાડની પેઠે જડ થઇ ઉભા રહ્યા. લડાઇ ઘણી ભારે ચાલી. ચોમાસામાં પવનના જોરથી વાદળાં સામસામાં અથડાય છે તેમ તે બંને લશ્કરો અથડાયાં. તલવારોના ખડખડાટથી કાન બેહેર મારી ગયા; તેઓના વિજળીના જેવા ચળકાટથી આંખ ઝંખવાઇ ગઇ; તીર તો આકાશમાં એટલાં ઉડી રહ્યા હતાં કે તેમાંથી કોઇ પક્ષીથી પણ જવાતું નહિ, અને વરસાદની પેઠે તેઓ નીચે પડતાં હતાં. જમીન ઉપર લોહીની રેલ ચાલી; યોદ્ધાઓની ચીસથી ત્યાં કાંઇ પણ શબ્દ સાંભળ્યામાં આવતો ન હતો. એ બધા ગડબડાટની સાથે ઘાયલ સિપાઇઓ ધુળમાં રગદોળાતા હતા, તથા તેઓને તેમના ઘાથી દરદ થતું તે સઘળાના કષ્ટથી તેઓ બુમાબુમ પાડી રહ્યા હતા; બંને તરફનાં માણસો સેંકડો મુઆં, પણ રજપૂત સિપાઇઓએ પોતાના ધારા પ્રમાણે તથા પોતાના ધર્મ પ્રમાણે પીઠ ફેરવી નહિ. કરણમાં જાણે ભૂત ભરાયું હોય તેમ જણાતું હતું. તેની આંખ ખુનથી ભરેલી લાલચોળ થઇ ગઇ હતી. તે પોતાની તેજસ્વી તલવાર વડે ચોતરફ ફરી વળ્યો, અને જે તેના સપાટામાં આવ્યું તેના બે કકડા કર્યા વિના રહ્યો નહિ. એક વાર તેનો હાથી મરી ગયો, ત્યારે તે ઘોડા ઉપર સ્વાર થઇને લડયો. તે ઘોડો પણ કતલ થઇ ગયો ત્યારે તે પાયદળ સિપાઇઓમાં સામેલ થયો, અને પોતાના શરીરની કાઇ ફિકર રાખ્યા વિના એક સાધારણ સિપાઇની પેઠે લડયો. જ્યારે રાજાના ઉપર ઘણાંએક તીર પડવા લાગ્યાં, જ્યારે તે એક બે ઠેકાણે ઘાયલ થયો, જ્યારે કેટલાએક તેને ઓળખીને જાણ્યું કે તે જો વધારે વાર સુધી આ ઠેકાણે રહીને યુદ્ધ કરશે તો બેશક માર્યો જશે, ત્યારે તેને સમજાવીને તેને એક ઘોડો આપ્યો, અને સ્વારોની હારમાં મોકલી દીધો. રાજાની આવી બાહાદુરીથી તેના સામંતો પણ તેવીજ હિમતથી લડ્યા, અને સાધારણ સિપાઇઓ પણ મરણીઆની પેઠે મોતનો ડર જરાપણ ન રાખતાં પોતાનાં શસ્ત્ર નિર્દયપણે વાપરવા લાગ્યા. મુસલમાન લશ્કરનાં માણસો થાકયાં; તેઓમાંનાં ઘણાંએકે ધુળ ચાટી; ઘણાંએક જખમી થયાં; પણ રજપૂતો ઉપર કાંઇ અસર થઇ નહિ, તેથી તેઓ હઠીને પાછા પોતાને ઠેકાણે ગયા, થોડી વાર સુધી થાક ખાઇ પાછો તેઓએ ધસારો કીધો, પણ રજપૂત સિપાઇઓ તેઓની ભેટ લેવાને તૈયાર થઇ રહ્યા

હતા, અને સૈરંધ્રી જાણીને કૈયોકિચક ભીમની સોઢમાં ભરાયો હતો તેમ મુસલમાન લોકોને પણ જોઇએ તેવુંજ સામા પક્ષથી આદરમાન મળ્યું. પાછું યુદ્ધ પેહેલાં પ્રમાણેજ જોરથી ચાલ્યું, પણ કાંઇ થાગ લાગ્યો નહિ. સૂર્યદેવતા આ કાપાકાપીથી કંટાળી જઇને તથા પોતાના ભકતોનું દુઃખ જોઇ કષ્ટ પામીને પશ્ચિમ દિશા તરફથી લાલચોળ મ્હોડું કરી ચાલ્યા ગયા; પૃથ્વી ઉપર અંધકાર પથરાવા લાગ્યો; પક્ષીઓ પોત પોતાના માળામાં જવાં લાગ્યાં; તારાઓએ એક પછી એક પોતાનું મ્હોડું બતાવ્યું; કમળનાં ફુલો બંધ થઇ ગયાં અને જે મુસાફરો ગામમાં તે વખતે આવ્યા તેઓએ ત્યાંજ રાતનો વાસો કીધો. લડનારાઓથી એક બીજાનું મ્હોં જોઇ સકાતું ન હતું; એટલામાં ચંદ્રમાનો પ્રકાશ થયો, અજવાળું તો થોડું પરમેશ્વરની તરફથી આવ્યું, પણ લડવાનું સામર્થ્ય શત્રુઓમાં હમણાં રહ્યું ન હતું તેથી તેઓ પાછા પોતાને ઠામે ગયા, અને રાતે લડાઇ બંધ રાખવાને તથા સવારે ઝળુઝળું થતાં પાછો તેનો આરંભ કરવાને અલફખાંએ કરણ રાજાને કેહેણ મોકલ્યું. રજપૂતો પણ ઘણાજ થાકી ગયલા હતા, તેઓને થોડાએક આરામની ઘણી જરૂર હતી, તેથી એ પ્રમાણે તેઓએ કરવાનું કબુલ કીધું.

(**કરણ ઘેલો.**)

144.

શાહજાદાઓને જ્યારે ભાન આવ્યું ત્યારે તેઓને કેટલું દુઃખ લાગ્યું હશે તેની કલ્પના માત્ર કરવી. જીવતા તો રહ્યા પણ તેઓની અમુલ્ય રત્ન જેવી બે આંખ જતી રહી એ વાત તેઓને જ્યારે માલમ પડી ત્યારે તેઓ અતિ દુઃખ તથા ક્રોધને લીધે ગાંડા જેવા થઇ ગયા, અને મોટા જોરથી બુમાબુમ પાડવા લાગ્યા. "જીવતા રાખ્યા તે આટલા સારૂ ? અરે આંધળા થઇને જીવવું તે કરતાં મરવું હજાર વાર સારૂં. આંધળાનું જીવવું તે મરવા કરતાં ઘણુંજ ભુંડું. મરવું તો છેજ, પછી વેહેલું કે મોડું. પણ જીવીને દુનિયાનો ત્યાગ કરવો, જગતના અજવાળાથી બહાર રહેવું, સૃષ્ટિની ખુબી જોવાથી બંધ પડવું, સઘળાં ભારે કામ કરવાથી અટકવું ! અરે ! એ તે જીવવું ? એ તો જીવતું મોત. અરે ! એ તો જીવતા ભોંયમાં દટાવું ! અરે ! જીવને શરીરની કબરમાં દફન કરીને ફરવું. એ કરતાં અમને મારી શા માટે ન નાખ્યા ? જો મરી ગયા હોત તો સઘળું પૂરૂં થાત. પછી કાંઇ દેખવુંએ નહિ અને દાઝવું પણ નહિ. મરનારને મન તો સઘળું સરખું તેના ઉપર કોઇ જુલમ કરી સકતું નથી, તેને કોઇથી દુઃખ દેવાતું નથી, તેના ઉપર વધારે આફત આવી પડતી નથી; પણ આ જીવતું મોત ખરા મોત કરતાં કેવું નઠારૂં ? સઘળી કામ કરવાની શક્તિ નિરર્થક થયા પછી પણ સઘળાં દુઃખ સહન કરવાની શક્તી તો રહે છે, એટલે ઢોરની પેઠે જ્યાં દોરે ત્યાં દોરાવવું. અરે ! ઢોર તો અટકાવ પણ કરી સકે છે, તથા લાત અને શિંગડાં મારે છે; પણ આંધળા માણસ તો તેઓના શત્રુઓના હાથમાંજ ગયા એમ સમજવું.

(**કરણ ઘેલો.**)

145.

સામંતમુળુના અંતઃકરણમાં નવા યુગનો વા વાયો હતો. પૃથ્વી અને સત્તાનો અત્યંત લોભ, પિતાને થયેલા અપમાનથી ઉદય પામેલો ક્રોધ, તે અપમાનના નિમિત્તભૂત પ્રધાન ઉપર અને તેના કુટુંબ ઉપર દ્વેષ અને વૈર, અને રાજ્યમાં કાંઇ પણ ઉથલ પાથલ કરી જાતે આગળ આવવાની તૃષ્ણાઃ ઇત્યાદિ ભૂત મુળુના ઉગતા હૃદયમાં રાતદિવસ નૃત્ય કરી રહેતાં, તેમની સાધનભૂત ક્રૂરતા મોસાળપક્ષથી તેનામાં ઉતરી હતી; પિતૃપક્ષથી માત્ર બુદ્ધિ, કલ્પના, અને શૌર્ય તેનામાં ઉતર્યાં હતાં; અને એ સર્વથી ઉંહેલા અભિલાષ મહાપ્રયત્નથી તે હૃદયમાં ગુપ્ત રાખતો હતો. એ પાછો ફર્યો તે સમયે એના બોલવામાં કાંઇ કપટ હોય, એના સ્મિતમાં કોઇ ગુપ્ત કટાર હોય, એના હૃદયમાં કોઇક રાક્ષસ હોય—એવો આભાસ મલ્લરાજના હૃદયમાં વીજળી પેઠે ચમકારો કરી શાંત થયો. તેને અકારણ ગણી મલ્લરાજે તેનો વિચાર ન કર્યો અને પોતે સ્વકાર્યમાં ભળ્યો.

\+ + + + + + + + +

સામંતનું ચિત્ત નિર્મલ હોવાથી એના ભણીથી કોઇ જાતનું ભય મલ્લરાજને થયું ન હતું. પણ મુળુનો સ્વભાવ જાતે અસંતુષ્ટ હતો તેમાં પિતાના તિરસ્કારનું કારણ મળ્યું ત્યાર પછી તેના ચિત્તમાં કોઇક જાતની અતકર્ય ચંચળતા ઉત્પન્ન થઇ અને મલ્લરાજ સામે તેનામાં સ્વભાવબદ્ધ વૈર રોપાયું. મલ્લરાજ તેને જે જે આદર બતાવે તેના અર્થ તે અવળાજ કરવા લાગ્યો અને રાજા મ્હારાથી ડરે છે અને મને શાંત રાખવા આદર દર્શાવે છે એવું એ કલ્પવા લાગ્યો; મણિરાજનો સહવાસ થતાં આ ધીર અને શાંત બાળકને એ નિર્માલ્ય, નિસ્તેજ, અને બુદ્ધિહિન ગણવા લાગ્યો અને એવો કુમાર રાજ્ય ભોગવશે જાણી રાજ્યની દયા આણવા લાગ્યો. આવો કુમાર રાજા થશે ત્યારે પ્રધાનો ફાટી જશે અને વિદ્યાચતુર કર્તાહર્તા થશે એ પણ તેના મનમાં સિદ્ધ થયું. યુવાન મુળુનું ચિત્ત દિવસે દિવસે આવા નિશ્ચયો કરી ઉદ્રિક્ત થયું; પણ પોતાના ઘરમાં પોતાના પિતાની રાજ્યભક્તિ સમક્ષ એ ચિત્તમાંથી વરાળ સરખી ક્‌હાડવા જેટલી ધૃષ્ટતા એનામાં આવી શક્તિ ન હતી. માત્ર માતા પાસે કવચિત્ ધ્વનિ ક્‌હાડતો અને અનુકૂળ પ્રતિધ્વનિ સંભાળતો. એક દિવસ બ્હીતે બ્હીતે પિતા પાસે પ્રસંગ જોઇ રાજા સામું કંઇક કટાક્ષનું વચન તે બોલી ગયો; પણ તે વચન નીકળતાંજ સુતેલા સ્વામી ઉપર બંધુક તકાતી જોઇ તાકનાર ઉપર બુદ્ધિમાન્ પતિભક્ત વિકરાળ કુતરો ઉછળી પડે તેમ સામંતે મુળુને કર્યું, અને તે દિવસથી મુળુના ઉત્સાહ ભગ્ન થઇ ગયા અને તે નિરાશ રહેવા લાગ્યો. જરાશંકર સાથે રજવાડાઓમાં ફરવાના પ્રસંગ મળતાં મુળુએ ખાચર સાથે મિત્રતા કરી અને ઘરમાં ભગ્ન થયેલી આશા ઘરબ્હાર સાધવા માંડી. ખાચર સાથે પત્રવ્યવહાર અને પ્રીતિ વધાર્યાં, રત્નગરીના ગુપ્ત રાજમંત્ર ફુટવા લાગ્યા,

અને રત્નનગરીમાંથીજ ખાચરના મનોરથ સિદ્ધ થવાનાં સાધન મળવા લાગ્યાં.

(સરસ્વતીચંદ્ર, ભાગ ૩ જો.)

146.

પંચાસરની ગાદીએ જસરાજ કે જયશિખર નામે મોટો પ્રતાપી રાજા થયો. એના અમલમાં ગુર્જરી રાજ્ય પૂર્ણ કળાએ પહોચ્યું. ગૂજરાતની પ્રજામાં વિદ્યા, ઉદ્યમ, પરાક્રમ, સામર્થ્ય, સંપ, અને શૌર્ય હોવાથી લક્ષ્મીજી આવી વસ્યાં હતાં. રાજા રૈયતની સુનીતિએ કરી સર્વેને સુખ ચહેન હતાં. રાજાની જાગરૂતીએ કરીને દેશમાં સમાધાની હતી. વાઘ ને બકરી એક આરે પાણી પીએ એવો તેનો ધાક, જાપતો અને ન્યાય હતો. તસ્કર, લાંચીઆ, ધૂતારાદિક ગુનેહગારોનો તે કાળ હતો. રાજ્યના નોકરો પ્રજા ઉપર જૂલમ ન કરે, પ્રજાને ગૂંડે નહિ, લૂટે નહિ, દગે નહિ એવો બંદોબસ્ત રાખનો, અને સર્વે પોત પોતાનાં કામ યથા ન્યાય અને ધર્મશાસ્ત્ર પ્રમાણે કરે છે કે નહિ તેની પાકી તજવીજ નિરંતર અનેક યુક્તિએ કરતો. વિજયી ગુર્જરો અને જીતાયલા દેશી લોકમાં ભેદ ન રાખતાં બેઉને સમાન ગણતો. લગ્નાદિક વહેવારે કરી બંને હળીમળી એકમેક સંપીલી પ્રજા થઇ ગઇ હતી. બેઉની ભાષા ભળી હાલની ગૂજરાતી બોલીનો પાયો નંખાયો. રાજાની દયા, ઉદારતા, સાચવટ, અને સભ્યતા વખણાયાં. આખી પ્રજાનો પ્રેમ તેના ઉપર હતો, કોળી, ભીલ, વગેરે જાતોને વશ કરી, તેમના ઉપર માયા કરી, તેમને નોકરીમાં રાખી તથા બીજી મહેરબાની કરવાથી મહારાજા તેમનો માનીતો થયો. રૈયત ઉપર કરરૂપી બોજો જેમ થોડો નંખાય તેમ નાખતો, અને રાજ્યના નાણાં પ્રજાના સુખનાં સાધન વધારવામાં ખરચતો.

(વનરાજ ચાવડો.)

147.

એ પ્રમાણે વખતના દેવે શહેરની આબાદીનો લીલો કુંજાર જેવો બાગ બાળી નાંખ્યો—રે અશોકવાડી જેવું શોભતું સૂરત શહેર સહજ સહજમાં શ્મસાન જેવું થઇ રહ્યું. રે નવાબની ગાદી જે પોતાની જૈરીની કરચલીવાળી હાલતમાં પણ આથમતા આફતાબના તેજ જેવી દીપતી તે પણ ક્યાં છે ! ઇદમાં નીકળતી નવાબોની સવારી શહરને જેબ આપતી તે ક્યાં જતી રહી ? વખત તું કેટલો કીના-ખોર ને કેવો ઘાતકી છે ? ! ચાળીસ લાખની જે ગાદી કહેવાતી તે ગાદીના છેલ્લાનું મૂડદું અવલમંજલે પહોંચાડવાને તેના જમાઇને પોતાના સાહુકાર પાસેથી પાંચસેં રૂપિઆ ઊછીના લેવા પડ્યા ! અરેરે ખીલેલાં કમળ સરખું તે કિલ્લાનું મેદાન, આરસ જેવા ઓપતા તે ઓવારા, માણેકના ચોક જેવી તે મુગલીસરાહ ને નંગમાળ જેવું તે નાણાવટ, ચાંદ જેવું તે ચૌટું, રસે રાતો કુસુંબા જેવો તે રહિયા સોનીનો ચકલો, બામદાદના રંગ જેવી તે બરહાનપુરી ભાગળ ને ગોકુળ જેવું તે ગોપીપરૂં ક્યાં ક્યાં ઊડી ગયાં ? ! અરે એ પ્યારી સૂરત હવે તો અમારે

નસીબે તારાં ખંડિયેર ઉપર પડતા તીત તડકાના અદ્ધર તરતા તેજને ઉદાસીન મોટે બેઠાં બેઠાં જોયાં કરવાનુંજ રહ્યું છે !—અફસોસ !

(નર્મગદ્ય.)

148.

એવા વેરના તરંગ સિદ્ધપુરમાં રૂદ્રમાળાના દેવસ્થાનનાં સરસ્વતી નદી ઉપર જવાનાં પગથિયાંની પગથાળ ઉપર એક જુવાન માણુસ રાતને વખતે ફરતો હતો તેના મનમાં ઉઠતા હતા. તેની છાતી ક્રોધથી ઉભરાઇ જતી હતી, અને તેનો ક્રોધ વાજબી છે એમ જાણી સૃષ્ટિ પણ તેવીજ રીતે ક્રોધાયમાન દીસતી હતી. સરસ્વતી નદીમાં એટલું તો જોરથી પૂર વહેતું હતું કે તેમાં ઝાડનાં ઝાડ તથા મુએલાં જાનવર ઘસડાઇ જતાં હતાં. આકાશ એવું તો વાદળાંથી ઘેરાઇ ગયલું હતું કે સામો માણુસ અથડાય ત્યાં સુધી તેનું મ્હોં દેખાતું નહિ, વરસાદ પણ ઝરમર ઝરમર આવતો હતો. પવન એટલા જોરથી વાતો હતો, કે તેના સુસવાટાથી છાતી ધબકયા વિના રેહે નહિ. તેની સાથે વાયુબળથી પાણી ગજગજ ઉંચાં ઉછળતાં હતાં. ઝાડો ભોંયની સાથે અફળાતાં, અને કેટલાંએક તો જડમૂળથી ઉખડી જશે એમ લાગતું હતું. આકાશમાં વિજળીના ઝળકાટ થઇ રહ્યા હતા, અને તેથીજ વખતે વખતે અજવાળું પડતું તે વડે રૂદ્રમાળાના કીર્તિસ્તંભ, તેનું નકશીદાર તોરણ, નાનાં નાનાં દેહેરાંનાં શિખરો, વગેરે જણાતાં હતાં. વિજળી થઇ રહ્યા પછી ગર્જનાના કડાકા એવા તો જોરથી થતા કે તેના જોરથી તથા પવનથી બધું દેવસ્થાન તુટી પડશે એવી દેહેશત લાગતી હતી. એવે વખતે એટલે જ્યારે ઇશ્વર કોપાયમાન થયો હોય એવો દેખાવ ચોમેર થઇ રહ્યો હતો ત્યારે માણુસ ક્રોધને વશ થાય એમાં શું આશ્ચર્ય ? એવે વખતે મનને શાંતિ થવાને બદલે તે વધારે જોશ ઉપર ચઢે, અને જેવો સઘળો દેખાવ કાળો તેવાં કાળાં કામ કરવાને મન પ્રવૃત્ત થાય એમાં શી નવાઇ ?

(કરણ ઘેલો.)

149.

ઇ૦ સ૦ ૧૩ મા સૈકામાં ગુજરાતનું સાર્વભૌમ છિન્ન ભિન્ન થઇ ગયું હતું. 'સાપ ગયા ને લિસોટા રહ્યા' તેની પેઠે અણહિલપુરના વિખ્યાત અને ચક્રવર્તિ રાજાઓનાં તો નામ માત્રજ સંભળાતાં હતાં. ગુજરાતમાં જો કે આમ હતું તોપણ પરદેશમાં તો મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળની કીર્તિના પડઘા પડી રહ્યા હતા. ઉત્તર હિંદુસ્થાનમાં મુસલમાન લોકનું જોર ધીમે ધીમે વધ્યું હતું. પાદશાહના સુબા અને રાજાઓના સામંતો પોતાને સોંપેલા પ્રાન્તોના સ્વતંત્ર રાજા થઇ જતા હતા. રજપૂતનાં રાજ્ય ભાગી ગયાં હતાં. વેપારી અને ખેડુત લોક નવા નવા રાજા, સુબા અને કારભારિઓથી હેરાન થતા હતા. ઇજારદારો અધિકારિઓનાં મ્હોં ભાગીને ઇજારો મેળવતા, અને મેળવ્યા પછી પોતાનાં પેટ ભરવાને માટે ગમે તેવો જુલમ ગુજારી પાટીદાર લોક પાસેથી પૈસા કંડાવતા હતા.

બેવાળાને પાંચ, પાંચવાળાને દસ, અને દસવાળાને પચાસ રૂપૈયા, એમ મહેસુલ આપવી પડતી. પેટે પાટા બાંધે, ઢોર ઢાંખર વેચે કે દોકડાને વ્યાજે કહાડે, પણ કુટુંબની આબરૂ સાચવવા સલામી તો ભરવીજ પડે.

ઇજારદારનો આવો જુલમ, લોકનું રક્ષણ કરનારા અધિકારિઓ ચૉરે બેશીને જુવે, પણ ધનના માર્યા ઉચુંએ જુવે નહિ. આવા જુલમથી ત્રાશી ખેડુત લોક પોતાનાં પેટ ધરાણે મુકીને પણ સલામી ભરે અને એ પૈસે અધિકારી લોક બેઠા બેઠા મોજ ઉડાવે. વેપારિઓ અને નાણાવટિઓને પણ સરકારી માણસો એજ રીતે સતાવે; જકાત અને દાણ વધારી પરદેશિમાલને મોંઘો કરી નખાવે; અને છૂટે હાથે લાંચનું લાં'ણું લા'ય તે માલ લાવી શકે અને મનગમતે ભાવે વેચે. ગરીબ ગરબાંની વા'ર બૂમ તો સાંભળેજ કોણ! વા'ર ફરિયાદ પણ કર્યા કરે! સુબા પર સુબા બદલાય અને ધાડપાડુ બહાવટિઆ વગેરે બીજા લાંડિઆલોક દેશમાં હો હા કરે અને વખતે ચાર દિવસનું રાજ્ય પણ ભોગવી જાય. એકને હાથ લગામ નહિ ત્યાં રાજ્ય વ્યવહાર રૂપી ઘોડો કયાથી નિયમમાં ચાલે?

(ગુજરાતની જુની વાર્તાઓ.)

150.

આ સૅર કરવા નિકળેલી ટુકડી ઘણીએક રમણિક જગાઓમાં થઇને ચાલી. જમીન ઘણીજ ઊંચી નીચી હતી. નાના પાહાડો વનસ્પતિથી છવાઇ ગયલા હતા, અને ઘણા શોભાયમાન દીસતા હતા. નીચી ખીણોમાંથી કાચ જેવી નિતરી નાની નદીઓ વેહેતી હતી તે ઉપર જ્યારે સૂર્ય પ્રકાશ્યો ત્યારે તો શોભાની કાંઇ મણા રહીજ નહિ. કેવી રળિયામણી સવાર તે હતી! તેમાં આવા જખ્ખડ સિપાઇઓ જેઓનો સઘળો અવતાર માણસોને ચીભડાંની પેઠે કાપી નાખવામાં ગયલો, તથા જેઓ દારૂગોળાની પડોસમાંજ રહેલા, અને સૃષ્ટિની લીલા જોયલીજ નહિ, તેઓમાંથી જે કોઇને ઇશ્વરનાં સુંદર કામ તપાસવાનો શોખ હોય તો તેને તે સવારે અતિ આનંદ થયાવિના રેહેજ નહિ. સૂર્યોદય થતાંજ પેહેલાં તો પહાડોની ટોચ ઉપર સઘળે તડકો પડયો; હજી બીજી નીચી જગાઓ ઉપર અંધારૂં હતું, પણ ધીમે ધીમે નદીઓનાં પાણી પણ ચળકવા લાગ્યાં, ઝાડોનો લીલો રંગ ભભકાદાર જણાવા માંડયો. ઝાડીઓમાંનાં પક્ષીઓએ નાના પ્રકારના મધુર સ્વર કાઢીને આખી જગા ગજાવી મુકી. વચ્ચે વચ્ચે રાની પશુઓનો કઠોર શબ્દ સંભળાતો હતો. એવી જગામાંથી જોતા જોતા તે લોકો આગળ ચાલ્યા. **(કરણ ઘેલો.)**

151.

કેટલાક મૂર્ખ રાજાઓ નોકરો ઉપર અતિ વિશ્વાસ રાખે છે તેના કરતાં અર્ધદગ્ધ રાજાઓ અવિશ્વાસ રાખે છે તે અતી ભુંડું છે એમ વિદ્યાચતુર માનતો હતો, એટલુંજ નહી પણ એ ધોરણ રાજાઓને તેમ તેમના પ્રધાનોને પણ લાગુ છે એવું

માની તે પ્રમાણે વર્તતો, જુવાન મણીરાજને પ્રફુલ્લ વદનથી હમેશ એમજ કહેતો કે "યશસ્વી મહારાજ! આપણે એવા શું હઇયે કે વિશ્વસનીય માણસો શોધતાં આપણને ન આવડે? જે માણસ વિશ્વાસ રાખવા યોગ્ય નથી તે આપની સેવા-ને યોગ્ય નથી. જો આપના સેવક વિશ્વાસ પાત્ર હોય તો તે આપની સેવા કરવા જેટલી સ્વતંત્રતાને પણ પાત્ર છે. આપણે કામની સાથે કામ છે, કામ કરનાર આપની ઇચ્છા પ્રમાણેજ ઉઠે બેસે ને કામ કરે એવો કંઇ અભિપ્રાય ન હોવો જોઇએ. આપને કયા માર્ગ અનિષ્ટ છે તે દરેક સેવકે જાણવું જોઇએ; તે અનિષ્ટ માર્ગથી દૂર રહી ઇષ્ટ કામ ગમે તે દ્વારે સાધે એટલી સ્વતંત્રતા અને પ્રવીણતાવાળાં માણસ રાખવાં એ આપનું અને આપના પેટામાં મ્હારું કામ છે. વિશ્વાસ વગરના અને અસ્વતંત્ર સેવકો ઉલ્લાસ વગર કામ કરે છે, ઉલ્લાસ વગર કોઇ સાધના થતી નથી અને વેઠીયાવાડ થાય છે. માણસને સ્વતંત્રતા મળ્યાથી તેમાં ઉલ્લાસ આવે છે, ઉલ્લાસથી કામ કરવાના માર્ગ શોધવામાં તેની બુદ્ધિ ખીલે છે, અને બુદ્ધિશાળી સેવકો એટલું તો સરત રાખી શકશે કે આટલી વાત ઉપરીને અનિષ્ટ છે. સાધારણ માણસો વ્યાપારમાં રત્ન વગેરે જડ પદાર્થોની પરીક્ષા કરે છે; રાજાઓનું કામ પુરુષરત્નની પરીક્ષા કરવી એ છે, જડ રત્ન રાજા-ઓના કંઠમાં અને મુકુટમાં ભૂષણરૂપ થાય છે, મહામૂલ્યવાન પુરુષરત્ન રાજા-ઓનાં રાજ્યનાં ભૂષણ છે એટલુંજ નહી પણ એ રત્નોના પ્રકાશથીજ રાજ્યનું દારિદ્ર ફીટે છે અને રાજ્યનું અંધેર અંધારું નાશ પામે છે. મહારાજ! એ રત્નો વગર રાજય નથી એ વાત ખરી છે તેમ એ રત્નોના શોધનાર, પરીક્ષક, ગ્રાહક, અને ઉત્તેજક તે તો ડાહ્યા અને બુદ્ધિશાળી રાજાઓજ છે."

(**સરસ્વતીચંદ્ર** ભાગ ૨ જો.)

152.

વીન્ધ્ય અને આરાવલીની હારોને સાંધી દેછે તે ડુંગરાની હારની નૈઋત્ય કોણના મ્હો ભણી ઇડરનો કિલ્લો આવ્યો છે. મેદાનની ઉપર કેટલીક ઉંચાઇયે સપાટ ધરતીના ભાગ ઉપર તે છે. અને તેની આસપાસ ઉંચા ટેકરા વિંટલાઇ વળેલા છે તથા તે ટેકરાઓની વચ્ચે ઉઘાડા ભાગ રહેલા તે ચણીને પૂરી લીધા છે અને તેને પ્રાકાર કરીને બળવાન કરવામાં આવ્યો છે. ઇડર શેહેરની આસ-પાસ ગોળાકાર બુરજાવાળી સુંદર પત્થરની ભીંત આવી રહી છે, ને તે ડુંગરની તલાટિયે વશેલું છે; તે થોડે અંતરથી પણ ભાગ્યેજ દેખાઇ શકાય છે, કેમકે ન્હાના ખરાબાવાળા ટેકરાનો ઓથો પડે છે. આ ટેકરા ઉપર બાંધકામ છે તેના ઉપર તોપો ચડાવેલી છે અને જેતાવત, કુંપાવત, ચોહાણ અથવા રાજાના બીજા શૂરા માણસોની ચોકી રાખવાથી બીહામણું દેખાય છે. રાઠોડ રાજાઓનું રેહેઠાણ, શેહેરને પાછલે ભાગે જળાશયની પાસે છે; ત્યાંથી ઉભો, અને સેહેલાઇથી બચાવ થઇ શકે એવો પગદંડિયો રસ્તો ચાલે છે, તે રસ્તે થઇને જતાં એક કરતાં પણ

વધારે દરવાજાના રસ્તા તથા બાંધકામ આવે છે ને ત્યાંથી કિલ્લાની સપાટી ઉપર જઇ પોહોંચાય છે. ડુંગરનાં બે ઘણાં સ્ફુટ શિખર છે તેના ઉપર ઇમારતો છે; તેમાં ડાબી બાજુનું છે તે ઉપર હિંદુનું દેવાલય છે, તે ઇડરના રાવ રણમલનું રક્ષણસ્થાન કેહેવાય છે; જમણી બાજુનું છે તે ઉપર ન્હાની ઘુંમટાકારની બાંધણી છે તે "દોહાગણ રાણીનો મેહેલ" કેહેવાય છે. ઇડર શેહેરના મોખરા આગળ સપાટ મેદાન છે તે, હવણા સુધી, ગંઠાઇ ગયેલાં ઝાડની ઘાડી અને અભેદ્ય ઝાડીથી ભરાઇ ગયું હતું, તેનાથી કિલ્લાનો બચાવ પૂરો થયો હતો અને ગઢને દુર્ગમ પદ અસલથી ચાલ્યું આવ્યું છે તે પદ મળવામાં એ પણ એક આધારભૂત હતું, તેની ખાતરી એથી થાય છે કે નિરાશ થવા જેવા માથે લીધેલા કોઇ ભારે કામમાં સિદ્ધિ થયેલી બતલાવવી હોય તો આખા ગૂજરાતમાં એક કેહેવત ચાલી ગઇ છે કે,—

"મેં ઇડરગઢ જીત્યો."

(**રાસમાળા,** ભાગ ૧ લો.)

153.

જ્ઞાન માટે લોકોને આટલો બધો પ્રેમ ઉત્પન્ન થયો તેનાં પરિણામ ઘણાં જોવા લાયક થયાં. જ્યાં સુધી જૂદા જૂદા વર્ગના લોકો પોતપોતાના હમેશના ધંધામાં રોકાતા હતા, ત્યાં સુધી પદવી, કુળ, વગેરેથી શ્રેષ્ટતાના વિચારો બંધાતા હતા. પણ જ્યારે સર્વ વર્ગના લોકો એકજ સ્થળે એક હેતુથી એકઠા થયા, ત્યારે તેઓને પરસ્પર પ્રેમ ઉત્પન્ન થયો, અને તેમનામાં એક એકને માટે સમાનભાવ આવ્યો. અગાઉ ગર્વની વૃત્તિથી એક એકથી જૂદા રહેતા હતા, પણ હવે નવા સિધ્ધાન્તો જાણવાની સમાન પ્રીતિથી એક બીજા સાથે ભેગા થવા લાગ્યા. આથી પ્રીતિનો વિષય બદલાયો એટલુંજ નહિ. પણ શ્રેષ્ઠતા નક્કી કરવાનું ધોરણ પણ બદલાયું. વિદ્યાલયોમાં અને ભાષણના મંડપોમાં સર્વનું ધ્યાન અધ્યાપકો અને ભાષણકર્તાઓ તરફ લીન રહેતું. પદવીથી અગાઉ શ્રેષ્ટતા નક્કી થતી, તે હવે જ્ઞાનથી નક્કી કરવામાં આવી. અગાઉ લોકો પદવીને માન આપતા હતા, તે હવે વિદ્યાને માન આપતા થયા. જેઓ શીખવા આવતા, તેમને પોતાનું અજ્ઞાન કબુલ કરવું પડતું. તેઓ સમજવા લાગ્યા કે મનુષ્યના ખરા મહત્ત્વને પદવી, ખિતાબ, જન્મ, કે કુળ સાથે સંબંધ નથી, પણ ઉદાર વિચાર, વિશાળ બુદ્ધિ, અને પરિપૂર્ણ જ્ઞાનની સાથે સંબંધ છે.

(**ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ.**)

154.

કોળારાણી થોડી વાર વિચાર કરી બોલી: "અરે મારી બેનો, આજ આપણા સુખનો સૂર્ય અસ્ત પામ્યો; આજ આપણો ભર્તાર, આપણું શિરછત્ર, આપણું

પ્રતિપાલન કરનાર, તથા આપણા માથાનો મુગટ રણક્ષેત્રમાં પડ્યો, તથા તેને જીતનાર તુરકડા મ્લેચ્છ લોકો થોડી વારમાં પાટણ શેહેરમાં આવી પોંહોચશે. આજ આખું ગૂજરાત તથા આપણે સઘળાં રંડાયાં. રંડાયાં! એ શબ્દ સાંભળતાં સૂર્ય દેવતા તું તારૂં મ્હોડું શામાટે સંતાડતો નથી? અને કરણ રાજા પડ્યો એ વાત પ્રસિદ્ધ કરવાને જગતમાં અંધકાર શા માટે વર્તાવતો નથી? એ શબ્દ સાંભળતાં, અરે ઇંદ્રરાજા, તું લોહીનો વરસાદ શા માટે વરસાવતો નથી? અને રૂપ તથા શક્તિમાં તારો બરોબરિયો આજે મુઓ તેનો શોક શા માટે બતાવતો નથી? એ શબ્દ સાંભળીને રે શેષનાગ, તું ધ્રુજીને ધરતીકંપ શા માટે કરતો નથી? તથા તારા ઉપર આવા શૂરા રજપૂતોનાં મુડદાંઓનો આવો મોટો ભાર પડ્યો છે તે તને અસહ્ય લાગે છે એમ શા માટે જણાવતો નથી? એ શબ્દ સાંભળીને ગૂજરાતના પર્વતો, તથા સઘળી નિર્જીવ વસ્તુઓ! તમે શા માટે રડતાં નથી? તથા અમારા દુ:ખમાં શા માટે ભાગિયાં થતાં નથી? અરે! એ શબ્દ સાંભળીને પશુ પક્ષીઓ, જીવજંતુઓ, અને સઘળાં પ્રાણીઓ! તમે આનંદમાં ફરતાં કેમ દેખાઓ છો? તમારો સ્વામી રાજા કરણ માર્યો ગયો તે ખબર તમે સાંભળી નથી? અથવા સાંભળી હોય તો તમારાં અંતઃકરણ એટલાં બધાં વજ્ર જેવાં છે? અરે પથ્થરોએ પણ આંસુ ઢાળવાં જોઇએ: પણ હું ભુલું છું. આપણે હવે મિથ્યા શોક શા માટે કરવો જોઇએ? આપણે રજપૂતાણીઓ છીએ. આપણી નસોમાં ક્ષત્રીયનું લોહી જુસ્સાથી વેહે છે. આપણી જાતે શૂરા રજપૂતોને ઉદરમાં રાખ્યા છે, તથા આપણે હિમ્મતથી ભરપૂર દૂધ બાહાદુર લોકોને ધવડાવ્યા છે. તે શું આપણે બેઠાં બેઠાં અહીં રડ્યાં કરીશું? શું આપણને આપણી પ્રતિષ્ઠા વહાલી નથી? શું આપણે આપણા પતિવ્રતપણાનું રક્ષણ કરવું નથી? શું આપણે અહીં બેસી રહી રજપૂતાણીના નામ ઉપર કલંક લગાડવો છે? શું આપણી અવસ્થામાં આવી પડેલી જે રાણીઓ પૂર્વે થઇ ગયેલી છે તેઓનાં કૃત્યો આપણને માલમ નથી? માટે હવે આંસુ લુછી નાંખો; હવે હૈયાં કઠણ કરો; આપણા ઉપર આવી પડેલાં દુ:ખ વિસરી જાઓ: અને હવે પછી શું કરવું તે ઉપર વિચાર કરો.

(કરણ ઘેલો.)

155.

એ સમે કાકુશેઠને તેના સદ્‌ગુરૂની શીખામણ સાંભરી આવી. ક્ષમાગુણ વિષે તેણે બોધ કર્યો હતો તે વીસરાય નહિ તેવો હતો. અપકારને બદલે ઉપકાર કરવાથી, ભુંડું કરનારનું ભલું કરવાથી, ક્રોધ સમાવી શત્રુને ક્ષમા કરવાથી માણસ સાધુપણાને પામે છે; જેણે આપણું ખોટું કર્યું હોય તેનો અપરાધ માફ કરી તેનું ઉલટું સારૂં કરવું એ ઉપદેશ તેણે જ્ઞાની સાધુઓના મુખથી સાંભળ્યો હતો. રાજાનું કર્યું રાજા ભોગવશે એમ સમજી માંડી વાળવાનું તેને મન થયું. પણ થોડીવારમાં તેના વિચાર ફરી ગયા. મનનો મેલ કેવળ ધોવાઇ જાય, બુદ્ધિ શુદ્ધ થાય,

અને અંતઃકરણુના ઉત્તમ ભાવ બળવત્તર થઇ કનિષ્ઠ મનોવિકારોને વશ રાખી શકે ત્યારેજ સદ્જ્ઞાન હૈયામાં ઠસે છે, અને માણસ તે પ્રમાણે વર્તી શકે છે. કાકુનું હૃદય હજી નિર્મળ થયું ન હતું; હલકા મનોવિકારનું જોર હજી વધારે હતું તેથી વૈરભાવ ક્ષમાભાવને આધીન રહ્યો નહિ. કાંશઇ ભૂલાઇ નહિ. વલ્લભિરાજાએ કરેલું અપમાન યાદ આવ્યું, રીશના આવેશમાં તેના ડોળા લાલ થયા, અને વૈર વાળું, રાજાને ખરાબ ખરાબ કરૂં, એની માટ્ટી દાણાદાણ કરૂં, એનું રાજ્ય ધૂળધાણી કરાવું, એમ બોલતો ઓરડીમાં ફેરા ફરવા લાગ્યો. એવામાં કોટડીનાં બારણાં ઊઘાડી કાચી કેદના બંદીવાનોને નાહાવા, જમવા, વગેરેની જગ્યામાં જવાનું સિપાઇએ ફરમાવ્યું. તેની સાથે ત્યાં જઇ કચેરીમાં જવાની વેળા થયાની અગાઉ તે તૈયાર થઇ રહ્યો.

(વનરાજ ચાવડો.)

ફ. બે. મરઝબાનની કુંપની,
છાપનારાઓ અને સ્ટેશનરો,
મિલિટરી સ્કુવેર લેન, કોટ,
મુંબાઇ.